કવિવર ઉદયરત્નકૃત

સ્તવન સઝ્ઝાય સલોકાદિ સંગ્રહ



# ઉદય-અર્ચના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવિવર ઉદયરત્નકૃત
સ્તવન સજ્ઝાય સલોકાદિ સંગ્રહ

# ઉદય-અર્ચના

સંપાદકો
કાન્તિભાઈ બી. શાહ
વિનોદચંદ્ર ર. શાહ
કીર્તિદા ર. જોશી

પ્રકાશક
શ્રી ઉદયરત્નજી શંખેશ્વર તીર્થયાત્રા સ્મૃતિ સંઘ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

*Udaya-archana*
a collection of religious short poems by Udayaratna Upadhyaya (17th–18th century) edited by Kantibhai B. Shah, Vinodchandra R. Shah, Kirtida R. Joshi

પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૮૯
નકલ ૨૦૦૦

કિં. રૂ. ૪૦

પ્રકાશક
શ્રી ઉદયરત્નજી શંખેશ્વર તીર્થયાત્રા સ્મૃતિ સંઘ
C/o મહેન્દ્ર ચંદ્રકાંત પટેલ, ૧૬, ચંદ્રમહાલ,
મહાલક્ષ્મી સોસાયટી, પાલડી, અમદાવાદ ૩૮૦ ૦૦૭

મુદ્રક
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય
૧૯, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૪

For Private and Personal Use Only

# પ્રકાશકીય નિવેદન

ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજીની કાવ્યકૃતિઓનો કવનકાળ જોતાં તેઓ આજથી લગભગ ત્રણસો વર્ષ પૂર્વે થઈ ગયા. 'પ્રાગ્વાટ ઇતિહાસ' નામક ગ્રંથમાં નોંધાયું છે તે અનુસાર શ્રી ઉદયરત્નજી અમારા ખેડા ગામના રહીશ. જોકે આ વાતને શાનો આધાર છે તે ત્યાં દર્શાવાયું નથી, તોપણ એમની જ સ્વરચિત કૃતિઓમાંથી એટલું તો નિર્વિવાદ ફલિત થાય છે કે ખેડા અને આસપાસના વિસ્તારમાં એમણે જીવનનો મોટો કાળ વિતાવ્યો અને આ ભૂમિને પોતાનો કાર્યપ્રદેશ બનાવી. ખેડાનું ભીડભંજન પાર્શ્વનાથનું જિનાલય ઉદયરત્નજીના ઉપદેશ-પ્રભાવે નિર્માણ થયેલું એને તો આરસના એક શિલાલેખનો આધાર સાંપડે છે. આ ઉદયરત્નજીના સદુપદેશથી ખેડાના એક સુશ્રાવકે શંખેશ્વર પાર્શ્વનાથનો સંઘ કાઢ્યો લગભગ સં. ૧૭૫૦માં. ત્યાં ઉદયરત્નજીની પ્રાર્થનાએ એક ચમત્કાર સર્જ્યો ને જિનેશ્વર ભગવાનનાં બંધ દ્વાર ખૂલ્યાં. આ મહત્ત્વની ઘટનાની પુણ્યસ્મૃતિમાં અને એની અનુમોદના અર્થે અમો ખેડાવાસીઓએ 'શ્રી ઉદયરત્નજી શંખેશ્વર તીર્થયાત્રા સ્મૃતિ સંઘ'ની રચના કરી એના ઉપક્રમે શંખેશ્વરજીની સમૂહ સંઘ-યાત્રાનું આયોજન કર્યું.

આ સ્મૃતિ સંઘના પ્રત્યેક સભ્યે આ તીર્થયાત્રાના આયોજન માટે રૂ. ૧૦૦૦૧/– કે ૫૦૦૧/– નોંધાવી અમારા સંકલ્પને સાકાર કરવા અમને ઉત્સાહિત કર્યા. પૂ. આચાર્યદેવશ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ અને પૂ. આચાર્યદેવશ્રી મહાનંદસૂરીશ્વરજી મહારાજે આ સંઘયાત્રાનું શુભ મુહૂર્ત સં. ૨૦૪૫ના પોષ વદિ ૧ને રવિવાર,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા. ૨૨ જાન્યુઆરી ૧૯૮૯ના મંગલદિનનું દર્શાવ્યું. આ મંગલ દિને પ્રાતઃકાળે ૭ વાગ્યે સંઘ શ્રી શંખેશ્વરજી તીર્થયાત્રા માટે ખેડા-અમદાવાદથી પ્રયાણ કરશે અને યાત્રાપૂજા કરી રાત્રે પરત થશે. આ યાત્રામાં જોડાવા મુંબઈથી પણ અમારા ખેડાવાસી સદ્‌-ગૃહસ્થો પધારશે. આ સંઘયાત્રામાં પ્રત્યેક કુટુંબદીઠ બે વ્યક્તિ-ઓને યાત્રા કરાવવાની અમે ભાવના રાખી છે.

શ્રી શંખેશ્વરજી તીર્થયાત્રાના આયોજનમાં રૂ. ૧૦૦૦૧/– આપનાર સદ્‌ગૃહસ્થોની નામાવલિ આ પ્રમાણે છે :

૧. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ પરિવાર
૨. શ્રી ચંદ્રકાંત મણિલાલ પટેલ પરિવાર
૩. શ્રી સાંકળચંદ ભાયચંદ શાહ પરિવાર
૪. શ્રી માણેકલાલ સકરચંદ શાહ (ગોઠાજવાળા) પરિવાર
૫. શ્રી સોમચંદ મગનલાલ શાહ પરિવાર
૬. શ્રી નાગરદાસ મગનલાલ શાહ (શિહોરવાળા) પરિવાર
૭. શ્રીમતી શારદાબહેન દીપકભાઈ શાહ પરિવાર

શ્રી શંખેશ્વરજી તીર્થયાત્રાના આયોજનમાં રૂ. ૫૦૦૧/– આપનાર સદ્‌ગૃહસ્થોની નામાવલિ આ પ્રમાણે છે :

૧. શ્રી રાજેન્દ્રકુમાર બાલાભાઈ શેઠ
૨. શ્રી રતિલાલ અમૃતલાલ શેઠ
૩. શ્રીમતી શાંતાબહેન મૂળચંદભાઈ શાહ
૪. શ્રી મૂળજીભાઈ ચાંપશીભાઈ સંઘવી
૫. શ્રી હીરાલાલ મોહનલાલ શેઠ
૬. એક સદ્‌ગૃહસ્થ તરફથી
૭. શ્રીમતી વર્ષાબહેન જયંતીલાલ મંગળદાસ ચાહુવાળા
૮. શ્રી નગીનદાસ સાંકળચંદ શાહ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯. શ્રી ચીનુભાઈ સોમચંદ પટેલ
૧૦. શ્રી ભગુભાઈ મણિલાલ શાહ

આ સાથે અમારા જ એક સાથીબંધુ શ્રી વિનોદચંદ્ર ર. શાહને એવી ભાવના પણ સ્ફુરી આવી કે આ નિમિત્તે ઉદયરત્નજીની કાવ્યકૃતિઓનો એક સંચયગ્રંથ પ્રગટ કરી આ સાધુકવિને ઉચિત અર્ચન કરવું.

આમ તો શ્રી ઉદયરત્નજીએ રાસા જેવી લાંબી રચનાઓ પણ ઘણી કરી છે. એ બધી રચનાઓને તો આ સંચયગ્રંથમાં સમાવવું શકય ન બને, પણ એમની સ્તવન-સઝાય-સ્તુતિ-છંદ-સલોકા આદિ લઘુ કાવ્યકૃતિઓનો એક સારો સંગ્રહ કરી શકાય. આમેય ઉદયરત્નજીની આ લઘુકૃતિઓ જૈન સમાજમાં લોકકંઠે સતત વહેતી રહી છે.

ઉદયરત્નજીની આવી લઘુકૃતિઓના સંચય 'ઉદય-અર્ચના'ના પ્રકાશનનું અમે જે આયોજન કર્યું તેમાં રૂા. ૨૦૦૧/– આપનાર સદ્‌ગૃહસ્થોની નામાવલિ આ પ્રમાણે છે:

૧. શ્રી ચંદ્રકાંત મણિલાલ પટેલ પરિવાર
૨. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ પરિવાર
૩. શ્રી રમણીકલાલ હીરાલાલ પરીખ પરિવાર
૪. શ્રી છોટાલાલ મગનલાલ શાહ પરિવાર
૫. શ્રી ચંદુલાલ ચુનીલાલ શાહ પરિવાર
૬. શ્રી મનહરલાલ માણેકલાલ શેઠ પરિવાર
૭. શ્રી છોટાલાલ મોહનલાલ શેઠ પરિવાર
૮. શ્રીમતી હંસાબહેન જયંતીલાલ કુબેરદાસ મોદી પરિવાર
૯. શ્રી શાંતિલાલ મોહનલાલ શાહ પરિવાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦. શ્રીમતી શારદાબહેન બાબુલાલ છોટાલાલ પરિવાર

૧૧. શ્રી ચંદુલાલ મંજરદાસ પટેલ પરિવાર

આ પ્રકારના સંચયનો નિર્ણય તો અમે કર્યો, પણ અમારું પ્રકાશનકાર્ય તો જ દીપી ઊઠે જો એના સંપાદનની કામગીરી કોઈ મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યના વિશેષ અભ્યાસી – તજ્જ્ઞના હાથમાં સોંપાય તો. મુ. કાન્તિલાલ કોરા સાહેબે અમને શ્રી જયંતભાઈ કોઠારીનું નામ ચીંધ્યું. અમે એમનો સંપર્ક કર્યો. અમે અધકચરી એકઠી કરેલી સામગ્રી એમને બતાવી, અને અમારા પ્રયોજનથી એમને વાકેફ કર્યા. જયંતભાઈ અત્યારે તો સાહિત્ય-સંશોધનની પ્રવૃત્તિમાં પૂરા ગળાડૂબ માણસ. છતાં એમણે ધર્મ અને વિદ્યાપ્રીતિથી આ સંપાદનકાર્યમાં સંપૂર્ણ માર્ગદર્શન આપવાનું સ્વીકાર્યું. અને સંપાદનની સક્રિય કામગીરી એમણે પ્રા. કાન્તિભાઈ બી. શાહ, શ્રી વિનોદચંદ્ર ર. શાહ અને પ્રા. કીર્તિદા ર. જોશીને સોંપી. મર્યાદિત સમયમાં આ ચારેય વિદ્વાન મિત્રોએ ગ્રંથસંપાદનની કપરી કામગીરી ખૂબ ચોકસાઈપૂર્વક સફળતાથી પાર પાડી છે એ માટે અમે એમના અત્યંત આભારી છીએ. સમગ્ર સંપાદન પાછળ સંપાદકમિત્રોના એક સુઆયોજિત અભિગમે અને સાહિત્ય-સંસ્પર્શે આ ગ્રંથનું કેવળ ધાર્મિક જ નહીં, સાહિત્યિક મૂલ્ય પણ વધારી આપ્યું છે. વળી અહીં ગ્રંથના આરંભે, ઉદયરત્નજીના જીવન વિશે લોકવાયકાએ સાંપડતી માહિતી ઉપરાંત કેટલીક પ્રમાણભૂત માહિતી પણ એકઠી કરીને તેમના જીવન ઉપર સંપાદકોએ વધુ પ્રકાશ પાડી આપ્યો છે.

આ ગ્રંથનું આટલું ઝડપી છતાં ચીવટભર્યું અને સફાઈદાર મુદ્રણકાર્ય પૂરું કરી આપવા માટે ભગવતી મુદ્રણાલયના શ્રી ભીખાભાઈ એસ. પટેલના અમે આભારી છીએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિષ્યમાં ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજીની નાની-મોટી પ્રગટ-અપ્રગટ તમામ કૃતિઓને સમાવી લેતી એક ગ્રંથશ્રેણી પ્રકાશિત કરવાની અમારી ભાવના છે. એ અંગે વિચારણા ચાલી રહી છે.

અંતમાં અમારા સમૂહ સંઘયાત્રાના આયોજનમાં તેમજ 'ઉદય-અર્ચના' ગ્રંથપ્રકાશનના આયોજનમાં જે-જે સદ્ગૃહસ્થો તરફથી મૂલ્યવાન સહાય સાંપડી છે તે સૌનો અમે અંતઃકરણ-પૂર્વક આભાર માનીએ છીએ.

અમદાવાદ
૮-૧-૧૯૮૯

શ્રી ઉદયરત્નજી શંખેશ્વર
તીર્થયાત્રા સ્મૃતિ સંઘ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંપાદકીય નિવેદન

મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યમાં જેમનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે એવા સુપ્રસિદ્ધ જૈન સાધુકવિ શ્રી ઉદયરત્નજીની લઘુ કાવ્યકૃતિઓના સંચયગ્રંથ 'ઉદય-અર્ચના'નું સંપાદનકાર્ય જ્યારે અમને 'શ્રી ઉદયરત્નજી શંખેશ્વર તીર્થયાત્રા સ્મૃતિ સંઘ' દ્વારા પ્રા. જયંતભાઈ કોઠારીના માર્ગદર્શન હેઠળ સોંપવામાં આવ્યું ત્યારે અમારે માટે એ મોટા પડકાર સમું હતું. નિશ્ચિત સમયમર્યાદામાં એ કામ પૂરું કરવાનું હતું તે તો ખરું જ, પણ આ સંગ્રહ પ્રગટ થાય તે પૂર્વેની નેપથ્યે કરવાની કામગીરી સારો એવો પરિશ્રમ માગી લેનારી હતી. પણ સાહિત્યપ્રીતિએ અને ધાર્મિક કાર્યની અનુમોદનામાં સહભાગી થવાના સાંપડતા સદ્ભાગ્યના વિચારે આ કામ અમે ઉલટભેર સ્વીકાર્યું.

ઉદયરત્નજીની સ્તવન-સઝાયાદિ લઘુ કૃતિઓ એટલી બધી સુપ્રસિદ્ધ છે કે તે આ પ્રકારની કૃતિઓના ઢગલાબંધ સંગ્રહોમાં પથરાયેલી છે. પ્રથમ તો જે-જે સંગ્રહોમાં ઉદયરત્નજીની કૃતિઓ પ્રકાશિત થયેલી છે તે સંગ્રહોની યાદી કરીને તેમાંથી એ બધી કૃતિઓ એકઠી કરી લેવાનું કામ અમે કર્યું. (ઉદયરત્નજીની પ્રગટ-અપ્રગટ રચનાઓની એક સંદર્ભસૂચિ જરૂરી માહિતી સાથે અમે ગ્રંથના અંત ભાગે મૂકી છે.)

એકઠી કરેલી કૃતિઓને અમે વંદના, સ્તવનો, સ્તુતિઓ, સઝાયો, છંદો, સલોકા અને ઋતુવર્ણનો – એટલા વિભાગોમાં અહીં વર્ગીકૃત કરી છે. પ્રત્યેક વિભાગમાં ગોઠવણીનો એક ચોક્કસ ક્રમ પણ અમે નિશ્ચિત કર્યો છે. 'સ્તવનો' વિભાગમાં પહેલાં ચોવીશી, પછી તીર્થંકરોનાં સ્તવનો, પછી સીમંધર આદિનાં કે સામાન્ય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનસ્તવનો અને પછી તીર્થોનાં સ્તવનો મૂકયાં છે. ચોવીશી અને તીર્થંકરોનાં સ્તવનો તીર્થંકરોના ક્રમમાં લીધાં છે, જ્યારે અન્ય સ્તવનો જે-તે પેટાવિભાગે કક્કાવારીના ક્રમમાં ગોઠવ્યાં છે. જોકે કોઈકોઈ કૃતિ પાછળથી મળી આવવાના કારણે અપવાદરૂપ ક્રમ-ભંગ થયો છે, પણ તે ક્વચિત જ.

'સઝાયો'ના વિભાગમાં વ્યક્તિવિશેષની સઝાયો અને અન્ય સઝાયો એમ બે ભાગ પાડી પછી તે સહુને કક્કાવારીના ક્રમમાં ગોઠવી છે. જોકે ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયોની સઝાયોનું આખું એકમ સાથે જ લીધું છે. અન્ય વિભાગોમાં પણ આ પ્રકારનો ગોઠવણીક્રમ જાળવ્યો છે. આરંભે 'વંદના' વિભાગ નીચેની રચનાઓ ઉદયરત્નજીની કોઈ સળંગ રચના નથી, પણ એમની રાસા આદિ લાંબી રચનાઓના આરંભ ભાગમાં આવતી વિવિધ વંદનાઓને ઉદ્ધૃત કરીને અહીં એને સંકલિત કરી છે. 'ક્ષમા-પના' પણ એવો જ લાંબી કૃતિમાંથી ઉપાડેલો અંશ છે.

ઉદયરત્નજીની જે કૃતિઓ આ સંગ્રહમાં સમાવી છે તે બધી ઉદયરત્ન, ઉદયરત્ન ઉપાધ્યાય, ઉદયવાચક કે ઉદય – એવાં નામોથી મળે છે. જે કૃતિઓમાં છેડે કવિ તરીકે માત્ર 'ઉદય' એટલો જ ઉલ્લેખ છે અને અન્ય કાંઈ ઓળખ નથી તે કૃતિઓ પણ આપણા ઉદયરત્નજીની જ છે એમ સ્વીકારીને તેમને અહીં સમાવી છે. જેમ એ કૃતિઓ આ ઉદયરત્નજીની જ હોવાનું નિશ્ચિત થતું નથી, તેમ 'ઉદય' નામવાળી તે રચનાઓ આ ઉદયરત્ન સિવાયના જ અન્ય કોઈ 'ઉદય'ની છે તેવું પણ નિશ્ચિત થતું નથી. એટલે વધારે સારો ઉકેલ તેવી કૃતિઓને અહીં સામેલ કરવાનો જ અમને જણાયો છે.

સામાન્ય રીતે ભાષાની જોડણી જોડણીકોશ મુજબની – આજની રાખવાનો પ્રયત્ન કર્યો છે, પણ તે આંશિક જ. કેમકે જ્યાં કૃતિમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ્યતયા જૂની ભાષાનું સ્વરૂપ જળવાયું છે ત્યાં જોડણીના સુધારા કરવાનું અશકયવત્ બન્યું છે. તે ઉપરાંત કેટલીક કૃતિઓ હિંદી-ગુજરાતીની મિશ્ર છાંટવાળી છે, કોઈકોઈમાં મારવાડી બોલીની છાંટ છે તો કેટલીક કૃતિઓ સંપૂર્ણ હિંદીમાં જ છે; ત્યારે ભાષાને શુદ્ધિનો ઓપ આપવો જોખમી બન્યો છે, કેમકે તેમ કરવા જતાં કૃતિની પદ્યલઢણ-લય-પ્રાસ ખંડિત થતાં જણાયાં છે.

ગ્રંથના આરંભે ઉપાધ્યાયશ્રી ઉદયરત્નજીના જીવન કવન વિશે એક પરિચયલેખ પણ અમે જોડયો છે. ઉદયરત્નજીના લોકવાયકાએ ચડેલા, સુવિદિત એવા કેટલાક જીવનપ્રસંગો અહીં સમાવી લેવાયા ઉપરાંત એમના જીવન વિશે પ્રમાણભૂત – આધારભૂત માહિતી યથાશકય મેળવીને અહીં સમાવી છે. ઉદયરત્નજીની ઘણી કૃતિઓનાં રચનાસ્થળ, રચનાસમય, રચનાનાં નિમિત્તો-સંદર્ભો એમની કૃતિઓમાં જ ઉપલબ્ધ છે. તેમાંથી જરૂરી માહિતીનો ઉપયોગ અમે કર્યો છે. આ માટે શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈકૃત 'જૈન ગૂર્જર કવિઓ'માં ઉદયરત્નજીની કૃતિઓના આદિ-અંતના ઉતારા અમને ઉપયોગી બની રહ્યા. તે ઉપરાંત 'જૈન યુગ' સામયિકની જૂની ફાઈલો ઉથલાવતાં શ્રી મોહનલાલે લખેલો લેખ 'અમારો ખેડાનો જ્ઞાનપ્રવાસ' (જૈન યુગ, પુ. ૩ અં. ૧૦ તથા ૧૧–૧૨, જેઠ તથા અષાડ-શ્રાવણ સં. ૧૯૮૪) તથા એમણે જ સંપાદિત કરેલી હંસરત્નજીની સઝાયો (જૈન યુગ, પુ. ૫ અં. ૯–૧૦, વૈશાખ-જેઠ સં. ૧૯૮૬) ઉદયરત્નજીના જીવન ઉપર કેટલોક વધુ પ્રકાશ પાડનારાં બની રહ્યાં. ખેડા વિશે એક સ્તવન તથા હંસ-રત્નજીની સઝાય – કર્તા ઉદયરત્નની આ બે કૃતિઓ અમારા મતે કદાચ હજી સુધી 'જૈન યુગ'નાં પાનાંઓમાં જ પુરાયેલી રહી હતી તે સૌ પ્રથમ વાર અમે એ બન્નેને અહીં ગ્રંથસ્થ કરી લીધી છે. ખેડાથી થોડે દૂર આવેલા દેવકી વણસોલ ગામમાંથી આરસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર કોતરાયેલો જે શિલાલેખ ઉપલબ્ધ છે તે વિશે મોહનલાલે નોંધેલી સામગ્રીને પણ અમે ઉપયોગમાં લીધી છે.

આ સંચયગ્રંથના આરંભે મૂકેલો 'ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી' એ લેખ મુદ્રિત થઈ ગયા પછી અમને ઉદયરત્નજીના જીવન વિશે જે વધુ માહિતી પ્રાપ્ત થઈ છે એનો અમે આ 'નિવેદન'માં પૂરક આધારસામગ્રી તરીકે ઉલ્લેખ કરીએ છીએ. શ્રી મોહનલાલ દેશાઈ અગાઉનાં લખાણોમાં હંસરત્નને ઉદયરત્નના ગુરુભાઈ ગણાવતા હતા, તેઓ પાછળથી હંસરત્નને ઉદયરત્નના સહોદર અને દીક્ષામાં કાકા ગુરુભાઈ કહે છે. (જુઓ જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૫૭)

'પ્રાગ્વાટ ઇતિહાસ' ભા. ૧ (પૃ. ૩૫૦–૩૫૨)માં એના કર્તા શ્રી દૌલતસિંહ લોઢાએ તો સ્પષ્ટ જ કહ્યું છે કે હંસરત્ન અને ઉદયરત્ન બન્ને ભાઈઓ હતા. હંસરત્ન મોટા, ઉદયરત્ન નાના. આ બે ભાઈઓનાં માતાનું નામ માંનબાઈ, પિતાનું વર્ધમાન. અને તેઓ પોરવાડ જ્ઞાતિના હતા. વળી આ ઇતિહાસકર્તા ઉદયરત્નજીનો સ્વર્ગવાસ પણ મિયાંગામમાં થયો હોવાનું જણાવે છે.

આ સંચયનું શીર્ષક 'ઉદય-અર્ચના' સહેતુક પ્રયોજ્યું છે. ઉદયરત્નજીની કૃતિઓમાં પ્રબળ ભક્તિભાવપૂર્વકની જિનેશ્વર ભગવંતને થયેલી અર્ચના અહીં જોઈ શકાશે; તો સાથે મધ્યકાલીન ગુજરાતી કવિતાના પ્રવાહમાં નોંધપાત્ર અર્પણ કરી જનાર અને જેમનાં સ્તવનસઝાયાદિ જૈન સમાજમાં લોકકંઠે વહેતાં થયાં છે એવા એક મહત્ત્વના સાધુકવિને આ ગ્રંથ દ્વારા પ્રકાશકો-સંપાદકો-વાચકો સૌની પણ ભાવભરી અર્ચના જ છે ને!

જેમના માર્ગદર્શન અને સાથસહકાર વિના 'ઉદય અર્ચના'નું સંપાદનકાર્ય હાથ પર લેવાનું પણ અમારે માટે મુશ્કેલ બની ગયું હોત તે શ્રી જયંતભાઈ કોઠારીના અમે આભારી છીએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'શ્રી ઉદયરત્નજી શંખેશ્વર તીર્થયાત્રા સ્મૃતિ સંઘ' આ તીર્થયાત્રા અને ગ્રંથપ્રકાશનનો જે ધર્મલાભ વહોરી રહ્યો છે તેમાં સહભાગી કરવા બદલ સમસ્ત સંઘનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત સાહિત્યકોશ વિભાગમાંથી સંદર્ભસૂચિ માટે જરૂરી સામગ્રી મેળવવા તેમજ ઉદયરત્નજીની કૃતિઓ માટે મુદ્રિત પુસ્તકોનો ઉપયોગ કરવા માટે પરિષદે આપેલી મંજૂરી બદલ તે સંસ્થાના અમે ઋણી છીએ.

અમદાવાદ સંપાદકો

૧-૧-૧૯૮૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રમ

**પ્રકાશકીય નિવેદન/3–7**
**સંપાદકીય નિવેદન/8–12**
**ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી/૧–૯**
**વંદના/૧૦–૧૬**

જિનેશ્વરવંદના ૧૦, ગુરુવંદના ૧૧, સરસ્વતીવંદના ૧૨, ધર્મ-વંદના ૧૩, ચાર મંગલ ૧૩, આદિજિનનું ચૈત્યવંદન ૧૫, શાંતિનાથનું ચૈત્યવંદન ૧૫, સિદ્ધચક્ર ચૈત્યવંદન ૧૫–૧૬.

**સ્તવનો/૧૭–૯૦**

ચોવીશી ૧૭–૨૪, ઋષભજિન સ્તવનો ૨૪–૨૬, કેસરિયાજીનું સ્તવન ૨૭, પદ્મપ્રભજિન સ્તવનો ૨૭–૨૮, ચંદ્રપ્રભજિન સ્તવનો ૨૮–૨૯, સુવિધિજિન સ્તવન ૨૯, શીતલજિન સ્તવનો ૩૪–૩૫, શ્રેયાંસનાથજિન સ્તવન ૩૫, શાંતિનાથજિન સ્તવનો ૩૬–૩૮, અરનાથજિન સ્તવન ૩૮, મલ્લીનાથજિન સ્તવન ૩૮, મુનિસુવ્રત-સ્વામીનાં સ્તવનો ૩૯–૪૧, નેમનાથજિન સ્તવનો ૪૧–૪૩, પાર્શ્વનાથજિન સ્તવનો ૪૩–૪૬, ગોડી પાર્શ્વજિન સ્તવન ૪૬, ભાભા પારસનાથનું સ્તવન ૪૭, ભીડભંજન પાર્શ્વનાથજિન સ્તવનો ૪૮–૫૦, શંખેશ્વર પાર્શ્વનાથજિન સ્તવનો ૫૦–૫૨, પાર્શ્વજિન સ્તવનો ૫૨, મહાવીર સ્વામીનાં સ્તવનો ૫૨–૫૫, જિનપંચક સ્તવન ૫૫, સીમંધરજિન સ્તવનો ૫૬–૫૮, વિહરમાન ભગવાનનું સ્તવન ૫૮, જિન સ્તવન ૫૮, ખેડા વિશે સ્તવન ૫૯, શત્રુંજયતીર્થ સ્તવનો ૫૯–૬૧, સિદ્ધાચલજીતીર્થ સ્તવનો ૬૧–૬૪, સિદ્ધાચલ મંડન ઋષભ સ્તવન ૬૫, રાણકપુરતીર્થનું સ્તવન ૬૯, આયંબિલની ઓળી (નવપદજી)નું સ્તવન ૭૦, ચોવીશ દંડકનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તવન ૭૧, જિનપ્રતિમાનું સ્તવન ૭૯, પૂજાનું સ્તવન ૭૯, વરસીતપના પારણાનું સ્તવન ૮૦.

સ્તુતિઓ/૮૧-૮૮

આદિજિન સ્તુતિઓ ૮૧-૮૨, શાંતિજિન સ્તુતિઓ ૮૨-૮૩, નેમિનાથની સ્તુતિ ૮૪, પાર્શ્વનાથજિન સ્તુતિ ૮૪, જ્ઞાનપંચમીની સ્તુતિ ૮૫, પજુસણની સ્તુતિ ૮૬, સિદ્ધચક્ર(નવપદ ઓળી)ની સ્તુતિ ૮૭-૮૮.

સઝાયો/૮૯-૧૩૬

અનાથી મુનિની સઝાય ૮૯, કપિલ ઋષિની સઝાય ૯૦, ચંદનબાળાની સઝાય ૯૦, નમિપ્રવ્રજ્યા સઝાય ૯૩, બળભદ્રની સઝાય ૯૩, ભીલ્લડીની સઝાય ૯૬, શાલિભદ્રની સઝાય ૯૭, શાલિભદ્ર ધન્નાની સઝાય ૯૮, સનત ચક્રવર્તીની સઝાય ૯૮, (મહાસતી) સીતાજીની સઝાય ૧૦૧, સ્થૂલભદ્રજીની સઝાય ૧૦૨, હંસરત્નજીની સઝાય ૧૦૨, અધ્યાત્મની સઝાય ૧૦૩, અંધેરી નગરીની સઝાય ૧૦૪, આત્માને ઉપદેશની સઝાય ૧૦૫, ઉપદેશ વિશે સઝાય ૧૦૫, એકાદશીની સઝાય ૧૦૬, એલક અધ્યયનની સઝાય ૧૦૭, ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયોની સઝાયો ૧૦૮-૧૧૦, ગર્વની સઝાય ૧૧૦, ચૈતન્ય શિક્ષાભાસની સઝાય ૧૧૨, જીવરૂપી વણજારાની સઝાય ૧૧૩, જોબન અસ્થિર(વૈરાગ્ય)ની સઝાય ૧૧૩, તપની સઝાય ૧૧૪, દાન વિષે સઝાય ૧૧૫, દાન-શીલ-તપ-ભાવની સઝાય ૧૧૫, દેવલોકની સઝાય ૧૧૬, નિદ્રાની સઝાય ૧૧૭, પરસ્ત્રીત્યાગ સઝાય ૧૧૭, પંદરમા અધ્યયનની સઝાય ૧૧૮, પ્રભાતે વાહાણલાં ગાવાની સઝાય ૧૧૮, ભાવ સઝાય ૧૨૦, ભાગ્યવારક સઝાય ૧૨૦, મમતાત્યાગની સઝાય ૧૨૨, વૈરાગ્યની સઝાય ૧૨૩, વૈરાગ્યવર્ધકની (દેશના) સઝાય ૧૨૪, શિખામણ કોને આપવી તે વિશેની સઝાય ૧૨૪, શિયલની સઝાય ૧૨૫, શિયળની નવ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાડોની સઝાય ૧૨૬, શિયળ વિશે શિખામણની સઝાય ૧૩૧, શિયળ વિશે સ્ત્રીને શિખામણની સઝાય ૧૩૨, સકામ-અકામ મરણની સઝાય ૧૩૫, સ્ત્રીને શિખામણની સઝાય ૧૩૫–૧૩૬.

છંદો/૧૩૭–૧૪૩

પાર્શ્વનાથ છંદ ૧૩૭, ભીડભંજન પાર્શ્વનાથ છંદ ૧૩૮, શંખેશ્વર પાર્શ્વનાથના છંદો ૧૩૯–૧૪૦, ગૌતમસ્વામીનો છંદ ૧૪૦, મોહરાજાવર્ણન છંદ ૧૪૧, સોળ સતીનો છંદ ૧૪૨–૧૪૩.

સલોકા/૧૪૪–૧૭૦

નેમનાથનો સલોકો ૧૪૪, શંખેશ્વર પાર્શ્વનાથજીનો સલોકો ૧૪૮, ભરતબાહુબલજીનો સલોકો ૧૫૦, વિમળ મહેતાનો સલોકો ૧૫૫, શાલિભદ્ર શાહનો સલોકો ૧૬૫–૧૭૦

ઋતુવર્ણનો/ ૧૭૧–૧૮૩


નેમનાથ તેરમાસા ૧૭૧, પાર્શ્વનાથ ચોમાસ ૧૮૨–૧૮૩.

ક્ષમાપના/ ૧૮૩

સંદર્ભસૂચિ/ ૧૮૪–૧૯૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી પદ્માવતી દેવી

For Private and Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. શેઠશ્રી ચંદ્રકાન્ત મણીલાલ પટેલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. શેઠશ્રી રમણલાલ ચીમનલાલ શાહ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી

સકલ વાદી સીર સેહરો, શ્રી ઉદયરત્ન ઉવજ્ઝાય,
ધ્યાઉં ગુરુ ધ્યાનમાં
એક મનેં એકાસનેં સેવીએ ગુરુ નીકલંક – ધ્યાઉં૦
સદા દીવો ગુરુ છે સંસારમાં સાર – ધ્યાઉં૦
ગુરુ સૂરજ ગુરુ ચંદ્રમા અજ્ઞાનતિમિર હરનાર–ધ્યાઉં૦
પ્રથમ તે....

આ પંક્તિઓ છે ઉદયરત્નજીના કોઈ શિષ્યે ઉદયરત્ન વિશે રચેલી 'ઉદયરત્નની સઝાય'ની. આ કૃતિની આટલી પંક્તિઓ જ વર્ષો પહેલાં શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈને ઉપલબ્ધ થઈ હતી. દુર્ભાગ્યે પછીનું પાનું અપ્રાપ્ય રહ્યું છે, જેને કારણે આ સઝાય અપૂર્ણ હાલતમાં જ ઉપલબ્ધ છે. શ્રી મો. દ. દેશાઈ આ તૂટક સઝાયનું સંપાદન કરતાં મૂકેલી નોંધમાં લખે છે કે "આ પછીનું પાનું દુર્ભાગ્યે નથી. નહીં તો આ સઝાય પૂરી મળતાં તેમાંથી ઉદય-રત્નજીનાં માતાપિતા તથા સ્વર્ગવાસ વગેરે સંબંધી હકીકત જરૂર મળી શકત. હજુ પણ ખેડાના રસુલપુરાના ભંડારમાં જે તૂટક પાનાં પડયાં છે તેમાં શોધ કરતાં કદાચ આ પાનું જડી આવે તેવો સંભવ છે.' (જૈનયુગ પુ.૫ અંક ૯–૧૦, વૈશાખ–જેઠ સં.૧૯૮૬)

પણ મોહનલાલે આની સાથે જ હંસરત્નજીને વિષય બનાવીને રચાયેલી બે સઝાયો ત્યાં છાપી છે. એકના કર્તા હંસ-રત્નના કોઈ અનામી શિષ્ય જણાય છે, જ્યારે બીજીના કર્તા છે શ્રી ઉદયરત્ન મહારાજ. આ બન્ને કવિઓની 'હંસરત્નની સઝાય'માં હંસરત્નના પિતા વર્ધમાન અને માતા માનબાઈ હોવાના ઉલ્લેખો છે. હંસરત્ન સં.૧૭૯૮ના ચૈત્ર માસમાં મિયાંગામમાં કાળધર્મ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામ્યા હોવાનો ઉલ્લેખ પણ બન્ને કવિઓએ કર્યો છે. પણ અનામી કવિની 'હંસરત્નની સઝાય'માં જે એક વિશેષ માહિતી મળે છે તે ઉદયરત્નના જીવન ઉપર મોટો પ્રકાશ ફેંકી શકે એમ છે. ૮મી કડીમાં કવિ લખે છે :

'વાચક શ્રી જ્ઞાનરતનનો, શિષ્ય શિરોમણિ સંત,
શ્રી ઉદયવાચકનો સોદરૂ, હંસરતન નામ સોહંત.'

કવિએ હંસરત્નને જ્ઞાનરત્નના શિષ્ય અને ઉદયવાચકના સહોદર – ભાઈ તરીકે ઓળખાવ્યા છે. જો આ હકીકત સ્વીકારીએ તો ઉદયરત્ન હંસરત્નના સંસાર સંબંધે ભાઈ ઠરે છે ને એ રીતે ઉદયરત્નનાં માતાપિતા પણ માનબાઈ અને વર્ધમાન હતાં એ હકીકત પ્રકાશમાં આવે છે. જો કે શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ 'અમારો ખેડાનો જ્ઞાનપ્રવાસ' એ લેખ(જૈનયુગ પુ.૩ અંક ૧૦ તથા ૧૧–૧૨ જેઠ તથા અષાડ–શ્રાવણ સં.૧૯૮૪)માં હંસરત્નને ઉદયરત્નના ગુરુભાઈ ગણે છે. પણ ઉપર્યુક્ત સઝાયમાં જે 'સોદરૂ' (સહોદર) શબ્દ વપરાયો છે તે ભૂલવા જેવો નથી. ગુરુભાઈ માટે 'સહોદર' શબ્દ વપરાયાનું જાણ્યામાં નથી, સંસારી સગા ભાઈ માટે જ આવો શબ્દપ્રયોગ થઈ શકે.

જો શ્રી મોહનલાલ દેશાઈને ઉદયરત્નની સઝાય ત્રૂટિત મળવાને બદલે આખી મળી હોત તો ઉદયરત્ન અને હંસરત્નના સગપણ અને માતાપિતાની હકીકત પ્રમાણિત થઈ ચૂકી હોત અને આપણા મનમાં કશી અવઢવ રહી હોત નહીં. ઉદયરત્નજી એમના 'દામન્નક રાસ'ની સ્વલિખિત પ્રતમાં હંસરત્નને માટે 'ગુરુભ્રાતા' નહીં, 'ભ્રાતા' શબ્દપ્રયોગ કરે છે (જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ, ભા.૫ પૃ.૧૦૬) તેને પણ કદાચ, સૂચક લેખી શકાય.

ખેડાથી પાંચ કોશ દૂર આવેલ દેવકી વણસોલ નામના ગામમાંથી એક લેખ મળી આવ્યો છે. આ લેખ સંવત ૧૭૯૪ના જેઠ સુદમાં થયેલો છે. સં. ૧૯૨૫માં ત્યાંના મોટા મંદિરમાં ચોક કરાવતી વખતે ખોદકામ કરતાં બે કટકા થઈ ગયેલી હાલતમાં મળી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલા આરસના પથ્થર ઉપર આ લેખ થયો છે. એના સંસ્કૃત લખાણનો ગુજરાતી સાર આ પ્રમાણે છે: 'તપાગચ્છેશ જ્ઞાનરત્નસૂરિના વારામાં **ઉપાધ્યાય ઉદયરત્નના ઉપદેશથી** ખેડા દુર્ગ (કોટ)માં મુહમદખાન બાબીના રાજ્યમાં ખેટકપુર – ખેડાના રહેવાસી સંઘના આગેવાન શા હરખજી, શા જેઠા, શા રણછોડ, શા કુશલસી વગેરે સમસ્ત સંઘના આદરથી શ્રી ભીડભંજન પાર્શ્વનાથનું ચૈત્ય ઉપાશ્રય-ધર્મશાલાદિ સહિત કરાવ્યું, કે જે કાર્યમાં મહોપાધ્યાય ન્યાયરત્નશિષ્ય કર્પૂરરત્ને તથા શા કુશલસીએ ઘણો ઉદ્યમ સેવ્યો હતો, તે બતાવવા માટેનો આ લેખ છે.' ખેડા આસપાસના પ્રદેશમાં શ્રી ઉદયરત્નજીનો કેવો પ્રભાવ હતો તે સૂચવતો આ એક મહત્ત્વનો દસ્તાવેજ છે. શ્રી મોહનલાલે 'અમારો ખેડાનો જ્ઞાનપ્રવાસ' લેખમાં આ માહિતી ઉપલબ્ધ કરી આપી છે.

'શંખેશ્વર પાર્શ્વનાથ છંદ'માં ઉદયરત્ન નોંધે છે :

'પાસ શંખેશ્વરા! સાર કર સેવકાં
દેવ કાં એવડી વાર લાગે?
કોડી કર જોડી દરબાર આગે ખડા
ઠાકુરાં ચાકુરાં માન માગે!
પ્રગટ થા પાસજી! મેલી પડદો પરો
મોહ અસુરાણને આપ છોડો,
મુજ મહીરાણ મંજુસમાં પેસીને
ખલકના નાથજી! બંધ ખોલો'

શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સમક્ષ પ્રબળ ભક્તિભાવે નમ્ર યાચના કરતી આ સ્તુતિ ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન મહારાજે ઉચ્ચારી તે પ્રસંગની એક દંતકથા આ પ્રમાણે મળે છે :

વિ. સં. ૧૭૫૦ આસપાસનો સમય હતો. ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન મહારાજ વિહાર કરતા ખેડા પધાર્યા હતા. એમની સત્પ્રેરણાથી ખેડાના કોઈએક સદ્ગૃહસ્થે શ્રી શંખેશ્વર તીર્થનો સંઘ કાઢયો. તે વખતે શંખેશ્વર પાર્શ્વનાથજીની મૂર્તિ તે ગામના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠાકોરના કબજામાં હતી, અને તે લોભી ઠાકોર એક ગીનીનો કર વસૂલ કરીને યાત્રાળુઓને મૂર્તિનાં દર્શન કરવા દેતો. ખેડાના સંઘને શંખેશ્વર મુકામે પહોંચવામાં વિલંબ થયો. પૂજારીએ દહેરાસરનાં દ્વાર ખોલવાનો ઇનકાર કર્યો. પણ ઉદયરત્નજી તો મનોમન દૃઢ પ્રતિજ્ઞા કરી ચૂક્યા હતા કે પાર્શ્વનાથ ભગવંતનાં દર્શન કરીને જ અન્નપાણી લઈશ સંઘમાં સામેલ સૌ શ્રાવકશ્રાવિકાઓ પણ મહારાજશ્રીની પ્રતિજ્ઞાને અનુસર્યાં. સૌ બંધ દ્વાર પાસે ખડાં રહી ગયાં અને શ્રી ઉદયરત્ને સ્તુતિ આરંભી 'પાસ શંખેશ્વરા....'

આ સ્તુતિથી પ્રભુના અધિષ્ઠાયક શ્રી નાગરાજ પ્રસન્ન થયા ને દેવળનાં દ્વાર ખૂલી ગયાં. સમગ્ર વાતાવરણ પાર્શ્વનાથના જયધ્વનિથી ગુંજી ઊઠયું અને સકલ સંઘે હર્ષોલ્લાસ સહિત દર્શન-પૂજન આદર્યાં. આ ચમત્કારિક ઘટનાએ ગામના ઠાકોરનાં બંધ પડળો પણ ઉઘાડયાં. પાર્શ્વનાથ ભગવંતની મૂર્તિ એણે સંઘને સોંપી દીધી અને પરમ પુણ્યોદયે પોતે પ્રભુનો અનન્ય ઉપાસક બન્યો.

ઉદયરત્નજીની આ કૃતિ ('શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ' જે હવે પછી આ પુસ્તકમાં છાપ્યો છે.) કે અન્ય કોઈ કૃતિમાં ઉપરના પ્રસંગનો નિર્દેશ નથી એટલે એને કેટલો પ્રમાણભૂત માનવો તે પ્રશ્ન છે. પરંતુ સંપ્રદાયમાં ઉદયરત્નજીના આ ચમત્કારિક ભક્તિ-પ્રભાવનો મહિમા દૃઢપણે અંકાયેલો છે.

પણ ઉદયરત્ન મહારાજનો મહિમા કેવળ આ દંતકથાને કારણે જ નથી, બહુસંખ્ય નાનીમોટી રચનાઓ દ્વારા કેવળ જૈન સાહિત્યપરંપરામાં જ નહીં, પણ સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિ ઉદયરત્નનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. લાખો જૈનોને મુખે ગવાતાં સ્તવનો-સઝાયો દ્વારા આજે પણ ઉપાધ્યાય ઉદયરત્ન ચિરસ્મરણીય રહ્યા છે. સં.૧૭૪૯ ('જંબુસ્વામીરાસ')થી ૧૭૯૯ ('હરિવંશરાસ અથવા રસરત્નાકરરાસ')નું અર્ધશતક એમની રચનાઓનો ઉપલબ્ધ કવનકાળ છે. આ ઉપરાંત સં. ૧૭૪૩માં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનસાગરકૃત 'શુકરાજરાસ'ની પ્રત પણ ઉદયરત્ને લખ્યાની માહિતી મળે છે. (જૈન ગૂર્જર કવિઓ બીજી આવૃત્તિ ભા ૪, પૃ. ૩૮–૩૯) આ પરથી ઈસુની ૧૭મી સદીના ઉત્તરાર્ધથી માંડી ૧૮મી સદીના પૂર્વાર્ધ સુધીનો ગાળો ઉદયરત્નનો જીવનકાળ હતો એટલું તો નિશ્ચિત કરી શકાય છે. છતાં એમના જન્મ અને નિધનનાં ચોક્કસ વર્ષ આપણે માટે અનુપલબ્ધ રહ્યાં છે.

ઉદયરત્ન મહારાજ તપાગચ્છના વિજયરાજસૂરિની પરંપરામાં થયા. એમની ગુરુપરંપરા આ પ્રમાણે હતી. વિજયરાજસૂરિ–વિજયરત્નસૂરિ–હીરરત્નસૂરિ–લબ્ધિરત્ન–સિદ્ધરત્ન–મેઘરત્ન – અમરરત્ન–શિવરત્ન–ઉદયરત્ન. ઉદયરત્ન ખેડાના રહીશ હતા અને મિયાંગામમાં તેઓ કાળધર્મ પામ્યા હતા. જોકે જન્મમૃત્યુનાં સ્થાનો અંગે ઉદયરત્નની પોતાની કૃતિઓનો કોઈ આધાર નથી, પરંતુ પૂ. બુદ્ધિસાગર મહારાજ જ્યારે મુંબઈ હતા ત્યારે તેમની પાસેથી સાંભળીને શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ 'જૈન ગૂર્જર કવિઓ'માં આ વીગત નોંધી છે. ઉદયરત્નજીએ ખેડામાં ઘણો વસવાટ કર્યો હતો એવું એમની કૃતિઓ પરથી ફલિત થાય છે.

ઉદયરત્ન મહારાજે 'સ્થૂલિભદ્ર નવરસો' નામની રચના કરી છે. એમ કહેવાય છે કે સ્થૂલિભદ્ર-કોશાના કથાનક સંદર્ભે એમાં નિરૂપિત શૃંગારરસને લઈને એમના આચાર્યે ઉદયરત્નને સંઘાડા બહાર કર્યા હતા. પણ પછી એમણે 'શિયળની નવવાડ'ની રચના કરતાં એમનો સંઘાડામાં પુનઃપ્રવેશ થયો. જોકે આ માત્ર દંતકથા છે; એને કોઈ લખાણનો આધાર નથી. જૈન પરંપરામાં સ્થૂલિભદ્ર-કોશાનું શૃંગારરસિક નિરૂપણ ઉદયરત્નની અગાઉ અનેક જૈન સાધુ કવિઓએ વિસ્તારથી અને ઉત્કટતાથી કર્યું છે. આ વિષયના અનેક રાસા, ફાગુ, છંદ આ અગાઉ રચાયા છે ને એની અસંખ્ય હસ્તપ્રતો પણ થઈ છે એ સૂચવે છે કે આ વિષયના નિરૂપણનો ક્યારેય કોઈ નિષેધ હતો નહીં. વળી સ્થૂલિભદ્ર-કોશાના વિષયનો ઉપયોગ પરંપરામાં બધે જ શીલમહિમા – વૈરાગ્ય-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહિમા બતાવવા જ થયો છે. ઉદયરત્ન મહારાજે પણ જે 'સ્થૂલિભદ્ર નવરસો'ની રચના કરી એનુંયે અંતિમ લક્ષ્ય શિયળ – વૈરાગ્ય પ્રતિની અભિમુખતાનું જ છે. કૃતિમાં સંપ્રદાયને અસ્વીકાર્ય એવું કશું નથી, જેનું સમર્થન એ હકીકતથી પણ થાય છે કે જૈન-મુનિઓને હાથે લખાયેલી આ કૃતિની પચીસ જેટલી હસ્તપ્રતો મળે છે. દીપવિજય નામના કવિએ એમાં પોતાના તરફથી દુહા ઉમેર્યા છે તે એની લોકપ્રિયતા દર્શાવે છે. લાગે છે એવું કે, જે કવિ એક કૃતિમાં આસક્તિના ભાવ નિરૂપે છે એ કવિ બીજી કૃતિમાં વિરક્તિના ભાવ પણ કેવા નિરૂપી શકે છે આ વાત તીવ્રતાથી દર્શાવવાના ખ્યાલમાં આ લોકવાયકા પ્રચલિત થઈ છે.

વળી એક એવી પણ દંતકથા છે કે શ્રી ઉદયરત્ન એવી ઇન્દ્રજાળની શક્તિ ધરાવતા હતા કે ઇચ્છે ત્યારે તીર્થંકરનું સમવસરણ ખડું કરી શકતા અને બીજા તે જોઈ પણ શકતા.

કહેવાય છે કે ખેડામાં ત્રણ નદીઓની વચ્ચે ઉદયરત્ન ચાર મહિના સુધી કાઉસગ્ગ-ધ્યાને રહ્યા તેથી ત્યાં એક બેટડું બની ગયું. ત્યાં ભાવસાર આદિનાં ૫૦૦ ઘર હતાં. તે સૌ કુટુંબોને તેમણે ધર્માનુરાગી કર્યાં. આ બધાં ભાવસાર કુટુંબોએ જૈન ધર્મ સ્વીકાર્યો. રત્નો ભાવસાર નામના તે સમયના ખેડાના એક ગુજરાતી કવિના ઉદયરત્ન મહારાજ ગુરુ હતા એમ 'જૈન ગૂર્જર કવિઓ' નોંધે છે. (આ રત્નાએ સં.૧૭૯૫માં 'વિરહના બારમાસ' તેમજ શૃંગારનાં પદો રચ્યાં છે.) આ ઉપરાંત સોજિત્રામાં જે પટેલનાં કુટુંબો હતાં તેમને પણ ઉદયરત્ને જૈન બનાવ્યાં હતાં.

સુરતના એક સદ્દગૃહસ્થ પ્રેમજી પારેખ તથા ભણશાલી કપૂરે સં.૧૭૭૦માં શત્રુંજયનો છ'રી' પાળતો સંઘ કાઢયો હતો. તેમાં ઉદયરત્ન મહારાજ જ્ઞાનરત્ન મહારાજ તથા અન્ય સાત મુનિઓની સાથે જોડાયા હતા. તે વખતે વૈશાખ વદ સાતમને ગુરુવારે, શત્રુંજયની યાત્રા કરી 'સિદ્ધાચલ મંડન ઋષભ સ્તવન' નામના નવ ઢાળના સ્તવનની તેમણે રચના કરી. આ અગાઉ સં.૧૭૫૬માં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પટણી સંઘે સિદ્ધાચલજીની કરેલી યાત્રા નિમિત્તે 'સિદ્ધાચલજીનું સ્તવન'ની રચના એમણે કરી છે. તો સં.૧૭૮૯માં ચૈત્ર સુદ બારશે તેમણે કરેલી શત્રુંજયની યાત્રાને આલેખતું એક સ્તવન પણ ઉપલબ્ધ છે.

સૌથી વહેલું રચનાવર્ષ ધરાવતી કૃતિ 'જંબુસ્વામીરાસ'ની રચના ઉદયરત્ને સં.૧૭૪૯માં ખેડા-હરિયાલામાં કરી છે. ૬૬ ઢાળની આ રચનાના અંતમાં તેઓ ખેડાનાં સ્થળ અને ધર્મનિષ્ઠ પ્રજાનો પરિચય કરાવતાં લખે છે :

સંવત સત્તર ઉગુણપંચાસિ, દ્વિતીય ભાદ્રપદ માસિંજી,
સિત તેરસિં સદા સુભ દિવસે રાસ રચ્યો ઉલ્લાસિંજી.
વામાનંદન ત્રિભોવનજનવંદન, ભીડભંજન સાંનિધિજી,
પૂરણ રાસ રચ્યો ચડચો પરમાંણિ, સુણતાં ધન-સુખ વાધિજી.
વાત્રક નદીય તણેં ઉપકંઠિં, ખેડું હરીયાલું બિં ગામજી,
સુંદર ઠામ મનોહર મંદિર, ધનદ તણો વિશ્રામજી.
શ્રાવક સર્વ વસિં તિહાં સુખિયા, વીતશોકા વડભાગીજી,
ત્યાગી ભોગી નિગુણ રાગી, સમકિતવંત સોભાગીજી.
જિનની ભક્તિ કરિ મન શુદ્ધિં, સદ્ગુરુની કરે સેવાજી,
આઠે પુહરેં ધર્મ આરાધિં, દાન દીઇં નિતમેવજી.
આસ્તિક સૂત્ર સિદ્ધાંતના શ્રોતા, સાંભલવા રસિયાજી,
જીવાદિક નવ તત્ત્વને જાણે, ધર્મ કરે ધસમસિયાજી.
સંઘ તણો આગ્રહ પામીનિં, રાસ રચ્યો મન રંગેજી,
સૂધા સાધૂ તણા ગુણ ગાયા, ઉલટ આણી અંગેજી.

ખેડા ગામ વિશેના એક સ્તવનમાં ઉદયરત્ન લખે છે :

ખેડૂં ખેડૂં ખેડૂં શું કરો જી રાજિ,
ખેડૂં છે મુગતિનું ખેત. મહારાજ.
રૂડો રૂડો ખેડાનો રાજિયો જી રાજિ.
હેરી જોતાં વાધે છે હેત. મહારાજ.

ઉદયરત્નની રચનાઓમાં ખેડા, હરિયાલા, અમદાવાદ, ઉંબરઠ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાટણ, ઉનાઉવા વ. સ્થળોએ રચનાઓ કર્યાના, પ્રભુભક્તિના ઉલ્લેખો આવે છે. 'શિયળની નવ વાડ'ની રચના એમણે સં.૧૭૬૩માં ખંભાતમાં ચાતુર્માસ દરમ્યાન કરેલી છે. સં.૧૭૭૯ની રચનાથી ઉદયરત્નનો 'ઉપાધ્યાય' કે 'ઉદયવાચક' તરીકે ઉલ્લેખ મળે છે. એટલે તે પહેલાં, સંભવતઃ સં.૧૯૭૨થી ૧૯૭૯ના ગાળામાં, એમને ઉપાધ્યાયપદ મળ્યું હોવાનું જણાય છે.


નાનીમોટી રચનાઓ સમેતનું ઉદયરત્નનું સાહિત્યસર્જન વિપુલતા અને પ્રકારવૈવિધ્યવાળું છે, જેમાં રાસા, સલોકો, છંદ, બારમાસા, ચોવીશી, સ્તવનો, સઝાયો, સ્તુતિઓ વગેરેનો સમાવેશ થાય છે.

એમની રાસા જેવી લાંબી કૃતિઓમાંથી વિષયવૈવિધ્યનો બહોળો વ્યાપ તરત આપણું ધ્યાન ખેંચે છે. જંબુસ્વામી, સ્થૂલિભદ્ર જેવા મુનિઓ, સુદર્શન આદિ શ્રેષ્ઠી, મલયસુંદરી ગુણમંજરી જેવી સ્ત્રીઓ, શત્રુંજય આદિ તીર્થો, તેમના જીર્ણોદ્ધારો, 'હરિવંશરાસ' જેવી રચનામાં મહાભારત-અંતર્ગત પાંડવાદિનું કથાનક, એમ વિસ્તૃત વિષયવ્યાપમાં એમણે રચનાઓ કરી છે. શલોકો સ્વરૂપની રચનાઓ શંખેશ્વર પાર્શ્વનાથ ને નેમનાથ જેવા તીર્થંકરો, વિમલ મહેતા જેવા મંત્રી, તો ભરત-બાહુબલિ જેવા બળિયા ઋષભપુત્રોને વિષયવસ્તુ લેખે આવરી લે છે. નેમનાથ-રાજિમતીના કથાનકનો આધાર લઈ રચેલી 'બારમાસા' કૃતિમાંનાં ઋતુવર્ણનો ઉદયરત્નની કાવ્યાત્મકતા – સર્જકતાને પ્રગટાવે છે. વ્યક્તિવિશેષ અને સ્થળવિશેષને વિષય બનાવતાં સ્તવનો-સઝાયોમાં પણ અઢળક વૈવિધ્ય છે. એમાં ભાવાલેખન છે, કથાનક છે, તો સાદોસીધો બોધઉપદેશ પણ છે. એમની રચનાઓમાં ગચ્છ-પરંપરાની દસ્તાવેજી વીગતો પણ પ્રાપ્ય બને છે. આમ ઉદય-રત્નની રચનાઓનું બહુવિધ મૂલ્ય છે.

આજે શ્રાવકો દહેરાસરોમાં ને ઘરોમાં, ચૈત્યવંદન કરતાં કે ભાવના-ઓચ્છવોમાં જે જૂનાં સ્તવનો ગાય છે તેમાં ઉદય-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠશ્રી રમણીકલાલ હીરાલાલ પરીખ

For Private and Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. શેઠશ્રી છોટાલાલ મગનલાલ શાહ

For Private and Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. શેઠશ્રી ચંદુલાલ ચુનીલાલ શાહ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. શેઠશ્રી મનહરલાલ માણેકલાલ શેઠ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રત્નની રચનાઓની બહુલતા રહી છે, જે એની લોકપ્રિયતાનો નિર્દેશ કરે છે.

* 'આંખડિયે રે મેં આજ, શત્રુંજય દીઠો રે,
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મને મીઠો રે.'
* 'શેત્રુંજા ગઢના વાસી રે, મુજરો માનજો રે'
* 'તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું'
* 'રાતાં જેવાં ફૂલડાં ને શામળ જેવો રંગ,
આજ તારી આંગીનો, કાંઈ રૂડો બન્યો રંગ,
પ્યારા પાસજી હો લાલ, દીન દયાલ, મને નયણે નિહાલ'

આ બધી સ્તવનપંક્તિઓથી ગુંજી ઊઠતાં આપણાં ધર્મસ્થળોનો અનુભવ કોને નથી? એ જ રીતે પ્રચલિત બની છે એમની સઝાયો. 'કડવાં ફળ છે ક્રોધનાં જ્ઞાની એમ બોલે', 'રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે' જેવી ક્રોધની, માનની સઝાય, એ જ રીતે માયાની, લોભની, વૈરાગ્યની, ગર્વની શિયળની, સ્ત્રીને શિખામણની જેવી ઉદયરત્નની અસંખ્ય સઝાયો આજે પણ ગવાતી રહી છે. એમની આ બધી રચનાઓ કેવળ ધાર્મિક મૂલ્ય ધરાવે છે એમ નથી, પણ એમની ભક્તિભાવસમૃદ્ધ ટૂંકી રચનાઓ અને રાસા આદિ લાંબી કથનાત્મક રચનાઓનો સમગ્રદર્શી અભ્યાસ કરવામાં આવે તો ખેડાનિવાસી આ જૈન સાધુ-કવિના સર્જનનું સાહિત્યિક મૂલ્ય પણ અવશ્ય નોંધનીય છે એ સ્વીકારવું જ રહેશે.

For Private and Personal Use Only

# વંદના

## જિનેશ્વરવંદના

પરમ જ્યોતિ પરકાસકર, પરમ પુરુષ પરબ્રહ્મ,
ચિદ્રૂપી ચિત્ત માંહિ ધરું, અકલ સ્વરૂપ અગમ્ય.
સકલ સિદ્ધિ સાંનિધ કર, ત્રિભુવનતિલક સમાન,
સિદ્ધારથકુલિં કેશરી, વંદું શ્રી વર્ધમાન.

*

અજર અમર અકલંક જે, અગમ્ય રૂપ અનંત,
અલખ અગોચર નિત નમું, જે પરમ પ્રભુતાવંત.
સુખસંપત્તિ આવી મિલિ, જગમાં જેહનિં નાંમ,
પ્રણમું તે પ્રભુ પાસનિં, કર જોડી શ્રુતકામિ.

*

સુખસંપતદાયક સદા, પાયક જાસ સુરિંદ,
સાસણનાયક શિવગતિ, વાંદું વીર જિણંદ.

*

સકલસુખમંગલકરણ, તરણ બુદ્ધિભંડાર,
સર્વ વસ્તુ વાદે સદા, આદિપુરુષ અવતાર.
સ્વર્ગ અને શિવ પંથનો, પ્રગટ પ્રરૂપક જેહ,
પુરુષોત્તમ ત્રિભુવણપતિ, ત્રિવિધેં પ્રણમું તેહ.
સુરલલનાનેં લોચને, ન ચલિં જેમ ગરિંદ,
શાસનનાયક તે નમું, શ્રી વર્ધમાન જિણંદ.

*

અરિહંત આદિ દેઈને, પરમેષ્ઠી જે પંચ,
પહિલેં પ્રણમું તેહને, જિમ લહીઈ સુખસંચ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસનપતિ ચોવીસમો, જિણવર ત્રિશલાજાત,
વિઘનવિહારણ વંદીએ, વર્ધમાન વિખ્યાત.

*

સકલ સમીહિત શ્રેયકર, જસુ કર-પદ-નખકંતિ,
દુરિત-તિમિર-આકર દલિં, સો સાહિબ નમું શાંતિ.
અમેય ગુણે વામેય જિન, પારસનાથ પ્રસિધ,
વંદું વિપદવિહારણો સંપતિદાયક સિધ.

*

ચોવીસે જિનરાજના, સુવિધિં ચરણસરોજ,
નિત નમીઇં મંગલનિધિ મંગલદાયક મોજ.

*

કર આમલ પરિ જે કલિ, સકલ વિશ્વ સમકાલ,
ત્રિકાલવેદી ત્રિવિધિં નમું, તે જિન સુવિધિ ત્રિકાલ.
અચિંત્ય મહિમા કેવલનિધિ રામાસુત અભિરામ,
સેવક જાંણી સાહિબા, આપો બોધઈ નામ.

*

ફલવર્દ્ધિપુર મંડણો, ફલવર્દ્ધ ગુણ જાસ,
ફલવર્દ્ધિ નાંમે નમું, પાસનિવારણ પાસ.

*

પ્રણમું વિજયા રે નંદન, ચંદનસીતલ વાંણિ,
મોહન વિશ્વવિનોદની, આપો સેવક જાંણિ.
જદુકુલકમલવિકાસન, શાસન જાસ અખંડ,
તવસું ત્રિભુવનનાયક, લાયક સુખ-કરંડ.

## ગુરુવંદના

ગુરુ દિણયર ગુરુ દીવડો, દુખભંજન ગુરુ દેવ,
પશુ ટાલિ પંડિત કરેં, નમીઇં તિણે નિતમેવ..

*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગમપંથપરંપરા, પામઈ ગુરુ સુપસાય,
જ્ઞાનઉપાયક ગુણનિધિ, પ્રણમું તેહના પાય.
વિઘનહરણ, સંપતિકરણ નમસ્કાર એ ચાર,
મંગલરૂપ મનોહરૂ, સકલ સભા સુખકાર.

*

સુમતિઉપાયક કુમતિહર, ફેડણ દુરગતિફોજ,
તિણ નમીઈ ત્રિવિધિ કરી, શ્રી ગુરુચરણસરોજ.

*

તપગચ્છગણદિવાકરુ, શ્રી રાજવિજય સૂરિરાજા રે,
શ્રી રત્નવિજયસૂરિ તસ પાટિં, દીપ જસુ ષડત દિવાજા રે.
શ્રી હીરરત્નસૂરીશ્વરૂ, તસુ પાટિ પ્રબલ પ્રતાપી રે,
જગઉપગારી જગગુરુ જેહની, કીરતિ જગમાં વ્યાપી રે.
શ્રી જયરત્નસૂરિ જયો, તસુ પાટિં સંપ્રતિ વંદો રે,
ભાવિ ભાવરત્નસૂરીશ્વરૂ, જે સૌમ્ય વદન જિમ ચંદો રે.
શ્રી હીરરત્ન સુરિંદનો બુધ, લબ્ધિરત્ન અતિ સોહિં રે,
વાચક સિદ્ધિરત્ન તેહનો ગણિ મેઘરત્ન મન મોહિ રે.
અન્વય અમરરત્ન વારૂ, શ્રી શિવરત્ન તસુ સીસો રે,
તે મુઝ ગુરુનિં પસાઉલી, આજ પાંમ્યો સકલ જગીસો રે.

## સરસ્વતીવંદના

નીરજ અંગજ નંદિની, નિત મુખ જેહનો વાસ,
હંસાસણિ હરષિં કરી, ત્રિવિધિં પ્રણમું તાસ.

*

કમલનયના કમલાનના, કમલ સુકોમલ કાય,
તનયા કમલભૂ તસ નમું, ચરણકમલ ચિત્ત લાય.
અમરસરોવર જે વસે. તે છઈ વાહન જાસ,
સા સરસતિ સુપસાય કરિ, મુઝ મુખિં પૂરયો વાસ.

*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જડ પણિ જાસ પસાયથી, મુખર હુઇ તતખેવ,
દુરમતિ દુર નિવારણી, સમરું સરસતી દેવી.

*

વલી વંદું વાગેશ્વરી, કવિજન કેરી માય,
શ્રુતસાગર તરતાં સદા, તરી સમ જેહ સખાય.

## ધર્મવંદના

ધર્મ થકી જસ વિસ્તરે, ધર્મે લહે શિવશ્રેણિ,
ધર્મે હોય સુખ સંપદા, ધર્મ કરો સહુ તેણ.
સુરતરુ સુરમણિ સુરલતા, જે સુરધનુ સમાન,
સાધો તે સુદ્ધે. મને ધર્મ સદા ધીમાન.

## ચાર મંગલ

સિદ્ધાર્થ ભૂપતિ સોહે ક્ષત્રિયકુંડે, તસ ઘેર ત્રિશલા કામિની એ;
ગજવર ગામિની પોઢિય ભામિની, ચઉદ સુપન લહે જામિની એ.
જામિની મધ્યે શોભતાં રે, સુપન દેખે બાલ,
મયગલ વૃષભ ને કેસરી, કમલા કુસુમની માલ;
ઇંદુ દિનકર ધ્વજા સુંદર, કલશ મંગળ રૂપ,
પદ્મસર જલનિધિ ઉત્તમ, અમર વિમાન અનુપ.
રત્નનો અંબાર ઉજ્જવલ, વહ્નિ નિર્ધૂમ જ્યોત,
કલ્યાણ મંગલકારી મહા, કરત જગ ઉદ્યોત;
એ ચઉદ સુપનસૂચિત વિશ્વપૂજિત, સકલ સુખદાતાર,
મંગલ પહેલું બોલીએ, શ્રી વીર જગદાધાર. ૧
મગધ દેશમાં નયરી રાજગૃહી, શ્રેણિક નામે નરેસરુ એ,
ધનવર ગુબ્બર ગામ વસે તિહાં, વસુભૂતિ વિપ્ર મનોહરુ એ;
મનોહર તસ માનિની, પૃથિવી નામે નાર,
ઇંદ્રભૂતિ આદેય છે, ત્રણ પુત્ર તેહને સાર.
યજ્ઞકર્મ તેણે આદર્યું, બહુ વિપ્રનો સમુદાય,
તેણે સમે તિહાં સમોસર્યા, ચોવીશમા જિનરાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશ તેહનો સાંભલી, લીધો સંજમ ભાર,
અગિયાર ગણધર થાપિયા, શ્રી વીરે તેણી વાર;
ઇંદ્રભૂતિ ગુરુ ભગતે થયો, મહાલબ્ધિ તણો ભંડાર,
મંગલ બીજું બોલિયે, શ્રી ગૌતમ પ્રથમ ગણધાર. ૨

નંદ નરિંદનો પાટલી પુરવરે, શકડાલ નામે મંત્રીસરુ એ,
લાછલદે તસ નારી અનુપમ શિયલવતી બહુ સુખકરુ એ.

સુખકરુ સંતાન નવ હોય – પુત્ર પુત્રી સાત,
શિયલવંતમાં શિરોમણિ, સ્થૂલિભદ્ર જગવિખ્યાત,
મોહવશે વેશ્યામંદિર, વસ્યા વર્ષ જ બાર,
ભોગ ભલી પેરે ભોગવ્યા, તે જાણે સહુ સંસાર.
શુદ્ધ સંજમ પામી વિષય વામી, પામી ગુરુ આદેશ,
કોશ્યા વાસે રહ્યા નિશ્ચલ, ડગ્યા નહીં લવલેશ,
શુદ્ધ શીયલ પાલે વિષય ટાલે, જગમાં જે નરનાર,
મંગલ ત્રીજું બોલીએ, શ્રી સ્થૂલિભદ્ર અણગાર. ૩

હેમમણિ રૂપમય ઘડિત અનુપમ, જડિત કોશીસાં તેજે ઝગે એ,
સુરપતિનિર્મિત ગઢ ત્રણ શોભિત, મધ્યે સિંહાસન ઝગમગે એ.

ઝગમગે જિન સિંહાસને, વાજિંત્ર કોડાકોડ,
ચાર નિકાયના દેવતા, તે સેવે બેહુ કર જોડ,
પ્રાતિહારજ આઠશું, ચોત્રીશ અતિશયંત,
સમવસરણમાં વિશ્વનાયક, શોભે શ્રી ભગવંત.
સુર અસુર કિન્નર માનવી, બેઠી તે પર્ષદા બાર,
ઉપદેશ દે અરિહંતજી, ધર્મના ચાર પ્રકાર,
દાન શિયળ તપ ભાવનાએ, ટાલે સઘલાં કર્મ,
મંગલ ચોથું બોલિયે, જગમાંહે શ્રી જિનધર્મ.
એ ચાર મંગલ નિત્ય ગાવે જે પ્રભાતે ધરી પ્રેમ,
તે કોટિમંગલ નિત્ય પામશે, ઉદયરત્ન ભાખે એમ. ૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આદિજિનનું ચૈત્યવંદન

કલ્પવૃક્ષની છાંહડી, નાનડીઓ રમતો,
સોવન હિંડોલે હીંચતો, માતાને મન ગમતો. ૧
સો દેવી બાલક થયા, રૂષભજી ક્રીડે,
વ્હાલા લાગો છો પ્રભુ, હૈડા સું ભીડે. ૨
જિનપતિ યૌવન પામીઆ, ભાવે સુભગવાન,
ઇંદ્રે ધાલ્યો માંડવો, વિવાહનો સામાન. ૩
ચોરી બાંધી ચિહુ દિશિ, સુરગોરી આવે,
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ૪
ભરતે બિંબ ભરાવીઓ એ, સ્થાપ્યા શત્રુંજય ગિરિરાય,
શ્રી વિજયપ્રભસૂરિ મહિમા ઘણો, **ઉદયરત્ન** ગુણ ગાય. ૫

## શાંતિનાથનું ચૈત્યવંદન

દશમે ભવે શ્રી શાંતિજિન મેઘર રાજા નામ;
પોષહ લીધે પ્રેમથી આત્મસ્વરૂપ અભિરામ.
એક દિને ઇંદ્રે વખાણિયો, મેઘરથ રાય;
ધર્મથી ચલાવ્યો નવિ ચાલે,
જો પણ પ્રાણ પરલોક જાય.
દેવ માયા ધારણ કરી, પારિવો સીંચાણો થાય;
અણધાર્યું આવી પડયું, પારેવડું ખોળામાંય.
શરણે આવ્યું પારેવડું, થરથર કંપે કાય;
રાખ રાખ તું રાજવી, મુજને સીંચાણો ખાય.
જીવદયા મનમાં વસે, કહે સીંચાણાને એહ;
નહિ આપું રે પારેવડું, કહે તો કાપી આપું દેહ.
અભયદાન દેઈ કરી, બાંધ્યું તીર્થંકર નામ;
**ઉદયરત્ન** નિત પ્રણમતાં, પામે અવિચલ ધામ.

## સિદ્ધચક્ર ચૈત્યવંદન

આદિ જિનવર આદિ જિનવર, આદિ અવતાર પુરુષોત્તમ ત્રિભુવનપતિ,
સકલ સિદ્ધિ નવનિધિ હોય, મધ્યભાગે સિદ્ધચક્રને ધરીય જે પૂજે સદાય,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે લહે શિવસુખ સંપદા, ભાંજી ભવભય ભૂરિ;
નિત્ય નમો તે નાથને, પ્રહ ઉગમતે સૂર. ૧
સિદ્ધ સુખકર સિદ્ધ સુખકર, સયલ સંસાર પૂરવ દિશની પાંખડી,
ધરી જે સિદ્ધચક્ર ધ્યાવે, તે પામે સુખ શાશ્વત જન્મ જરા દુઃખ દૂરે જાવે.
કોડી કલ્યાણ સ્હેજે કરે, આપે ભવનો છેહ,
અશરીરી તે અહોનિશે, સિદ્ધ નમો ગુણગેહ. ૨
અષ્ટલ દલ શુભ અષ્ટલ દલ શુભ, કમલ કોરીય મધ્ય ભાગે અરિહંતનું;
સિદ્ધાદિક પદ ચાર ચિહું દિશે, જ્ઞાનાદિક પદ ચાર વલી ધરો તે વિશે.
ફરતાં શાસન દેવનાં, નામ લખી કરનાર,
ત્રિવિધે પૂજો એહને, જિમ પામો જયકાર. ૩
એકચિત્તે, એકચિત્તે જેહ નરનાર પૂજે નરનાર પૂજે શ્રી સિદ્ધચક્ર,
આસો સુદિ સાતમ દિનથી, નવ આંબીલ કરી નેહ શું–
ચૈત્ર પણ ચાહ ધરી મનથી.
જે સેવે સિદ્ધચક્રને, ત્રિવિધે શું ત્રણ કાલ,
શ્રી શ્રીપાલ તણી પરે, તે લહે મંગલમાલ. ૪
સકલ મંગલ સકલ મંગલ તણો દાતાર શ્રી સિદ્ધચક્ર સોહામણું;
પૂજતાં મનની આશ પૂરે, રોગ સોગ દોહગ હરે વિકટ સંકટ ચૂરે.
આંબિલશું આરાધતાં, આપે અવિચલ વાસ,
ઉદય સદા સુખ સંપજે, લહિયે લીલ વિલાસ. ૫


For Private and Personal Use Only




સ્વ. શેઠશ્રી છોટાલાલ મોહનલાલ શેઠ



સ્વ. હંસાબેન જયંતિલાલ કુબેરદાસ મોદી



સ્વ. શેઠશ્રી ચંદુલાલ મંજરદાસ પટેલ



શ્રી શંખેશ્વર જીનાલય

## સ્તવનો

# ચોવીશી

### ૧. ઋષભજિન સ્તવન

(વાર વાર રે વીઠલ વંશ મુને તો ન ગમે રે – એ દેશી)

મરુ દેવીનો નંદ માહરો સ્વામી સાચો રે;
શિવવધૂની ચાહ ધરો તો, એહને યાચો રે. મરુ૦ ૧
કેવલ કાચના કુંપા જેહવો, પિંડ કાચો રે;
સત્ય સરૂપી સાહિબો એહને, રંગે રાચો રે. મરુ૦ ૨
યમરાજાના મુખડા ઉપર, દેઈ તમાચો રે;
અમર થઈ **ઉદયરત્ન** પ્રભુસ્યું, મિલી માચો રે. મરુ૦ ૩

### ૨. અજિતનાથજિન સ્તવન

વિષયને વિસારી, વિજયાનંદ વંદો રે;
આનંદપદનો એ અધિકારી, સુખનો કંદો રે. વિ૦ ૧
નામ લેતાં જે નિશ્ચય ફેડે, ભવનો ફંદો રે;
જનમ મરણ જરાને ટાળી, દુઃખનો દંદો રે. વિ૦ ૨
જગજીવન જે જગ જયકારી, જગતી ચંદો રે;
**ઉદયરત્ન** પ્રભુ પરઉપગારી, પરમાનંદો રે. વિ૦ ૩

### ૩. સંભવનાથજિન સ્તવન

દીન દયાકર દેવ, સંભવનાથ દીઠો રે;
સાકર ને સુધા થકી પણ, લાગે મીઠો રે. દી૦ ૧
ક્રોધ રહ્યો ચંડાળની પરે, દૂરે ધીઠો રે;
અજ્ઞાનરૂપ અંધકારનો હવે વેગે નીઠો રે. દી૦ ૨

ભલી પરે ભગવંત સુને, ભગતે તૂઠો રે;
ઉદય કહે માહરે, આજ દૂધે મેહ વૂઠો રે. દી૦ ૩

### ૪. અભિનંદનજિન સ્તવન

સિદ્ધારથના સુતના પ્રેમે, પાય પૂજો રે;
દુનિયામાંહિ એહ સરીખો, દેવ ન દૂજો રે. સિ૦ ૧
મોહરાયની ફોજ દેખી, કાં તુમે ધ્રૂજો રે;
અભિનંદનની ઓઠે રહીને, જોરે ઝૂઝો રે. સિ૦ ૨
શરણાગતનો એ અધિકારી, બૂઝો બૂઝો રે;
ઉદય પ્રભુ શું મળી મનની, કરિયે ગુજો રે. સિ૦ ૩

### ૫. સુમતિનાથજિન સ્તવન

સુમતિકારી સુમતિવારુ, સુમતિ સેવો રે;
કુમતિનું જે મૂલ કાપે, દેવ દેવો રે. સુ૦ ૧
ભવજંજીરના બંધ દે ભાગી, દેખતાં એવો રે;
દરસન તેહનું દેખવા મુહને, લાગી ટેવો રે. સુ૦ ૨
કોડિ સુમંગલકારી સુમંગલા-સુત એહવો રે;
ઉદય પ્રભુએ મુજરો મ્હારો, માની લેવો રે. સુ૦ ૩

### ૬. પદ્મપ્રભુજિન સ્તવન

લાલ જાસુદનાં ફૂલ સો વારુ, વાન દેહનો રે;
ભુવન મોહન પદ્મપ્રભુ, નામ જેહનો રે. લા૦ ૧
બોધબીજ વધારવા જેમ, ગુણ મેહનો રે;
મન વચન કાયા કરી હું દાસ તેહનો રે. લા૦ ૨
ચંદચકોર કરે, તુજને ચહું, બાંધ્યો નેહનો રે;
ઉદય કહે પ્રભુ તું વિણુ નહીં આધીન કેહને રે. લા૦ ૩

### ૭. સુપાર્શ્વજિન સ્તવન

સુપાસજી તાહરું મુખડું જોતાં, રંગભીનો રે;
જાણે પંકજની પાંખડી ઉપર, ભમર લીનો રે. સુ૦ ૧

હેત ધરી મેં તાહરે હાથે દિલ્લ દીનો રે;
મનડા માંહિ આવે તું મોહન, મેહેર્રી કીનો રે. સુ૦ ૨
દેવ બીજો હું કોઈ ન દેખું, તું જ સમીનો રે;
**ઉદયરત્ન** કહે મુજ પ્રભુ, એ છે નગીનો રે. સુ૦ ૩

### ૮. ચંદ્રપ્રભુજિન સ્તવન

ચંદ્રપ્રભુના મુખની સોહે, કાંતિ સારી રે;
કોડિ ચંદ્રમા નાખું વારી, હું બલિહારી રે. ચં૦ ૧
શ્વેત રજતસી જ્યોતિ બિરાજે, તનની તાહરી રે;
આશક થઈ તે ઉપર ભમે, આંખડી માહરી રે. ચં૦ ૨
ભાવ ધરી તુજને ભેટે જે, નર ને નારી રે,
**ઉદયરત્ન** પ્રભુ પાર ઉતારે, ભવજલ તારી રે. ચં૦ ૩

### ૯. સુવિધિજિન સ્તવન

સુવિધિ સાહિબ શું મન્ન માહરું થયું મગન્ન રે;
જિહાં જોઉં તિહાં તુજને દેખું, લાગી લગન રે. સુ૦ ૧
મનડામાં જિમ મોર ઇચ્છે, ગાજે ગગન રે;
ચિતડામાં જિમ કોયલ ચાહે, માસ ફગન્ન રે. સુ૦ ૨
એહવી તુજ શું આસકી મુને, ભરું ડગન રે;
જોર જસ ફોજનો તું, એક ઠગન રે. સુ૦ ૩
પંચ ઇંદ્ર રૂપ શ્યુનો જે, કરીય નગન રે;
**ઉદયરત્ન** પ્રભુ મિલી તે શું, ખાય સોગન રે. સુ૦ ૪

### ૧૦. શીતલનાથજિન સ્તવન

શીતલ શીતલનાથ સેવો, ગર્વ ગાળી રે;
ભવદાવાનળ ભંજવાને, મેઘમાળી રે. શી૦ ૧
આશ્રવ રૂંધી એક બુદ્ધિ, આસન વાળી રે;
ધ્યાન એહનું મનમાં ધરો, લેઈ તાળી રે. શી૦ ૨
કામને બાળી ક્રોધને ટાળી, રાગને ગાળી રે;
**ઉદય** પ્રભુનું ધ્યાન ધરતાં, નિત દિવાળી રે. શી૦ ૩

### ૧૧. શ્રેયાંસનાથજિન સ્તવન

મૂરતિ જોતાં શ્રેયાસની માહરું મનડું મોહ્યું રે;
ભાવે ભેટતાં ભવના દુઃખનું, ખાંપણ ખોયું રે. મૂ૦ ૧
નાથજી માહરી નેહની નિજ રે, સાહમું જોયું રે;
મહિર લહી માહારાજની મેં તો, પાપ ધોયું રે. મૂ૦ ૨
શુદ્ધ સમકિત રૂપ શિવનું, બીજ બોહ્યું રે;
**ઉદયરત્ન** પ્રભુ પામતાં ભાગ્ય, અધિક સોહ્યું રે. મૂ૦ ૩

### ૧૨. વાસુપૂજ્યજિન સ્તવન

જુઓ જુઓ રે જયાનંદ જોતાં, હર્ષ થયો રે;
સુરગુરુ પણ પાર ન પામે, ન જાય કહ્યો રે. જુ૦ ૧
ભવઅટવીમાં ભમતાં, બહુ કાળ ગયો રે;
કોઈ પુણ્ય કલ્લોલથી અવસર મેં, આજ લહ્યો રે. જુ૦ ૨
શ્રી વાસુપૂજ્યને વાંદતાં, સઘળો દુઃખ દહ્યો રે;
**ઉદયરત્ન** પ્રભુ અંગી કરીને, બાંહિ ગ્રહ્યો રે. જુ૦ ૩

### ૧૩. વિમલનાથજિન સ્તવન

વિમલ તાહરું રૂપ જોતાં, રઢિ લાગી રે;
દુઃખડાં ગયા વીસરી ને ભૂખડી ભાગી રે. વિ૦ ૧
કુમતિએ માહરી કેડ તજી, સુમતિ જાગી રે;
ક્રોધ માન માયા લોભે, શીખ માગી રે. વિ૦ ૨
પંચ વિષય વિકારનો, હવે થયો ત્યાગી રે;
**ઉદયરત્ન** કહે આજથી, હું તો તાહરો રાગી રે. વિ૦ ૩

### ૧૪. અનંતજિન સ્તવન

અનંત તાહરા મુખડા ઉપર, વારી જાઉં રે;
મુગતિની મુને મોજ દીજે, ગુણ ગાઉં રે. અ૦ ૧
એક રસો હું તલસું તુને, ધ્યાન ધ્યાઉં રે;
તુજ મિલવાને કારણ તાહરો, દાસ થાઉં રે. અ૦ ૨

ભજન તાહરો ભવોભવે, ચિત્તમાં ચાહું રે;
**ઉદયરત્ન** પ્રભુ જો મિલે તો, છેડો સાહું રે. અ૦ ૩

### ૧૫. ધર્મનાથજિન સ્તવન

વારુ રે વાહલા વારુ તું તો, મેં દિલ વાહી રે;
મુજને મોહ લગાડયો પોતે બેપરવાહી રે. વા૦ ૧
હવે હું હઠ લેઈ બેઠો, ચરણ સાહી રે;
કેઈ પેરે મ્હેલાવશો કહોને, ઘો બતાઈ રે. વા૦ ૨
કોડ ગમે જો તુજશું, કરું ગહિલાઈ રે;
તો તું પ્રભુ ધર્મ ધારી, લ્યો નિવાહી રે. વા૦ ૩
તું તાહરા અધિકાર સાહમું, જોને ચાહી રે;
**ઉદય** પ્રભુ ગુણહીનને તારતાં છે વડાઈ રે. વા૦ ૪

### ૧૬. શાંતિનાથ સ્તવન

પોસહમાં પારેવડો રાખ્યો, શરણે લેઈ રે;
તન સારે જીવાડયો અભયદાન દેઈ રે. પોસહ૦ ૧
અનાથ જીવનો નાથ કહાવે, ગુણનો ગેહી રે;
તો મુજને પ્રભુ તારતાં કહો, એ વાત કેહી રે. પોસહ૦ ૨
ગરીબનિવાજ તું ગિરુઓ સાહિબ, શાંતિ સનેહી રે;
**ઉદયરત્ન** પ્રભુ તુજશું બાંધી, પ્રીત અછેહી રે. પોસહ૦ ૩

### ૧૭. કુંથુનાથજિન સ્તવન

વાઈ વાઈ રે અમરી વીણ વાજે, મૃદંગ રણકે રે;
ઠમક પાય વિછુવા ઠમકે, ભેરી ભણકે રે. વા૦ ૧
ઘમ ઘમ ઘમ ઘૂઘરી ઘમકે, ઝાંઝરી ઝમકે રે;
નૃત્ય કરતી દેવાંગના, જાણે દામિની દમકે રે. વા૦ ૨
દૌ દૌ કિદૌ દુંદભિ વાજે, ચૂડી ખલકે રે;
ફૂદડી લેતાં ફૂદડીતી ફરકે, ઝાલ ઝબૂકે રે. વા૦ ૩
કુંથુ આગે ઈમ નાચ નાચે, ચાલને ચમકે રે;
**ઉદય** પ્રભુ બોધબીજ આપે, ઢોલને ઢમકે રે. વા૦ ૪

### ૧૮. અરનાથજિન સ્તવન

અરનાથ તાહરી આંખડિયે મુજ કામણ કીધું રે;
એક લ્હેજામાં મનડું માહરું, હરી લીધું રે. અ૦ ૧
તુજ નયણે વયણે માહરે, અમૃત પીધું રે;
જન્મજરાનું જોર ભાગ્યું કાજ સીધું રે. અ૦ ૨
દુર્ગતિનાં સરવે દુઃખનું હવે, દ્વાર દીધું રે;
**ઉદયરત્ન** પ્રભુ શિવપથનું મેં, સંબલ લીધું રે. અ૦ ૩

### ૧૯. મલ્લિનાથજિન સ્તવન

તુજ સરીખો પ્રભુ તું જ દીસે, જોતાં ઘરમાં રે;
અવર દેવ કુણ એહવો બલિયો, હરિ હરમાં રે. તુ૦ ૧
તાહરા અંગનો લટકો મટકો, નારી નરમાં રે;
મહીમંડલમાં કોઈ ન આવે, માહરા હરમાં રે. તુ૦ ૨
મલ્લિજિન આવીને માહરા મનમંદિરમાં રે;
**ઉદયરત્ન** પ્રભુ આવી વસો, તું નિજરમાં રે. તુ૦ ૩

### ૨૦. મુનિસુવ્રતસ્વામીજિન સ્તવન

મુનિસુવ્રત મહારાજ માહરા મનનો વાસી રે;
આશા દાસી કરીને થયો તું ઉદાસી રે. મુ૦ ૧
મુક્તિ વિલાસી તું અવિનાશી, ભવની ફાંસી રે;
ભજીને ભગવંત થયો તું, સહજ વિલાસી રે. મુ૦ ૨
ચૌદ રાજ પ્રમાણ લોકાલોક પ્રકાશી રે;
**ઉદયરત્ન** પ્રભુ અંતરજામી, જ્યોતિ વિકાસી રે. મુ૦ ૩

### ૨૧. નમિનાથજિન સ્તવન

નમિ નિરંજન નાથ નિર્મલ ધરું ધ્યાને રે;
સુંદર જેહનો રૂપ સોહે, સોવન વાને રે. ન૦ ૧
વેણ તાહરાં હું સુણવા રસિયો, એક તાને રે;
નેણ માહરાં રહ્યાં છે તરસી, નિરખવાને રે. ન૦ ૨

એક પલક જો રહસ્ય પામું, કોઈક થાને રે;
હું તું અંતરમેં હળી મળું, અભેદ જ્ઞાને રે. ન૦ ૩
આઠ પહોર હું તુજ આરાધું, ગાવું ગાને રે;
**ઉદયરત્ન** પ્રભુ નિહાલ કીજે, બોધિદાને રે. ન૦ ૪

### ૨૨. નેમનાથ સ્તવન

બોલ બોલ રે પ્રીતમ મુજ શું બોલ મેલ આંટો રે;
પગલે પગલે પીડે મુજને, પ્રેમનો કાંટો રે. બોલ૦ ૧
રાજેમતી કહે છોડ છબીલા, મનની ગાંઠો રે;
જિહાં ગાંઠો તિહાં રસ નહિ જિમ, શેલડી સાંઠો રે. બોલ૦ ૨
નવ ભવનો મુને આપને નેમજી, નેહનો આંટો રે;
ધોયો કિમ ધોવાય યાદવજી, પ્રીતનો છાંટો રે. બોલ૦ ૩
નેમ રાજુલ બે મુગતિ પહોતાં, વિરહના ઠોરે;
**ઉદયરત્ન** કહે આપને સ્વામી, ભવનો કાંઠો રે. બોલ૦ ૪

### ૨૩. પાર્શ્વનાથ સ્તવન

ચાલ ચાલ રે કુંવર ચાલ તાહરી, ચાલ ગમે રે;
તુજ દીઠડા વિના મીઠડા માહરા, પ્રાણ ભમે રે. ચાલ૦ ૧
ખોલા માંહિ પડતું મેહલે, રીસે દમે રે;
માવડી વિના આવડું ખુંધું, કુણ ખમે રે. ચાલ૦ ૨
માતા વામા કહે મુખડું જોતાં, દુઃખડાં શમે રે;
લલિ લલિ **ઉદયરત્ન** પ્રભુ, તુજને નમે રે. ચાલ૦ ૩

### ૨૪. મહાવીરજિન સ્તવન

આવ આવ રે માહરા મનડા માંહે, તું છે પ્યારો રે;
હરિહરાદિક દેવ હૂંતી હું છું ન્યારો રે. આવ૦ ૧
અહો મહાવીર ગંભીર તું તો, નાથ માહરો રે;
હું નમું તુહને ગમે મુહને, સાથ તાહરો રે. આવ૦ ૨
સાહી સાહી રે મીઠડા હાથ માહરા, વૈરી વારો રે;
દ્યો દ્યો રે દર્શન દેવ મુને, દ્યોને લારો રે. આવ૦ ૩

તું વિના ત્રિલોક મેં કેહનો, નથી ચારો રે;
સંસાર પારાવારનો સ્વામી, આપને આરો રે. આવ૦ ૪
**ઉદયરત્ન** પ્રભુ જગમેં જોતાં, તું છે તારો રે;
તાર તાર રે મુને તાર, તું સંસારો રે. આવ૦ ૫

## ઋષભજિન સ્તવન

(લાખેણો સોહાવો જિનને ફૂલનો ગૂંથી હાર – એ દેશી)
નાભિનંદન નેહશું, પદ્માસણે બેઠાય;
મૂર્તિ સાથે મનડું મંડી, લળી લળી લાગે પાય;
નમો નાથજી હો રાજ, દેખી મોહી આદિ તું હી
જિણંદજી હો રાજ. ૧
તેજપુંજ ઓપતા તિહાં, ઓળે ઓળે થંભ;
થંભેથંભે પૂતળી, તે કરતા નાટારંભ. નમો૦ ૨
દેવના વિમાન જેવો, એમ જાણે રૂપ;
રંગમંડપ માંહે રૂડી, કોરણી અનૂપ. નમો૦ ૩
શાતકુંભના કુંભ ઉપરે, રત્નમય પ્રદીપ;
ઈંદુ જાણે આપે આયો, શિખરને સમીપ. નમો૦ ૪
રયણમેં જડિત વારુ, દિવ્ય ધ્વજદંડ;
દેઉલ શૃંગે ધ્વજા દીપે, લહેકતી પ્રચંડ. નમો૦ ૫
કુસુમ સુરભિ નીરવેગે, વરસાવે તેણી વાર;
પ્રદક્ષિણા દઈને પ્રેમે, વંદે વારોવાર. નમો૦ ૬
ડમરો મરવો મોગરો ને માલતી મચકુંદ;
જાઈ જૂઈ ફૂલડાંશું, પૂજીને જિણંદ. નમો૦ ૭
આદિ દેવ આગે વાહી, વિધવિધ તુર;
રંગશું દેવાંગના તે, નાચે આણંદપૂર. નમો૦ ૮
પપ ધની પપ ધની, ધપ મપ ધોં;
મૃદંગ દેવદુંદુભિ તે, વાજે દોં દોં. નમો૦ ૯

ધીધીકીટી ધીધીકીટી, ધોધોંકાર;
ચચપટ ચચપટ ચચપટ ચચપટ, તાન વિચાર. નમો૦ ૧૦
થેઇ થેઇ તા થેઇ થેઇ થેઇ તા થેઇ, ધીગડ દોંદોં;
શંખના ત્યાં શબ્દ ઊઠે, ઓં ઓં ઓં. નમો૦ ૧૧
ઝાંઝરનો તો રમઝમ, રમઝમ, રમઝમકાર;
પાયે ઘમકે ઘૂઘરા ને નેઉરનો રણકાર. નમો૦ ૧૨
પાકે વાજે વિંછુયા ને, ઠમકે ઠવે પાય;
ઊલટશું અમરાંગના, સંગીત રીતે ગાય. નમો૦ ૧૩
નૃત્ય કરે દેવની શકતે, બત્રીશ બદ્ધ;
તાન માન ઝમકારે નાચે, સંગીત શુદ્ધ. નમો૦ ૧૪
હળવે હળવે પગલાં માંડો ઝળકે કાને ઝાલ;
લળકે કમખો ફૂદડી દેતી ચળકે ચાલે ચાલ. નમો૦ ૧૫
મુખડાનો તો મટકો કરતી, લટકે ઝીણો લંક;
ભવભેદ ને ભક્તિશું તે ટાળે પાતકપંક. નમો૦ ૧૬
નાચી કૂદી પાયે વંદી, બોલે બે કર જોડ;
જયોજયોજયોજયો, સ્વામી ભવદુઃખ છોડ. નમો૦ ૧૭
છેંતાલીશમી એહ ભાખી, ઢાળ મનને રંગ;
**ઉદય** કહે છે સુણજો આગે, ભવિયાં ઊમંગ. નમો૦ ૧૮

## ઋષભજિન સ્તવન

(સ્નેહી સંત એ ગિરિ સેવો – એ દેશી)

શ્રી ઋષભ વરસોપવાસી, પૂરવની પ્રીત પ્રકાશી, શ્રેયાંસ બોલે શાબાશી,
બાવાજી વિનતિ અવધારો, માહારે મંદિરિયે પધારો.
એ આંકણી બાવાજી૦ ૧
શેલડી રસ સૂજતો વોહોરો, નાથજી ન કરાવો નોહોરો,
દરિશનફલ આપો દોરો. બાવાજી૦ ૨
પ્રભુએ તવ માંડી પસલી, આહાર લેવાની ગતિ અસલી,
પ્રગટી તવ દુર્ગતિ વસલી. બાવાજી૦ ૩

અજુઆલી ત્રીજ વૈશાખી, પંચ દિવ્ય થતે સુર સાખી,
એ તો દાન તણી ગતિ દાખી. બાવાજી૦ ૪
યુગાદિ પરવ એ જાણો, આખાત્રીજ નામેં એ વખાણો,
સહુ કોઈ કરે ગલમાણો. બાવાજી૦ ૫
સહસ વરસેં કેવલ પાયો, એક લાખ પૂરવ અરચાયો,
પછી પરમ મહોદય પાયો. બાવાજી૦ ૬
એમ **ઉદય** વદે ઉવજ્ઝાયા, પૂજો શ્રીઋષભના પાયા,
જિણેં આદિ ધર્મ ઉપાયા. બાવાજી૦ ૭

## આદીશ્વરજિન સ્તવન

(રાગ : તેરી પ્યારી પ્યારી)

હું તો પામ્યો પ્રભુના પાય રે, આણ ન લોપું રે (૨)
સાંભળી તારાં વેણ રે કાનમાં રોપું રે (૨)
જન્મજન્મના ફેરા ફરતા, મેં તો ધ્યાયા ન દેવાધિદેવા;
કુગુરુ કુશાસ્ત્ર તણા ઉપદેશે, લાધી નહીં પ્રભુસેવા રે.
હું તો....૧
કનક કથીરનો વેરો ન જાગ્યો, કાચ મણિ સમ તોલ્યા રે;
વિવેક તણી મેં વાત ન જાણી, વિષ અમૃત કરી ઘોળ્યાં રે.
હું તો....૨
સમકિતનો લવલેશ ન સમજ્યો, હું તો મિથ્યા મતમાં ખૂંચ્યો રે;
માયા તણા પંથે પરવરિયો, વિષય કરી વિગુત્યો રે.
હું તો....૩
કોઈ પૂરવ પુણ્યસંયોગે, આરજ કુળમાં અવતરિયો રે;
આદીશ્વર સાહિબ મુજ મળિયો, તારક ભવજલ તરિયો રે.
હું તો....૪
એટલા દિન મેં વાત ન જાણી, તુજથી રહિયો અલગો રે;
**ઉદયરત્ન** કહે આજ થકી, હું, તારે પાયે વળગ્યો રે.
હું તો પામ્યો પ્રભુના પાય રે, આણ ન લોપું રે....૫

## કેસરિયાજીનું સ્તવન

વૃષભ લંછન પ્રભુ ઋષભ નિત્ય વંદિયે, નાભિ મરૂદેવીનો
નંદ નિરખો,
મુક્તને ભુક્તનો જેહ ભોગી સદા, પરમ યોગી વલી એહ પરખો.
વૃષભ૦ ૧
અસુર સુર કિન્નરા નાગરા નરવરા, કોટી કોટી ધરા શિશ નામે,
આણ એહની વહે પરાણે લાગી રહે, પરમ પદ સંપદા તેહ પામે.
વૃષભ૦ ૨
ધૂલેવ ગામમાં ધર્મધારી જયો, કર્મજંજીરના બંધ કાપે,
ભક્તજન ઉદ્ધરે વિજયલચ્છી વરે, અથિરને થિર કરી જેહ થાપે.
વૃષભ૦ ૩
ખડ્ગ દેશે પ્રભુ જેહ ખાંતે વશ્યો, દેશપરદેશ ત્યાં સંઘ આવે,
નિત્ય નિત્ય નવનવા લાભ લહે અભિનવા, ગુણી જન સહુ મલી ગીત
ગાવે. વૃષભ૦ ૪
**સત્તર ત્રાણુ** સમે, સપરિવારે નમે, માઘ વદિ ત્રીજ રવિવાર યોગે,
**ઉદયવાચક** વદે ઉદગપદ પામીને, નાથજી મેં ગાયો શુભ સંયોગે.
વૃષભ૦ ૫

## પદ્મપ્રભજિન સ્તવન

(કાલિંગડો અથવા પીલૂ)

મેરો મન મોહ્યો જિન મૂરતિયાં,
અતિ સુંદર મુખકી છબિ નિરખત,
હરખિત હોત મેરી છતિયાં. મેરો૦ ૧
કેસર ચંદન મૃગમદ ભેલી,
ભગતિ કરું હું બહુ ભતિયાં. મેરો૦ ૨
આર્દ્રકુમાર શય્યમ્ભવની પરે,
બોધિબીજ હોય પ્રાપતિયાં. મેરો૦ ૩

પદ્મ લંછન પદ્મપ્રભ સ્વામી,
ઇતની કરું મૈં વિનતિયાં. મેરો૦ ૪
**ઉદયરત્ન** કહે દિયો મુજ સાહિબ !
સકલ કુશલ નિજ સંપત્તિયાં. મેરો૦ ૫

## પદ્મપ્રભજિન સ્તવન

(મેરે સાહિબ તુમ હી હો – એ દેશી)

સકલ મંગલ પદ સદન જે, પદ્મપ્રભ જિન પૂજા;
ત્રિભુવનપતિ તુજને તજી, દિલ કુણ કરે દૂજા. સ૦ ૧
આજ્ઞા એક પ્રભુ તણી, સવિ કામના સાધે;
બીજું શું ગાંઠે બાંધિયે, ચિંતામણિ લાધે. સ૦ ૨
આણ જે એહની ઉત્થાપશે, માનવ મતિહીના;
તે ઊંચા કેમ આવશે, દુઃખ દેખશે દીના. સ૦ ૩
સેવે જે શૂધે મને, ચરણે ચિત્ત લાઈ;
નરનારી જિન નિત્ય નમે, ધન્ય તેહની કમાઈ. સ૦ ૪
**વાચક** ઉદયની વિનતિ, પરિકરને પૂરે;
મહારાજ લેજો માની ને, સદા ઊગતે સૂરે. સ૦ ૫

## ચંદ્રપ્રભજિન સ્તવન

(રાગ : જગજીવન જગવાલહો)

ચંદ્રપ્રભ ચિત્તમાં વસ્યા, જીવન પ્રાણ આધાર લાલ રે;
તુમ વિણ કો દીસે નહિ, ભવિજનને હિતકાર લાલ રે. ૧
નિશદિન સૂતાં જાગતાં, ચિત્ત ધરું તાહરું ધ્યાન લાલ રે;
રાતદિવસ તલસે બહુ, રસના તુજ ગુણગાન લાલ રે. ૨
માહરે તુમ સમ કો નહિ, મુજ સરીખા તુજ લાખ લાલ રે;
તો હિ નિજ સેવક ભણી, કાંઈ કરુણા દાખ લાલ રે. ૩
અંતરજામી તું ખરો, ન ગમે બીજું નામ લાલ રે;
સેવક અવસરે આવિયો, રાખો એહની મામ લાલ રે. ૪

કરુણાવંત કૃપા કરી, આપો નિજપદ વાસ લાલ રે;
**ઉદયરત્ન** એમ ઉચ્ચરે, દીજે તત્ત્વ સુવાસ લાલ રે. ૫

## ચંદ્રપ્રભજિન સ્તવન

(મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે – એ દેશી)

ચંદ્રપ્રભની કરતાં ચાકરી રે, ચાકર ઠાકર હોય;
સેવકને કરે આપ સમોવડો રે, સાહિબ સેવું રે સોય. ચં૦ ૧
ધ્યાતા ધ્યેયપણું જ્યારે ધરે રે, પ્રભુનો વાધે તેમ પ્રતાપ;
આપ સરીખા આખર તે કરે રે, જે ત્રિભુવનનો હરે તાપ. ચં૦ ૨
સોળ કલાએ શશિહર શોભતો રે, પામી પૂનમ કેરી રાત;
ક્ષેત્ર સંખ્યા તે અજુઆલું કરે રે, વિશ્વ જાણે છે એ વાત. ચં૦ ૩
ત્રણ ભુવનનું તિમિર નિવારવા રે, અદ્દ્ભુત જેહનો ઉદ્યોત;
ચંદ્ર લંછન મિસે સેવે તેહને રે, જાણી જિનની ઝગમગ જ્યોત. ચં૦ ૪
અષ્ટમ જિનવર આઠ કરમ તણા રે, પલકમાં છોડાવે પાસ;
નિત્ય **ઉદય** ગુણે કરી નિરમલો રે, અવિચલ જેહનો ઉજાસ. ચં૦ ૫

## સુવિધિજિન સ્તવન

(મેરે સાહિબ તુમ હી હો – એ દેશી)

સુવિધિ જિણંદ મેરે મન વસ્યો, જેસે ચંદ ચકોરા;
જેમ ભ્રમરશું કેતકી, જેસે મેઘને મોરા. સુ૦ ૧
એસે પ્રભુ કે આશકી, જિમ કમલ પતંગ;
ચરણે ચિત્ત લાગી રહ્યો, મૃગ રાગ તરંગ. સુ૦ ૨
ત્રિવિધે તન મન વચનસેં, હું સેવક તેરા;
તિન જગતમાં તુમ બિના, ટારે કોણ ભવફેરા. સુ૦ ૩
ચિત્ત ચાહે તુજ ચાકરી, રૂપ ચાહે નયના;
મન તલસે તુમ મિલનકું શ્રવણાં ચહે વયણાં. સુ૦ ૪
મુનિજન જાકે નામસેં, આનંદપદ પાવે;
**ઉદય** સદા સુખ હોત હે, પ્રભુનામ પ્રભાવે. સુ૦ ૫

## સુવિધિનાથનું સ્તવન

શ્રી સુવિધિ જિણંદ સંભારીએ, તો પરમાતમ પદ પાઈએ;
સુરપદ સુખ સદન સધાઈએ, મદ મદન અરિ મદ મારીએ. ૧
એહ જિનવર જગજન સુખકરુ, ભવ સંચિત ભાવઠ ભયહરુ;
મન કામિત પૂરણ સુરતરુ, જશ વેલ વધારણ જલધરુ. ૨
વિધિશું જો એહને વંદીએ, તો દુર્ગતિકંદ નિકંદીએ;
અમંદ આણંદ આણંદીએ, જગફંદ જીતી ચિર નંદીએ. ૩

ઢાળ

એહ કામઘટ સમ શ્યામ સુંદર, દિયણ દોલત દામ,
ઉદ્દામ કેવળ ધામ અભિનવ, કંત આપે કામ,
સુખ ઠામ જેહનું નામ નિરમલ, જગત્ જનવિશરામ,
આરામ એ અઘ ધામ હરવા, રામાસુત અભિરામ,
મારા સાહેબિયા મુજને આપો રે, પ્રભુપદ સેવના. ૪
તું ભુવનભૂષણ રહિત દૂષણ, શોક શોષણ સામ;
કોણ કહે કવિયણ સુગુણ તુજ ગુણ, નિગુણ તુજ ગુણગ્રામ;
અરુણ તુજ નખ તરુણ તરણિ, તુલ્ય વિદ્યુત દામ;
અજ્ઞાન મહા તમ હરણ પ્રકટી, જ્યોત એ અસમાન. મારા૦ ૫
પ્રભુ વિશ્વવ્યાપક મોહ-ઉત્થાપક, ધર્મથાપક ધીર;
અષ્ટ કર્મ ઘાતક મુક્તિદાયક, ત્રિજગનાયક વીર;
હરી કામ સાયક કર્યો પાયક, નાયકને નિરદોષ;
બોધ ઉપાયક તું છે લાયક, દલન પાતક દોષ. મારા૦ ૬
તું જ્ઞાનસાગર દયાઆગર, નમિત નાગર પાય;
રત્નાગર પણ તુમ સમો, ગંભીર ગુણે ન પોસાય;
ગર્જનાએ ગાજિયો, ઘન ગાજતે મહારાજ;
તો ધીર ગુણે તે અવગણ્યો, ગિરિરાજ ગરીબનીવાજ. મારા૦ ૭
જગ જોધ જે મહા ક્રોધ જાલિમ જીતી તે વિણક્રોધ;

આયુધ વિણ તેં યુદ્ધ માંડયો, મથી માયા રોધ;
માન જે રાજન ઉદ્ધત, દલિત દુર્ધર તેહ;
ભૂધર સેવધિ લોભસિંધુ, પામ્યો તું તસ છેહ. મારા૦ ૮
અગાધ ઊંડો અથાહ અતિશે, જેહ અપરંપાર;
સંસાર પારાવારનો, તો પામ્યો તુંહીજ પાર;
તરણુતારણ બિરુદધારક, સેવક જન સાધાર;
જગબંધુ કરુણાસિંધુ મારે, તારો છે આધાર. મારા૦ ૯
રજત સોવન રયણમય, ત્રણ ગઢ રાજે તુજ;
મણિજડિત મધ્ય સિંહાસને, મહારાજ બેઠા સુજ;
પરખદામાં નીરખવાનો હરખ હૈયામાંય;
પણ પુન્ય વિના જે કામીએ, કેમ પામીએ તે પ્રાય. મારા૦ ૧૦
સુર અસુર કિન્નર નર નરેશ્વર, સુરેશ્વર શશિ સૂર;
કોડો ગમે કર જોડી ઊભા, ધરી ઉલટ ઉર;
ઓલગ કરે તુમ આગળે, મદ મોડી છોડી માન;
પાંત્રીશ ગુણ તુજ વાણીના, અતિશયવાન. મારા૦ ૧૧
ભૂપાલ સુગ્રીવ વંશ ભૂષણ, ભાનુ તું ભગવંત;
ભવમલ્લ ભંજન ભક્ત રંજન, આદિ નહિ તુજ અંત;
સંત જે પુણ્યવંત પ્રાણી, તેહ જાણે તંત;
ઉદંત આદ્યથી તાહરો, તે લહે લાભ અનંત. મારા૦ ૧૨
વીતરાગ રાગ ને રોષવર્જિત, દોષ નહીં અઢાર;
અનુપમ ત્રિભુવન ભૂપ રૂપે, નિરુપમ નિરધાર;
સમરસે પૂરિત મોહન મૂરત, સુરત અતિ શ્રીકાર;
મુખકમલ શશિ સમ વિમલ સોહે, અમલ તુજ અવતાર. મારા૦ ૧૩
હું વિષય વાહ્યો રસ ઉમાહ્યો, પડયો માયાપાશ;
મિથ્યાત્વ લીનો ધર્મ હીનો, વસ્યો મોહને વાસ;
અતિ દીન પર આધીન કીનો, ધરી ન કેનો સંગ;
ભવભ્રમણ કરતાં તાહરો, માબાપને પરસંગ. મારા૦ ૧૪

પગ પગ પરવશ પ્રેમ પૂર્યો, મોહ ઝૂર્યો મન;
વલી નેમ વિરાધ્યા કોઈ ન સાધ્યાં, તાહરાં સુવચન;
ધન ભણી ધાયો પણ ન પાયો, આજ આયો ઠામ;
દુશ્મન સઘલા દૂર નાઠા, સ્વામી તારે નામ. મારા૦ ૧૫
વિપરીત ઢંગ કુસંગ રંગે, વટાલ્યા બહુ અંગ;
અંગનાઅંગ સુરંગ દેખી, અનંગથી વ્રતભંગ
જિનરાજ મેં કુલલાજ લોપી, કર્યાં કાજ-અકાજ;
કહેતાં તે નવી કહી શકું, આડી આવે છે લાજ. મારા૦ ૧૬
અરદાસ એ નિજ દાસની, સાંભળી પૂરો આશ;
સ્થિર કરી સેવક થાપીએ, આપીએ શિવપુર વાસ;
દીનદયાળ કૃપાળ પ્રભુ છો, અબલના પ્રતિપાળ;
રખે ઉવેખો આજ મુજને, હું છું તાહરો બાલ. મારા૦ ૧૭

ઢાળ

જલધિજલ જિમ જલધિજલ જિમ
અકલ ન કલાય, ગગને તારા કોણ ગણે;
ત્રાજુએ કોણ મેરુ તોલે, ગંગા વેલુ કુણ માપે,
કોણ ધરા ભુજબલ ઢંઢોલે, હું મહિહીણો માનવી;
ન લહું વરણ વિચાર, ગુણ ગાતાં પ્રભુ તાહરા,
કહો કેમ પામું પાર.

પ્રભુ તારો પ્રભુ તારો, મહેર કરી મને,
બાંહ્ય ધારો બાંહ્ય ધારો, લેઈ નિજ બાલ હો,
ન વિચારો ન વિચારો ડાબી જમણી,
દીનબંધુ દીનબંધુ તુમે છો દયાલ હો. પ્રભુ૦ ૧
અપરાધી અપરાધી હું પણ આવિયો,
તુમ ચરણે તુમ ચરણે ત્રિભુવનનાથ હો;
ભાંગ્યાનો ભાંગ્યાનો તું ભેરુઅ છે,
સાંભલી છે સાંભલી છે એહવી તુજ વાત હો. પ્રભુ૦ ૨

ચર મોહના ચર મોહના હેરે છે ચિહું દિશે,
લાગ્યા છે લાગ્યા છે માહરી લાર હો;
સદ્બોધ સદ્બોધ મંત્રીશ્વર સહાયથી,
કાંઈક મેં કાંઈક મેં મનાવી છે હાર હો. પ્રભુ૦ ૩
ચોરાશી ચોરાશી ચૌટે ફેરવ્યો,
વેરીએ વેરીએ અનંતી વાર હો;
વાસ્યો હું વાસ્યો હું નિગોદમાં વલી વલી,
જ્યાં દુઃખનો જ્યાં દુઃખનો નહીં પાર હો. પ્રભુ૦ ૪
મોહ નૃપની મોહ નૃપની સેનાને જીતતો,
દુર્ગતિને દુર્ગતિને કરતો દૂર હો;
અનુક્રમે અનુક્રમે ચડતો પગથિયે,
આવ્યો છું આવ્યો છું રાજ હજુર હો. પ્રભુ૦ ૫
દિલનો જો દિલનો જો દિલાસો નહીં કરો,
નેહ નજરે નેહ નજરે નિહાલી આજ હો;
તો મુજને તો મુજને કર્મઅરિ ઘેરીને,
ફેરવશે ફેરવશે ફરી ચૌદ રાજ હો. પ્રભુ૦ ૬
મોહ દલનો મોહ દલનો જોરો મેટવા,
ભગવંતે ભગવંતે ધરીને ભાવ હો;
સંયમની સંયમની સેના સજ કરી,
સેવકની સેવકની સુણીને રાવ હો. પ્રભુ૦ ૭
મુજ મનના મુજ મનના મનોરથ સવી ફળ્યા;
જો મળિયા જો મળિયા સુવિધિ જિણંદ હો,
ભાંગ્યા હવે ભાંગ્યા હવે ભવના આંમલા;
સિંચ્યો વળી સિંચ્યો વળી સુખનો કંદ હો. પ્રભુ૦ ૮

## કલશ

સંવત રે સંવત રે **સત્તરશે ઓગણોતરે** રે, માસ શ્રાવણ મનોહર;
સાતમ રે સાતમ રે મંગળવારે સુંદરું રે, સકલ મંગળ સુખકાર. ૧

થલમાં રે થલમાં રે થુણિયો સુવિધિ જિનેશ્વરુ,
તુઠો રે તુઠો રે આજ ત્રિભુવન રાજીઓ રે,
વુઠો રે વુઠો રે અમૃત મેહ, ભાવેરે (૨) મગરલંછન ભગવંતને રે. ૨
નમશે રે નમશે રે જે નરનાર, તે લેશે રે લેશે રે
સુખલીલા ભવ અંતને રે;
ગચ્છપતિ રે ગચ્છપતિ રે **શ્રીહીરરત્નસૂરિરાયનો** પ્રણમી
તાસ પસાય. ૩
પામી રે પામી રે ચરણકમલની સેવના, **ઉદય** વંદે કરજોડ;
મેં ગાયા રે મેં ગાયા રે ગુણ દેવાધિદેવના રે. ૪

## શીતલજિન સ્તવન

પ્રભુ શીતલનાથ પ્રભાત, આજ પૂરણ મેં ઊલખી,
ભેટયો ભાવ ઘણે.
તોરી સુરત જિમ ચિત્રામ, મુજ મનડા માંહે લિખી ભેટયો૦ ૧
જ્ઞાન રૂપ ઉઘાડી ગેહ, ભોગલ કર્મની ભાંજીને, ભેટયો૦
વશ્યો હૃદય તું વીતરાગ, મોહ તણો મદ ભાંજીને. ભેટયો૦ ૨
દીઠા નયણે દેવ અનેક, કોઈ લંપટ કોઈ લોભિયો, ભેટયો૦
કોઈ રાગી કોઈ રિસાલ, તિણે મુજ ચિત્ત નવિ થોભિયો. ભેટયો૦ ૩
કીધા મેં કોડી ગમે, મોહરાજાના રાજ્યમાં, ભેટયો૦
સ્વામી સેવકનો સંબંધ, પણ કોઈ ન ભલ્યો કાજમાં. ભેટયો૦ ૪
નિર્દોષ મલ્યો તું નાથ, સકલ ગુણે સંપૂરિયો, ભેટયો૦
મહારા મનનો તું મહારાજ આજ મનોરથ પૂરિયો ભેટયો૦ ૫
જીવા યોનિ ચોરાશી લાખ તે મેં ફરસ્યા ફરી ફરી, ભેટયો૦
ચૌદ રાજ્ય મેહેલ્યા અવગાહ, અવતાર બહુલા કરી કરી. ભેટયો૦ ૬
કોઈક પૂરવ પુણ્યપસાય, શાસન પામ્યો હું તાહેરું, ભેટયો૦
મુઝ ગમન થયું તુમ સાથ, **ઉદયરત્ન** કહે માહેરું. ભેટયો૦ ૭

## શીતલનાથજિન સ્તવન

(મારે દિવાળી થઈ આજ – એ દેશી)

મુજ મનડામાં તું વસ્યો રે, જ્યું પુષ્પોમાં વાસ રે;
અળગો ન રહે એક ઘડી રે, સાંભરે સાસોસાસ.
તુમશું રંગ લાગ્યો, રંગ લાગ્યો સાતે ધાત. તુ૦
રંગ લાગ્યો શ્રી જિનરાજ, તુ૦ રંગ લાગ્યો ત્રિભુવનનાથ. તુ૦ ૧
શીતલ સ્વામી જે દિને રે, દીઠો તુજ દેદાર રે;
તે દિનથી મન માહરું પ્રભુ લાગ્યું તાહરી લાર. તુ૦ ૨
મધુકર ચાહે માલતી રે, ચાહે ચંદ ચકોર રે;
તિમ મુજ મનને તાહરી, લાગી લગન અતિજોર. તુ૦ ૩
ભરે સરોવર ઊલટે રે, જેમ નદિયાં નીર ન માય;
તો પણ જાચે મેઘકું રે, જેમ ચાતક જગમાંય તુ૦ ૪
તેમ જગમાંહિ તુમ વિના રે, મુજ મન નાવે કોય રે;
ઉદય વદે પદ સેવના રે, પ્રભુ દીજે સનમુખ હોય. તુ૦ ૫

## શ્રેયાંસનાથજિન સ્તવન

(અરિહંત પદ ધ્યાતો થકો – એ દેશી)

શ્રી શ્રેયાંસ સાહિબ સુણી, હું અરજ કરું છું જેહો રે;
માન ગાલે જે મોહનું, તુજ વિણ નવિ દીઠો તેહો રે. શ્રી૦ ૧
મોહ રાજાએ મેલિયા, આપ મનવા આણ રે;
યુવતી રૂપે મહા જાલમી, પાયક પરમ સુજાણ રે. શ્રી૦ ૨
ખુંઘું ખમે સહુ તેહનું, કોઈ ન ખંડે કારો રે;
સુરપતિ નરપતિ સહુનરે, આપ્યો તસ અધિકારો રે. શ્રી૦ ૩
કહ્યું ન થાયે કેહનું, હરિણાક્ષી કરે સો હોય રે;
ત્રણ ભુવનમાં તેહનું, કથન ન લોપે કોય રે. શ્રી૦ ૪
પરે પરે તેણે પરાભવી, દેવ કર્યા સહુ દાસો રે;
હરિહર બ્રહ્મ સારીખા, પલક ન છોડે પાસો રે. શ્રી૦ ૫

દેવ ગુરુ ધર્મ દુહવે, ગાયું તેહનું ગાય રે;
રાજી એહને રાખવા, અનેક કરે તે ઉપાય રે. શ્રી૦ ૬
ચોસઠ સહસ ચક્રી કેડે, ઇંદ્ર કેડે કહી આઠ રે;
એક બે ચાર અનેકને, અનેક કરે તે ઠાઠ રે. શ્રી૦ ૭
આણ જ તેહની ઉત્થાપવા એક જ તું અરિહંતો રે;
સમરથ આ સંસારમાં, ભેટ્યો મેં ભગવંતો રે. શ્રી૦ ૮
માન મોડીને મોહનું, હેજે રાજ હજૂર રે;
**ઉદય** કહે હું આવિયો, આપો બોધિ સનૂર રે. શ્રી૦ ૯

## શાંતિનાથજિન સ્તવન

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ મળશે તંત. સુણો૦ ૧
હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવલ કમલા વરિયો. સુણો૦ ૨
હું તો વિષયારસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કરમને ભારે ભાર્યો, તેં તો પ્રભુ ભાર ઉતાર્યો. સુણો૦ ૩
હું તો મોહતણે વશ પડિયો, તેં તો સબળા મોહને હણિયો;
હું તો ભવસમુદ્રમા ખૂંચ્યો, તું તો શિવમંદિરમાં પહોંચ્યો. સુણો૦ ૪
મારે જન્મમરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ પ્રભુજી તમે થયા વીતરાગ. સુણો૦ ૫
મને માયાએ મૂક્યો પાસી, તું તો નિર્બંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો, તું તો સકળ પદારથે પૂરો. સુણો૦ ૬
મારે તો છો પ્રભુ તું હી એક, તારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન, તું તો માનરહિત ભગવાન. સુણો૦ ૭
મારું કીધું કશું નાવ થાય, તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની. સુણો૦ ૮
એકવાર નજરે જો નીરખો, તો કરો મુજને તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુણો૦ ૯

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરતનની વાણી. સુણો૦ ૧૦

## શાંતિનાથજિન સ્તવન

શ્રી શાંતિ જિનેશ્વર દીઠો રે, મારા મનમાં લાગે મીઠો રે;
આજ મુખડું એનું જોતાં રે, મારાં નયન થયાં પનોતાં રે.
શાંતિ૦ ૧

જે નજર માંડી એને જોશે રે, તે તો ભવની ભાવઠ ખોશે રે;
એનું રૂપ જોઈને જાણે રે, તેને સુરનર સહુ વખાણે રે.
શાંતિ૦ ૨

એ તો સાહિબ છે સયાણો રે, મને લાગે એહશું તાનો રે;
એ તો શિવસુંદરીનો રસિયો રે, મારાં નયનો માંહી વસિયો રે.
શાંતિ૦ ૩

મેં તો સગપણ એહશું કીધું રે, હવે સઘળું કારજ સીધ્યું રે;
એ તો જીવન અંતરજામી રે, નિરંજન એ બહુનામી રે.
શાંતિ૦ ૪

ઘણું શું એને વખાણું રે, હું તો જીવનો જીવન જાણું રે;
ઘણું જે એહને મળશે રે, તે તો માણસમાંથી ટળશે રે.
શાંતિ૦ ૫

મનડાં જેણે એહશું માંડયાં રે, તેણે રિદ્ધિવંતાં ઘર છોડયાં રે;
આગે જેણે એહ ઉપાયો રે, તેણે શિવસુખ કરતલ વાસ્યા રે.
શાંતિ૦ ૬

આશિક જે એહના થાશે રે, તેને સંસારમાં ન રહેવાશે રે;
ગુણ એહના જે ઘણા ગાશે રે, તે તો આખર નિર્ગુણા થાશે રે.
શાંતિ૦ ૭

મેં તો માંડી એહશું માયા રે, મને ન ગમે બીજાની છાયા રે;
**વાચક ઉદયરતન** એમ બોલે રે, કોઈ ન આવે એહની તોલે રે.
શાંતિ૦ ૮

## શાંતિનાથજિન સ્તવન

સૂરત શ્રી જિન શાંતિકી, સબહીકું સોહાવે;
દિલ ભર નજરે દેખતાં, ઉપમા નવી આવે. સૂ૦ ૧
નાહીં મદ મદન મદોદ્ધતા ફંદ રહિત જે ફાવે;
કષાયે જે કલિત નહીં કદી, ભજતાં મન ભાવે. સૂ૦ ૨
શાંતિ સુધારસ સદનસી, ગુણીજન સહુ ગાવે;
**ઉદય** સદા સુખ આપવા, કલ્પવેલિ કહાવે સૂ૦ ૩

## અરનાથજિન સ્તવન

(ગિરુઆ રે ગુણ તુમ તણા – એ દેશી)

પ્રભુ ! તાહરો તાગ ન પામીએ, ગુણદરિયો ઊંડો અગાધ હો;
કિહાંએ દિલનો દિલાસો નવિ મળે, કોઈ બગસે નહિ અપરાધ હો. ૧
મુજ મનનો માનીતો તૂં પ્રભુ, નિસનેહી ઘણું નિરલેપ હો;
પ્રીતિ તો કિમ હી ન પાલટે, જો કિજે કોડ આક્ષેપ હો. મુજ૦ ૨
જે ભજતાં ભાવ ધરે નહિ, કિમ ભજીએ તેહ ઉલ્લાસ હો;
ન્યારાશું પ્યાર કીજે કિશ્યો, પણ મેલે નહિ મન આશ હો. મુજ૦ ૩
જાણ આગે જણાવીએ, અમ વિનતડી વીતરાગ હો;
શું ઘણું આપ વખાણિયે, એક તુજશું મુજ મન રાગ હો. મુજ૦ ૪
તાહરી મહેર નજર વિના, મુજ સેવા સફળ ન હોય હો;
જો સહેજે તમે સાહમું જુઓ, તો મુજને ગંજે ન કોય હો. મુજ૦ ૫
ત્રિભુવનમાં તુજ વિણ સહી, શિર કેહને ન નામું સ્વામી હો;
ઓલગડી શ્રી અરનાથની, અવસરે આવશે કામ હો. મુજ૦ ૬
જાણું છું વિસવાવીશ સહી, મુજ આશા ફળશે નેટ હો;
નિત્ય ચાહું **ઉદયરત્ન** વદે, તુજ પયની ભવોભવ ભેટ હો. મુજ૦ ૭

## મલ્લીનાથજિન સ્તવન

(પાપસ્થાનક કહ્યું હો કે, ચૌદમું આકરું – એ દેશી)

મલ્લીનાથ પ્રભુશું હો કે, સાકર દૂધ પરે;

મુજ મન અતિ મલિયો હો કે, પૂરવ પ્રેમ ભરે. ૧
પ્યારામાંહિ પ્યારો હો કે, તેજમાં તેજ ભલે;
ભૂતે ભૂત ભેલા હો કે, જગમાં જેમ મલે. ૨
તન્મય તે રીતે હો કે, અંતર તજી અલગો;
પૂરણ પ્રભુ સાથે હો કે, મન માહરો વલગો. ૩
ફૂલે જેમ પરિમલ હો કે, તલમાં તેલ જિસ્યો;
મુજ મનડા માંહે હો કે, તું પ્રભુ તેમ વસ્યો. ૪
કોડી ગમે કોઈ હો કે, તરજે જો ત્રટકી;
બેદિલ નવિ થાઉં હો કે, તો પણ તુમ થકી. ૫
તું મુજ સ્વામી હો કે, છે અંતરજામી;
મુજ ખમજે ખામી હો કે, કહું છું શિર નામી. ૬
**ઉદયરતન**ની હો કે, એહવી અરજ સૂણી;
પ્રભુ મિલિયા પોતે હો કે, મન ધરી મહેર ઘણી. ૭

## મુનિસુવ્રત સ્વામીનું સ્તવન

(રાગ : ભક્તિ હૃદયમાં ધારજો રે)

મુનિસુવ્રત મન મોહ્યું મારું, શરણ હવે છે તુમારું;
પ્રાતઃ સમય હું જ્યારે જાગું,
સ્મરણ કરું છું તુમારું, હો જિનજી.
તુજ મૂર્તિ મનહરણી,
ભવસાયર જલતરણી હો જિનજી. ૧
આપ ભરોસો છે આ જગમાં,
તારો તો ઘણું સારું;
જન્મ જરા મરણો કરી થાક્યો,
આશરો લીધો મેં તારો હો જિનજી. તુ. ૨
ચું ચું ચું ચું ચિડિયાં બોલે,
ભજન કરે છે તુમારું;

મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડયો રહે,
નામ જપે નહીં તારું હો જિનજી. તુ. ૩

ભોર થતાં બહુ શોર સુણું હું,
કોઈ હશે કોઈ રૂવે ન્યારું;
સુખિયો સુવે દુઃખિયો રૂવે,
અક્કલ ગતિએ વિચારું હો જિનજી. તુ. ૪

ખેલ ખલકનો બધો નાટિકનો,
કુટુંબ કબીલો હું ધારું;
જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે,
અંતસમય સહુ ન્યારું. હો જિનજી તુ. ૫

માયાજાળ તણી જોઈ જાળી,
જગત લાગે છે ખારું;
**ઉદયરત્ન** એમ જાણી પ્રભુ તારું,
શરણ ગ્રહ્યું છે મેં સારું હો જિનજી. તુ. ૬

## મુનિસુવ્રતજિન સ્તવન

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ – એ દેશી)

મુનિસુવ્રત હો પ્રભુ મુનિસુવ્રત મહારાજ,
સુણજો હો પ્રભુ સુણજો સેવકની કથાજી;
ભવમાં હો પ્રભુ ભવમાં ભમિયો હું જેહ,
તુમને હો પ્રભુ તુમને તે કહું છું કથાજી. ૧

નરકે હો પ્રભુ નરકે નોધારો દીન,
વસિયો હો પ્રભુ વસિયો તુમ આણા વિનાજી;
દીઠાં હો પ્રભુ દીઠાં દુઃખ અનંત,
વેઠી હો પ્રભુ વેઠી નાનાવિધ વેદનાજી. ૨

તિમ વળી હો પ્રભુ તિમ વળી તિર્યંચ માંહી,
જાલિમ હો પ્રભુ જાલિમ પીડા જે સહીજી;

તુંહી જ હો પ્રભુ તુંહી જ જાણે તેહ,
કહેતાં હો પ્રભુ કહેતાં પાર પામું નહિજી. ૩
નરની હો પ્રભુ નરની જાતિમાં જેહ,
આપદા હો પ્રભુ આપદા કેમ જાયે કથીજી;
તુજ વિણુ હો પ્રભુ તુજ વિણુ જાણુણહાર,
તેહનો હો પ્રભુ તેહનો ત્રિભુવન કો નથીજી. ૪
દેવની હો પ્રભુ દેવની ગતિ દુઃખ દીઠ,
તે પણુ હો પ્રભુ તે પણુ સમ્યક્ તું લહેજી;
હોજો હો પ્રભુ હોજો તુમ શું નેહ,
ભવોભવ હો પ્રભુ ભવોભવ **ઉદયરતન** કહેજી. ૫

## નેમનાથજીનું સ્તવન

(રાગ : સારી સારી જગની સૌ પ્રીત સતાવે)

નેમજી સહેસાવન અમને મળીને સિધાવો;
એક વાર આવીને રાજુલ મનડાં મનાવો રે,
વ્હાલા મારા નેમજી, નેમજી, સહેસાવન અમને મળીને સિધાવો. ૧

હું છું અબળા તોરા ચરણોની દાસી, દર્શન દેખાડી શું જાવ છો નાશી;
દર્શન દેખાડી શું જાવ છો નાશી. વ્હાલા૦ ૨

આવ્યો શિયાળો દેહ થરથર ધ્રૂજે, નેમજી ચાલ્યા ને રાજુલ રહ્યાં રહ્યાં ઝૂરે;
નેમજી ચાલ્યા ને રાજુલ રહ્યાં રહ્યાં ઝૂરે. વ્હાલા૦ ૩

આવ્યો ઉનાળો નેમ કેમ જાવ છો ભાગી, નદીને કિનારે જઈને રથ પાછો વાળી;
નદીને કિનારે જઈને રથ પાછો વાળી રે. વ્હાલા૦ ૪

આવ્યું ચોમાસું પંખીએ ઘાલ્યા છે માળા,
નેમજી ચાલ્યાને રાજુલ કોણ રખવાળા;
નેમજી ચાલ્યા ને રાજુલ કોણ રખવાળા રે. વ્હાલા૦ ૫

શેત્રુંજા ઉપર કેવડા કયારા, મેં નોતા જાણ્યા નેમ આટલા અટારા,
મેં નો'તા જાણ્યા નેમ આટલા અટારા રે. વ્હાલા૦ ૬

શેત્રુંજા ઉપર દૂધના છે કયારા, મેં નો'તા જાણ્યા **નેમ** દુઃખના દહાડા;
મેં નો'તા જાણ્યા નેમ દુઃખના દહાડા રે. વ્હાલા૦ ૭
શેત્રુંજા ઉપર વેર્યાં છે મોતી, નેમજી ચાલ્યા ને રાજુલ મેલ્યાં છે રોતી;
નેમજી ચાલ્યા ને રાજુલ મેલ્યાં છે રોતી રે. વ્હાલા૦ ૮
શાને કારણ આટલો મોહ લગાડયો, દર્શન દેખાડી જૂનો પ્રેમ જગાડયો;
દર્શન દેખાડી જૂનો પ્રેમ જગાડયો રે. વ્હાલા૦ ૯
**ઉદયરત્ન** કહે નેમ નિરાગી, નેમજી ચાલ્યા ને રાજુલ મુક્તિના વાસી;
નેમજી ચાલ્યા ને રાજુલ મુક્તિના વાસી રે. વ્હાલા૦ ૧૦

## નેમિજિન સ્તવન

(ગરબાની દેશી)

જઈને રહેજો માહારા વાલાજી રે, શ્રી ગિરનારને ગોખ, જઈને૦
અમે પણ તિહાં આવીશું માહારા૦ જિહારે પામીશું જોખ. જઈ૦ ૧
જાન લેઈ જૂનેગઢે માહા૦ આવ્યાં તોરણ આપ. જઈ૦
પશુઆં પેખી પાછા વલ્યા માહા૦ જાતાં ન દીધો જબાપ. જઈ૦ ૨
સુંદર આપણ સારિખા માહા૦ જોતાં નહીં મલે જોડ, જઈ૦
બોલ્યા અણબોલ્યા કરો માહા૦ એ વાતે તમને ખોડ. જઈ૦ ૩
હું રાગી તું વૈરાગિયો માહા૦ જગમાં જાણે સહુ કોય, જઈ૦
રાગી તો લાગી રહે માહા૦ વૈરાગી રાગી ન હોય. જઈ૦ ૪
વર બીજો હું નવિ વરું માહા૦ સઘલા મેહેલી સ્વાદ, જઈ૦
મોહનિયાને જઈ મલી માહા૦ મહોટા સાથે શ્યો વાદ. જઈ૦ ૫
ગઢ તો એક ગિરનાર છે માહા૦ નિરતો છે એક શ્રી નેમ, જઈ૦
રમણી એક રાજીમતી માહા૦ પૂરો પાડયો જેણે પ્રેમ. જઈ૦ ૬
**વાચક ઉદય**ની વંદના માહા૦ માની લેજો મહારાજ, જઈ૦
નેમરાજુલ મુકતે મલ્યા માહા૦ સાર્યાં આતમકાજ. જઈ૦ ૭

## નેમિજિન સ્તવન

તોરણ આવી રથ પાછો કેમ ફેરો રે, વાલા૦
સંયમ લ્યો તો સાથે અમને તેડો. મારા વા૦ ૧

ઊભાં ઊભાં અરજ કરે સહુ લોક રે, વા૦
બોલ કોલ કિમ કરીને થાશે ફોક. મારા૦ ૧

નેમજી તમે તો લીલાના છો સાથી રે, વા૦
કીડીના રોકયા કેમ રહેશો હાથી. મારા૦
નેમજી તમે તો ધરી રહ્યા એક ધ્યાન રે, વા૦
આવડલું કિહાંથી આવ્યું ધ્યાન મારા૦ ૩

નોધારાં તે કેને ઓથે રહેશું રે, વા૦
હિયડલાનાં દુખડાં કેને કહેશું. મારા૦
**ઉદયરતન**ના રસિયા વાલમ નેમ રે, વા૦
રાજિમતીના સીધા વંછિત પ્રેમ. મારા૦ ૪

## પાર્શ્વનાથજિન સ્તવન

(માતા ત્રિશલા નંદકુમાર – એ દેશી)

તારી મૂરતિનું નહિ મૂલ રે, લાગે મને પ્યારી રે;
તારી આંખડીએ મન મોહ્યું રે, જાઉં બલિહારી રે.
ત્રણ ભુવનનું તત્ત્વ લહીને, નિર્મળ તૂંહી નિપાયો રે;
જગ સઘળો નીરખીને જોતાં, તાહરી હોડે કો નહિ આયો રે. લાગે૦ ૧

ત્રિભુવન તિલક સમોવડ તાહરી, સુંદર સુરતિ દીસે રે;
કોડી કંદર્પ સમ રૂપ નિહાળી, સુરનરનાં મન હીંસે રે. લાગે૦ ૨

જ્યોતિ સ્વરૂપી જિન દીઠો, તેહને ન ગમે બીજું કાંઈ રે;
જિહાં જઈએ ત્યાં પૂરણ સઘલે, દીસે તૂંહી જ તૂંહી રે. લાગે૦ ૩

તુજ મુખ જોવાને રઢ લાગી, તેહને ન ગમે ઘરનો ધંધો રે;
આળપંપાળ સવિ અળગી મૂકી, તુજ શું માંડયો પ્રતિબંધો રે. લાગે૦ ૪

ભવસાગરમાં ભમતાં ભમતાં, પ્રભુ પાસનો પામ્યો આરો રે;
**ઉદયરતન** કહે બાંહ સાહીને, સેવક પાર ઉતારો રે. લાગે૦ ૫

## પાર્શ્વનાથજિન સ્તવન

(મેરે સાહિબ તુમ હી હો – એ દેશી)

મુજ સરીખા મેવાસીને, પ્રભુ જો તૂં તારે;
તારક તો જાણું ખરો, જૂઠું બિરુદ શું ધારે? મુજ૦ ૧
સેવા સલામી નવિ ભરું, સીધી આણ ન માનું;
માહરી રીતિ પ્રીછો તમે, શું રાખીએ છાનું? મુજ૦ ૨
મહા મિથ્યાત્વ મેવાસમાં, વલી વાસ મેં કીધો;
ગુન્હી અને અકહ્યાગરો, નવિ ચાલું સીધો. મુજ૦ ૩
જે તેં વરજ્યા વેગલા, તે મેં આઘા લીધા;
તુજશું બાંધી બાકરી, અન્યાયો મેં કીધા. મુજ૦ ૪
દ્વેષ ધરી તુજ ઉપરે, બીજાશું મલીઓ;
તુજ શાસન ઉત્થાપીને, પાખંડે વલીઓ. મુજ૦ ૫
છલ કરીને છ કાયની, તુજ વાડી વિણાશી;
છું અનાડી અનાદિનો, હું તો મોટો મેવાસી. મુજ૦ ૬
મેવાસીપણું મેલીને, આવ્યો તુજ ચરણે;
જો તારે તો તારજે, એહવે આચરણે. મુજ૦ ૭
વામાનંદન વંદતાં, ભવનું દુઃખ ભાગું;
ઉદયરત્ન કહે લળી લળી, પ્રભુ પાયે લાગું. મુજ૦ ૮

## પાર્શ્વનાથજિન સ્તવન

રાતા જેવાં ફૂલડાં ને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો, કાંઈ રૂડો બન્યો રંગ;
પ્યારા પાસજી હો લાલ, દીન દયાલ મને નયણે નિહાલ. ૧
જોગીવાડે જાગતો ને, માતો ધિંગડ મલ્લ;
શામળો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨
તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ,
આશ પૂરો દાસની કાંઈ, સાભળો અરદાસ. પ્યારા૦ ૩

દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવ્વલ;
લાખેણું છે લટકું તારું, દેખી રીઝે દિલ. પ્યારા૦ ૪
કોઈ નમે પીરને, કોઈ નમે રામ;
**ઉદયરત્ન** કહે પ્રભુજી, મારે તુમશું કામ. પ્યારા૦ ૫

## પાર્શ્વનાથનું સ્તવન

પાર્શ્વપ્રભુનાં ચરણ નમીને, અરજ કરું ગુણખાણી;
મિથ્યાદેવની મૂર્તિ સેવી, સાહિબ તુમ છો જ્ઞાની હો પ્રભુજી,
એહવો હું છું અનાથી.
સાહિબ તુમે સોભાગી હો જીનજી ૧

ઘોર અજ્ઞાન નાટકમાં હું ભમિયો, કુગુરુ તણે ઉપદેશે;
રંગભર રાતો ને મદભર માતો, ભમિયો દેશવિદેશે હો પ્રભુજી,
એહવો હું છું અનાથી. ૨

રંગ પ્રસાદમેં જયણા ન કીધી, જીવદયાથી હું નાઠો;
મર્મ ન જાણ્યો મેં જિનજી તુમારો, હૃદય કર્યો ઘણો કાઠો હો પ્રભુજી,
એહવો હું છું અનાથી. ૩

પરનિંદામાંય રહું પૂરો, પાપ તણો હું વાસી;
કહો સાહિબ શી ગતિ હમારી, ધર્મસ્થાનક ગયા હો નાશી પ્રભુજી,
એહવો હું છું અનાથી. ૪

ત્રણ ભુવનમાં ભમતાં ભમતાં, કોઈએ ભાળ બતાવી;
મહા દાતાર જિનેશ્વર મોટા, મહેર વિપુલના વાસી હો પ્રભુજી,
એહવો હું છું અનાથી. ૫

કોઈ એક પૂરવ પુન્યસંયોગે, આરજ કુલ અવતર્યો;
પુન્યસંયોગે જિનવર મળિયા, ભવના ફેરા ટળિયા હો પ્રભુજી,
એહવો હું છું અનાથી. ૬

તે માટે હું અરજ કરીને, આવ્યો છું દુઃખ વાસી;
મિથ્યાદેવની મૂર્તિ મૂકી, ચાકરી કરું તુમ ખાસી હો પ્રભુજી,
એહવો હું છું અનાથી. ૭

વામાદેવીના નંદન સુણજો, આતમ અરજ અમારી,
મન મોહ્યું જિનજી તુમ સાથે, તારી સુરતિ ઉપર જાઉં વારી
હો પ્રભુજી, એહવો હું છું અનાથી. ૮
**ઉદયરત્ન**નો સેવક પભણે, મોજ માગું ગુણખાણી;
ભવોભવ તુમ ચરણોની સેવા, એહ ઉપર હું રાગી હો પ્રભુજી,
એહવો હું છું અનાથી. હો જિનજી સાહિબ તુમે સોભાગી.

## પાર્શ્વજિન સ્તવન

(પ્રભાતી રાગમાં)

પ્રભુગુણ પારાવારનો, પામે કુણ પારા;
પાર પામે અપારાનો, નર તે તો ન્યારા. પ્ર૦ ૧
તાગ ન પામે જેહનો, સુર સુરપતિ સરીખા;
શ્રુતધર સરીખા સુરગુરુ, જેહ ઉત્તમ પુરિષા. પ્ર૦ ૨
ગુણહીણાનું નહીં ગજું, મુજ સરીખા જે મૂઢ;
કહો તે કેમ કહી શકે, ગુણ છે બહુ ગૂઢ. પ્ર૦ ૩
આંગી અનોપમ ઓપતી, અહો જુઓ આજુની;
નવનવ રંગે નીપની, હુંસ પોહોતી સહુની. પ્ર૦ ૪
**સત્તર પંચાણું** સંવત્છરી, દિવસે એ દાખી;
સ્તવના શ્રી જિન પાસની **ઉદયે** શ્રુત સાખી. પ્ર૦ ૫

## ગોડી પાર્શ્વજિન સ્તવન

તજો માન માયા ભજો ભાવ આણી, વામાનંદને સેવીએ સાર જાણી;
ઓ નાગ ને નાગણી નાથ ધ્યાને, પામ્યા શક્રની સંપદા બોધિદાને. ૧
વસ્યા પાટણે કાલ કેતો ધરામાં, પધાર્યા પછી પ્રેણ શું પાર કરમા;
થલીમાં વલી વાસ કીધો વિચારી, પૂરે લોકની આશ ત્રૈલોક ધારી. ૨
ધરી હાથમાં લાલ કબાંણ રંગે, ભીડી ગાતડી રાતડી નીલ અંગે;
ચઢી નીલડે તેજી એ વિઘ્ન વારે, ધાઈ વહારે પંથભૂલા સુધારે. ૩
જેણે પાસ ગોડી તણો રૂપ જોયો, તેણે કર્મના પાસનો જોર ખોયો,
જેણે પાસ ગોડી તણા પાય પૂજ્યા, શત્રુ સર્વથા તેહના સર્વ ધ્રૂજ્યા. ૪

સહુ દેવદેવી હુઆ આજ ખોટા, પ્રભુ પાસના એકલા કર્મ મોટા;
ગોડી આપ જોરે નવ ખંડ ગાજે, જેથી શાકિણી ડાકિણી દૂર ભાજે. ૫
પૂરે કામના પાસ ગોડી પ્રસિદ્ધો, હેલા મોહરાજા જેણે જેર કીધો;
મહા દુષ્ટ દુર્દન્ત જે ભૂત ભુંડા, પ્રભુ નામે પામે સર્વે વાસ ગુડા. ૬
જરા જન્મ મહા રોગનાં મૂલ કાપે, આરાધ્યો સદા સંપદા શુદ્ધિ આપે;
**ઉદયરત્ન** ભાખે નમો પાસ ગોડી, નાખો નાથજી દુઃખની જાલ તોડી. ૭

## ભાભા પારસનાથનું સ્તવન

ત્રિભુવનનાયક ત્રિવિધિ સું ત્રિણકાલ, રાજ
ભાવે ને ભેટો રે ભાભા પાસને રે;
સમકીતપુરણ સુરતરુ સમ સારે, રાજ
સેવ્યો રે આપે રે શિવપુરવાસને રે. ૧

સોવન કલસા ને રૂપાનાં કચોલાં, રાજ
ન્હાઈને પહેરો રે નિરમલ ધોતિયાં રે;
સૂખડ કેસર ફૂલડે રંગરોલ, રાજ
પ્રેમે ને પૂજો રે પ્રભુના પનોતિયાં રે. ૨

નરનારી નેહ સું નિત્યમેવ, રાજ
એકરસુ વિષયરસ વિસારીને રે;
તાહરી આણ વહે તતકાલ, રાજ
તુમ પદ આપે રે ભવજલ, તારણે રે. ૩

કોડ ગમે સેવકના સાર્યાં કાંમ, રાજ
ગુણનિધિ ગુણવંત જે ગાજિયો;
**અણહલ્લપુર પાટણ** માહે અભિરામ, રાજ
**ભાભાને પાડે રે ભાભો** ગાજિયો રે. ૪

**સતરઓગણ્યાસીઈ ઉદયરતન ઉવઝાય**, રાજ
ભાદ્રવા સુદ પુન્યમ ભાવે ભણે;
પૂજજ્યો પૂજજ્યો **પારસનાથના** પાય, રાજ
અમરની લીલા રે જીમ વસે આંગણે રે. ૫

## ભીડભંજન પાર્શ્વનાથજિન સ્તવન

(ચોપાઈની દેશી)

સકલ સુમંગલ સાધન સદા, મોદ વધારણ તારણ મુદા;
વારુ આપે અવિચલ વાસ, પ્રેમે તે પ્રણમું પ્રભુ પાસ૦ ૧
ખેટકપુર મંડણ પ્રભુ ખરો, ભીડભંજન નામે ભય હરો,
અખિલ સેવકની પૂરે આસ. ખેટક૦ ૨
લીલા વાધે લેતાં નામ, કામિત કોડ સમા રે કામ;
સાંભલે સેવકની અરદાસ. ખેટક૦ ૩
વાટે ઘાટે વિષમે થલે, બાંધે નહીં કોઈ એહને બલે;
આનંદભર આપે આવાસ. ખેટક૦ ૪
અશ્વસેન વામા અંગ જાત, મણિધર લંછન જગવિખ્યાત,
સુરપતિ સઘલા તેહના દાસ. ખેટક૦ ૫
નીલવરણ કાયા નવ હાથ, સેવકને કરે સનાથ
જન્મપુરી વણારસી જાસ. ખેટક૦ ૬
**ઉદયરતન વાચક** એમ વદે, રમી રહે છે માહારા હૃદે
વિધવિધ આપે વચન વિલાસ. ખેટક૦ ૭

## ભીડભંજન પાર્શ્વનાથજિન સ્તવન

જાય છે જાય છે જાય છે રે, જિનરાજ જોવાની તક જાય છે;
ખરાં દુઃખડાં ખોવાની તક જાય છે રે, જિનરાજ જોવાની તક જાય છે.
હલુકર્મી હોવાની તક જાય છે રે, ભગવંત ભજ્યાની તક જાય છે;
બહુ લોભે તે લોલ લૂંટાય છે રે, જિનરાજ જોવાની તક જાય છે.
દુનિયા રંગદોરંગી દીસે, પલક પલક પલટાય છે રે. જિન૦
ખોટે ભરોંસે ખોટી થાઉં, ગાંઠના ગરથ લૂંટાય છે રે. જિન૦
સગાં સજ્જન સહુ સ્વારથ સુધી, ગરજે ઘેલાં થાય છે રે. જિન૦
પુન્ય વિના એક પરભવ જાતાં, સંસારી સિદાય છે રે. જિન૦
રામા રામા ધન ધન કરતો, ધવધવ જ્યાં ત્યાં ધાય છે રે. જિન૦

કંચન અને બીજી કામિની લુબ્ધા, કેઈ પ્રાણી કુટાય છે રે. જિન૦
પંચ વિષયના પ્રવાહમાંહી, તૃષ્ણાપૂરે તણાય છે રે. જિન૦
નાવ સરીખા નાથને મૂકીને, પાપને ભારે ભરાય છે રે. જિન૦
મોહરાજાના રાજમાંહી વસતાં, પરમાધામી પાસે જાય છે રે. જિન૦
જિનમારગ વિણ જમનો જોર, કહોને કોણે જિતાય છે રે. જિન૦
શ્રી સદ્ગુરુને ઉપદેશે, સુધે ઝવેરી જણાય છે રે. જિન૦
પાખંડમાં પડયા જે પ્રાણી, કાંચનમાલા માફક તવાય છે રે. જિન૦
ભીડભંજન પ્રભુ પાર્શ્વ જિનેશ્વર, પૂજતાં પાપ પલાય છે રે. જિન૦
**ઉદયરત્ન**નો અંતરજામી, બૂડતાં બાંહે સોહાય છે રે. જિન૦

## ભીડભંજન પાર્શ્વનાથજિન સ્તવન

(પાસ શંખેશ્વરા સાર કર સેવકા – એ દેશી)

ભીડભંજન પ્રભુ ભીડ ભાંજે સદા, નહિ કદા નિષ્ફલા નાથ સેવા;
ભવિજન ભાવશું ભજનમાંહિ લીજે, પરમપદ સંપદા તખત લેવા.
ભીડભંજન૦ ૧

કાશી વાણારશી જનપદ પુર જયો, વામા-અશ્વસેનસુત વિશ્વદેવો;
સેઢી વાત્રક તટે ખેટકપુર તપે, કલ્પની કોડી કિરપાલ જીવો.
ભીડભંજન૦ ૨

ભીડ ભવભીતિ ભાવઠ સવિ ભંજણો, ભક્ત રંજણો ભાવે ભેટચો;
આજ જિનરાજ શુભ કાજ સાધન સવે, મોહરાજા તણો માન મેટચો.
ભીડભંજન૦ ૩

કોડી મન કામના સુજશ બહુ ઠામના, સુખ સવિ ધામના આજ સાધ્યા;
મંગલમાલિકા આજ દીપાલિકા, મુજ મનમંદિરે મોદ વાધ્યા.
ભીડભંજન૦ ૪

પાઠકે ઠાઠમેં કાર્તિ વદી આઠમે, **સત્તર અઠ્ઠોત્તરે** પાસ ગાયો;
**ઉદય** નિજ દાસની એહ અરદાસ સુણો, હિત ધારી નાથજી ! હાથ સાહો.
ભીડભંજન૦ ૫

## ભીડભંજન પાર્શ્વનાથજી સ્તવન

શા માટે સાહેબ સામું ન જુવો, હું તો રહ્યો છું હેરી પ્રભુજીરે;
બીજા સાથે બોલ ન બોલું, મુને ન ગમે વાત અનેરી પ્રભુજીરે.
શા માટે૦ ૧

જોરે પોતાનો કરીને જાણો, દો મુજ સમકિત વાસો પ્રભુજી રે;
ભલો ભુંડો પણ ભક્ત તુમારો, એવું જાણીને દો દિલાસો જી પ્રભુજી રે.
શા માટે૦ ૨

છેલછબીલો ને દેવ છોગાલો, અલવેસર અંતરજામી પ્રભુજી રે;
વગડાનો વાસી સાહેબ (પ્રભુ) મુજને મલીએ,
તેહને નિત નમીએ શિરનામી પ્રભુજી રે. શા માટે૦ ૩

હજીરે સેવાની હોંસ હૈયામાં હું તો રાખું છું ગુણરાગી પ્રભુજી રે;
ભીડભંજન પ્રભુ ભક્તિને જોરે, જાલિમ વાસના જાગીરા પ્રભુજી રે.
શા માટે૦ ૪

આપ સ્વરૂપ દેખાડોને, આછો પડદો ખોલીને પાછો પ્રભુજી રે;
પ્રેમ **ઉદય** પદ પગથિયે ચઢતાં તીહાં ન રહ્યો લાભનો લાછો પ્રભુજી રે.
શા માટે૦ ૫

## શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન

પાસજી તોરા રે પાય, પલકમાં છોડા ન જાય;
તુમસેં લગન લગી – આંકણી.
લગી લગી આંખીયાને રહી રે લોભાય;
દુનિયામાં દૂજો કોઈ આવે ન દાય. તુમસે. ૧
આછી આછી આંગિયાં ને રંગ અનૂપ;
અજબ બન્યું છે સાહિબા આજનું રૂપ. તુમસે. ૨

શિર કાને કર હૈયે સોહે ઉદાર;
મુગટ કુંડલ બાજુબંધ ને હાર. તુમસે. ૩
તુજ પદ પંકજ, મુજ મન ભૃંગ;
ચિત્તમાં લાગ્યો રે સાહિબ ચોલનો રંગ. તુમસે. ૪
દેવાધિદેવ તું તો દીનદયાલ;
ત્રિભુવનનાયક તુજને નમું ત્રણ કાલ. તુમસે. ૫
લંબી લંબી બાંહડી ને બડે બડે નેણ;
સુરતરુ સરીખા સાહિબા શિવસુખ દેણ. તુમસે. ૬
જૂની જૂની મૂરતિ ને જ્યોત અપાર;
સુરત દેખીને પ્રભુની મોહ્યો સંસાર. તુમસે. ૭
**સત્તરસે એંશી** સમે ને ચૈતર માસ;
પૂરણ માસે પહોતી પૂરણ આશ. તુમસે. ૮
**ઉદયરત્નવાચક** વદે એમ;
પાર્શ્વ શંખેશ્વર જોતાં વાધ્યો છે પ્રેમ. તુમસે. ૯

## શંખેશ્વર પાર્શ્વનાથજિન સ્તવન

(કાલિંગડો)

અજબ બની રે સૂરત જિનકી, ખૂબ બની રે મૂરત પ્રભુકી.
અજબ૦ ૧
નીરખત નયનથી ગયો ભય મેરો, મિટ ગઈ પલકમેં મૂઢતા મનકી.
અજબ૦ ૨
અંગે અનોપમ અંગિયાં ઓપે, ઝગમગ જ્યોતિ જડાવ રતનકી.
અજબ૦ ૩
પ્રભુ તુમ મહેર નજર પર વારું, તનમન સબ કોડાકોડી ધનકી.
અજબ૦ ૪
અહનિશ આણ વહે સુરપતિ શિર, મનમોહન અશ્વસેન સુતનકી.
અજબ૦ ૫

**ઉદયરત્ન** પ્રભુ પાસ શંખેશ્વર, માન લીજો ખિજમત સબ
દીનકી. અજબ૦ ૬

## પાર્શ્વજિન સ્તવન

પ્રભુ દેવસેવભક્તિસેં પુન્ય ઉપાયંગે,
પુન્ય ઉપાયંગે પાપ મીટાયંગે. પ્રભુ૦
વખત મેરા આલા, પ્રભુજી મોહે વ્હાલા
સુરત મેરે સાહેબસેં મનકું લગાયંગે. પ્રભુ૦ ૧
ઋદ્ધિ મોહે સોહેલી, ભક્તિ મોહે દોહેલી,
અબ આળસ છોડ પ્રભુ ચરણોમેં જાયંગે. પ્રભુ૦ ૨
પાર્શ્વભક્તિ ગાવે, મંગલ સુખ પાવે,
**ઉદય** તુમારે પાસ ઋદ્ધિ સિદ્ધિ પાયંગે

## પાર્શ્વજિન સ્તવન

શ્રી પાસ કે ચરન નિત્ય નમો ભવી પ્રાણી રે,
જિને નિજ દરસ દિખાયકે દિની,
નાગ નાગનીકું સુરરાજ ધ્યાની રે. પા૦ ૧
જદુવંશીકી જિને જરા નિવારી, અજર અમર ફલકો હે દાની રે,
હૃદયકમલમેં જો નિત ધ્યાવે, સોઈ સંસારમેં સુગ્યાની રે. પા૦ ૨
તાપર દુર્ગતિકો નહીં જોરો, વામાસુતકી હે જિહાં મહેરબાની રે;
**ઉદય**કે પ્રભુ અંતરજામી, અબ મુજરો લીજે માંની રે. પા૦ ૩

## મહાવીરસ્વામીનું સ્તવન

જગપતિ તારક શ્રી જિનદેવ, દાસનો દાસ છું તાહરો;
જગપતિ તારક તું કિરતાર, મનમોહન પ્રભુ માહરો. ૧
જગપતિ તારે ભક્ત અનેક, માહરે તો એક જ તું ધણી;
જગપતિ વીરમાં તું મહાવીર, સુરત તારી સોહામણી. ૨

જગપતિ ત્રિશલારાણીનો તું તન, ગંધારબંદર ગાજિયો;
જગપતિ સિદ્ધાર્થ કુળશણગાર, રાજરાજેશ્વર રાજિયો. ૩
જગપતિ ભગતોની ભાંગે છે ભીડ, ભીડ પડે રે પ્રભુ પારિખે;
જગપતિ તું હી પ્રભુ અગમ અપાર, સમજ્યો ન જાયે
મુજ સારીખે. ૪
જગપતિ ઉદય નમે કરજોડ, **સત્તર નેવાશી** સમે કીઓ;
જગપતિ ખંભાયત જંબુસર સંઘ, ભગવંત ભાવેશું ભેટીઓ. ૫

## મહાવીરસ્વામીનું સ્તવન

(રાગ : નગરી નગરી)

તાહરે વયણે મનડું મોહ્યું રે, ગિરૂઆ ગુણદરિયા,
તાહરે ચરણે, ચિતડું ભેદ્યું રે મીઠા ઠાકુરિયા,
સાકર દ્રાક્ષ થકી પણ અધિકી, પ્રભુ માહારા મીઠી
તાહરી વાણી;
સાંભળતાં સંતોષ ન થાયે, અમૃત રસની ખાણી રે. ગિરૂઆ૦ ૧
વયણ તમારું સાંભળવાને પ્રભુ, આશક થઈને રહીએ;
સાંભળતાં સંતોષ ન થાયે, ફરી ફરી ભામણે જઈએ રે. ગિરૂઆ૦ ૨
રિધિવંતનાં બહુ રાજ્ય તજીને પ્રભુ, જે તુજ
વયણના રસિયા;
સઘળી વાત તણો રસ છંડી, આવી તુજ ચરણે
વસિયા રે. ગિરૂઆ૦ ૩
સુરનર મુનિજન જગમન ભાવી, પ્રભુ ગ્રંથે જે ગુણખાણી;
શ્રી જિનવર તણી સુણી વાણી, બુઝ્યા બહુ ભવિ પ્રાણી રે. ગિરૂઆ૦ ૪
ત્રણ ભુવનને પાવન કરવા પ્રભુ, નિર્મળ જે નીસરણી;
**ઉદયરત્ન** કહે ભવજળ તરવા, સહિ નાવા સંવરણી રે. ગિરૂઆ૦ ૫

## મહાવીરજિન સ્તવન

મહાવીર સ્વામી રે વિનતી સાંભળો, હું છું દુઃખિયો અપાર;
ભવોભવ ભટકયો રે વેદના બહુ સહી, ચઉગતિમાં બહુવાર. મહા૦ ૧

જન્મ-મરણનું રે દુઃખ નિવારવા, આવ્યો આપ હજૂર;
સમ્યગ્ દર્શન જો મુજને દીયો, તો લહું સુખ ભરપૂર. મહા૦ ૨
રઝળી હું અહીં આવિયો, સાચો જાણી તું એક;
મુજ પાપીને રે પ્રભુજી તારજો, તાર્યા જેમ અનેક. મહા૦ ૩
ના નહિ કહેજો રે મુજને સાહિબા, હું છું પામર રાંક;
આપ કૃપાળુ રે ખાસ દયા કરી, માફ કરજો મુજ વાંક. મહા૦ ૪
ભૂલ અનંતીવાર આવી હશે, માફ કરો મહારાજ;
શ્રી **ઉદયરત્ન** લળી વળી વિનવે, બાંહ્ય ગ્રહો રાખી લાજ. મહા૦ ૫

## મહાવીરસ્વામીનું સ્તવન

મેં તો નજીક રહેસ્યાંજી મોરા રે
સાહિબાની મેં તો સેવા કરસ્યાંજી.
સાહિબાની સેવામાં રહીશું, કરશું સુખદુઃખ વાત;
આણ વહીને શિવસુખ લહીશું, લેશું ભવનો પાર. મેં તો૦ ૧

સિદ્ધારથ રાજાનો નંદન, ત્રિશલાદેવી માત;
ચોવીશમા જિનના ગુણ ગાશું, નિર્મળ કરશું ગાત. મેં તો૦ ૨

ચાર-પાંચ-સાત-આઠ હણીને, નવશું ધરશું નેહ;
દશ પોતાના દોસ્ત કરીને એકને દેશું છેહ. મેં તો૦ ૩

છને છંડી બેને મંડી, બોલાવીશું બાર;
પંદર જણની પાસ ન પડશું, તેરને દેશું માર. મેં તો૦ ૪

સત્તર પાળી અઢારે અજવાળી, જીતીશું બાવીશ;
ત્રેવીશ જણને દૂર કરીને, ચિત્ત ધરીશું ચોવીશ. મેં તો૦ ૫

ત્રણ-પાંચ-સત્તાવીશ ધરશું, બેંતાલીશે શુદ્ધ;
તેત્રીશ ચોરાશી ટાળી, આતમ કરશું શુદ્ધ. મેં તો૦ ૬

ચારમાંના બે પરિહરશું, બેનો આદર કરશું;
એમ શ્રી જિનની આણ વહીને, ભવસાગરથી તરશું. મેં તો૦ ૭

અંગ વિનાનો સંગ ન કરીએ, ઊતરીએ ભવજળતીર;
ઉદયરત્ન કહે ત્રિશલાનંદન, જય જય શ્રી મહાવીર. મેં તો૦ ૮

## જિનપંચક સ્તવન

(રાગ પ્રભાતી)

પંચ પરમેશ્વરા પરમ અલવેસરા, વિશ્વવાલેસરા વિશ્વવ્યાપી;
ભક્તવત્સલ પ્રભુ ભક્તજન ઉદ્ધરી, મુક્તિપદ જે વર્યા કર્મ કાપી. પંચ૦ ૧
વૃષભઅંકિત પ્રભુ ઋષભજિન વંદીએ, નાભિ મરૂદેવીનો નંદ નીકો;
ભરત ને બ્રાહ્મીના તાત ભુવનાંતરે, મોહ મદ ગંજણો મુક્તિ ટીકો. પંચ૦ ૨
શાંતિ વર આપવા શાંતિ પદ સ્થાપવા, અદ્‌ભુત કાંતિ પ્રભુ શાંતિ સાચો;
મૃગાંક પારાપત શ્યેનથી ઉદ્ધરી, જગપતિ જે થયો જગત જાચો. પંચ૦ ૩
નેમિ બાવીશમા શંખ લંછન નમું, સમુદ્રવિજયાંગજો અનંગ જીતી;
રાજકન્યા તજી સાધુ મારગ ભજી, જીત જેણે કરી જગવિદિતી. પંચ૦ ૪
પાસ જિનરાજ અશ્વસેનકુલ ઊપનો, જનની વામા તણો જેહ જાયો;
આજ ખેટકપુરે કાજ સીધ્યાં સવે, ભીડભંજન પ્રભુ જે કહાયો. પંચ૦ ૫
વીર મહાવીર સર્વ વીરશિરોમણિ, રણવટ મોહભટ માન મોડી;
મુક્તિગઢ વાસીઓ જગત ઉપાસીઓ, તેહ નિત્ય વંદીએ હાથ જોડી. પંચ૦ ૬

માત ને તાત અવદાત એ જિન તણા, ગામ ને ગોત્ર
પ્રભુનામ થુણતાં;
**ઉદયવાચક** વદે ઉદય પદ પામીએ, ભાવે ભગવંતની
કીર્તિ ભણતાં. પંચ૦ ૭

## સીમંધરજિન સ્તવન

(રાસડાના રાગમાં)

મનડું તે મ્હારું મોકલે, મ્હારા વ્હાલાજી રે;
શશિહર સાથે સંદેશ, જઈને કહેજો મ્હારા વાલાજી રે.
ભરતના ભક્તને તારવા, મ્હા૦ એક વાર આવોને આ દેશ. જઈ૦ ૧
પ્રભુજી વસો પુષ્કલાવતી, મ્હા૦ મહાવિદેહ ક્ષેત્ર મઝાર. જઈ૦
પુરી રાજે પુંડરિગિણી, મ્હા૦ જિહાં પ્રભુનો અવતાર. જઈ૦ ૨
શ્રી સીમંધર સાહિબા, મ્હા૦ વિચરંતા વીતરાગ. જઈ૦
પડિબોહે બહુ પ્રાણીને, મ્હા૦ તેહનો પામે કુણ તાગ. જઈ૦ ૩
મન જાણે ઊડી મળું, મ્હા૦ પણ પોતે નહીં પાંખ. જઈ૦
ભગવંત તુમ જોવા ભણી, મ્હા૦ અલજો ધરે છે બેહુ આંખ. જઈ૦ ૪
દુર્ગમ મોટા ડુંગરા, મ્હા૦ નદીનાળાનો નહીં પાર. જઈ૦
ઘાંટીની આંટી ઘણી, મ્હા૦ અટવી પંથ અપાર. જઈ૦ ૫
કોડી સોનૈયે કાશીદું, મ્હા૦ કરનારો નહીં કોય. જઈ૦
કાગલિયો કેમ મોકલું, મ્હા૦ હોંશ તો નિત્ય નવલી હોય. જઈ૦ ૬
લખું જે જે લેખમાં, મ્હા૦ લાખો ગમે અભિલાષ. જઈ૦
તે લ્હેજામાં તમે લહો, મ્હા૦ સમય પૂરે છે સાખ. જઈ૦ ૭
લોકાલોક સ્વરૂપના, મ્હા૦ જગમાં તુમે છો જાણ. જઈ૦
જાણ આગે શું જણાવિયે, મ્હા૦ આખર અમે અજાણ. જઈ૦ ૮
**વાચકઉદયની** વિનતિ, મ્હા૦ શશિહર કહ્યા સંદેશ. જઈ૦
માની લેજો માહરી, મ્હા૦ વસતાં દૂર વિદેશ. જઈ૦ ૯

## સીમંધરજિન સ્તવન

(તુમે બહુ મૈત્રી રે સાહિબા !)

સીમંધર ! કરજો મયા, ધરજો અવિહડ નેહ;
અમચા અવગુણ દેખીને, દેખાડો રખે છેહ. સીમંધર ! ૧
હૈયું હેજાળું માહરું, ખિણ ખિણ આવો છો ચિત્ત;
પળપળ ઇચ્છે રે જીવડો, કરવા તુમશું રે પ્રીત. સીમંધર ! ૨
ભક્તિ તુમારી સદા કરે, અણુહુંતા સુર કોડ;
જગ જોતાં કોઈ નવિ જડે, સ્વામી ! તુમારી રે જોડ. સીમંધર ! ૩
દક્ષિણ ભરતે અમે વસ્યા, પુખ્ખલવઈ જિનરાય;
દીસે છે મળવા તણો, એ મોટો અંતરાય. સીમંધર ! ૪
દૈવે દીધી ન પાંખડી, કિણ વિધ આવું હજૂર !
તો પણ માનજો વંદના, નિત્ય ઉગમતે સૂર. સીમંધર ! ૫
કાગળ લખવો રે કારમો, કીજે મહેર અપાર;
વિનતિ એ દિલ ધારિયે, આવાગમન નિવાર. સીમધંર ! ૬
દેવ દયાલ કૃપાલ છો, સેવકની કરો સાર;
**ઉદયરત્ન** એમ ઉચ્ચરે. સ્વામી ! મુજ ન વિસાર. સીમંધર ! ૭

## સીમંધરજિન સ્તવન

(રાગ : સિદ્ધારથના રે નંદન વિનવું)

વિનતિ માહરી રે સુણજો સાહિબા, સીમંધર જિનરાજ;
ત્રિભુવનતારક ! અરજ ઉરે ધરો, દેજો દરિસણ રાજ. વિનતિ. ૧
આપ વસ્યા જઈ ક્ષેત્ર વિદેહમાં, હું રહું ભરત મોઝાર;
એ મેળો કેમ હોયે જગધણી, એ મુજ સબળ વિચાર. વિનતિ. ૨
વચમાં વન દ્રહ પર્વત અતિઘણા, વળી નદીઓના રે ઘાટ;
કિણ વિધ ભેટું રે આવી તુમ કને, અતિ વિષમી એ રે વાટ. વિનતિ. ૩
કિહાં મુજ દાહિણ ભરતક્ષેત્ર રહ્યું, કિહાં પુક્ખલવઇ રાજ;
મનમાં અલજો રે મળવાનો ઘણો, ભવજલ તરણ જહાજ. વિનતિ. ૪

નિશદિન આલંબન મુજ તાહરું, તું મુજ હૃદય મોઝાર;
ભવદુઃખભંજન તું હી નિરંજનો, કરુણારસભંડાર. વિનતિ. ૫
મનવાંછિત સુખસંપદ પૂરજો, ચૂરજો કર્મની રાશ;
નિત્યનિત્ય વંદન હું ભાવે કરું, એહી જ છે અરદાસ. વિનતિ. ૬
તાત શ્રેયાંસ નરેસર જગતિલો, સત્યકી રાણીનો જાત;
સીમંધર જિન વિચરે મહીતલે, ત્રણ ભુવનમાં વિખ્યાત. વિનતિ. ૭
ભવોભવ સેવા રે તુમ પદકમલની, દેજો દીનદયાલ;
એ કરજોડી રે ઉદયરતન વદે, નેક નજરથી નિહાળ. વિનતિ. ૮

## વિહરમાન ભગવાનનું સ્તવન

શ્રી સીમંધર પહેલા સ્વામ, યુગમંધર બીજા અભિરામ;
બાહુ સુબાહુ સેવો સદા, સુજાત સ્વયંપ્રભ નમીએ મુદા.
શ્રી ઋષભાનન જિન સાતમા, અનંતવીરજ વંદો આઠમા;
સુરપ્રભ ને સ્વામી શ્રી વિશાળ, વજ્રંધર પ્રણમો પ્રહકાળ. ૨
ચંદ્રાનન ચંદ્રબાહુ ભજો, ભુજંગ ઈશ્વર ભાવે યજો;
નેમિપ્રભ નમિયે નિતમેવ, વીરસેનની કીજે સેવ. ૩
મહાભદ્ર ને વળી દેવજસા, અજિતવીર્ય વીસ મન વસ્યા;
વિહરમાન જયવંતા વીસ, જિનવર આપે ચડત જગીશ. ૪
આરાધો અજુઆલી બીજ, હૃદયમાંહે આણીને રીઝ;
દીપ ધૂપ કીજે આરતિ, વિઘન વિપદ દૂરે વારતી. ૫
**ઉદયરતન વાચક** એમ ભણે, એ રીત કરતાં આદર ઘણે;
ચંદ્રકિરણ જિન ચડતી કળા, નિત્યોદય વાધે નિરમળા. ૬

## જિન સ્તવન

કૌન ખબર લે મેરી રે, તુમ બિન દીનાનાથ દયાનિધિ, કૌન. ટેક
ભ્રમત ફિર્યો સંસાર ચતુર્ગતિ મેટયો ભવકી ફેરી રે. તુ૦ ૧
ભવભવકે પ્રભુ તુમ જગનાયક, રાખો ચરનન તેરી. તુ૦ ૨
**ઉદય** આશરો પકડી તેરો, શરણ ગ્રહી મેં તેરી. તુ૦ ૩

## ખેડા વિશે સ્તવન

ખેડૂં ખેડૂં ખેડૂં શું કરોજી રાજિ,
ખેડૂં છે મુગતિનૂં ખેત. મહારાજ.
રૂડો રૂડો ખેડાનો રાજિયો જી રાજિ,
હેરી જોતાં વાધે છે હેત. મહારાજ. ૧

નીલડી છૂટનો જાંમો જોર છે રાજિ,
ભીડભંજન પ્રભુ ભેટીએ જી રાજિ,
દૂજાને મેહલી દૂરિ. મહારાજ.
કોડિ દીવા સ્યૂં કીજિયે જી રાજિ,
લોક ઊગેં જિહાં સૂર. મહારાજ. ૨

મેહ નેં મેદિની જિહાં મલે જી રાજિ,
તિહાં કુંણ ખણાવે કૂપ. મહારાજ.
પાસ જિણેસર પૂજિયે જી રાજિ,
તો ભેટે બીજા ભૂપ. મહારાજ. ૩

સઘલે રંગે શોભતું જી રાજિ,
પાસ પ્રભુનું અંગ. મહારાજ.
પરિકર પૂરે પેખતાં જી રાજિ,
હૃદયમાં વાધે છે રંગ. મહારાજ. ૪

તાથેઇ તાથેઇ તાંનમાં જી રાજિ,
નાચે છે નરનારી. મહારાજ.
ઉદયવાચક એમ ઉચરે જી રાજિ,
પહોંચે તે ભવને પાર. મહારાજ. ૫

## શત્રુંજયતીર્થ સ્તવન

આંખડિયે રે મેં આજ, શત્રુંજય દીઠો રે;
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મને મીઠો રે.

સફળ થયો મારા મનનો ઉમાહો,
વહાલા મારા ભવનો સંશય ભાંગ્યો રે;
નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે. શત્રુંજય૦ ૧
માનવભવનો લાહો લીજે, વા૦મા૦ દેહડી પાવન કીજે રે;
સોનારૂપાને ફૂલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે. શત્રુંજય૦ ૨
દૂધડે પખાળી ને કેસરઘોળી, વા૦મા૦ શ્રી આદીશ્વર પૂજ્યા રે;
શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રૂજ્યા રે. શત્રુંજય૦ ૩
શ્રી મુખ સુધર્માં સુરપતિ આગે, વા૦ મા૦
વીર જિણંદ એમ બોલે રે;
ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહિ કોઈ શત્રુંજય તોલે રે. શત્રુંજય૦ ૪
ઇંદ્ર સરીખા એ તીરથની, વા૦ મા૦ ચાકરી ચિત્તમાં ચાહે રે;
કાયાની તો કાસલ કાઢી, સૂરજકુંડમાં નાહે રે. શત્રુંજય૦ ૫
કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે, વા૦ મા૦ સાધુ અનંતા સિધ્યા રે;
તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધા રે. શત્રુંજય૦ ૬
નાભિરાયા સુત નયણે જોતાં, વા૦ મા૦ મેહ અમીરસ ઊઠયા રે;
**ઉદયરત્ન** કહે આજ મારે પોતે, શ્રી આદીશ્વર તૂઠયા રે. શત્રુંજય૦ ૭

## શત્રુંજયતીર્થ સ્તવન

શેત્રુંજા ગઢના વાસી રે, મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મને ઊપન્યો હર્ષ અપાર,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૧
એક અરજ અમારી રે, દિલમાં ધારજો રે,
ચોરાસી લાખ ફેરા રે, દૂર નિવારજો રે;
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, દરિશન વહેલું રે દાખ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૨

દોલત સવાઈ રે, સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે, તારા વેશની રે;
પ્રભુ તારું રૂડું દીઠું રૂપ, મોહ્યા સુરનરવૃંદ ને ભૂપ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૩
તીરથ કો નહિ રે, શેત્રુંજા સારીખું રે,
પ્રવચન પેખીને, કીધું મેં પારખું રે;
ઋષભને જોઈ જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૪
ભવોભવ માંગું રે, પ્રભુ તારી સેવના રે,
ભાવઠ ન ભાંગે રે, જગમાં જે વિના રે;
પ્રભુ મારા પૂરો મનના કોડ, એમ કહે ઉદયરતન કરજોડ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૫

## સિદ્ધાચલજીતીર્થ સ્તવન

તે દિન કયારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું;
ઋષભ જિણંદ જુહારીને, સૂરજકુંડમાં નહાશું. તે દિન૦ ૧
સમવસરણમાં બેસીને, જિનવરની વાણી;
સાંભળશું સાચે મને, પરમારથ જાણી. તે દિન૦ ૨
સમકિત વ્રત ધરી, સદ્ગુરુને વંદી;
પાપ સર્વે આલોઈને, નિજ આતમ નંદી. તે દિન૦ ૩
પડિક્કમણાં હોય ટંકનાં, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે. તે દિન૦ ૪
વ્હાલા ને વૈરી વચ્ચે, નવિ કરશું વેરો;
પરના અવગુણ દેખીને, નવિ કરવો ચહેરો. તે દિન૦ ૫
ધર્મસ્થાનક ધન વાપરી, છક્કાયને હેતે;
પંચ મહાવ્રત લેઈને, પાળશું મન પ્રીતે. તે દિન૦ ૬

કાયાની માયા મેલીને પરિસહને સહેશું;
સુખદુઃખ સર્વે વિસારીને, સમભાવે રહેશું. તે દિન૦ ૭
અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું;
**ઉદયરતન** ઇમ ઉચરે, ત્યારે નિર્મળ થાશું. તે દિન૦ ૮

## સિદ્ધાચલજીનું સ્તવન

શેત્રુંજો જોવાનું હો જોર છે જી, રાજ જોર છે જી રાજ,
નાભિનો કિશોર, મહારાજા. શેત્રુંજો૦
સોરઠ દેશનો સાહેબોજી રાજ, શેત્રુંજાનો શણગાર, મહારાજા.
કલિમલ કરિકુલ કેશરીજી રાજ, મરુદેવી માતા મલ્લાર.
મહારાજા. શેત્રુંજો૦ ૨
તીરથ તીરથ શું કરોજી રાજ, અવર છે આલપંપાલ, મહારાજા.
ત્રિભુવન તીરથ એક છે જી રાજ, શ્રી સિદ્ધાચલ સુવિશાલ.
મહારાજા. શેત્રુંજો૦ ૩
ભાગ્ય હોય તો ભેટિયે જો રાજ, વિમલાચલ વારોવાર, મહારાજા.
જેણે એક વાર દીઠો નહીં જી રાજ અફલ તેહનો અવતાર.
મહારાજા. શેત્રુંજો૦ ૪
**સત્તર નેવ્યાશીયા** સમેજી રાજ, જોર બની ઉત્તંગ, મહારાજા.
પ્રતિષ્ઠાનપુરે પૂજ્યા તણી જી રાજ, અધિક આંગીનો ઉમંગ.
મહારાજા. શેત્રુંજો૦ ૫
ચૈતર શુદિ બારસ દિને જી રાજ, **ઉદયરતન ઉવઝાય,** મહારાજા.
પરિકરશું પ્રભુ પેખીને જી રાજ, ગેલેશું ગુણ ગાય.
મહારાજા. શેત્રુંજો૦ ૬

## સિદ્ધાચલજીનું સ્તવન

આદિ જિણેસર વિનતી હો રાજ, કહું વિવિધે કરજોડ રે,
સલૂણા મીઠા સાહેબા,

મુઝ મન તુઝ પાય ભેટવા હો રાજ, હેજે હોંશ કરે લખ કોડ રે
સ૦ ૧
બહુ દિનનો હું અલજિયો હો રાજ, જોવા શ્રી શેત્રુંજો ગિરિરાય રે, સ૦
પણ તુઝ દરિસનનો સહી હો રાજ, વચમાં દીસે છે અંતરાય રે. સ૦ ૨
કહોને ઉદ્યમ શું કરે હો રાજ, જ્યારે કર્મ કરે બહુ જોર રે, સ૦
આતમ કર્મે આધીન છે હો રાજ, જગમાં જેમ પડાઈને દોર રે. સ૦ ૩
પ્રાપ્તિ વિણ કેમ પામિયે હો રાજ, ચિત્તમાં ચાહે જે અભિપ્રાય રે, સ૦
ભાવિપદાર્થ નીપજે હો રાજ, પણ ન ફલે અણુસરજ્યો ઉપાય રે.
સ૦ ૪
જેહવે સમે જેહવું લખ્યું હો રાજ, સહેજે ઉદય આવે ફલ તેહ રે, સ૦
લખ્યા વિના લાભે નહીં હો રાજ, પ્રાણી સુખદુ:ખનાં ફલ બેહ રે.
સ૦ ૫
સૂત્રસિદ્ધાંતે એહવું કહ્યું હો રાજ, કીધાં કર્મ ન છૂટે કોય રે, સ૦
ભારેકર્મી જીવડા હો રાજ, તેને તુઝ દરિસણ કિમ હોય રે. સ૦ ૬
કર્મે ઉદ્યમ ઊપજે હો રાજ, ધર્મે આલસ આવે અંગ રે, સ૦
ચંચલ ભ્રમર તણા પરે હો રાજ, મનડું ન રહે એક ઢંગ રે. સ૦ ૭
જન્મ અફલ જાયે અછે હો રાજ, કાંઈક પૂર્વકર્મના ભોગ, સ૦
તે દિન લેખે લેખશું હો રાજ, જે દિન મલશે તાહરો જોગ રે. સ૦ ૮
કર્મવિવર દેશે જદા હો રાજ, ત્યારે આવીશું નાથ હજૂર રે, સ૦
તિહા લગે જાણજ્યો વંદના હો રાજ, નિત્ય ઉગમતે સૂર રે. સ૦ ૯
જાણું છું નિશ્ચે કરી હો રાજ, આખર ફલશે સેવા નેટ રે, સ૦
પણ વિનતિ મનમાં ધરી હો રાજ, પ્રભુજી વેલી દેજો ભેટ રે. સ૦ ૧૦
તુઝ મુખ દેખણ કારણે હો રાજ, પંથે ઓલંઘ્યા બહુ ઘાટ રે, સ૦
વનઅટવીનાં દુ:ખ સહ્યાં હો રાજ, લેવા મુગતિપુરીની વાટ રે. સ૦ ૧૧
**સત્તરશેં છપનને** સમે હો રાજ, ઇમ પટણી સંઘે કીધી અરદાસ રે, સ૦
પ્રસન્ન થયા ત્રિભુવનધણી હો રાજ, વેગે પૂરી મનની આશ રે. સ૦ ૧૨

ભવિયણ ભાવેં ભેટજ્યો હો રાજ, સ્વામી સિદ્ધાચલ શણગાર રે, સ૦
**ઉદયરતન**નો સાહેબો હો રાજ, તે તો ત્રિભુવનનો આધાર રે. સ૦ ૧૩

## સિદ્ધાચલજી સ્તવન

(જગપતિ નાયક નેમિ જિણંદ – એ દેશી)

સુખકર સકલ મંગલ સુખસિંધુ, જગજીવન જિન! તું જયો;
સુખકર સિદ્ધાચળ શણગાર, દરસને મુજ મન અલજ્યો. ૧

સુખકર હૈડામાં ઘણી હોંશ, ભગવંત ભાવે ભેટવા;
સુખકર જન્મ જરા મૃત્યુ રોગ, મોહ મહા દુઃખ મેટવા. ૨

સુખકર હૃદયમાંહિ દિનરાત, ચાહું ચરણની ચાકરી;
સુખકર લગની લગી તુજ નામ, મુજ મનમાં અતિ આકરી. ૩

સુખકર જો આવું એક વાર, સાહિબ આપ હજૂરમાં;
સુખકર તો ન રહું નિરધાર, ભવજલધિ દુઃખપૂરમાં. ૪

સુખકર એક તાને એક વાર, જબ તુમ દરશન દેખશું;
સુખકર માનવભવ અવતાર તો મુજ લેખે લેખશું. ૫

સુખકર શું કરું સંસાર, મુગતિરમા મન મોહિયો;
સુખકર તુજ પદપંકજ માંહિ, મુજ મનમધુપ આરોહિયો. ૬

સુખકર નવિ ગમે બીજું નામ, ઋષભ જિણંદ હૃદય વસ્યો;
સુખકર ન લહું અવર કોઈ નાથ, જિનવર જગમાં તુજ જિસ્યો. ૭

સુખકર દીઠો નહિ મેં દેદાર, ત્રિભુવનનાયક તાહરો;
સુખકર અફળ થયો અવતાર, ભવોભવ તેહથી માહરો. ૮

સુખકર દરીસણ દેજો દયાળ!, તારક દેવ છો દેવના;
સુખકર છાંડી સંસારજંજાળ, માગું ભવોભવ સેવના. ૯

સુખકર **વાચક ઉદય**ની વાત, કાંઈક ચિત્ત અવધારજો;
સુખકર દૂર કરી ભવ ભીતિ, મુજ કારજ સવિ સારજો. ૧૦

## સિદ્ધાચલમંડન ઋષભ સ્તવન

(મૃગાનયણીરે ભમર સુજાંણ, જેહડ માહરી મૂલવે,
માહુરા લાલ – એ દેશી)

સુરપતિ આગે ઇમ જંપે શ્રી વીર જિણેસરુ ગિરિરાજ,
એ તો સકલ તીરથનો સાર, શેત્રુંજો સુખકરુ ગિરિરાજ. ૧
સિધ્યા જિહાં સાધુ અનંત, અનંત કેવલધરા, ગિરિ૦
જિનવર જિહાં આવ્યા અનેક જાણી પાવન ધરા. ગિરિ૦ ૨
રાયણ તલેં ઋષભ જિણંદ ગુંણાકરિં ગેલસ્યૂં, ગિરિ૦
જિહાં પૂરવ નવાણું વાર, પધાર્યા પ્રેમસ્યૂં. ગિરિ૦ ૩
વારુ મુગતિવધૂ વરવાનૂં એ પીઠ વખાણીઇ, ગિરિ૦
ત્રિભુવનતારક જગમાંહિ એ તીર્થ જાણીઇ. ગિરિ૦ ૪
દીઠો કરેં દુરગતિ દૂર જે દુષમ કાલમાં, ગિરિ૦
ચાહીને જાવા સિદ્ધક્ષેત્ર થઇઇ ભિંણી ચાલમાં. ગિરિ૦ ૫

ઢાલ ૨

(સાહિબો રે માહુરો ઝલ રહ્યો નાગોર – એ દેશી)

વિનતા પીઉને વીનવે રે, વાહલા અવસર મલીઓ આજ,
સંઘતિલક ધરી શોભતો રે, વાહલા કોડી સધારણ કાજ. ૧
સાહિબા રે માહરા ચાલો જઈએ સિદ્ધક્ષેત્ર – આંકણી
ગ્રહિણું તે મુઝને ગમે નહીં રે, વાહલા ન ગમે નવસર હાર,
ચિત્ત લાગું રે વિમલાચલે રે, વાહલા ન ગમેં ઘરવ્યાપાર. સા૦ ૨
સંયોગ સઘલા સોહિલા રે, વહાલા જાત્રાનો દોહિલો જોગ,
તે પાંમી જે પાછા વલ્યા રે, વહાલા તે તો ભારે કર્મના ભોગ. સા૦ ૩
ઘરધંધો કરતાં ઘણો રે વાહલા પગ પગ લાગાં પાપ,
છટકેસ્યૂં તે છૂટીઇ રે વાહલા જપતાં સિદ્ધાચલ જાપ. સા૦ ૪

ઢાલ ૩

(તટ જમુનાંનો રે અતિ રળીઆમણો રે – એ દેશી)

સંઘ શેત્રુંજાનો રે અતિ રલીઆંમણો રે, મુલક મુલકનાં લોક.
મનની મોદેં રે સહૂ આવી મલ્યોરે, પુન્યનો કરવા એ પોષ. સંઘ૦ ૧
મજલેં મજલેંરે મહ્ના પૂજા રચેં રે, નવલા થાએ નાચ,
ભાવના ભાવેંરે ભવીજન ભાવસ્યૂં રે, સમકિત પામી સાચ. સંઘ૦ ૨
ઉત્તમ પ્રાણીરે પાછા ન ઓસરે રે, દેતા સુપાત્રે દાન,
છ રિંરી ધરતા રે પંથે સંચરે રે, ધરતા પ્રભુનું રે ધ્યાંન. સંઘ૦ ૩
મૃદંગ નિનાદેરે મનને મોજસ્યૂંરે, ધવલ મંગલ ગીત ગાન,
મધુરે સ્વરે રે કોઈ મુખ ઉચરે રે, કેહી ધરે તીહાં કાન. સંઘ૦ ૪
ડેરેડેરે રે જિહાંતિહાં પેખતાં રે, પડિકમણાં પચખાંણ,
મુનિમુખ સુણે રે શ્રાવકમંડલી રે, વિમલાચલનું વખાંણ. સંઘ૦ ૫

ઢાલ ૪

(કાલી ને પીલી વાદલી રે – એ દેશી)

માહરા રે ભાઈ સુડલા, ગુણ માનું લાલ,
મને આપજયો થાહરી પાંખ, થારો ગુણ માનું લાલ.
હું ઓલંઘું ઉજાડ, થારો ગુણ માનું લાલ,
માંને શેત્રુંજો દેખાડ, થારો ગુણ માનું લાલ.
આદિસર ભેંટું ઊડીને, ગુણ માનું લાલ,
ભાંજું માહરા મનની ભ્રાંત, થારો ગુણ માનું લાલ. ૧
વૈશાખ જેઠની વાદલી, ગુણ૦ મારા સંઘ ઉપર કર છાંહિ. થારો૦
પવન ! લાગુ પાઉલે, ગુણ૦ તું તો સંઘ ઉપર કર છાંહિ. થારો૦ ૨
જલધરને જાઉ ભાંમણે, ગુણ૦ તું તો ઝીણી ઝીણી વરસ્યે બુંદ. થારો૦
માલીડા લાવ્યે ફૂલડાં, ગુણ૦ માહિં માલતી ને મુચકંદ. થારો૦ ૩
પારેખ પ્રેમજી સંઘવી, ગુણ૦ ભણસાલી કપૂર. થારો૦
મજલૂં જો નાની કરો, ગુણ૦ તો સંતાપે નહિ સૂર. થારો૦ ૪

શ્રી આદેસર સાહિબા, ગુણ૦ ચિત્તમાં ધરજ્યો ચૂંપ. થારો૦
**ઉદયરતન** ઈમ ઉચરે, ગુણ૦ માંને દરસણ દેજે રોજ. થારો૦ ૫

ઢાલ ૫

(મારૂ થારાં કાનાંહું દો મોતી રે હો – એ દેશી)

વારુ એ તો પુન્યે પામી વેલારે, હો,
મોહનના થયા મેલા, મોહનના થયા મેલા. ૧
શેત્રુંજો ભલે દીઠો, શેત્રુંજો ભલે દીઠો રે,
હો જોતાં લાગે મીઠો, લાગે મુઝને મીઠો રે હો. શે૦ ૨
વારુ એ તો મુગતિવધૂનો ટીકો રે હો, લાગે સહુને નીકો. લાગે૦
વારુ એ તો મોતીઅડે અમૂલે રે હો, વધાવ્યો સોવનફૂલે. વ૦ શે૦ ૩
વારુ એ તો શાશ્વતા જિનવર સોહે રે હો, સુરનરનાં મન મોહે સુર૦
વારુ એ તો દિનદિન વસે સહેરે હો, દીપે સોરઠ દેસેં દી૦ શે૦ ૪

ઢાલ ૬

(ઉદયાપુરરી ચાકરી રે – એ દેશી)

નાભિનરેસર નંદનારે, મરૂદેવી માત મલાર
દર્શન થાહરો દેખતાં, મારો સફલ થયો અવતાર હો
પ્યારા ગઢપતિ હો ગાઢા.
જિનપતિ હો સુણિ થાહરા સેવકની અરદાસ. આંકણી. ૧

કૂડા એ કલિકાલમાં રે, સાચો તૂંહી જ સ્વામી,
ભગતવછલ ભલે ભેટિયો, નિરમલ થઈ તુઝ નામી રે. પ્યારા. ૨

ભમતાં ભવની શેરીએ રે, દીઠા દેવ અનેક,
પણિ મુગતિદાયક મેં પેખિયો, અંતરજામી તું એક હો. પ્યારા. ૩

સિદ્ધાચલની સેવના રે, સૂરજકુંડનું સ્નાન,
પુન્ય હોઈ તો પામીઇ, ગેલેં જિને ગુણનું ગ્યાંન હો. પ્યારા. ૪

### ઢાલ ૭

(કંકણુની દેશી)

વાટ વિષમ ઓલંઘીને રે પ્રભુજી!
લૂતી લેતો લહેર, મુજરો છે માહરો.
શરણે આવ્યો ચાહીને રે, પ્રભુજી!
મહારાજ કીજે મહેર, મુજરો છે માહરો. ૧

આરતી ને ઉજાગરો પ્ર૦ આતપ સહ્યાં અપાર, મુ૦
તે ગયા સર્વ વીસરી રે પ્ર૦ દેખતાં તુજ દીદાર. મુ૦ ૨

પાયે અણુંહાણે પંથમાં રે પ્ર૦ કંટક ભાગા કોડિ. મુ૦
કર્મના કાંટા નીસર્યા રે પ્ર૦ ખૂટી ગઈ સર્વ ખોડિ. મુ૦ ૩

### ઢાલ ૮

(મોરા આદિજિન દેવ – એ દેશી)

રયણમય જહિત રૂડી આંગિયાં અનૂપ,
કેસર કુસુમ કરી, રૂડો બન્યો રૂપ.
દેખી આદિ જિન આદિ, રૂપ તેરો મન મેરો મગન ભયો. ૧

મસ્તક મુગટ બન્યો, હઈએ બન્યો હાર,
સુરત ઘણું શોભતી ને શોભતા શણગાર. દેખી૦ ૨

કાને સોહે કુંડલાં ને જોડે જડાવ,
બાંહે બહુ બન્યો બાજુબંધ બનાવ. દેખી૦ ૩

### ઢાલ ૯

(દીઠો દીઠો રે વામાકો નંદન દીઠો – એ દેશી)

પૂજો પૂજો રે ભવી આદેસર પ્રભુ પૂજો,
શેત્રુંજાના સાહિબ સરીખો, દેવ ન કોઈ દૂજો રે. ભવી૦ ૧

ભગવંત આગલે ભાવના ભાવતા, પૂજતાં અષ્ટ પ્રકારે રે,
નૃત્ય કરંતાં દુરિત નસાયો, માદલને ધોંકારે રે. ભવી૦ ૨
સકલ મનોરથ સફલ ફલ્યા સહી, વાજાં જીતનાં વાજ્યાં રે,
મંગલવેલ ફલી આજ માહરે, તો ભવદુખ સઘલાં ભાજ્યાં રે.
ભવી૦ ૩
સુરતિ બંદર શહિરનો વાસી, પારેખ પ્રેમજી પોતેં,
સંઘ લેઈ શત્રુંજયે આયો, જય પાયો ગિરિ જોતેં રે. ભવી૦ ૪
ભણસાલી કપૂરેં ભલી પરેં, સંઘની સાંનિધ કીધી,
કાહીલોકને લાગો કરડો, શિખર શ્યાબાસી લીધી રે. ભવી૦ ૫
સંવત **સતર સીતેરા** વર્ષે વદિ સાતમ ગુરુવારેં,
**ઉદય** વદે આદિપતિ ભેટયો, સંઘ ચતુર્વિધ સાથે રે. ભવી૦ ૬

કલશ

શ્રી હીરરત્નસૂરીંદ વંશે જ્ઞાનરત્ન ગણ ગુણનીલો,
તિણેં સાત ઠણેં સંઘ સાથે ભેટીઓ ત્રિભુવનતીલો,
જે જિન આરાધે મન સાધે સાધે તે સુખસંપદા,
**ઉદયરત્ન** ભાખે અનેક ભવની, તેહ ટાલેં આપદા. ૧

## રાણકપુર તીર્થનું સ્તવન

જગપતિ – જયો જયો ઋષભ જિણંદ, ધરણા શાહે ધન ખરચિયો;
જગપતિ – પ્રૌઢ કરાવ્યો પ્રાસાદ, ઊલટભર સુર નર અરચિયો. ૧
જગપતિ – આભશું માંડે વાદ, સોવન કલશે ઝલહલે;
જગપતિ – ચોબારો ચોશાલ, પેખંતાં પાતિક ગલે. ૨
જગપતિ – અતિ સુંદર ઉદ્દામ, નલિનીગુલ્મ વિમાનશ્યો;
જગપતિ – ઉત્તમ પુણ્ય અંબાર, નિરુપમ ધનદ નિધાનશ્યો. ૩
જગપતિ – ઓલે ઓલે થંભ, કીધી અનુપમ કોરણી;
જગપતિ – કરતી નાટારંભ, પૂતલીઓ ચિત્તચોરણી. ૪

જગપતિ – નાભિનરેસરનંદ, રાણુકપુરનો રાજિયો;
જગપતિ – સહુ રાયા સિરદાર, જગમાંહે જશ ગાજિયો. ૫

જગપતિ – દેવ તું દીનદયાલ, ભક્તવત્સલ ભલે ભેટિયો;
જગપતિ – દેખતાં તુજ દેદાર, મોહ તણો મદ મેટિયો. ૬

જગપતિ – ઉદયરત્ન ઉવજ્ઝાય સંવત સત્તર ત્રાણું સમે;
જગપતિ – ફાગણ વદિ પડવાને દિન, સાદડી સંઘ સહિત નમે. ૭

## આયંબિલની ઓળી(નવપદજી)નું સ્તવન

અવસર પામીને રે, કીજે નવ આંબેલની ઓળી;
ઓળી કરતાં આપદ જાએ, રિદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અવ૦ ૧

આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે;
આળસ મેલી આંબેલ કરશે, તસ ઘર નિત્ય દિવાળી. અવ૦ ૨

પૂનમને દિન પૂરી થાતે, પ્રેમ શું પખાલી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાલી. અવ૦ ૩

દહેરે જઈને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે;
ચોવીસે ચાહીને પૂજો, ભાવશું ભગવંત. અવ૦ ૪

બે ટંકે પડિક્કમણું બોલ્યું, દેવવંદન ત્રણ કાળ રે;
શ્રી શ્રીપાલ તણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અવ૦ ૫

સમકિત પામી અંતરજામી, આરાધો એકાંત રે;
સ્યાદ્વાદ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અવ૦ ૬

સત્તર ચોરાણું શુદિ ચૈત્રીએ, બારસે બનાવી રે;
સિદ્ધચક્ર ગાતાં સુખસંપત્તિ, ચાલીને ઘેર આવી. અવ૦ ૭

ઉદયરત્ન વાચક એમ જંપે, જે નરનારી ચાલે રે;
ભવની ભાવઠ તે ભાંગીને, મુક્તિપુરીમાં મહાલે. અવ૦ ૮

## ચોવીશ દંડકનું સ્તવન

દોહા

વંદી જિન ચોવીશને, તસુ ભાષી શ્રુતભેદ,
દંડક પદ કહી તસ થુંણું, અહો ભવિ સુણો ઉમેદ. ૧

ઢાળ પહેલી

(ભટિયાણીની દેશી)

સાત નરકે એક, ભવનપતિ દસ દંડ કહો
પૃથ્વી આદિ પંચ જાણિયા, વિકલેંદ્રિના ત્રણ;
ગર્ભજ તિર્યંચ ને નર હો, વ્યંતર જોઈસ વેમાણિયા. ૧

ઢાલ બીજી

(ઝરુખે બીજલી હો લાલ – એ દેશી)

જીવ દંડએ જ્યાંહિ દંડક નામ જેહનું હો લાલ. દંડક.
સંક્ષેપેં લવલેશ સંગ્રહ કરું તેહનો હો લાલ. સંગ્રહ.
નરકાદિ ચોવીશ દંડક પદ જે લહે હો લાલ. દંડક.
દંડાએ નહિ તેહ **વાચક ઉદયે** કહો હો લાલ. વાચક. ૧

ઢાળ ત્રીજી

(ગૌતમ સમુદ્ર કુમાર રે – એ દેશી)

શરીરને શરીરનું માન રે, સંઘયણને સંજ્ઞા, સંસ્થાન કષાય લેશ્યા વલી એ,
ઈંદ્રિય સમુદ્રઘાત રે, દષ્ટિને દરશન્ન, જ્ઞાન અને યોગા વલી એ. ૧
ઉપયોગ ને ઉપપાત રે, વચન સ્થિતિ પર્યાપતિ આહારને સંજ્ઞા ત્રિક એ;
ગતિ આગતિ વેદ અલ્પ રે, દ્વાર ચોવીસ એ, દંડક પ્રત્યે ભણો ભવિ એ. ૨

દ્વાર પહેલું, ઢાળ ચોથી

(સિદ્ધચક્રપદ વંદો – એ દેશી)

ગર્ભજ તિર્યંચ વાઉકાયના, શરીર કહ્યા છે ચાર,
ઔદારિક વૈક્રિય તેજસ કાર્મણ, નરને પાંચ નિરધાર રે,

શ્રોતા દ્વાર એણી પરે જાણો બીજા સર્વને ત્રણ જાણો,
આગમ મનમાં આણો રે. શ્રોતા. ૧

### દ્વાર બીજું, ઢાળ પાંચમી
(સોરઠી ચાલમાં)

વનસ્પતિ વિણ થાવર ચાર, તનુ જઘનોત્કૃષ્ટ વિચાર;
અંગુલનો અસંખ્યાતમો ભાગ, વદે માન એવું વીતરાગ. ૧
બીજે પણ દંડક વીશે, જઘન્ય એમ જ કહ્યો જગદીશે;
ઉત્કૃષ્ટું કહું હવે આગે, ધનુષ પાંચસે નારકી ભાગે. ૨
સુરને સાત હાથ વખાણું, જોવણ ગર્ભજ તિરિય જાણું;
વનસ્પતિને જાજેરું ત્રણ ગાઉ નર તેંદ્રિ ભલેરું. ૩
એંદ્રિ ચોરિંદ્રિ બાર એક, જોયણ જાણો સુવિવેક;
દેહ ઊંચપણે એ ભણિયો, વૈક્રિય સૂત્રે ઇમ થુણિયો. ૪
અંગુલનો અસંખ્યાતમો ભાગ, પ્રારંભ સમય લહો લાગ;
સુરનરને સાધિક લાખ, જોયણ નવસે તિરિય સુભાખ. ૫
મૂલથી નારકીને બમણું, અંતર મુહૂર્ત રહે એમ પભણું;
તિરિ નરને મુહૂર્ત ચાર, દેવને એક પક્ષ ઉદાર. ૬

### દ્વાર ત્રીજું, ઢાળ છઠ્ઠી
(રહ્યો રે આવાસ દુવાર – એ દેશી)

વજ્રઋષભનારાચ, ઋષભનારાચરે, નારાચ અર્ધ નારાચ છે રે;
કિલિકા છેવઠું એ સૂત્રે, જિનવર દેવે રે, સંઘયણ છ ભાખ્યા અછે રે. ૧
થાવર નારકી દેવ, અસંઘયણા રે, છેવઠા વિકલેંદ્રિયા રે;
મનુષ્ય અને તિર્યંચ, છ સંઘયણા રે, સમય વિષે નિવેદિયા રે. ૨

### દ્વાર ચોથું, ઢાળ સાતમી
(વૃષભાનુભવને ગઈ હતી – એ દેશી)

ચાર દશ સંજ્ઞા હુએ સહુની, આહાર ભય મૈથુન પરિગ્રહની,
ક્રોધ-માન-માયા-લોભ લોક, ઓઘ દશમી સંજ્ઞા થોક. ૧

### દ્વાર પાંચમું, ઢાળ આઠમી
(સેલા મારુની દેશી)

સમચતુરસ્રહો ન્યગ્રોધ નિસાદિક, વામન કુબ્જ હો હુંડક એ છ કહ્યા;
સર્વે સૂરને હો પેલું હોય સંસ્થાન, નરતિર્યંચ માંહે સઘલાં એ લહ્યાં. ૧
વિકલેંદ્રિ ને હો નરકમાં હુંડક હોય, નાનાવિધ ધજ હો સુઈ બુબુ વણસઈ;
વાઉ તેઉ હો અપ ચઉકે એ ચાર, પુઢવી મસુર હો ચંદાકારે કહી. ૨

### દ્વાર છઠ્ઠું, ઢાળ નવમી
(સિરોઈનો સેલો હો કે – એ દેશી)

ક્રોધ-માન-માયા હો કે, વલી લોભ સૂત્રે લહ્યા;
દંડક ચોવીસે હો કે, કષાય એ ચાર કહ્યા. ૧

### દ્વાર સાતમું, ઢાળ દસમી
(દેખી કામિની દોય – એ દેશી)

કૃષ્ણ નીલ કાપોત તેજો, પદ્મ શુકલ કહી રે કે પદ્મ૦
એ છ લેશ્યા નર તિર્યંચ ગર્ભજમાં લહી રે કે ગર્ભ૦ ૧
નારક તેઉ વાઉકે, વિગલ વેમાણિયા રે કે વિ૦
ત્રણ ત્રણ લેશ્યા વંત કે નીચ ઉચ્ચ જાણિયાં રે કે નીચ૦ ૨
જ્યોતષી પાંચે માંહે, તેજયો લેશ્યા ઘણી રે કે તેજો૦
બાકી ચઉદ દંડકે ચાર, લેશ્યા સૂત્રે ભણી રે કે લેશ્યા૦ ૩

### દ્વાર આઠમું, ઢાળ અગીઆરમી
(બિડલીની દેશી)

આઠમું ઇંદ્રિય દ્વાર, છે સુગમ તેહનો વિચાર હો, ભો ભવિ ભાવે લહો;
જેહને ઇંદ્રિય હોયે જેતી, તેમજ ગણી લેજો તેતી હો. ભો ભવિ૦ ૧

### દ્વાર નવમું, ઢાળ બારમી
(ફત્તમલની દેશી)

વેદના કષાયને મરણ, વૈક્રિય તેજસ વલી;
આરકને કેવલી સાતે, એ લહો મનની રલી. ૧

સંજ્ઞી નરને હોયે સાત, તિરિ સહુ સુર પદે;
આહારકને કેવલ વર્જિત, પાંચ આગમ વદે. ૨
નારક વાઉમાં પહેલાં ચાર, બાકી સાત દંડકે;
વેદનાદિ પહેલા ત્રણ હોય કહ્યા શ્રુતમાં જી કે. ૩

દ્વાર દશમું, ઢાળ તેરમી

(પ્રભુ તાહરો પ્રભુ તાહારો મહેર કરી મુનેજી – એ દેશી)

વિકલેંદ્રિ વિકલેંદ્રિ માંહે દૃષ્ટિ બે વદી જી,
સમકિતને સમકિતને મિથ્યા દૃષ્ટિ સોય હો.
પાંચ થાવર પાંચ થાવર મિથ દીઠી કહ્યા જી,
બીજા સર્વે બીજા સર્વે ત્રિદૃષ્ટિ હોય હો. વિકલેં૦ ૧

દ્વાર અગીઆરમું, ઢાળ ચૌદમી

(સુરત મહિનાની)

પંચ થાવર બે ઇંદ્રિ તેંઇંદ્રિને, અચક્ષુ દર્શન એક,
ચક્ષુ અચક્ષુ ચઉરિંદ્રિને, બે જાણી સુવિવેક. ૧
ચક્ષુ અચક્ષુ અવધિ, કેવલ દર્શન ચાર,
નરમાં બીજે સર્વ દંડકે, કેવલ વિણ ત્રણ ધાર. ૨

દ્વાર બારમું, ઢાળ પંદરમી

(કોઈ સુધ લાવે દિનનાથની – એ દેશી)

ત્રણ ત્રણ સુર તિરિ નિરયમાં, જ્ઞાન અને અજ્ઞાન,
થાવરમાં અજ્ઞાન બે, વિકલેં દો દો માન. ૧
અજ્ઞાન જ્ઞાન લ્યો ઓલખી, ત્રણ પંચ પ્રધાન,
અનુક્રમે મનુજના કહ્યા સમજો સાવધાન. અ૦ ૨

દ્વાર તેરમું, ઢાળ સોલમી

(શારદ બુધદાયી – એ દેશી)

સત્ય અસત્યને મિશ્ર, અસત્ય મૃષા સંયોગ,
મન વચનને યોગે, આઠ થયા એ યોગ.

વૈક્રિય ને આહારક, ઔદારિક મિશ્ર સોઈ,
તેજસ કાર્મણ સાતે, કાય તણા યોગ હોય.
નારક સુર સહુને, અનુક્રમે યોગ અગિયાર,
તેર તિર્યંચને જાણો, નરને પંદર નિરધાર.
વિકલેંદ્રિને ચાર, વલી વાયુકાયને પંચ,
ત્રણ થાવરમાં જો જો, સિદ્ધાંતે એ સંચ. ૧

## દ્વાર ચૌદમું, ઢાળ સત્તરમી

(સોહમપતિજી – એ દેશી)

ત્રણ અજ્ઞાનજી, જ્ઞાન પાંચની આવલી,
ચાર દર્શનજી, ઉપયોગ બાર સહુ મલી,
માનવમાંજી, બારે લહો મનની રલી,
દેવતિરિયનેજી, નવ નારક ને કહ્યા વલી.

ઉથલો

વલી પાંચ કહ્યા વિકલેંદ્રિ માંહે, ચઉરિંદ્રિમાં છ કહ્યા,
પાંચ થાવરમાં ત્રણ પ્રકાશ્યા, સૂત્ર માર્ગે સદ્દહ્યા. ૧

## દ્વાર પંદરમું ઉપપાતનું તથા સોળમું ચવનનું, ઢાળ અઢારમી

(એક અનુપમ શિખામણ ખરી – એ દેશી)

ગર્ભજ તિરિય, વિગલ સુર નારકી,
અસંખ્ય સંખ્યાતા લહો તમે પારખી.
નર સંખ્યાતા, અસન્ની અસંખ્યાતા, તેમજ થાવર, હવે વણસઈ ખ્યાતા.

ઢાલ

વનસ્પતિમાં વિખ્યાત જાણો, અનંતા ઉપજે ચવે,
ઉપજે જેતા ચવે તેતા, બીજો ભેદ નહીં ભવે. ૧

### દ્વાર સત્તરમું, ઢાળ ઓગણીસમી

(કાચબાની દેશી)

પુઢવી અપને વાયુ, વનસ્પતિ માંહે હો ઉત્કૃષ્ટુ આયુ લહો,
વરસ બાવીસ ને સાત, ત્રણ દશ સહસ હો સાચું સદહો. ૧
ત્રણ દિવસ તેઉકાય, નર તિરિ કેરું હો ત્રણ પલ્ય સારીખો,
સુર નિરય સાગર તેત્રીશ, વ્યંતર આયુ હો પલ્ય એક પારીખો. ૨
સાધિક પલ્ય ચંદ સુર, અસુર નિકાયે હો, સાગર જાજેરડું,
પલ્ય દોયે દેશુણુ, નિશ્ચય જાણો હો, નિકાય નવ કેરડું. ૩
બે ઇંદ્રિયનું વરસ બાર, તેંદ્રિયનું દિન હો ઓગણપચાસ છે,
ચઉરિંદ્રિયનું છ માસ, અનુક્રમે આયુ હો ઉત્કૃષ્ટું એહ છે. ૪
જઘન્ય આયુ એક મુહૂર્ત, પુઢવી આદે હો દંડક દશમાં કહ્યો,
દશ સહસ વરસ પ્રમાણુ, ભવનપતિ નરકે હો, વ્યંતરગતિ લહ્યો. ૫
એક પલ્યોપમ માન, વૈમાનિક સુરનું હો જ્યોતષીનો જાણજો વલી,
પલ્યોપમનો આઠમો ભાગ, આગમ માંહે હો કહે એમ કેવલી. ૬

### દ્વાર અઢારમું, ઢાળ વીસમી

(હુઠા દલ વાદલ – એ દેશી)

આહારને શરીર ઇંદ્રિય હો, સાસોસાસ ભાસામણુ,
સુર નર તિરિ નિરયને હો, એ છ પર્યાપ્તિ ગણુ. ૧
પાંચે થાવર માંહે હો, પર્યાપ્તિ ચારે કહી,
વલી પંચ પર્યાપ્તિ હો, વિકલેંદ્રિ માંહે લહી. ૨

### દ્વાર ઓગણીસમું, ઢાળ એકવીસમી

(રામ ચંદકે બાગ – એ દેશી)

ષટ દિશિનો લે આહાર, સઘલા જંતુ સદાઈ,
લોકને ખૂણે જીવ, પંચ ચાર ત્રણ દિશિ તાઈ. ૧

## દ્વાર વીસમું, ઢાળ બાવીસમી

(રામ સીતાને દ્વિજ કરાવે રે – એ દેશી)

હવે સંજ્ઞા ત્રણ કહેશે રે, દીર્ઘ કાલકી પહેલી દીસે,
હિતોપદેશકી બીજી રે, દૃષ્ટિવાદોપદેશકી ત્રીજી. ૧
દેવતાના દંડક તેર રે, તિર્યંચ નારક નહીં ફેર,
સંજ્ઞા એ પહેલી દાખી રે, દીર્ઘકાલકી સૂત્ર સાખી. ૨
વિકલેંદ્રિમાં હિતોપદેશા રે, સંજ્ઞા રહિત થાવર અસેસા,
નરને પહેલી બે ભાખી રે, કોઈકને ત્રીજી પણ દાખી. ૩

## દ્વાર એકવીસમું તથા બાવીસમું ગતિ અગતિનું, ઢાળ ત્રેવીસમી

(ધણ સમરથ પીઉ નાનડો – એ દેશી)

પર્યાપ્તા પંચેંદ્રિ જેહ, તિર્યંચને માનવ મરી તેહ,
ચાર નિકાય માંહે ઊપજે, સુરની યોનિ જાણો સસનેહ. ૧
ગતિ અગતિ લહો જીવની, અસંખ્યાતા આઉખાવંત,
પંચેંદ્રિ પર્યાપ્ત, તિરિયંચને નર એ બે તંત. ગતિ૦ ૨
તિમ પર્યાપ્તા વલી, ભૂ, જલ ને જે તરુ પ્રત્યેક,
અમર મરીને અવતરે, સમજો એ પાંચ પદે સુવિવેક. ગતિ૦ ૩
સંખ્યા આયુ પર્યાપ્તા, ગર્ભજ નરને તિર્યંચ જેહ,
સાતે નરકે ઊપજે, તિહાથી આવે નર તિરિયમાં તેહ. ગતિ૦ ૪
ભૂ જલ વલસઈ યોનિમાં, નારકીને વર્જી સર્વ જીવ,
આવી આવી ઊપજે, નિજ નિજ કર્મ પ્રમાણે સદીવ. ગતિ૦ ૫
પૃથિવ્યાદિક દશ દંડકે, ભૂ-જલ વણસઈના જીવ જાય,
વલી તે દશ દંડક વિના, તેઉ વાઉ પણ નવિ થાય. ગતિ૦ ૬
તેઉ વાઉ તિમ વલી, પૃથિવ્યાદિક નવ દંડકેં જંતી,
દશ પદના વિકલેંદ્રીમાં હે વિકલેંદ્રિય દશ પદ ઉપજંતી. ગતિ૦ ૭
ગર્ભજ તિર્યંચ ઊપજે, મરી ચોવીસે દંડક માંય,
ચોવીસ પદના જીવ તે, ગર્ભજ મરી તિર્યંચ જાય. ગતિ૦ ૮

ચોવીસ પદને શિવ પદે, માનવ મરી સઘલે જાય,
તેઉ ને વાઉ વિના, બાવીસ પદના માનવ થાય. ગતિ૦ ૯

દ્વાર ત્રેવીસમું, ઢાળ ચોવીસમી

(થાંપર વારી મારા સાહેબા – એ દેશી)

ગર્ભજ નર તિરિ યોનિમાં, વેદ ત્રણ વખાણ્યા,
પુરુષ વેદ છે દેવમાં, નવ નપુંસક જાણ્યા. ૧

દ્વાર ચોવીસમું અલ્પ-બહુત્વનું, ઢાળ પચીસમી

(શું કરિયે જો મૂલ જ કૂડું – એ દેશી)

સહુ જીવથી થોડા સંસારી, પર્યાપ્તા માનવ નિરધારી,
બાદર અગ્નિ વૈમાનિક દેવા, ભુવનપતિ વ્યંતર નારક લેવા. ૧
જ્યોતષી ચૌરિંદ્રિ તિરિયા, પંચેંદ્રી બેંદ્રિતે ભૂ જલ વાઉ કહિયા,
ચઢતે પદે એક એક થકાં, અસંખ્ય ગુણા લહો અધિકાં અધિકાં. ૨
સહુથી વધતા વનસ્પતિ જીવ, અનંત ગુણા જાણો સદીવ,
જિનજીયે કહ્યા ભાવમેં જોયા, તુમ ખિજમત વિના ભવ ખોયા. ૨

ઢાળ છવીસમી

(સુણ કરુણાનિધિ હંસલા – એ દેશી)

એણી પરે ચોવીસ દંડકે, ભવ માંહે પ્રાણી ભમિયો રે;
અનંત ચોવીસી વહી ગઈ, પણ જિનમારગ નવી ગમિયોરે. ૧
ધન ધન દિન મારે આજનો, મુને ત્રિભુવનનાયક ત્રૂઠોરે;
શ્રી જિનશાસન પામીઓ, આજ મેહ અમીરસ વુઠોરે. ધન૦ ૨
**સત્તર એકયાસીયે** ચૈત્રમાં, વારુ વદિ છઠ મંગલવાર રે;
વીતરાગ ઇમ વીનવ્યા, સુરયપુર નગર મોઝાર રે. ધન૦ ૩
શ્રી વાસુપૂજ્ય પસાઉલે, **હીરરત્નસૂરિ** સાનિધ્યે રે;
**વાચક ઉદયરતન** વદે, રિદ્ધિ વૃદ્ધિ વાધે સર્વ સિદ્ધિ રે. ધન૦ ૪

(રાગ ધન્યાશ્રી)

ઋષભ અજિત અભિનંદન, સુમતિ પદ્મ સુપાસજી;
ચંદ્ર પ્રભ સુવિધિ શીતલ શ્રેયાંસ, વાસુપૂજ્ય વિમલ જિન ખાસજી.

અનંત ધર્મ શાંતિ કુંથુ અર, મલ્લી મુનિસુવ્રત નમિ નેમજી;
પાર્શ્વ વીર ચોવીશે પ્રણમું, પરમ ઉદય લહી પ્રેમજી. ૧

## જિનપ્રતિમાનું સ્તવન

(ચોપાઈની દેશીમાં)

જેહને જિનવરનો નહીં જાપ, તેહનું પાસું ન મેલે પાપ,
જેહને જિનવરશું નહીં રંગ, તેહનો કદી ન કીજે સંગ. ૧
જેહને નહીં વાહાલા વીતરાગ, તે મુક્તિનો ન લહે તાગ,
જેહને ભગવંતશું નહીં ભાવ, તેહની કુણ સાંભલશે રાવ. ૨
જેહને પ્રતિમાશું નહીં પ્રેમ, તેહનું મુખડું જોઈએ કેમ,
જેહને પ્રતિમાશું નહીં પ્રીત, તે તો પામે નહિ સમકિત. ૩
જેહને પ્રતિમાશું છે વેર, તેહની કહો શી થાશે પેર,
જેહને જિનપ્રતિમા નહીં પૂજ્ય, આગમ બોલે તેહ અપૂજ્ય. ૪
નામ થાપના દ્રવ્ય ને ભાવ, પ્રભુને પૂજો સહી પ્રસ્તાવ,
જે નર પૂજે જિનનાં બિંબ, તે લહે અવિચલ પદ અવિલંબ. ૫
પૂજા છે મુક્તિનો પંથ, નિતનિત ભાખે ઇમ ભગવંત,
સહિ એક નર કવિના નિરધાર, પ્રતિમા છે ત્રિભુવનમાં સાર. ૬
**સત્તર અઠાણું** આષાઢી બીજ, ઉજ્જવલ કીધું છે બોધ બીજ,
ઇમ કહે **ઉદયરતન ઉવજ્ઝાય,** પ્રેમે પૂજો પ્રભુના પાય. ૭

## પૂજાનું સ્તવન

ગોડીડા બાર ઉઘાડ પણ છે પૂજાનું.

જગવલ્લભ પ્રભુનામ છે જેહનું, મુને દર્શન તેનું દેખાડ. પણ૦ ૧
જે માગે તે આપું તુજને, મેહેલ તું મનની ગાંઠ, પણ૦
ક્ષણ એક જાયે તે મુજ ન ખમાયે, એહનું હેજ લાગું છે
મહારે હાડ. પણ૦ ૨
આવ્યો છું જોવા, પાવન હોવા, મરડી મોહની વાડ, પણ૦
ફૂલ સુરંગા અને બહુરંગા, મેં તો લીધાં છે મોંઘે પાડ. પણ૦ ૩

પાસ જિનેસર પ્રભુ પરમેસર, એહને કેશરની કરું આડ, પણ૦
તુજ મુજ સાહેબ એક છે માટે, મ્હારા મનની હોંશ
પહોંચાડ. પણ૦ ૪
નસા પોલમાં બેઠો નસાડે, દુર્જય મોહની ધાડ, પણ૦
**ઉદયરતન** કહે હું દાસ છું તેહનો, મ્હારા કર્મની કાસલ કાઢ.
પણ૦ ૫

## વરસીતપના પારણાનું સ્તવન

બાબાજી વિનતિ અવધારો,
મારે મંદિરિયે પાઉ ધારો. બાબાજી૦
શ્રી રિખવ વરસોપવાસી,
પૂરવની પ્રીત પ્રકાશી,
શ્રેયાંસ બોલે શાબાશી. બાબાજી૦
શેલડીરસ સૂજતો વહોરો,
ન કરાવો ન્હોરો,
દરિસણ ફલ આપો દોરો. બાબાજી૦
અજુઆલી ત્રીજ વૈશાખી,
પંચ દિવ્ય થયાં સુર સાખી,
એ તો દાન તણી ગતિ દાખી. બાબાજી૦
એમ યુગાદિ પર્વ જાણો,
અખાત્રીજ નામે વખાણો,
સહુ કોઈ કરે ગલમાણો. બાબાજી૦
સહસ્ર વર્ષે કેવળ પાયો,
એક લાખ પૂરવ અર આયો,
પછી પરમ મહોદય પાયો. બાબાજી૦
એમ વદે **ઉદય ઉવજ્ઝાયા**,
પૂજો જી તમે રિખવના પાયા,
જેણે આદિ ધર્મ ઉપાયા. બાબાજી૦

# સ્તુતિઓ

## આદિજિન સ્તુતિ

(જય જય ભવિ હિતકર – એ દેશી)

શ્રી પ્રથમ જિનેસર, રિસહેસર પરમેશ,
સેવકને પાલે, ટાલે કરમ કલેશ;
ઇન્દ્રાદિક દેવા, સેવા સારે જાસ,
મરૂદેવાનંદન વંદન કીજે તાસ. ૧

અષ્ટાદશ દોષા, અષ્ટ કરમ અરિહંતા,
પ્રતિબંધ નિવારી, વસુધાતલે વિચરંતા;
જે ગત ચોવીસી, અનાગત વર્તમાન,
તસ પાયે લાગું, માગું સમકિત દાન. ૨

પુંડરિક ગિરિ કેરો, પ્રવચનમાં અધિકાર,
દીઠે દુઃખ વારે, ઉતારે ભવપાર;
સિદ્ધાચલ સિદ્ધા, સાધુ અનંતી કોડ,
આગમ અનુસારે, વંદું બે કર જોડ. ૩

રવિમંડલ સરીખાં, કાને કુંડલ હોય,
સુખસંપત્તિકારક વિઘનનિવારક સોય;
ચક્કેસરી દેવી, ચક્ર તણી ધરનારી,
સેવક સાધારી, **ઉદયરત્ન** જયકારી. ૪

## આદિજિન સ્તુતિ

અતિ સુઘટ સુંદર, ગુણ પુરંદર, મંદરરૂપ સુધીર,
ઘન કર્મકદલી દલન દંતી, સિંધુ સમ ગંભીર;
નાભિરાયનંદન, વૃષભ લંછન, ઋષભ જગદાનંદ,
શ્રી રાજવિજય સૂરીંદ તેહના, વંદે પદઅરવિંદ. ૧
સુરનાથ સેવિત, વિબુધ વંદિત, વિદિત વિશ્વાધાર,
હોય સામલા, હોય ઊજલા, હોય નીલ વર્ણ ઉદાર;
જાસૂદ ફૂલ, સમાન હોઈ, સોલ સોવન વાન,
શ્રી રાજવિજય, સૂરિરાજ અહોનિશ, ધરે તેહનું ધ્યાન. ૨
અજ્ઞાન મહાતમ રૂપ રજની, વેગે વિદ્ધંસણ તાસ,
સિદ્ધાંત શુદ્ધ, પ્રબોધ ઉદયો, દિનકર કોડી પ્રકાશ;
પદબંધ શોભિત, તત્ત્વ ગર્ભિત, સૂત્ર પીસ્તાલીશ,
અતિ સરસ તેહના, અર્થ પ્રકાશે, શ્રી રાજવિજયસૂરીશ. ૩
ગજગામિની, અભિરામ કામિની, દામિની શી દેહ,
સા કમલનયણી, વિપુલ વયણી, ચક્કેસરી ગુણ ગેહ;
શ્રી **રાજવિજય** સૂરિંદ પાયે, નિત્ય નમતી જેહ,
કહે **ઉદયરત્ન**, વાચક જૈનશાસન, વિઘ્ન નિવારો તેહ. ૪

## શાંતિજિન સ્તુતિ

સકલ સુખાકર પ્રણમિત નાગર, સાગર પરેં ગંભીરોજી,
સુકૃત લતાવન, સિંચન ઘનસમ, ભવિજન મન તરુ કીરોજી;
સુરનર કિન્નર અસુર વિદ્યાધર, વંદિત પદઅરવિંદજી,
શિવસુખકારણ, શુભ પરિણામે, સેવો શાંતિ જિણંદજી. ૧
સયલ જિનેસર ભુવન દિણેસર, અલવેસર અરિહંતાજી,
ભવિજન કુમુદ, સંબોધન શશિ સમ, ભયભંજન ભગવંતાજી;
અષ્ટ કરમ અરિ, દલ અતિ ગંજન, રંજન મુનિજન ચિત્તાજી,
મન શુદ્ધે જે, જિનને આરાધે, તેહને શિવસુખ દિત્તાજી. ૨

સુવિહિત મુનિજન, માનસરોવર, સેવિત રાજ મરાલોજી,
કલિમલ સકલ, નિવારણ, જલધર, નિર્મલ સૂત્ર રસાલોજી;
આગમ અકલ, સુપદ પદે શોભિત, ઊંડા અર્થ અગાધોજી,
પ્રવચન વચના તણી જે રચના, ભવિજન ભાવે આરાધોજી. ૩

વિમલ કમલદલ, નિર્મલ લોયણ, ઉલ્લસિત ઉરે લલિતાંગીજી,
બ્રહ્માણી, દેવી નિરવાણી, વિઘ્નહરણ કણયંગીજી;
મુનિવર મેષ, રત્નપદ અનુચર, અમર રત્ન અનુભાવેજી,
નિરવાણી દેવીપ્રભાવે, ઉદય સદા સુખ પાવેજી. ૪

## શાંતિનાથની સ્તુતિ

ગજપુર અવતારા, વિશ્વસેન કુમારા,
અવનિ તલે ઉદારા. ચક્કવી લછી ધારા;
પ્રતિદિવસ સવારા, સેવીએ શાંતિ સારા,
ભવજલધિ અપારા, પામીએ જેમ પારા. ૧

જિમ ગુણ જસ મલ્લી, વાસના વિશ્વ વલ્લી,
મદ સદન ચ સલ્લી, માનવંતી નિસલ્લી;
સકલ કુશલ વલ્લી, ફૂલડે વેગ ફૂલી,
દુખ દુરિત તસ દુલ્લી, તા સદાશ્રી બહુલી. ૨

જિન કથિત વિશાલા. સૂત્ર શ્રેણી રસાલા,
સકલ સુખ સુકાલા, મેલવા મુક્તિબાલા;
પ્રવચન પદમાલા, દ્યુતિકાયે દયાલા,
ઉર ધરી સુકુમાલા, મૂકીએ મોહજાલા. ૩

જિનવચન વખાણી, સૂત્રમાં જયમ પ્રમાણી,
ભગવતી બ્રહ્માણી, વિઘ્નહંતા નિર્વાણી;
જિનપદ લપટાણી, કોડી કલ્યાણ ખાણી,
ઉદયરત્ને જાણી, સુખદાતા સયાણી. ૪

## નેમિનાથની સ્તુતિ

શ્રી ગિરનારે જે ગુણ નીલો, તે તરણ તારણ ત્રિભોવન તિલો;
નેમીસર નમિયે તે સદા, સેવ્યો આપ સંપદા. ૧
ઇંદ્રાદિક દેવ જેહને નમે, દર્શન દીઠે દુઃખ ઉપશમે;
જે અતીત અનાગત વર્તમાન, તે જિનવર વંદું પરધાન. ૨
અરિહંતે વાણી ઉચ્ચરી, ગણધરે તે રચના કરી;
પીસ્તાલીશ આગમ જાણિયે, અર્થ તેના ચિત્તે આણિયે. ૩
ગઢ ગિરનારની અધિષ્ઠાયિકા, જિનશાસનની રખવાલિકા;
સમરું સા દેવી અંબિકા, કવિ **ઉદયરત્ન** સુખદાયિકા. ૪

## પાર્શ્વનાથજિન સ્તુતિ

(રાગ : શ્રી શત્રુંજય તીરથ સાર)

જગજન ભંજન માંહે જે ભલિયો, જોગિસર ધ્યાને જે કલિયો,
શિવવધૂ સંગે હલિયો,
અખિલ બ્રહ્માંડે જે ઝલહલિયો, ષટ્દર્શન મતે નવ ખલિયો,
બલવંત માંહે બલિયો,
જ્ઞાનમહોદય ગુણ ઉચ્છલિયો, મોહ મહાભટ જેણે છલિયો,
કામ સુભટ નિર્દલિયો,
અજરઅમર પદ ભારે લલિયો, સો પ્રભુ પાસજિનેસર મલિયો,
આજ મનોરથ ફલિયો. ૧
મુક્તિ મહામંદિરના વાસી, અધ્યાત્મપદના ઉપાસી,
આનંદરૂપ વિલાસી,
અગમ અગોચર જે અવિનાશી, સાધુશિરોમણિ મહાસંન્યાસી,
લોકાલોક પ્રકાશી,
જગ સઘલે જેહની શાબાશી, જીવાયોનિ લાખ ચોરાસી
તેહના પાસ નિકાસી,

ઝલહલ કેવલ જ્યોતિકે આસી, અથિર સુખના જે નહિ આસી,
વંદું તેહને ઉલ્લાસી. ૨
શ્રી જિનભાષિત પ્રવચનમાલા, કંઠે ધરો સુકુમાલ,
મ્હેલી આલપંપાલ,
મુક્તિ વરવાને વરમાલા, ચારુ વર્ણ તે કુસુમ રસાલા,
ગણધરે ગૂંથી વિશાલા,
મુનિવર મધુકરરૂપ મયાલા, ભોગી તેહના વલી ભૂપાલા,
સુરનર કોડી રઢાલા,
તે નર ચતુર અને વાચાલા, પરિમલ તે પામે ઇગતાલા
ભાવે ભવજંજાલા. ૩
નાગનાગિણી અધબળતાં જાણી, કરુણાસાગર કરુણા આણી,
તત્ક્ષણ કાઢયાં તાણી,
નવકારમંત્ર દીયો ગુણખાણી, ધરણીધર પદ્માવતી રાણી,
થયાં ધણિધણિયાણી,
પાસપસાયે પદ પરમાણી, સા પદ્મા જિનપદે લપટાણી,
વિઘ્નહરણ સયાણી,
ખેડા હરિયાલીમાં શુભ ઠાણી, પૂજો પાસ જિણંદ ભવિપ્રાણી,
ઉદય વદે એમ વાણી. ૪

## જ્ઞાનપંચમીની સ્તુતિ

(શત્રુંજય મંડણ ઋષભ જિણંદ દયાલ – એ દેશી)

પાંચમ દિન જન્મ્યા, પાંચ રૂપ સુરરાય,
નેમિને સુર શૈલે, ન્હવરાવા લેઈ જાય;
ઇંદ્રિય પંચ ગજને, હણવા પંચાનન સિંહ,
શ્રી હીરરત્નસૂરીશ્વર, લોપે ન તેહની લીહ. ૧
રાતા ને ધોળા, નીલા કાળા દોય હોય,
સોળ સોવનવાને, ઇમ જિન ચોવીસે હોય;

પંચમ જ્ઞાન પામી, પામ્યા પંચમ ઠાય,
હીરરત્નસૂરિવર, પ્રણમે તેહના પાય. ૨
પાંચમ તપ મહિમા, પ્રવચનમાં પરસિદ્ધો,
ભાવે ભવિ પ્રાણી, સદ્દહજો તે સિદ્ધો;
થયા થાશે થાય છે, જેહથી સિદ્ધ અછેહ,
શ્રી હીરરત્નસૂરિ, નિત્ય પ્રકાશે તપ તેહ. ૩
ગિરનારને ગોખે, પૂર્યો જેણે વાસ,
સહકારની લુંબી, સોહાવે કર ખાસ;
શાસન રખવાલી, કહે **ઉદયરત્ન ઉવજ્ઝાય,**
પ્રણમે તે અંબા, શ્રી **હીરરત્નસૂરિ** પાય. ૪

## પજુસણની સ્તુતિ

(રાગ : સત્તર ભેદી જિનપૂજા રચીને)

પર્વ પજુસણ સર્વ સજાઈ, મેલવીને આરાધો જી,
દાન શીલ તપ ભાવને ભેલી, સફલ કરો ભવ લાધો જી;
તત્ક્ષણ એહ પર્વથી તરીએ, ભવજલ જેહ અગાધો જી,
વીરને વાંદી અધિક આનંદી, પૂજી પુણ્યે વાધો જી. ૧
ઋષભ નેમ શ્રીપાસ પરમેસર, વીર જિણેસર કેરાં જી,
પાંચ કલ્યાણક પ્રેમે સુણીએ, વળી આંતરા અનેરા જી;
વીસે જિનવરના જે વારુ, ટાળે ભવના ફેરા જી,
અતીત અનાગત જિનને નમિયે, વળી વિશેષે ભલેરા જી. ૨
દશાશ્રુત સિદ્ધાન્ત માંહેથી સૂરિવર શ્રીભદ્રબાહુ જી,
કલ્પસૂત્ર એ ઉદ્ધરી સંઘને, કરી ઉપગાર જે સાહુ જી;
જિનવરચરિત્ર ને સમાચારી, થિરાવલી ઉમાહો જી,
જાણી એહની આણ જે લહેશે, લેશે તે ભવ લાહો જી. ૩
ચઉત્થ છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ, દશ પંદર ને ત્રીશ જી,
પીસ્તાલીશ ને સાઠ પંચોતેર, ઇત્યાદિક સુજગીશ જી;

ઉપવાસ એતા કરી આરાધે, પર્વ પજુસણ પ્રેમ જી,
શાસનદેવી વિઘન તસ વારે, ઉદયવાચક કહે એમ જી. ૪

## સિદ્ધચક્ર (નવપદ ઓળી)ની સ્તુતિ

અંગદેશ ચંપાપુરીવાસી, મયણા ને શ્રીપાલ સુખાસી,
સમકિતસું મનવાસી,
આદિ જિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આસી,
ભાવ ધરી વિશ્વાસી;
ગલિત કોઢ ગયો તેણે નાસી, સુવિધિસું સિદ્ધચક્ર ઉપાસી,
થયા સ્વર્ગના વાસી,
આસો ચૈત્ર પૂરણમાસી, પ્રેમે પૂજો ભક્તિ વિકાસી,
આદિ પુરુષ અવિનાશી. ૧

કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેસું ભરી હેમ કચોળી,
શુદ્ધ જળે અંઘોળી,
નવ આંબિલની કીજે ઓળી, આસો સુદિ સાતમથી ખોલી,
પૂજો શ્રી જિન ટોળી;
ચઉગતિ માંહે આપદા ચોળી, દુરગતિનાં દુઃખ દૂરે ઢોળી,
કર્મ નિકાચિત રોળી,
ક્રોધ કષાય તણા મદ રોળી, જિન શિવરમણી ભમર ભોળી,
પામ્યા સુખની ઓળી. ૨

આસો સુદ સાતમસું વિચારી, ચૈત્ર પણ ચિત્તસું નિરધારી,
નવ આંબિલની સારી,
ઓળી કીજે આળસ વારી, પ્રતિક્રમણ બે કીજે ધારી,
સિદ્ધચક્ર પૂજો સુખકારી;
શ્રી જિનભાષિત પરઉપગારી, નવ દિન જાપ જપો નરનારી,
જેમ લહિયે મોક્ષની બારી,

નવપદમહિમા અતિ મનોહારી, જિનઆગમ ભાખે ચમત્કારી,
જાઉં તેહુની બલિહારી. ૩
શ્યામ ભ્રમર સમ વેણી કાલી, અતિ સોહે સુંદર સુકુમાળી,
જાણે રાજ મરાળી,
જલહલ ચક્ર ધરે રૂપાલી, શ્રી જિનશાસનની રખવાળી,
ચક્કેસરી મેં ભાળી;
જે એ ઓળી કરે ઉજમાળી, તેનાં વિઘ્ન હરે સા બાળી,
સેવક જન સંભાળી,
**ઉદયરત્ન** કહે આસનવાળી, જે જિનનામ જપે જપમાળી,
તે ઘર નિત્ય દિવાળી. ૪

## અનાથી મુનિની સઝાય

(રાગ : પ્રભુ પાસનું મુખડું જોવા)

ભંભસારે વનમાં ભમતાં, ઋષિ દીઠો રયવાડી રમતાં;
રૂપ દેખીને મન રીઝયો, ભારે કર્મી પણ ભીંજ્યો. ૧
પાણિ જોડીને એમ પૂછે, સંબંધ તમારે શું છે;
નરનાથ હું છું અનાથ, નથી માહરે કોઈ નાથ. ૨
હરખે જોડી કહે હાથ, હું થાઉં તમારો નાથ;
નરનાથ તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ. ૩
મગધાધિપ હું છું મોટો, શું બોલે છે ભૂપ ખોટો;
નાથપણું નવિ જાણે, ફોગટ શું આપ વખાણે. ૪
વત્સદેશ કૌશમ્બીનો વાસી, રાજપુત્ર હું છું વિલાસી;
એક દિન મહારોગે ઘેર્યો, કેને તે પાછો ન ફેર્યો. ૫
માતાપિતા છે મુજ બહુ માહલા, વહેવરાવે આંસુના વેરા;
વડા વડા વૈદ્યો તેડાવે, પણ વેદના કોઈ ન હઠાવે. ૬
તેહવું જાણી તવ શૂલ, મેં ધાર્યો ધર્મ અમૂલ;
રોગ જાયે જો આજની રાત, તો સંયમ લેઉં પ્રભાત. ૭
ચિંતવતાં વેદના નાઠી, આખર બાંધી મેં કાઠી;
બીજે દિન સંયમભાર, લીધો ન લગાડી વાર. ૮
અનાથ સનાથનો વહેરો, તુમને દાખ્યો કરી ચહેરો;
જિનધર્મ વિના નરનાથ, નથી કોઈ મુગતિનો સાથ. ૯
શ્રેણિક તિહાં સમકિત પામ્યો, અનાથીને શિર નામ્યો;
મુગતે ગયો મુનિરાય, **ઉદયરત્ન** વંદે ઉવજ્ઝાય. ૧૦

## કપિલ ઋષિની સઝાય

(સૂત સિદ્ધારથ ભૂપનો રે – એ દેશી)

કપિલ નામે કેવળી રે, ઈણિ પરે દીયે ઉપદેશ;
ચોર સય પાંચને ચાહી રે, વિગતે વયણ વિશેષ રે.
નાચ ન નાચીએ, ચાર ગતિને ચોક રે, રંગે ન રાચીએ. નાચ૦ ૧
નાટક દેખાડયું નવું રે, ભવનાટકને રે ભાવ;
જે નાચે સવિ જીવડા રે, જ્યારે જે પ્રસ્તાવ રે. નાચ૦ ૨
પંચ વિષયને પરિહરી રે, ધરો મન સાથે રે ધીર;
કાયરનું નહિ કામ એ રે, નર જે-જે હોય વીર રે. નાચ૦ ૩
ભવદરિયો તરિયો દુઃખે રે, નિરમળ સંજમ નાવ;
ત્રણ ભુવનને તારવા રે, બાકી સર્વ બનાવ રે. નાચ૦ ૪
મન વચનાદિક વશ કરી રે, જયણા જે કરે જાણ;
દુરગતિનાં દુઃખ તે દલી રે, પામે પરમ કલ્યાણ રે. નાચ૦ ૫
લાભે લોભ વાધે ઘણો રે, દો માસા લહી દામ;
કોડી ધન મન કામના રે, તૃષ્ણા ન શમી તામ રે. નાચ૦ ૬
તસકર તે પ્રતિબૂઝિયા રે, કપિલ ઋષિ ઉપદેશ;
**ઉદયરતન વાચક** વદે રે, અરથ એહ લવલેશ રે. નાચ૦ ૭

## ચંદનબાળાની સઝાય

ચંપા તે નયરી દધિવાહન રાજા, ધારણી તસ પટરાણી રે,
આજકાલ અઠ્ઠમ તપ છે ભારી. ૧
દધિવાહન સુલતાની શું લડિયો, દધિવાહન ગયો હારી રે, આ. ૨
ઉત્તમ જીવ કુંખે રે ઊપન્યા, વસુમતી રાજકુમારી રે, આ. ૩
ધારણી રાણી વસુમતી કુંવરી, સુભટે કરી અપહારી રે, આ. ૪
રાણીજી પૂછે અમને શું કરશો, કરશું અમ ઘર નારી રે, આ. ૫
આવા વચન જેણે કાને રે સુણિયાં, મરણ કર્યો તત્કાલી રે, આ. ૬
વસુમતી પૂછે અમને શું કરશો, મૌન રહ્યો તેણી વારી રે, આ. ૭

મરણની બીકે વેચવા ચાલ્યો, આવીને ચોટલે ઉપાડી રે, આ. ૮
ચૌપદની પેરે ચૌટે વેચાણી, મૂલ કરે વેશ્યા નારી રે, આ. ૯
વસુમતી કુંવરી વેશ્યાને પૂછે, તુમ ઘેર કેશો આચારી રે, આ. ૧૦
મદિરા માંસનો બાઈ આહાર જ કરવો, નિત્ય નવા શણગારી રે, આ. ૧૧
વસુમતી કુંવરીએ ચક્રેશ્વરી આરાધી, વેશ્યાને વાંદરે વલૂરી રે, આ. ૧૨
ઇણ સમે શેઠ ધન્નોજી આવ્યા, લેઈ ચાલ્યા તત્કાલી રે, આ. ૧૩
વસુમતી કુંવરી શેઠને પૂછે, તુમ ઘેર કેશો આચારી રે, આ. ૧૪
પોસહ પડિક્કમણાં બાઈ શુદ્ધ સામાયિક, દેવવંદન ત્રિકાળી રે, આ ૧૫
આંબેલ એકાસણાં નિત્ય કરો, પાણી ગળો ત્રણ વારી રે, આ. ૧૬
શેઠ ધનાવહ કુંવરીને કહે છે, અમ ઘર એસો આચારી રે, આ. ૧૭
દાહ-જ્વર-રોગ શેઠશરીરે, રોગ ગયો તવ નાશી રે, આ. ૧૮
શેઠની સેવા કરે ઘણેરી, વિનીતા વસુકુમારી રે, આ. ૧૯
શેઠ ધનાવહ પુત્રીપણે રાખે, નામ દીધું ચંદનાકુમારી રે, આ. ૨૦
એક દિન શેઠજીના ચરણ ધોવંતી, વેણી ઢોળાઈ તેણી વારી રે, આ. ૨૧
વેણી ઉપાડી શેઠે ઊંચેરી મૂકી, વેણી છે ભોંય જેવી સારી રે, આ. ૨૨
આડી આંખે મૂળા જોવંતી, શેઠને દીધો બગાડી રે, આ. ૨૩
મારું તો માન એણે ઘટાડયું, હું કરું એને ખુવારી રે, આ. ૨૪
એક દિન શેઠજી ગામ સિધાવ્યા, કરવાને વેપારી રે, આ. ૨૫
અવસર જાણી જેણે કામ જ કીધું, માથાની વેણી ઉતારી રે, આ. ૨૬
પગમાં બેડી હાથે ડસકલાં, પૂરી છે ઓરડી અંધારી રે, આ. ૨૭
મનમાં સમતા આણે મહાસતી, અઠ્ઠમ પચક્ખી ચોવિહારી રે, આ. ૨૮
ચંદનબાળા મનમાં વિચારે, રહેવું તે પરઘર બારી રે, આ. ૨૯
ત્રીજે દિવસે શેઠ ઘેર જ આવ્યા, ન દીઠી ચંદનાકુમારી રે, આ. ૩૦
શેઠજી પૂછે કુમરી કીહાં ગઈ, ખબર કઢાવે તેના વારી રે, આ ૩૧
ધૂરકીને મૂળા દીયે જવાબ, શું જાણું ચંદના તુમારી રે, આ. ૩૨
મારું તે કેણ લગારે ન કરતી, રઝળતી પર ઘરબારી રે, આ. ૩૩
નારી રે જાતમાં દ્વેષ ઘણેરો, સાંખી ન શકે લગારી રે, આ. ૩૪

પાડોશમાં એક ડોસલી રહેતી, એકલડી નિરધારી રે, આ. ૩૫
શેઠજી પૂછે કુંવરી કિહાં ગઈ, માતાજી ચંદના તુમારી રે, આ. ૩૬
ડોસીએ કહ્યું મને નવ પૂછો, સબળ તુજ ઘરનારી રે, આ. ૩૭
પાડામાં રહેવું ને રાજીપો રાખવો, તક તણી છું ઓશિયાળી રે, આ. ૩૮
તમને તે દુઃખ દેવા ન દઉં, વાત કરો વિસ્તારી રે, આ. ૩૯
ડોસીએ વાત સર્વે સંભળાવી, શેઠજીને તેણી વારી રે, આ. ૪૦
તતક્ષણ શેઠજી ત્યાંથી રે ઊઠિયા, નાખ્યાં છે તાળાં ઉઘાડી રે, આ. ૪૧
ચંદનબાળાની અવસ્થા દેખીને, આંસુડાં વહે ચોધારી રે, આ. ૪૨
આંગળે વળગાડી શેઠ ઘેર જ લાવ્યા, આવીને ઉંબરે બેસાડી રે, આ. ૪૩
અડદના બાકુળા છાજલી ખૂણે, શેઠજી દીએ તેણી વેળા રે, આ. ૪૪
સુખે સમાધે બાઈ પારણું કરો, બેડી ભંગાવું છું તમારી રે, આ. ૪૫
તત્ક્ષણ શેઠ લુહારને તેડવા ચાલ્યા,
કુંવરી ભાવના ભાવે અતિ સારી રે, આ. ૪૬
ચંદનબાળા મનમાં વિચારે, જો આવે સાધુ ઉપગારી રે, આ. ૪૭
તેહવે સમે મહાવીરજી પધાર્યા, હુવા તે અભિગ્રહ ધારી રે, આ. ૪૮
ત્રણ દશ બોલમાં એક બોલ ઊણો, વીર પાછા વળ્યા તેણી વારી રે, આ. ૪૯
ચંદનબાળા મનશું વિચારે, હજુ જીવનાં કર્મ છે ભારી રે, આ. ૫૦
ચંદના રોતી જોઈ વીરજી વળિયા, બાકુળા વહોર્યા કર પસારી રે, આ. ૫૧
આકાશે દેવો દુંદુભિ વગાડે, સોનાવૃષ્ટિ હુઈ સાડીબાર કોટી રે, આ. ૫૨
બેડી તૂટી ને ઝાંઝર સોનાનાં, હાથે સોવન ચૂડી સારી રે, આ. ૫૩
તેવે સમયે રાય નૃપતિ આવ્યા, આવી તે મૂળા નારી રે, આ. ૫૪
મૂળાએ કહ્યું એ ધન મારું, એ ધનની હું ધણિયારી રે, આ. ૫૫
દેવે કહ્યું તમે દૂર જ રહેજો, તારું નથી તલભારી રે, આ. ૫૬
ચંદનબાળા દીક્ષા જ લેશે, ઓચ્છવ થશે અતિ ભારી રે, આ. ૫૭
એવે સમયે તે ધન ખરચાશે, જે દેખશે નરનારી રે, આ. ૫૮
છત્રીસ હજારમાં પ્રથમ જ હોંશે રે, ઉદયરત્નની એવી વાણી રે, આ. ૫૯

## નમિપ્રવજ્યા સઝાય

સુરલોકનાં સુખ ભોગવી હો શ્રોતા, નગરી મિથિલા નરેશ;
જાતિસ્મરણે જાગિયો હો શ્રોતા, મેલી ઋદ્ધિ અશેષ હો.
હું વારી શ્રોતા નિત્ય નમીજે.
નિત્ય નમીજે તેહને હો શ્રોતા, વિચરે દેશવિદેશ હો. હું૦ નિ૦ ૧
સંજમ લેઈ સંચર્યો હો શ્રોતા, મેલ્યો સહુનો મોહ;
કોલાહલ તવ ઉલ્લસ્યો રે શ્રોતા, વેઠયો ન જાય વિછોડ હો. હું૦ નિ૦ ૨
પુરંદર પારખા કારણે હો શ્રોતા, વિપ્રને વેશે તામ;
પરજળતી દાખે પુરી હો શ્રોતા, સુરપતિ સહસા ઉદ્દામ હો. હું૦ નિ૦ ૩
ઋદ્ધે ભરી દાઝે પુરી હો સાધુ, કાં તુમે મૂકો ઉવેખ;
મુનિ કાંઈ બળતી નથી હો વિપ્રા, ઋદ્ધિ મારી તિહાં રેખ હો. હું૦ નિ૦ ૪
પુરી એ સમરાવી પછે હો સાધુ, કરજો આતમ કાજ;
ગઢમઢમંદિર શોભતી હો સાધુ, રહે અવિચલ જિમ રાજ હો. હું૦ નિ૦ ૫
અવિચલ નગરી જેહ છે હો વિપ્રા, તિહાં કરશું મંડાણ;
અથિર તણો શો આશરો હો વિપ્રા, જિહાં નિત્ય પડે લંગાણ હો. હું૦ નિ૦ ૬
કોડી કટક જિત્યા થકી હો વિપ્રા, મન જિતે તે શૂર;
સુરપતિ સુરલોકે ગયો હો શ્રોતા, પરશંસી ભરપૂર હો. હું૦ નિ૦ ૭
પરમ ઉદય પામ્યા **નમિ** હો શ્રોતા, **ઉદયરતન ઉવજ્ઝાય**;
વલયથી મન વાલ્યું જિણે હો શ્રોતા, પ્રેમે નમું તસ પાય હો. હું૦ નિ૦ ૮

## બળભદ્રની સઝાય

શા માટે બંધવ મુખથી ન બોલો, નયણે આંસુડાની ધાર મુરારિ રે;
પુણ્ય જોગે દડિયો એક પાણી, જડયો છે જંગલ જોત.
મુરારિ રે. શા૦ ૧
ત્રિકમ રીસ ચડી છે તુજને, વનમાંહે વનમાળી;
વડા વારથી મનાવું છું વહાલા તુને, વચન ન બોલ ફરી વાર.
મુરારિ રે. શા૦ ૨

નગરી દાઝીને શોધ ન લાગી, મારી વાણી નીસુણી વ્હાલા;
આ વેળામાં લીધા અબોલા, કાનજી કાં થયા કાલા.
મુરારિ રે. શા૦ ૩

શી શી વાતો કહું શામળિયા, વિઠ્ઠલજી આ વેળા;
શાને કાજે મુજને સંતાપો, હરિ હસી બોલોને હેળા.
મુરારિ રે. શા૦ ૪

પ્રાણ અમારા જાશે પાણી વિના, અધઘડીને અણબોલે;
આરતી સઘળી જાયે અળગી, બાંધવ જો તું બોલ.
મુરારિ રે. શા૦ ૫

કુટુંબ સંહાર થયો માતાપિતા દેવલોકે, વલવલતા વિસ્મિત વાટ;
સંકટ પડ્યું સહાય નથી કોઈની, એકલડા નિરાધાર.
મુરારિ રે. શા૦ ૬

ત્રણ ખંડ નમાવીને વૈર વસાવ્યું, નથી ઊભા રહેવાનું ઠેકાણું;
પાંડવને દેશનિકાલો કીધો, નથી કોઈ બાંહે ગ્રહણહાર.
મુરારિ રે. શા૦ ૭

જરકશીના જામા પહેરતા, પીળાં પીતાંબર સોહે;
માથે મુગટ શિર છત્ર ધરંતા, ચઢતા સ્વારી શ્રી કાર.
મુરારિ રે. શા૦ ૮

રસવતી રસ ભોજન કરતા, મુખવાસ મનગમતાં;
ગલવટ ગાદી સુંવાળી ચાદર, પોઢતા સેજ પલંગ.
મુરારિ રે. શા૦ ૯

ભરી કચેરીમાં જઈ ધસમસતા, કોડી પરિજન સેવા સારે;
સોળ હજાર રાણી સાથે સુખ વિલસતા, રૂકિમણિ મુખ્ય પટરાણી.
મુરારિ રે. શા૦ ૧૦

એહવા સંસારમાં લીલા કરતાં, દૈવ દાટ શિર વાળી;
માતાપિતાને વિયોગે વિલખિત, પૂરવ કરમ વિપાક.
મુરારિ રે. શા૦ ૧૧

ભૂખતૃષાની વેદના સહેતાં, એ દુઃખથી સહુ દિલગીર;
એક હુંકારે હજાર ઊઠતાં, આજ રહ્યો એકાકાર.
મુરારિ રે. શા૦ ૧૨

આકુળવ્યાકુળ ચિત્ત ઉચાટન, શૂરવીરની મત છૂટા;
બળવંત બળભદ્ર હારણુ સાંનિધ્ય, કાંઈ કરો કરુણાય.
મુરારિ રે. શા૦ ૧૩

આકુલ જંગલ વાસ વન અટવીમાં ભમતાં, ભ્રાત શાણા ચતુર થઈ ચૂકો;
મુજ ઉપર શું કોપ કરીને, એક વાર દુઃખ મૂકો.
મુરારિ રે. શા૦ ૧૪

ચારે તરફની દિશાઓ દેવાણી, દુઃખમાં નથી રહી ખામી;
આગળ પથરા પાછળ છે કાંટા, વેળુમાં કરી પથારી.
મુરારિ રે. શા૦ ૧૫

સાંજના વેળા જરાકુમરે ત્યાં આવી, મૃગની ભ્રાંતે બાણ માર્યું;
કૃષ્ણ કહે એ કોણ મુજ વેરી, વિણ અપરાધે બાણ માર્યું.
મુરારિ રે. શા૦ ૧૬

કહે જરાકુમાર હું નહીં તુજ વૈરી, નેમનાં વચન કેમ થાય ખોટાં;
કૃષ્ણ કહે આ લ્યો કૌસ્તુભમણિ, જાઓ પાંડવચરણે ધાઈ.
મુરારિ રે. શા૦ ૧૭

ધરતીની ધારણા આભના આધારે, પાણી વિના વિલવિલતા;
એમ રુદન કરતા બલભદ્રજી, કૃષ્ણને ખંધે ચઢાવી.
મુરારિ રે. શા૦ ૧૮

ષટ માસ લગે પાળ્યો છબીલો, હૈયા ઉપર અતિ હેતે;
સિંધુતટે સુરને સંકેતે, હરિદહન કર્મ શુભ રીતે.
મુરારિ રે. શા૦ ૧૯

સંયમ, લઈ ગયા દેવલોકે, કવિ **ઉદયરત્ન** એમ બોલે;
સંસારમાંહિ બળદેવ મુનિને કોઈ ન આવે તોલે.
મુરારિ રે. શા૦ ૨૦

## ભીલ્લડીની સઝાય

સરસ્વતી સ્વામીને વિનવું, માગું એક પસાય;
સતી રે શિરોમણિ ગાઈશ્યું ધિંગડ મલ્લરાય. ૧
વન છે અતિ રૂયડો, ભીલ્લી કહે સુણો સ્વામીજી;
મારું વચન અવધારો, ફલ રે ખાવા અમે જાઈશું;
ઈણે વન મોઝાર. વન૦ ૨
ભીલ્લ કહે સુણો ગોરડી, ઈણે વન ન જાશો;
પરપુરુષ તમને દેખશે, ધિંગડ મલ્લરાય. વન૦ ૩
ભીલ્લી કહે સુણો સ્વામીજી, મારો વચન અવધારો;
પરપુરુષ ભાઈ બંધવ, મારે ભીલ્લ છે રાય. વન૦ ૪
સ્વામી તણી આજ્ઞા લઈ, ભીલ્લી રમવાને ચાલી;
વન રે દીઠો રળિયામણો, ભીલ્લી ખેલવા લાગી. વન૦ ૫
દ્રમકરાય પૂંઠે ઊભો, ઝબકી નાઠી રે ભીલ્લી;
કમળે કમળે ગુફા છે, ભીલ્લી ભીતિમાં પેઠી. વન૦ ૬
ગજગતિ ચાલે ચાલતી, તારા દુઃખે છે પાય;
નમણી પદ્મણી વાલહિ પ્હેરણ પ્હેર્યાં છે પાન. વન૦ ૭
રાય કહે પ્રધાન સુણો, ભીલ્લી રૂપે છે રૂડી;
ભોળ કરીને ભોળવો, મારે મંદિરે લાવો તેડી. વન૦ ૮
પ્રધાન ચઢીને આવિયો, વાગ્યો ભીલ્લીને પાય;
રાય કહે પ્રાણ તજું, શું કરવું મોરી માય. વન૦ ૯
કહે તું અપ્સરા દેવકન્યા, કહે તું દેવ જ પુત્રી;
એક અચંબો મુજને પડ્યો, પ્હેરણ પહેર્યાં છે પાન. વન૦ ૧૦
નહીં હું અપ્સરા દેવકન્યા, નહીં હું દેવ જ પુત્રી;
જન્મ દીયો મુજ માવડી, રૂપ દીયો કિરતાર. વન૦ ૧૧
વન વસો તમો ઝૂંપડાં, આવો અમારે વાસ;
અમ રે સરીખા રાજિયા, કેમ મેલો નિરાશ ? વન૦ ૧૨

વન ભલું રે મારું ઝૂંપડું, ખપ નહીં રે આવાસ;
અમ રે સરખી ગોરડી, તારે ઘેર છે દાસ. વન૦ ૧૩
સાલ દાલ ઘૃત સાલણા, નિત્ય નવાં રે તંબોલ;
પેરણ ચીર પટોલિયા, બેસો હીંચકે હીંડોલ. વન૦ ૧૪
ભોજન કાંઈક કરાવીએ, રાજા અર્થે અજાણ્યો;
ભોજન અમારો કદકિયાં, તાંદલા દે વજીર. વન૦ ૧૫
પેરણ કાંઈક સરાવીએ, રાજા અર્થે અજાણ્યો;
પેરણ પાન પટોલિયા, મુજ ભીલ્લને સોહે. વન૦ ૧૬
પૃથ્વીપતિનો રાજિયો, તે તો કહીએ બાપ;
અમને પરિષહ કાં કારે, તમને લાગે છે પાપ. વન૦ ૧૭
મેરુ ડગે તો હું ડગું, ઊગે પશ્ચિમ ભાણ;
શિયલ ખંડિત મારું નવિ કરું, જો જાયે પ્રાણ. વન૦ ૧૮
રાય તુરંગેથી ઊતરિયો, લાગ્યો ભીલ્લીને પાય;
વચન કુવચન કીધાં ઘણાં, તે ખમજો મોરી માય. વન૦ ૧૯
ભેર વાગે ભુંગલ વાગે, વાગે નવરંગ તાલ;
ભીલ્લી પધાર્યાં મંદિરે, વર્ત્યો જયજયકાર. વન૦ ૨૦
**ઉદયરત્ન**ની વિનંતી, એ ઢાલ છે પૂરી;
નરનારી તમે સાંભળો, એ સતી છે રૂડી. વન૦ ૨૧

## શાલિભદ્રની સઝાય

બોલો બોલો રે શાલિભદ્ર,
દો વરિયાં દો વરિયાં દો ચાર વરિયાં. બોલો૦ ૧
માય તુમારી ખરી પુકારે, વહુઅર સબ આગે ખરિયાં. બોલો૦ ૨
પોઢયો પુત્ર શિલા પર દેખી, આંખે આંસુ ઝળહળિયાં. બોલો૦ ૩
ફૂલની શય્યા જેહને ખૂંચતી, તેણે સંથારો શિલા કરિયાં. બોલો૦ ૪
પૂરવ ભવ માડી આહીરણી, આહાર કરી અણસણ કરિયાં. બોલો૦ ૫

આજ પીછે ડુંગર ચઢનેકી, સુસ કરું ઇણ વરિયાં. બોલો૦ ૬
સન્મુખ બોલ જોયો નહિ માકું, ધ્યાન નિરંજન મન ધરિયાં. બોલો૦ ૭
કાજ સરે **ઉદયરત્ન** ઉનહીકે, જિણે પલકમેં શિવ વરિયાં. બોલો૦ ૮

## શાલિભદ્ર ધન્નાની સઝાય

અજીયાં જોરાવર કર્મ જે જાલમી,
અજીયાં શાલિભદ્ર ધન્ના હોય સંત, ધર્મના ધોરી રે;
અજીયાં મહાવીર વયણે માતા વંદીએ,
અજીયાં બત્રીશ વહુ બલવંત; ધર્મના ધોરી રે,
મુનિ તો વૈભારગિરિ જઈ વંદીએ. ૧
અજીયાં માસખમણને પારણે, અજીયાં આવ્યા દોય અણગાર, ધ૦
અજીયાં પણ તે કેણે નવિ ઓલખ્યા, અજીયાં આપ્યો નહિ વળી આહાર. ધ૦ ૨
અજીયાં વલતી મહિયારી મહિ આપીને,પડિલાભ્યાં દોય અણગાર, ધ૦
અજીયાં પૂર્વ ભવ કરી માવડી, અજીયાં પૂછતાં પ્રભુ કહે વિચાર. ધ૦ ૩
અજીયાં તવ તેણે અણસણ આદર્યું, અજીયાં વૈભારગિરિ જઈ તેહ, ધ૦
અજીયાં માતા મહિલા તિહાં આવિયાં,અજીયાં વદે તે બહુ ધરી નેહ.ધ૦ ૪
અજીયાં ફૂલની શય્યા જેને ખૂંચતી, અજીયાં સંથારો શિલા કરી સેજ, ધ૦
અજીયાં નાથજી અમ સામું જુઓ, અજીયાં હરખાણી કહે ધરી નેહ. ધ૦ ૫
અજીયાં માતવચન મન વેધિયું. અજીયાં મોહે ઘેર્યું મન, ધ૦
અજીયાં જનની સામું જોયું તદા, અજીયાં ધીરજ ધરી રહ્યા ધન્ન. ધ૦ ૬
અજીયાં સર્વાર્થ સિદ્ધ જઈ ઊપજે, ધન્નો પહોંચ્યો મુક્તિ મોઝાર, ધ૦
અજીયાં **ઉદયરત્ન** વંદે તેહને, અજીયાં તે પામે ભવજળ પાર. ધ૦ ૭

## સનત ચક્રવર્તીની સઝાય

(રાગ : સોરઠી ચાલ)

કુરુદેશે ગજપુર ઠામેં, શ્રી સનતકુમાર ઇણેં નામેં;
ચક્રવર્તી ચોથો સોહેં, તનતેજે ત્રિભોવન મોહેં. ૧

રૂપવંત માંહે એક રેખ, વખાંણ્યો ઇંદ્રે વિશેષ;
સુરપતિની સાંભલી વાંણી મનમાંહે સંશય આંણી. ૨
દોય દેવ ભરાણા ખેદે, આવ્યા તિહાં બ્રાહ્મણવેશે;
નાહવા બેઠો છે નંદ, જાણે ઊગ્યો પૂનમચંદ. ૩
નિજ રમાડી જવ નીરખે, રૂપ દેખીને મન હરખે;
પેખીને પામ્યા તમાશા, સહી ભાગ્યા મનના સાંસા. ૪
અહો અહો એહનું રૂપ, ત્રિભોવન માંહે રે અનુપ;
વિધાતાએ હાથે ઘડિયો, પૂન્યે એ નિજરે પડિયો. ૫
બોલાવે તિહાં રાજન, તિહાંરે વિપ્ર તે ભાખે વચન;
તુઝ રૂપ જોવા મહારાજ, દૂરેથી અમે આવ્યા આજ. ૬
શું જુઓ છો સસનેહા, ખેલે ખરડી છે મુઝ દેહા;
શિરછત્ર ધરાવું જિહાં રે, માહરું રૂપ તે જોજ્યો તિહારે. ૭
આભૂષણ પહિરી અંગે સભામાં બેસી રંગે;
વેગે તે વિપ્ર તેડાવ્યા, તે પણ તતકાલિ તિહાં આવ્યા. ૮

ઢાલ ૧ : રાગ કેદારો

(રામ સીતાને ધિજ કરાવે – એ દેશી)

તવ વિપ્ર કહે તે વાણી રે, સુણ સુણ રે તું ચક્રી પ્રાણી;
એવડો શો અંતર દીસે રે, તિહારે ચક્રી બોલ્યો રીસે. ૧
તમે પશ્ચમબુદ્ધિ કહાવો રે, વલી ભિક્ષુકનાં નામ ધરાવો;
પારખું કરી શું જાણો રે, આભૂષણે રૂપ પલટાણો. ૨
તિહારે દેવ કહે સુણો સ્વામી રે, તાહરા રૂપ માંહે થઈ ખામી રે;
સોળ રોગ જે મહા વિકરાલ રે, ઘટમાં વ્યાપ્યા તતકાલ. ૩
ઇમ સાંભળીને તેણે ઠાય રે, મનમાં કલકલિયો રાય;
તંબોલ થૂંકી જવ પેખે રે, ટલવલતા કીડા દેખે. ૪
હયગયરથ મણી પાલા રે, વલી બત્રીસ સહસ ભૂપાલા,
સહસ પચાવિસ જક્ષ જે વારુ રે, છ ખંડનું રાજ્ય દીદારૂ. ૫

ચઉદ રતન ને નવે નિધાન રે, બીજી રિદ્ધિનું નહિ માન રે;
દેશનગર ને ગ્રંથભંડાર રે, તે તો વોસરાવે તેણી વાર. ૬
શ્રી સનતકુમાર સોભાગી રે, સંજમ લેઈ વયરાગી;
મનથી મેહલી સર્વ માયા રે, એકાકી કસે રે તે કાયા. ૭

ઢાલ ૨

(બેટી ટોડરમલકી – એ દેશી)

શેઠ સેનાપતિ વાગિયા મુગટધારી રાજન,
કેડ ન મૂકે કામિની પુરોહિત ને પ્રધાન.
પ્રાણજીવન ઘરે આવનાં, આવનાં દીલ લ્યાવના. પ્રાણ૦ ૧
અરજ કરે રાણારાજિયા, પાય નમે પરિવાર,
આંસુ ઢાળી કહે અંગના, સામું જુઓ એક વાર. પ્રાણ૦ ૨
ઠમક ઠમક પગલાં ઠવે, નયણે વરસે મેહ,
સ્ત્રીરત્ન કહે સાહેબા, છટકી ન દીજે છેહ. પ્રાણ૦ ૩
એક લાખ વલી ઉપરે, બાલા બાણું હજાર,
દાંતે દેઈ દસ આંગૂલી, વિનવે વારોવાર પ્રાણ૦ ૪
ખાંતે ખોળા પાથરી વીનતી કરે કર જોડી;
એક વાર બોલોને તાતજી, ઇમ કહે સુત સવા કોડી પ્રાણ૦ ૫
છત્ર ધરે શિર ઉપરે, ચમર વીંજે બીહું પાસ;
ઇમ કેડે ફરતાં થકાં, વહી ગયા ખટમાસ પ્રાણ૦ ૬
ન જુએ સાહમું બોલે નહીં, તવ વંદીને પાય
પોહતું સહુ નિજ થાનકે, વિહાર કરે મુનિરાજ પ્રાણ૦ ૭

ઢાલ ૩

(ધણી સમરથ પિયુ નાનડો – એ દેશી)

ધન ધન સનતકુમારને, ઇંદ્રસભામાં પ્રશંસે ઇમ,
કર્મ અહીં આ સે આપણાં, પણિ પીડા ગણાં સૂ નહી પ્રેમ.
ધનધન૦ એ આંકણી. ૧

ઇંદ્રવચન અણમાંનતો, વૈદ્ય રૂપે આવ્યો સુર કોય;
પણ છલ ન પડે સાધુજી, અનેક ઉપાય કહી થાકો સોય. ધન૦ ૨
થૂંક અડે જેણે થાનકે, સોનાવરણી થાઇ દેહ;
લબધિ દેખી મુનિરાજની, દેવલોકે દેવ ગયો તેહ. ધન૦ ૩
ખટખંડ પ્રથવી ભોગવિ, ચક્રિપણે વરસ દોય લાખ;
લાખ વરસ દીક્ષા વલી, પાલી તેહની શાસ્ત્રે સાખ્ય. ધન૦ ૪
સાતસે વરસ જગે જેણે, રોગ પરીસહ અહી આ સ્યો અંગ;
પણ ઉપચાર કીધો નહીં સમતા શું રાખો મન સંગ. ધન૦ ૫
પોહોતો સુરલોક પાંચમે, ચારિત્ર પાલી નિરતિ ચાર;
એક ભવને આંતરે મુગતે જાસ્યે તે નિરધાર. ધન૦ ૬
શ્રી ધર્મનાથને શાસને, ઉદ્યોતકારી થયો ઋષિરાય;
**ઉદયરત્ન** મુનિ તેહના, એ કર જોડીને વંદે પાય. ધન૦ ૭

## (મહાસતી) સીતાજીની સઝાય

જનકસુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામી;
પાલવ મ્હારો મેલને પાપી, કુળને લાગે છે ખામી.
અડશો માંજો માંજો માંજો માંજો, અડશો માંજો;
મ્હારો નાહલિયો દુહવાય અડશો૦
મ્હારું મન માંહેથી અકળાય અડશો૦ એ આંકણી.
મેરુ મહીધર ઠામ તજે જો, પથ્થર પંકજ ઊગે;
જો જળધિ મર્યાદા મૂકે, પાંગળો અંબર પૂગે. અડશો૦ ૧
તો પણ તું સાંભળને રાવણ, નિશ્ચય શિયલ ન ખંડું;
પ્રાણ હમારા પરલોકે જાવે, તો પણ સત્ય ન છંડું. અડશો૦ ૨
કુણ મણિધરનો મણિ લેવાને, હૈડે ઘાલે હામ;
સતી સંઘાતે સ્નેહ કરીને, કહો કુણ સાધે કામ. અડશો૦ ૩
પરદારાનો સંગ કરીને, આખર કોણ ઊગરિયો;
ઊંડું તો તું જોને આલોચી, સહી તુજ દહાડો કરિયો. અડશો૦ ૪

જનકસુતા હું જગ સહુ જાણે, ભામંડલ છે ભાઈ;
દશરથનંદન શિરે છે સ્વામી, લક્ષ્મણ કરશે લડાઈ. અડશો૦ ૫
હું ધણિયાણી પિયુ ગુણ રાતી, હાથ છે મ્હારે છાતી;
રહે અળગો તુજ વયણે ન ચળું, કાં કુળે વાયે છે કાતી. અડશો૦ ૬
**ઉદયરતન** કહે ધન્ય એ અબળા, સીતા જેહનું નામ;
સતીઓ માંહે શિરોમણિ કહિયે, નિત્ય નિત્ય હોજો પ્રણામ.
અડશો૦ ૭

## સ્થૂલભદ્રજીની સઝાય

(પ્રભુ! જગજીવન જગબંધુ રે – એ દેશી)

તું શ્યાને કરે છે ચાળા રે, હું નવિ ચૂકું રે;
મને વ્હાલી લાગે છે માળા રે, ધ્યાન ન મૂકું રે.
શિયલ સાથે મેં કીધી સગાઈ, મેં તો મેલી બીજી માયા;
જાલિમ મયણને જેર કરીને, જીતનિશાન બજાયા રે. હું૦ ૧
વજ્રકછોટો મેં વાળ્યો સૂધો, તારો છોડયો નવિ છૂટે;
જો મંજારી ઘણું અકળાયે, તોયે ત્રાપે ન શીંકું તૂટે રે. હું૦ ૨
શશધર જો અંગારા વરસે, સમુદ્ર મર્યાદા મૂકે;
પવને જો કનકાચલ ડોલે, નક્ષત્ર મારગ ચૂકે રે. હું૦ ૩
તો પણ તાહરે હું વશ નાવું, સુંદરી માનજે સાચું;
રાઈનો પાડ તો વહી ગયો રાતે, હવે નથી મનડું કાચું રે. હું૦ ૪
સો બાળક જો સામટા રૂએ, પાવૈયે ન ચડે પાનો;
ફોગટ એ શા પાખંડ કરે છે, લાગે નહિ મને તાનો રે. હું૦ ૫
જેણે મુનિવરે ત્રેવડી કોશ્યાને, પગની મોજડી તોલે;
તેહને માહરી વંદના હોજો, **ઉદયરતન** એમ બોલે રે. હું૦ ૬

## હંસરત્નજીની સઝાય

પુનઃ કીહાં મરુધર કીહાં મેવાડ, પાંચવટું કીહાં પોરવાડ હો;
અવસર જોર ભજ્યો સંયમ લોભી, એ તો પ્રવચન માતાનો
મોભી હો. અવ૦ ૧

વરધાસુત માંનબાઈજાયા, હેમરાજ કહી હુલરાયા હો; અવ૦
કીહાં રાજવિજય સૂરિગછ, હંસરતન થયા જ હંસવછ હો. અવ૦ ૨
કીહાં ગુજર કીહાં કાંનમ ધરતી, ચોફેર ફરસી જેણે ફરતી હો. અવ૦
સઘળા મેહલી સહવાસ, મીયામાં પૂર્યો જેણે વાસ હો. અવ૦ ૩
કાંનનમેં ગીતારથ કીધો, મીયાં માંહે માહા જસ લીધો હો; અવ૦
વાંચું જીહાં ભગવતીસૂત્ર, સઘલે શતકે સસૂત્ર. અવ૦ ૪
સત્તરસેં અઠાણુઆ વરષેં, ચઈતર સુદ શુકર હરષે હો; અવ૦
નવમીએ થયું નિરવાણ, દસમીએ જાંણ્યું કલ્યાણ હો. અવ૦ ૫
નવકાર આંબેલ તપ આદે, આપ્યાં બહુ વાદોવાદ હો; અવ૦
વંન દૂર માંનપરને પેખું, લખું ન આલખુ હો. અવ૦ ૬
સોના રૂપાને ફૂલે વધાવે બહુ અમૂલ હો; અવ૦
પઈસાનો ન લહું પાર, જાણે વુઠો જલધાર હો. અવ૦ ૭
માંડવીઈ મનડું મોહ્યૂં, સઘળા કરજે ઘણું સોહા હો; અવ૦
શુભની રચના થીર થાપી, સુકુનેં જણ સુભ આપી હો. અવ૦ ૮
સનાત્ર વાધેં રંગરોલ, વાગાં જીહાં જાંગી ઢોલ હો;
**ઉદયરતન વાચક** ઇમ બોલે, ના આવે કોઈ હંસને તોલે હો. અવ૦ ૯

## અધ્યાત્મની સઝાય

(અવધુ એસો જ્ઞાન વિચારી – એ દેશી)

એક નારી દોય પુરુષ મળીને, નારી એક નિપાઈ,
હાથ પગ નવિ દીસે તેહના, મા વિના બેટી જાઈ ચતુર નર;
એ તો દીસે છે રંગરસીલી ચતુરનર એ કુણ કહીએ નારી. ૧
ચીર, ચુંદડી, ચરણા, ચોળી, નવિ પહેરે તે સાડી;
છેલ પુરુષ દેખીને મોહે, તેહવી તેહ રૂપાલી, ચતુર નર. ૨
ઉત્તમ જાતિ નામ ધરાવે, મન માને ત્યાં જાવે;
કંઠે વળગી લાગે પ્યારી, સાહેબને રીઝાવે, ચતુર નર. ૩

ઉપાસરે તો કદીય ન જાવે, દેહરે જાયે હરખી;
નરનારી શું રંગે રમતી, સહુકો સાથે સરખી, ચતુર નર. ૪
એક દિવસનું યૌવન તેહનું, ફરીય ન આવે કામ;
પાંચ અક્ષર છે સુંદર તેહના, શોધી લેજો નામ, ચતુર નર. ૫
**ઉદયરત્ન વાચક** એણી પેરે જંપે સુણજો નર ને નારી;
એ હરિયાલીનો અર્થ જે કરે સજ્જનની બલિહારી, ચ૦ ૬
(અર્થ : ફૂલની માળા)

## અંધેરી નગરીની સઝાય

અજ્ઞાન મહા અંધેર નગરે જેહની નહીં આદી રે,
મિથ્યાત મંદિર મોહ મહાનિશિ પલ્યંક તિહાં પ્રમાદ રે. ૧
જીવ જાગિ તું ગઈ રાતિડી ભગવંત ઊગ્યો ભાંણુ રે,
ગતિ ચ્યાર તેઈશ ઉપલાં કષાય પાઇઆ ચ્યાર રે,
ભ્રાંતિ ભરડી સભર ભરીઓ વાહાણુ વેદ વિચ્યાર રે જી. ૨
તૃષ્ણાતળાઈ પાથરીને ગોદડાં મહાગર્વ રે,
ગતિભંગ ગાલમસુરિયાં તે સજ્યા કુમતે સર્વ રે જી. ૩
રૂશનાઈ બની રાગની ને અષ્ટ મદ ઉલોચ રે;
પડયો ન પાસું પાલટિ સહુ તજ્યા તેં સંકોચ રે જી. ૪
ચોરાસી લખ સૂપન લાધાં ફરીફરી બહુ વાર રે;
કુમતિ વાસ્યો બકે બહુવિધ હજુ ન આવ્યો પાર રે. ૫
સ્નેહસાંકળે સાંકલ્યો મોહિની મદિરાપાન રે;
સૂતો પણિ ન વિ સલસલે નહીં સુદ્ધિ સુમતિ ને સાન રે જી. ૬
ઊંઘ તિહાં વસિ આપદા ને જાગિ તિહાં વસિ જોખરે;
કુટુંબમેળો કરીમો જીમ ગગને વાદળગોખ રે જી. ૭
હર્ષને રહ્યો શોક હેરી સંયોગને વિયોગ રે;
ભોગ ભવની ભાસકીતિ રૂપ તિહાં બહુ રોગ રે જી. ૮
આખરિ જાવું એકલાને કોઈ ન આવે કેડિ રે;
વાહલા વોળાવી વળિ પાછાં નહી નેહને નિમેડી રે જી. ૯

જિનવચણે નર જાગિયા તે પામ્યા પરમકલ્યાણ રે;
જંબૂ આદિ જોઈ લેજ્યો જગમાં જેહુરે જાણુ રે જી. ૧૦
ભવ્યને ઉપદેશ ભાખી **ઉદયરત્ન ઉવઝાય** રે;
સારશ્રી જિનવચને છે જગિ મુગતિ જેહથી થાયરે જી. ૧૧

## આત્માને ઉપદેશનની સઝાય

યા મેવાસ મેં મરદો મગન ભયા મેવાસી,
કાયારૂપ મેવાસ બન્યો હૈ માયા જ્યું મેવાસી;
સાહેબકી શિર આણુા ન માને આખર કયા લે જાશી. યા૦ ૧
ખાઈ અતિ દુર્ગંધ ખજાના, કોટમેં બહોતેર કોઠા;
વિણુસી જાતાં વાર ન લાગે, જેસા જલપરપોટા. યા૦ ૨
નવ દરવાજા વહે નિરંતર, દુઃખદાયી દુરગંધા;
કયા ઉસમેં તલ્લીન ભયા હૈ, રે રે આતમ અંધા. યા૦ ૩
છિનમેં છોટા છિનમેં મોટા, છિનમેં છેહ દિયાસી;
જબ જમરેકી નજર લગેગી, તબ છિનમેં ઊડ જાસી. યા૦ ૪
મુલક મુલકકી મલી લોકાઈ, બહોત કરે ફરિયાદી;
પણુ મુજરો માને નહિ પાપી, અતિ છાકયો ઉનમાદી. યા૦ ૫
સારા મુલક મેલ્યા સંતાપી, કામ કિરાડી કોટો;
લોભ તલાટી લોચા વાળે, તો કિમ નાવે તોટો. યા૦ ૬
**ઉદયરત્ન** કહે આતમ મેરા, મેવાસીપણું મેલો;
ભગવંતને ભેટો ભલી ભાતે, મુક્તિપુરીમાં ખેલો. યા૦ ૭

## ઉંપદેશ વિશે સઝાય

(દેશી ફૂતમલની)

પડજો કુમતિગઢના કાંગરા, મરજો રાઉ મોહ રાવ;
વાલો મહારો નિજ ઘરે નાવિયો, એણે પરઘરે કીધાં પ્રયાણ,
એમ કહે સુમતિ સુજાણુ. એ આંકણી. વા૦ ૧

દાંત પાડું રે દૂતી તણા, પાડોસણનાં રે લઉં પ્રાણ,
જેણે મહારો જિવન ભોલવ્યો, લઈ નાખ્યો નરકની ખાણ. વા૦ ૨

માયાએ મદ પાઈને, એતો વાસ્યો પોતાને વાસ,
માહારોને વાસો ટાલીને, એણે મુજને કીધી નિરાશ. વા૦ ૩

ગુણવંતના ગુણ ગોપવી, ગુણ હીણા શું માંડી ગોઠ,
આપ સ્વરૂપ ન ઓલખે, એ તો પાપની ચલવે પોઠ. વા૦ ૪

અબુઝ સાથે ધરે આસકી, એતો પૂજે ન પૂજ્યના પાય,
પરમ મહોદય પામશે, જ્યારે આવશે આપણે ઠાય. વા૦ ૫

શ્રીદાદા પાસ પસાઉલે, મેં તો કુમતિનો પાડ્યો કોટ,
ઘર આણ્યો નિજ ઘરધણી, મેં તો ચૂકવી શોકની ચોટ. વા૦ ૬
**વાચક ઉદયરતન** વદે, જે પૂજશે પ્રભુના પાય;
તે પરમપદે પદ ધારશે, વલી સંપત્તિ લહેશે સવાય. વા૦ ૭

## એકાદશીની સઝાય

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ;
પૂછયાનો પ્રતિ ઉત્તર પાછો, કોઈને કાંઈ ન દઈએ. આજ૦ ૧

મારો નણદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો;
ધુમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો. આજ૦ ૨

ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો;
પરભવ જાતાં પાલવ ઝાલે, તે મુઝને દેખાડો. આજ૦ ૩

માગસર શુદી એકાદશી મોટી, નેવું જિનના નીરખો;
દોઢસો કલ્યાણક મોટા, પોથી જોઈ જોઈ હરખો. આજ૦ ૪

સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહિયો;
પાવકપુર સઘળું પરજાળ્યું, એહનો કાંઇ ન દહિયો. આજ૦ ૫

આઠ પહોરનો પોસહ કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ;
મન વચ કાયા વશ જો કરીએ, તો ભવસાયર તરીએ. આજ૦ ૬

ઈર્યા સમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે;
પડિક્કમણા શું પ્રેમ ન રાખે, કહો કિમ લાગે લેખે. આજ૦ ૭
કર ઉપર તો માળા ફરતી, જીવ ફરે વનમાંહી;
ચિત્તડું તો ચિહુ દિશિએ દોડે, ઇણ ભજન સુખ નાંહી. આજ૦ ૮
પૌષધશાળે ભેગા થઈને, ચાર કથા વળી સાધે;
કાંઈક પાપ મીટાવણ આવે, બાર ઘણું વળી બાંધે. આ૦ ૯
એક ઊઠંતી આળસ મરડે, બીજી ઊંઘે બેઠી;
નદીઓમાંથી કંઈક નીસરતી, જઈ દરિયામાં પેઠી. આજ૦ ૧૦
આઈ બાઈ નણંદ ભોજાઈ, નાની મોટી વહુને;
સાસુ સસરો મા ને માસી, શિખામણ છે સહુને. આજ૦ ૧૧
**ઉદયરત્ન વાચક** ઉપદેશે, જે નરનારી રહેશે;
પૌષધ માંહે પ્રેમ ધરીને, અવિચલ લીલા લહેશે. આજ૦ ૧૨

## એલક અધ્યયનની સઝાય

(ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું – એ દેશી)

અજને જિમ કોઈ આપણે આંગણે, પ્રાહૂણા કાજે રે પ્રેમે પોષે;
ગમતે ચારો ચરે ફરે ગેલસ્યું, જવોદન પૂરે રે મનને તોષે. ૧
ભગવંત ભાંખે હો ભોગ ભુંડા અછે,
શિર જેમ છેદી રે અજને આરોગે;
પંચ વિષયને પદારથે પ્રાણિયો, ભવભવમાં ભમે ભોગ સંજોગે. ભગ૦ ૨
મદિરા માંસને આહારે મોહિયો, જીવડો દંડાય રે દિવસ ને રાતે;
નરકે નાનાવિધ લહે વેદના, પ્રાણી પીડાયે રે પાપને પાતે. ભગ૦ ૩
કોડીને કાજે કનક ટકા ગમે, રાજ જિમ હારે કોઈક રાજા;
કુપથ્ય કાચા અંબફલ કારણે, તિમ લહે દુઃખડાં રે વિષય તગાજા. ભગ૦ ૪
સુરવર શિવસુખની તજી સાહિબી, વિષયની વાતે રે કેઈ વિગુત્તા;
**ઉદયરતનવાચક** એમ ઉચ્ચરે, હજીય ન ચેતો રે કાં ? હાહૂતા. ભગ૦ ૫

# ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયોની સઝાયો

## ૧. ક્રોધની સઝાય

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે. કડવાં૦ ૧

ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં૦ ૨

સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશિયો નાગ. કડવાં૦ ૩

આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે. કડવાં૦ ૪

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવલનાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં૦ ૫

**ઉદયરત્ન** કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમરસે નાહી. કડવાં૦ ૬

## ૨. માનની સઝાય

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહિ, તો કિમ સમકિત પાવે રે. રે૦ ૧

સમકિત વિણ ચારિત્ર નહિ, ચારિત્ર વિના નહિ મુક્તિ રે;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કિમ લહીએ જુક્તિ રે. રે૦ ૨

વિનય વડો સંસારમાં, ગુણ માંહે અધિકારી રે;
માને ગુણ જાએ ગળી, પ્રાણી જો જો વિચારી રે. રે૦ ૩

માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે. રે૦ ૪

સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો રે;
**ઉદયરત્ન** કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫

### ૩. માયાની સઝાય

સમકિતનું મૂળ જાણીએ જી, સત્ય વચન સાક્ષાત,
સાચામાં સમકિત વસે જી, માયામાં મિથ્યાત્વ રે;
પ્રાણી મ કરીશ માયા લગાર. ૧

મુખ મીઠો જૂઠો મને જી, કૂડકપટનો રે કોટ;
જીભે તો જી જી કરે જી, ચિત્ત માંહે તાકે ચોટ રે. પ્રાણી૦ ૨

આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરો જી, એ માયાનો પાસ રે. પ્રાણી૦ ૩

જેહશું બાંધે પ્રીતડી જી, તેહશું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણો જી, એ માયાનું મૂળ રે. પ્રાણી૦ ૪

તપ કીધો માયા કરી જી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજો જી, તે પામ્યા સ્ત્રીવેદ રે. પ્રાણી૦ ૫

**ઉદયરત્ન** કહે સાંભળો જી, મેલો માયાની બુધ;
મુક્તિપુરી જાવા તણો જી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ૬

### ૪. લોભની સઝાય

તુમે લક્ષણ જોજો લોભનાં રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ઘટ પંથ સંચરે રે. તુમે૦ ૧

તજે લોભ તેહના લેઉં ભામણાં રે, વળી પાયે નમી કરું ખામણાં રે;
લોભે મર્યાદા ન રહે કેહની રે, તમે સંગત મેલો તેહની રે. તુમે૦ ૨

લોભે ઘર મેલી રણમાં મરે રે, લોભે ઉચ્ચ તે નીચું આચરે રે;
લોભે પાપભણી પગલાં ભરે રે, લોભે અકારજ કરતા ન ઓસરે રે. તુમે૦ ૩

લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે.
લોભે ન રહે પ્રીતિ ને પાવડું રે, લોભે ધન મેળવે બહુ એકઠું રે. તુમે૦ ૪

લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતિક નવિ ગણે રે;
તે તો દામ તણે લોભે કરી રે, ઉપર મણિધર થાએ મરી રે. તુમે૦ ૫

જોતાં લોભનો થોભ દીસે નહિ રે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભુમ નામે જુઓ રે, તે તો સમુદ્રમાંહે ડૂબી મૂઓ રે. તુમે૦ ૬
એમ જાણીને લોભને છંડજો રે, એક ધર્મ શું મમતા માંડજો રે;
કવિ **ઉદયરત્ન** ભાખે મુદા રે, વંદું લોભ તજે તેહને સદા રે. તુમે૦ ૭

## ગર્વની સઝાય

ગર્વ ન કરશો રે ગાત્રનો, આખર એ છે અસાર રે;
રાખ્યું કોઈનું નવિ રહે, કર્મ ન ફરે કિરતાર રે.
ગર્વ ન કરશો રે ગાત્રનો૦ ૧
સડણ પડણ વિધ્વંસણ, સરખું માટીનું ભાંડ રે;
ક્ષણમાં વાગે રે ખોખરું, તે કેમ રહેશે અખંડ રે. ગર્વ૦ ૨
મુખને પૂછી રે જે જમે, પાન ખાય ચૂંટી ચૂંટી ડીંટ રે;
તે મુખી બંધાણા ઝાડવે, કાગ ચરકતા વિષ્ટ રે. ગર્વ૦ ૩
મુખ મરડે ને મોજો કરે, કામિનીશું કરે કેલિ રે;
તે જઈ સૂતા મસાણમાં, મોહમમતાને મેલી રે. ગર્વ૦ ૪
દિશો દિશી બોલતા હેજમાં, નરનારી લખ કોડ રે;
તે પરભવ જઈને પોઢિયા, ધન કણ કંચન છોડ રે. ગર્વ૦ ૫
કોડ ઉપાય જો કીજિયે, તો પણ નવિ રહે નેટ રે;
સજ્જન મિલિ સહુ તેહને, કરે અગ્નિને ભેટ રે. ગર્વ૦ ૬
કૃષ્ણ સરીખો રે રાજવી, બળભદ્ર સરીખો છે વીર રે;
જંગલમાં જુઓ તેહને, તાકી માર્યું છે તીર રે. ગર્વ૦ ૭
બત્રીસ સહસ અંતેઉરી, ગોવાળણી સોળ હજાર રે;
તરસે તરફડે ત્રિકમો, નહિ કોઈ પાણી પાનાર રે. ગર્વ૦ ૮
કોટિ શિલાઓ કર પર ધરી, ગિરિધારી થયા નામ રે;
બેઠા ન થવાણું તે બળે, જુઓ જુઓ કર્મનાં કામ રે. ગર્વ૦ ૯
જન્મતાં કેણે નવિ જાણિયા, મરતાં નહિ કોઈ રોનાર રે;
મહા અટવીમાંહી એકલા, પડયાપડયા કરે પોકાર રે. ગર્વ૦ ૧૦

છબીલો છત્ર ધરાવતો ફેરવતો ચૌદિશિ ફોજ રે;
વનમાં વાસુદેવ જઈ વસ્યા, બેસે જિહાં વનચર રોજ રે. ગર્વ૦ ૧૧
ગજે બેસીને જે ગાજતો, થતી જિહાં નગારાની ઠોર રે;
ઘૂડ હોલા તિહાં ઘૂઘવે, સાવજ કરતાં તિહાં શોર રે. ગર્વ૦ ૧૨
જરાકુમાર જંગલ વસે, ખેલે છે તિહાં શિકાર રે;
હરિપગે પદ્મ તે દેખિયો, મૃગની ભ્રાંતે તેણિ વાર રે. ગર્વ૦ ૧૩
તીર માર્યો તેણે તાણીને, પગ તળે બળ પૂર રે;
પગ ભેદીને તે નીસર્યો, તીર પડ્યો જઈ દૂર રે. ગર્વ૦ ૧૪
આપ બળે ઊઠીને કહે રે, રે હું તો છું કૃષ્ણ રે;
બાણે કેણે મને વિંધિયો, એવો કોણ છે દુર્જન રે. ગર્વ૦ ૧૫
શબ્દ તે કૃષ્ણનો સાંભળી, વૃક્ષ તળે જરાકુમાર રે;
કાં હું વસુદેવપુત્ર છું, રહું છું આ વન મોઝાર રે. ગર્વ૦ ૧૬
કૃષ્ણ રખોપાને કારણે, વર્ષ થયાં મુજ બાર રે;
પણ નવિ દીઠો કોઈ માનવી, આજ લગે તે નિરધાર રે. ગર્વ૦ ૧૭
દુષ્ટ કર્મ તણે ઉદય, આંહિ આવ્યા તુમે આજ રે;
મુજને હત્યા રે આપવા, વળી બગાડવા લાજ રે. ગર્વ૦ ૧૮
કૃષ્ણ કહે આવો બંધવા, જિણ કાજ સેવો છો વન રે;
તે હું કૃષ્ણ તેં મારિયો, ન મટે શ્રી નેમનાં વચન રે. ગર્વ૦ ૧૯
ઇમ સુણી આંસુડાં વરસાવતો, આવ્યો કૃષ્ણની પાસ રે;
મોરારી તવ બોલિયા, લે આ કૌસ્તુભ ઉલ્લાસ રે. ગર્વ૦ ૨૦
એ નિશાની પાંડવને આપજે, જા તું ઇહાંથી વેગ રે;
નહિ તો બળભદ્ર મારશે, ઊપજશે ઉદ્વેગ રે. ગર્વ૦ ૨૧
આ સમે કિમ જાઉં વેગળો, જો તુમે મોકલો મોરારી રે;
ફરી ફરી પાછું જોતો થકો, વરસત આંસુ જળધાર રે. ગર્વ૦ ૨૨
દૃષ્ટિ અગોચર તે થયો, તેવીશમી ઢાળ રે;
**ઉદયરતન** કહે એ થઈ, સહુ સુણજો ઉજમાળ રે. ગર્વ૦ ૨૩

## ચૈતન્ય શિક્ષાભાસની સઝાય

આપ વિચારજો આતમા, ભ્રાંતે શું ભૂલે;
અથિર પદારથ ઉપરે, ફોગટ શું ફૂલે. આ૦ ૧
ઘટમાંહે છે ઘરધણી, મ્હેલો મનનો ભામો;
બોલે તે બીજો નથી, જોને ધરી તામો. આ૦ ૨
પામીશ તું પાસે થકી, બાહેર શું ખોળે;
બેસે કાં તું બૂડવા, માયાની ઓળે. આ૦ ૩
પ્રીછયા વિણ કેમ પામિયે, સુણ મૂરખ પ્રાણી;
પિવાયે કિમ પશલિયે, ઝાંઝવાનાં પાણી. આ૦ ૪
આપ સ્વરૂપ ન ઓળખે, માયા માંહે મૂલે;
ગરથ પોતાની ગાંઠનો, વ્યાજમાં જિમ ડૂલે. આ૦ ૫
જોતાં નામ ન જાણિયે, નહીં રૂપ ન રેખ;
જગમાંહે તે કેમ જડે, અરૂપી અલેખ. આ૦ ૬
અંધ તણી પેરે આફળે, સઘળા સંસારી;
અંતરપટ આડો રહે, કોણ જુવે વિચારી. આ૦ ૭
પહેલેથી પાછું ફરી, પછી જોને નિહાળી;
નજરે દેખીશ નાથને, તેહશું લે તાળી. આ૦ ૮
બંધણહારો કો નથી, નથી છોડાવણહારો;
પ્રવૃત્તે પોતે બાંધિયે, નિવૃત્તે નિસ્તારો. આ૦ ૯
ભેદાભેદ બુદ્ધે કરી ભાસે છે અનેક;
ભેદ તજીને જો ભજે, તો દીસે એક. આ૦ ૧૦
કાળે ધોળું ભેળિયે, તો તો થાયે બે રંગું;
બે રંગે બૂડે સહિ, મન ન રહે ચંગું. આ૦ ૧૧
મન મરે નહીં જિહાં લગે, ઘૂમે મદ ઘેર્યો;
તબ લગે જગ ભૂલ્યું ભમે, ન મટે ભવફેરો. આ૦ ૧૨
ઊંઘ તણે જોરે કરી, શું મોહ્યો સુહણે;
અળગી મ્હેલી ઊંઘને, ખોળી જોને ખૂણે. આ૦ ૧૩

ત્યારે જગમાં તુજ વિના, બીજો નવિ દીસે;
ભિન્ન ભાવ મટશે તદા, સેહેજે સુજગીશે. આ૦ ૧૪
મારું તારું નવિ કરે, સહુથી રહે ન્યારો;
ઇણે એહિનાણે ઓળખ્યો, પ્રભુ તેહને પ્યારો. આ૦ ૧૫
સિદ્ધ દિશાયેં સિદ્ધને, મળિયેં એકાંતિ;
ઉદયરત્ન કહે આતમા, તે ભાંગે ભ્રાંતિ. આ૦ ૧૬

## જીવરૂપી વણજારાની સઝાય

નરભય નયર સોહામણું, વણઝારા રે;
પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયક રે.
સત્તાવન સંવતતણાં; વણ૦ પોઠી ભરજે ઉદાર. અહો૦
શુભ પરિણામ વિચિત્રનાં; વણ૦ કરિયાણા બહુ મૂલ. અહો૦
મોક્ષ નગર જાવા ભણી; વણ૦ કરજે ચિત્ત અનુકૂલ. અહો૦
ક્રોધ દાવાનલ ઓલવે; વણ૦ માન વિષમ ગિરિરાજ. અહો૦
ઓલંગજે હલવે કરી; વણ૦ સાવધાન કરે કાજ. અહો૦
વંશજાલ માયા તણી; વણ૦ નાવ કરજે વિશ્રામ. અહો૦
ખાડી મનોરથ ભવ તણી; વણ૦ પડણનું નહીં કામ. અહો૦
રાગ દ્વેષ બેય ચોરટા; વણ૦ વાટમાં કરશે હેરાન. અહો૦
વિવિધ વિરજ ઉલ્લાસથી; વણ૦ તે હણજે પહેલે ઠામ. અહો૦
એમ સર્વ વિધિ વિડારીને; વણ૦ પોહોંચજે શિવપુર વાસ. અહો૦
ક્ષય ઉપશમ જે ભાવના; વણ૦ પોઠી ભર્યાં ગુણ રામ. અહો૦
નાયક ભાવે તે થશે; વણ૦ લાભ હોશે તેથી અપાર. અહો૦
ઉત્તમ વણજ જે એમ કરે; વણ૦ ઉદય નમે વારંવાર. અહો૦

## જોબન અસ્થિર(વૈરાગ્ય)ની સઝાય

જોબનિયાની મોજો ફોજો, જાય નગારાં દેતી રે;
ઘડીઘડી ઘડિયાળાં વાગે તોય ન જાગે તેથી રે. જોબન૦ ૧

જરારાક્ષસી જોર કરે છે, ફેલાવે ફજેતી રે;
આવી અવધે ઊંચકી લેશે, લખપતિને લેતી રે. જોબન૦ ૨
મહેલે બેઠો મોજ કરે છે, ખાંતે જુએ ખેતી રે;
જમડો ભમરો તાણી લેશે, ગોફણ ગોળા સેતી રે. જોબન૦ ૩
જિનરાજાને શરણે જાવું, યમ રહે દૂરે જેથી રે;
દુનિયામાં દૂજો દીસે નહિ, આખર તરશો તેથી રે. જોબન૦ ૪
દાંત પડ્યો ને ડોસો થયો, કાજ સર્યું નહિ જેથી રે;
**ઉદયરત્ન** કહે આપે સમજો, કહીએ વાતો કેતી રે. જોબન૦ ૫

## તપની સઝાય

કીધાં કર્મ નિકંદવા રે, લેવા મુક્તિનું દાન,
હત્યા પાતિક છૂટવા રે, નહિ કોઈ તપ સમાન;
ભવિકજન તપ કરજો મન શુદ્ધ. ૧
ઉત્તમ તપના યોગથી રે, સુર નર સેવે પાય;
લબ્ધિ અઠ્ઠાવીસ ઊપજે રે, મનવાંછિત ફળ થાય. ભવિ૦ ૨
તીર્થંકર પદ પામીએ રે, નાસે સઘળા રોગ;
રૂપલીલા સુખસાહ્યબી રે, લહીએ તપ સંજોગ. ભવિ૦ ૩
તે શું છે સંસારમાં રે, તપથી ન હોવે જેહ;
જે-જે મનમાં કામીએ રે, સફલ ફલે સહી તેહ. ભવિ૦ ૪
અષ્ટ કર્મના ઓઘને રે, તપ ટાળે તત્કાળ;
અવસર લઈને એહનો રે, ખપ કરજો ઉજમાળ. ભવિ૦ ૫
બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર;
હોજો તેહની ચાલમાં રે, જેમ ધન્નો અણગાર. ભવિ૦ ૬
**ઉદયરત્ન** કહે તપ થકી રે, વાધે સુજસ સનૂર;
સ્વર્ગ હોવે ઘરઆંગણું રે, દુર્ગતિ જાએ દૂર. ભવિ૦ ૭

## દાન વિષે સઝાય

ચોત્રીશ અતિશયવંત, સમવસરણેં હો બેસી જગગુરુ;
ઉપદેશે અરિહંત, દાન તણા ગુણ હો પહેલે સુખકરુ. ૧
દાન દોલત દાતાર, દાનેં ભાંજે હો ભવનો આંમલો;
દાનના પાંચ પ્રકાર, ઉલટ આણી હો ભવિયણ સાંભલો. ૨
પહેલું અભય સુદાન, દયા હેતેં હો નિજ તનુ દીજિયેં;
જેમ મેઘરથ રાજન્ન, જીવ સહુને હો નિર્ભય કીજિયેં. ૩
બીજું દાન સુપાત્ર, તૃણ મણિ કંચણ હો અદત્ત જે પરિહરે;
નિર્મલ વ્રત ગુણગાત્ર, સત્તર ભેદેં હો સંયમ જે ધરે. ૪
આહારાદિક સુવિચાર, તેહને દીજેં હો હાજર જે હોવે;
જિમ શાલિભદ્રકુમાર, સુપાત્ર દાનેં હો મહાસુખ ભોગવે. ૫
અનુકંપાદાન વિશેષ, ત્રીજું દેતાં હો પાત્ર ન જોઈયેં;
અન્નનો અર્થી દેખી, તેહને આપી હો પુણ્યવંત હોઈયેં. ૬
ધન પામી સસનેહ, કારણ પાંખે હો નાત જે પોષિયેં;
ઉચિત ચોથું સ્વજન, કુટુંબ સહેજેં હો જે સંતોષિયેં. ૭
પાંચમું કીર્તિદાન, જાચક જનને હો જે કાંઈ આપિયેં;
તેણેં વાધે જસ વાન, જગમાં સઘલે હો ભલપણ થાપિયેં. ૮
પામે ચિતવિત પાત્ર, જેહથી પ્રાણ હો નિર્મલ સુખ લહે;
દાન દેતાં ક્ષણ માત્ર, વિલંબ ન કીજે હો **ઉદયરતન** કહે. ૯

## દાન-શીલ-તપ-ભાવની સઝાય

શ્રી મહાવીરે ભાખિયા, સખી દાનના ચાર પ્રકાર રે;
દાન શિયલ તપ ભાવના, સખિ પંચમગતિ દાતાર રે.
શ્રી મહાવીરે૦ ૧

દાનેં દોલત પામિયે, સખિ દાનેં કોડ કલ્યાણો રે;
દાન સુપાત્ર પ્રભાવથી, સખિ કયવન્નો શાલિભદ્ર જાણો રે.
શ્રી મહા૦ ૨

શિયલે સંકટ સવિ ટલે, સખિ શીલે વંછિત સિદ્ધ રે;
શિયલે સુર સેવા કરે, સખિ સોળ સતી પરસિદ્ધ રે.
શ્રી મહા૦ ૩

તપ તપો ભવિ ભાવ શું, તપે નિર્મલ તન્ન રે;
વર્ષોપવાસી ઋષભજી, સખિ ધન્નાદિક ધન ધન્ન રે.
શ્રી મહા૦ ૪

ભરતાદિક શુભ ભાવથી, સખિ પામ્યા પંચમ ઠામ રે;
**ઉદયરતનમુનિ** તેહને, સખિ નિત્ય કરે પ્રણામ રે.
શ્રી મહા૦ ૫

## દેવલોકની સઝાય

સુધરમા દેવલોકમાં રે વૈમાન બત્રીશ લાખ,
કેઈ ભોળા શંકા કરે રે એ તો સૂત્ર ભગવતીની શાખ રે,
પુણ્યનાં ફળ જોજ્યો. ૧

સુધરમા દેવલોકમાં પાંચસે જોજન મેહેલ,
સત્તાવીશે જોજન ભુંઈતળાં રે, એ સુખ તો નહિ સેહેલ રે. પુ૦ ૨

વેગ ગતિ ચાલે દેવતા રે, લાખ જોજન કરે દેહ;
એકેકા વિમાનનો રે ભાઈ, નાવે છઠે મહિને છેહ રે. પુ૦ ૩

હાવભાવ કરતી થકી રે, દેવીઓ આવે હજૂર;
આ ઠામે આવી ઊપન્યા, સ્વામિ શાં કીધાં પુણ્ય પૂર રે. પુ૦ ૪

નામ બતાવો ગુણ તણો રે, નિર્લોભી ઋષિરાય;
ભવસાગરમાં બૂડતાં રે તુમ હાથ લિયો સંબાય રે. પુ૦ ૫

નિર્લોભી નિર્લાલચી રે, માગી બદામ ન એક;
દુર્ગતિ પડતાં રાખિયો રે, મને મોકલિયો દેવલોક રે. પુ૦ ૬

દેવ પ્રત્યે દેવીઓ કહે રે, સુણો વલ્લભ મોરા નાથ;
નાટક જુઓ એક અમ તણું રે, પછી જઈ કહેજો સગાંને વાત રે. પુ૦ ૭

એક નાટક કરતાં થકાં રે, ગયાં વર્ષ દોય હજાર;
દેવતા મનમાં ચિંતવે રે, હવે કરવો કવણ વિચાર રે. પુ૦ ૮
સઘલો કુટુંબ પૂરો થયો રે, હવે કહેશું કેહને જાય;
દુર્ગન્ધ ઊડે મનુષ્યલોકની રે, હવે જાય અમારી બલાય રે. પુ૦ ૯
**ઉદયરત્ન વાચક** કહે રે દેવલોકની સઝાય રે;
ભણે ગણે ને સાંભળે, તેનાં પાતક દૂર પલાય રે. પુ૦ ૧૦

## નિદ્રાની સઝાય

બેટી મોહનરિંદકી, નિદ્રા નામે વિખ્યાત બે;
ધર્મદ્વેષણી પાપણી, ન ગમે ધર્મની વાત બે;
નિંદ ન લહે જે સજ્જના, સજ્જના બે દુઃખભંજના બે. નિ. ૧
ઘેરે સઘળા જીવને, જિહાં જમનો પાસ બે;
જા ઘડી નિંદ ન પાઈયે, તા ઘડી પ્રભુકો વાસ બે. નિ. ૨
આળસ ઉમરાવ એહનો, જાલિમ જોધ જુવાન બે;
દૂત બગાસું જાણજો, ચાલે આગેતાન બે. નિ. ૩
જાતિ પાંચ છે જેહની, પસરી વિશ્વ પ્રમાણ બે;
કેવળી વિના એક જેહની, કોઈ ન લોપે આણ બે. નિ. ૪
કર્મે ન આવે ઢૂકડી, ધર્મે પાડે ભંગાણ બે;
વાજાં વાજે જિહાં ઊંઘનાં, તિહાં હોય મુખની હાણ બે. નિ. ૫
**ઉદયરત્ન** કહે ઊંઘને, જીત્યાનો એહ ઉપાય બે.

## પરસ્ત્રીત્યાગ સઝાય

નર ચતુર સુજાન, પરનારીસૂં પ્રીત કબુ નવી કીજીએ;
રાત પડે દિન આથમૈ, તેહનો જીવ ભમરારિ પર ભમૈ.
લે ઘરનો કારજ નવિ ગમેં. ૧
પરનારીસૂં પ્રીતડલી, ખીણ એક લાગે મીઠડલી;
પછે તોડે ભવની પ્રીતડલી. ૨

એ તોને મોહના પ્યાલ્યા પાય દેશી, થારા હાથમેં હાંડી દે દેશી;
થારા સસ્રર ખસતર ખોસ લેશી. ૩
થારા જોવન લેસી લૂંટીને, થારા ધન લેશી સબ ખોશીને;
પીછે રોસી હીયડો કુટીનેં. ૪
જીવન હારી ને કાંઈ કરસી, કદ હિરો દેખ તુમ હરસ્યો;
પીછે અવગતિ માહિ જાય પડસ્યો. ૫
**ઉદયરત્ન** કહૈ સીખડલી, તુમ ચાખો અનુભવ સૂખડલી;
એથી ભાજે ભવ ભવ ભૂખડલી. ૬

## પંદરમા અધ્યયનની સઝાય

સુધા સાધુજી રે તુમે નિયાણું નિવારો;
નિયાણું કરીને તુમે, તપ સંજમ કયાં હારો. સુધા૦ ૧
પંદરમા અધ્યયને પ્રગટ, વીર વદે એમ વાણી;
સંજમ માંહી મ ધરો સંશય, ખરા તો ગુણખાણી. સુધા૦ ૨
જંત્ર મંત્રના ભામા છોડો, છોડો રાગ ને રોષ;
પરિસહે પગ પાછા મ ધરો, દૂર કરો સવિ દોષ. સુધા૦ ૩
પરિચય ગૃહસ્થ તણો પરિહરીએ, અરસ નીરસ લ્યો આહાર;
પૂજાદિક મ વંછો કયારે, એ ઉત્તમ આચાર. સુધા૦ ૪
એણી પેરે સાધુ આચારે, જે ચારિત્રિયો ચાલે;
ખરી ક્રિયાનો ખપ કરે તો મુક્તિપુરીમાં મ્હાલે. સુધા૦ ૫
સુમતે સુમતા ગુપ્તે ગુપ્તા, સત્તાવીશ ગુણધાર;
**ઉદયરત્ન** કહે એહને મેરો, નિત્ય હોજો નમસ્કાર. સુધા૦ ૬

## પ્રભાતે વાહાણુલાં ગાવાની સઝાય

મિથ્યામતિ રે રજની અસરાલકે, વાહાણુલાં ભલેં વાયાં રે;
જિહાં ઊંઘે રે પ્રાણી બહુકાલકે, વહાણુલાં ભલે વાયાં રે.
નવિ જાણે રે જિહાં યમની ફાલ કે, વા૦
તિહાં પામે રે પગ પગ જંજાલ કે. વા૦ ૧

જિહાં જડ પેરે ક્રોધ દવની જાલ કે, વા૦
માનરૂપી રે અજગર વિકરાલ કે; વા૦
ડંસે માયા સાપણી રોષાલ કે, વા૦
જિહાં ચાવો રે લોભ રૂપ ચંડાલ કે. વા૦ ૨

રાગાદિક રે રાક્ષસ મહાવૃંદ કે, વા૦
આઠકર્મના રે જિહાં માંડયા ફંદ કે; વા૦
જિહાં દેખે રે દુરગતિ દુઃખ દંદ કે, વા૦
નવી દીસે રે જિહાં જ્ઞાન દિણંદ કે. વા૦ ૩

ધસમસતાં રે જિહાં વિષયની જાલ કે, વા૦
લિયે લૂંટી રે ન ગણે પલિવાલ કે; વા૦
અટવી અનંતી રે જિહાં વિકટ ઉજાડ કે, વા૦
ચાલે નહીં રે જિહાં વ્રતની વાડ કે. વા૦ ૪

નિરખંતા રે શ્રી જિનમુખ નૂર કે, વા૦
હવે ઊગ્યો રે મહાસમકિત સૂર કે; વા૦
દુઃખદાયી રે દોષી ગયા દૂર કે; વા૦
વલી પ્રગટયાં રે પુણ્યતણા અંકુર કે. વા૦ ૫

સૂતા જાગો રે દેશવિરતિના કંત કે, વા૦
વલી જાગો રે સર્વવિરતિ ગુણવંત કે; વા૦
તમે ભેટો રે ભાવેં ભગવંત કે, વા૦
પડિક્કમણાં રે કરો પુણ્યવંત કે. વા૦ ૬

તમે લેજો રે દેવગુરુનું નામ કે, વા૦
વલી કરજો રે તમે ધર્મનાં કામ કે; વા૦
ગુરુજનના રે ગાઓ ગુણગ્રામ કે, વા૦
પ્રેમ ધરીનેં રે કરો પૂજ્ય પ્રણામ કે. વા૦ ૭

તમે કરજો રે દશવિધ પચ્ચકખાણ કે, વા૦
તમે સુણજો રે શ્રીસૂત્રવખાણ કે; વા૦

આરાધો રે શ્રી જિનની આણ કે, વા૦
જિમ પામો રે શિવપુર સંઠાણ કે. વા૦ ૮
સાંભલીને રે શ્રીમુખની વાણ કે, વા૦
તમે કરજો રે સહી સફલ વિહાણ કે; વા૦
વદે **વાચક** રે **ઉદયરત્ન** સુજાણ કે, વા૦
એહ ભણતાં રે લહિયે કોડ કલ્યાણ કે. વા૦ ૯

## ભાવ સઝાય

(ધન ધન તે દિન માહરો એ – દેશી)

રે ભવિ ભાવ હૃદય ધરો, જે છે ધર્મનો ધોરી;
એકલમલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી. રે ભવિ૦ ૧
દાન શિયલ તપ ત્રણ એ, પાતક મલ ધોવે;
ભાવ જો ચોથો નવિ ભલે, તો તે નિષ્ફલ હોવે. રે ભવિ૦ ૨
વેદ પુરાણ સિદ્ધાંતમાં, ષટદર્શન ભાંખે;
ભાવ વિના ભવ સંતતિ, પડતાં કોણ રાખે. રે ભવિ૦ ૩
તારક રૂપ એ વિશ્વમાં, જંપે જગ ભાણ;
ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિરવાણ. રે ભવિ૦ ૪
ઔષધ આય ઉપાય જે, મંત્ર યંત્ર ને મૂલી;
ભાવેં સિદ્ધ હોવે સદા, ભાવ વિણ સહુ ધૂલી. રે ભવિ૦ ૫
**ઉદયરત્ન** કહે ભાવથી, કોણ કોણ નર તરિયા;
શોધી જો જો સૂત્રમાં, સજ્જન ગુણદરિયા. રે ભવિ૦ ૬

## ભાંગ્યવારક સઝાય

ભોળા ભોગીયડા, રખે થાઓ ભાંગ્યના ભોગી,
ભાંગ્યના ભોગી તે જાણે જાણ, કે જાણે કોઈ રોગી.
ભોળા૦ એ આંકણી
ભંગુર કહી સહુ ભાંડે, કાર ન માને કોઈ;
જે બોલે તે બંધ ન બેસે, વૈરી મ્હેલે વગોઈ. ભો૦ ૧

લોચન લાલી લહે જે માંહિ, કીર્તિ થાયે કાળી;
ભાંગ્યતમાકુને પીનારો, ગુણ મ્હેલે સહુ ગાળી. ભો૦ ૨
માત પિતા ગુરુને નવિ માને, સાતે વ્યસને શૂરા;
વારે તેહના વૈરી થાએ, પાપી તે વળી પૂરા. ભો૦ ૩
વનવાસી સંન્યાસી બાવે, જંદા તકિયે ઝાઝી;
જે વ્યસની તે જાત વિટાળે, લોકની માંહે લાજી. ભો૦ ૪
સાકર દ્રાખનાં શરબત પીઓ, પીઓ દૂધના પ્યાલા;
દેહ તપે ને રૂડા દીસો, કોઈ ન કહે મતવાલા. ભો૦ ૫
ભાંગ તમાકુ મદિરા પાઈ, માઝમના વળી મોજી;
ધર્મતણી તે વાત ન ધારે, ખોટી વાતના ખોજી. ભો૦ ૬
નીલી બૂટી પીયે ઘૂંટી, ખૂણે બેસી ખાંતે;
ભુલવતાં પણ થાયે જાહેર, બાહેર બેસતાં ખાતે. ભો૦ ૭
ભાંગ પાઈને ભીલડી રૂપેં, નગન થઈ નચાવ્યો;
પારવતીએ પ્રેમ ધરીને, શંભુને સમજાવ્યો. ભો૦ ૮
ભાંગ્ય નીલી પણ નરને પૂણે, સબજીને સૂકાઈ;
વ્યસન તણી વાડી સિંચાવી, સદ્ગુરુ બાંહે ન સાહી. ભો૦ ૯
વણિક વાડવની જાત વિટાળે, ભાંગ્યતમાકુવાળા;
નીચ ઊંચ વેરો નવિ જાણે, કુળ લજવે કુમતાળા. ભો૦ ૧૦
ભાંગડલીએ જે ભોળવિયા, ઓળવિયા તે ઊંધા;
ફૂલવિયા ધર્મે નવિ ફૂલે, ગોળવિયા જડ સૂધા. ભો૦ ૧૧
એક હોયે તિહાં સાતે આવે, એક એકના અનુબંધી;
બાંધ્યા જિમ જળમાં બંધાયે, સમભાવી સંબંધી. ભો૦ ૧૨
અમલ તણી જે અગળા તેમાં, ભવઅટવીમાં શૂળા;
વ્યસન વિલુદ્ધા ન રહે સૂધા, તત્ત્વ ન પામે મૂળા. ભો૦ ૧૩
મદિરા તણી ભાંગ્ય તે ભગિની, જુઓ જનક ગતિ ગાંજો;
પૂર્ણ વ્યસનનાં અંગ એ પરખી, મુનિવચને તે માંજો. ભો૦ ૧૪

કુળબોળુ નર કહીએ કેતા, કોઈ કુળે અવતંસા;
બોળુ તે બીજાને બોળે, પુણ્યે હોય પ્રશંસા. ભો૦ ૧૫
પુઢવી તેઉ વાઉ વનસ્પતિ, ત્રસ પામે બહુ ત્રાસા;
વ્યસની નરનું કાંય વિણાસે, વળી લહે દુર્ગતિ વાસા. ભો૦ ૧૬
જિનવયણે નયણે જોઈને, વ્યસન તે દૂર નિવારો;
વ્રત આરાધો સંયમ સાધી, નિજ આતમને તારો. ભો૦ ૧૭
**સત્તરશેં પંચાણુઆ** વરસે, શુદિ બીજે એ બોલી;
ફાલ્ગુન માસે ભાગ્ય ફજેતી, જેહવી ગણિકા ગોલી. ભો૦ ૧૮
**ઉદયરતન વાચક** ઉપદેશે, સમજ્યા જેહ સુજાણ;
અપલક્ષણથી અળગા રહેશે, લેહશે પરમ કલ્યાણ. ભો૦ ૧૯

## મમતાત્યાગની સઝાય

ચતુર સનેહી ચેતન ચેતિયે રે, મૂક તું માયાજાલ;
સુંદર એ તનુશોભા કારમી રે, સરવાલે વિસરાલ. ૧
અકલ અરૂપી અવિગત આતમા રે, શાન્ત સુધારસ ચાખ;
વિષયતણે સુરંગે ફૂલડે રે, અટતો મન અલિ રાખ. અ૦ ૨
સ્વારથને વશ સહુ આવી મિલે રે, સ્વારથ સુધી પ્રીત,
વિણ સ્વારથ જન વ્હાલું કો નહિ રે, એ સંસારની રીત. અ૦ ૩
આદર સમતા મમતા મેલીને રે, ધર જિનધર્મશું રંગ;
ચંચલ વીજતણી પરે જાણજ્યો રે, કૃત્રિમ સવિહુ સંગ. અ૦ ૪
વ્હાલું વૈરી કો નહિ તાહરે રે, જૂઠો રાગ ને રોષ;
પંચદિવસનો તું છે પ્રાહુણો રે, તો શ્યો એવડો શોષ. અ૦ ૫
રાવણ સરીખો જો જો રાજવી રે લંકા સરીખો કોટ;
તે પણ રૂઠે કરમે રોળવ્યો રે, શ્રી રામચન્દ્રની ચોટ. અ૦ ૬
જેહ નર મૂછે વળ ઘાલતા રે, કરતાં મોડામોડ;
તે ઊઠી શ્મશાને સંચર્યા રે, કાજ અધૂરાં છોડ. અ૦ ૭

મુંજ સરીખે માંગી ભીખડી રે, રામ રહ્યા વનવાસ;
એણે સંસારે એ સુખસંપદા રે, સંધ્યા રાગ વિલાસ. અ૦ ૮
રાજલીલા સંસારની સાહિબી રે, એ યાવન રંગરોલ;
ધનસંપદ પણ દીસે કારમી રે, જેહવા જલધિ કલ્લોલ. અ૦ ૯
કિહાંથી આવ્યો કિહાં જાવું અછે રે, કિહાં તારી ઉતપત્તિ;
ભ્રમ ભૂલ્યો તું અથિર પદારથે રે, ચતુર વિચારી જો ચિત્ત. અ૦ ૧૦
મોહ તણે વશે દુઃખ દીઠાં ઘણાં રે, સંગ ન કર હવે તાસ;
**ઉદયરતન** કહે, ચતુર તું આતમા રે, ભજ ભગવંત ઉલ્લાસ. અ૦ ૧૧

## વૈરાગ્યની સઝાય

ઊંચાં મંદિર માળિયાં, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો.
એક રે દિવસ એવો આવશે, મન સબળોજી સાલે;
મંત્રી મળ્યા સવિ કારમા, તેનું કાંઈ ન ચાલે. એક૦ ૧

સાવ સોનાનાં સાંકળાં, પહેરણ નવનવા વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક૦ ૨

ચરૂ કઢાઈઆ અતિ ઘણાં, બીજાનાં નહિ લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું. એક૦ ૩

કેનાં છોરું ને કેનાં વાછરૂં, કેના માય ને બાપ;
અંતઃકાળે જવું જીવને એકલું, સાથે પુન્ય ને પાપ. એક૦ ૫

સગી રે નારી એની કામિની, ઊભી ટગમગ જુએ;
તેનું કાંઈ પણ ચાલે નહિ, બેઠી ધ્રૂસકે રૂવે. એક૦ ૫

વહાલા તે વહાલા શું કરો, વહાલા વોળાવી વળશે;
વહાલાં તે વન કેરાં લાકડાં, તે તો સાથે જ બળશે. એક૦ ૬

નહિ ત્રાપો નહિ તુંબડી, નથી તરવાનો આરો;
**ઉદયરત્ન** પ્રભુ ઇમ ભણે, મને ભવપાર ઉતારો. એક૦ ૭

## વૈરાગ્યવર્ધકની (દેશના) સઝાય

### હો રે ચેતન ચેતજો

પરષદા આગે દિયે મુનિ દેશના, જુઓ સંસારનાં રૂપ હો;
જગમાં જોતાં કો કોઈનું નહિ, અરથે લાગે અનૂપ હો. હો૦ ૧
સ્વારથ લગે સહુ ખુંદ્યું ખમે, જેમ દૂઝણી ગાયની લાત હો;
ભૂખે મારે બૂઢીને જુઓ, એમ અનેક અવદાત હો. હો૦ ૨
ધૂરા વહે ધોરી જિહાં લગે, તિહાં લગે દિયે છે ગવાર હો;
નાથે ઝાલી ઘી પાયે વલી, પછી ન નીર ચાર હો. હો૦ ૩
સુતને ધવરાવે માતા સ્વારથે, સ્વારથે સુત ધાવંત હો;
લેણું લીજે રે દેણું દીજિયે, ભાખે એમ ભગવંત હો. હો૦ ૪
સગપણ સઘળાં રે સંબંધ લગે, જે કરે પુન્ય ને પાપ હો;
નવાનો ઉધારો જૂના ભોગવે, કુણ બેટો કુણ બાપ? હો. હો૦ ૫
પહોતી અવધે કોઈ પડખે નહિ, કીજે કોટી ઉપાય હો;
રાખ્યું તે કોઈનું નહિ રહે, પાકા પાનનો ન્યાય હો. હો૦ ૬
મોહની જાળે સહુ મુંઝી રહ્યા, એક રાગ ને બીજો દ્વેષ હો;
બળવંત બંને બંધન એ કહ્યાં, તે માંહે રાગ વિશેષ હો. હો૦ ૭
જે જેમ કરે તે તેમ ભોગવે, કડવા કર્મવિપાક હો;
વિષયનો વાહ્યો જીવ ચેતે નહિ, ખાતો ફળ કિંપાક હો. હો૦ ૮
આખર સહુને ઊઠી ચાલવું, કોઈ આજ કે કોઈ કાલ હો;
પરદેશી આણાં પાછાં નહિ વળે, એમ સંસારી ચાલ હો. હો૦ ૯
નરપતિ સુરપતિ જિનપતિ સારીખા, રહી ન શકયા ઘડી એક હો;
તો બીજાનો શ્યો આશરો? કાળ ચૂકે નહિ ટેક હો. હો૦ ૧૦
એહવું જાણીને ધર્મ આદરો, કેવલી ભાષિત જેહ હો;
વીશમી ઢાળે **ઉદયરતન** વદે, સંસારમાં સાર છે એહ હો. હો૦ ૧૧

## શિખામણ કોને આપવી તે વિશેની સઝાય

(રે બેટી, ભલી રે ભણી તું આજ – એ દેશી)

શિખામણ દેતાં ખરી રે, મૂઢ ન માને મન્ન;

શિલ્લાયેં જળ સિંચતાં રે, ઊગે નહીં જેમ અન્ન રે;
બેહેની, ત્યાં બોલ ન બોલો એક.
જ્યાં નહીં વિનય વિવેક રે બેહેની, ત્યાં બોલ ન બોલો એક;
એવા માણુસ અનેક રે બેહેની ત્યાં બોલ મ બોલો એક. બે૦ ૧
શિક્ષા દીજેં સંતને રે, જેહની ઉત્તમ જાત;
ફાટે પણ ફીટે નહીં રે, જિમ પડી પટોળે ભાત રે. બે૦ ત્યાં૦ ૨
વિઘટાવ્યાં વિઘટે નહીં રે, ગોળે ઘેહેલા થાય;
કસોટીયેં કુંદન પરેં રે, કસતાં નવિ ક્ષણુસાય રે. બે૦ ત્યાં૦ ૩
ડગ ડગ દીસે ડુંગરા રે, પગ પગ પાણી પૂર;
હીરો ને અમૃત બને રે, શોધ્યા ન મળે સનૂર રે. બે૦ ત્યાં૦ ૪
આવળ રૂપેં રૂઅડી રે, ડમરો મરુઓ સોય;
રૂપ રહિત સહુ આદરે, આવળ આદરે ન કોય રે. બે૦ ત્યાં૦ ૫
આપમતીલા આદમી રે, ઇચ્છાચારી અપાર;
હાર્યાં દોર્યાં હારમાં રે, નાવે તે નિરધાર રે. બે૦ ત્યાં૦ ૬
પડસૂદી વાળી વળે રે, વાળી વળે વળી વેલ;
કુમાણુસ ને કાઠની રે, વાળી ન વળે વેલ રે. બે૦. ત્યાં૦ ૭
**ઉદયરતન** ઉપદેશથી રે, રીઝે જે પુરુષરતન્ન;
તેહનાં લીજેં ભામણાં રે, જે કરે શિયળ જતન્ન રે. બે૦. ત્યાં૦ ૮

## શિયલની સઝાય

(ધન્ય ધન્ય તે દિન માહરો – એ દેશી)

શિયલ સમું વ્રત કો નહીં, શ્રી જિનવર એમ ભાખે રે;
સુખ આપે જે શાશ્વતાં, દુર્ગતિ પડતા રાખે રે. શિ૦ ૧
વ્રત પચ્ચખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે;
એક જ શિયલ તણે બલે, ગયા મુકતે તેહ રે. શિ૦ ૨
સાધુ અને શ્રાવક તણાં, વ્રત છે સુખદાયી રે;
શિયલ વિના વ્રત જાણજો, કુસકા સમ ભાઈ રે. શિ૦ ૩

તરુવર મૂળ વિના જિસ્યો, ગુણ વિણ લાલ કમાન રે;
શિયલ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે. શિ૦ ૪
નવ વાડે કરી નિર્મળું, પહેલું શિયલ જ ધરજો રે;
**ઉદયરત્ન** કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. શિ૦ ૫

## શિયળની નવ વાડોની સઝાય

દોહા

શ્રી ગુરુને ચરણે નમી, સમરી શારદા માય;
નવવિધ શિયળની વાડનો, ઉત્તમ કહું ઉપાય. ૧

ઢાળ ૧લી, વધાવાની
(પહેલાને પાસો હોજી – એ દેશી)

પહિલીને વાડે હોજી વીર જિનેશ્વરે કહ્યો,
સેવો સેવો હો વસતિ વિચારીને જી;
સ્ત્રી પશુ પંડક હોજી વાસો વસે જિહાં,
તિહાં નવિ રહેવું હો શીલવ્રતધારીને જી. ૨
જેમ તરુડાળે હોજી વસતો વાનરો,
મનમાં બીહે હો રખે ભુંઈ પડું જી;
મંજારી દેખી હોજી પિંજરમાંહેથી,
પોપટ ચિંતે હો રખે દોટે ચડું જી. ૩
જેમ સિંહલંકી હોજી, સુંદરી શિર ધરી,
જળનું બેડું હો જુગતિ શું જાળવે જી;
તિમ મુનિ મનમેં હોજી રાખે ગોપવી,
નારીને નીરખી હોજી ચિત્ત નવિ ચાળવે જી. ૪
જિહાં હોવે વાસો હોજી સહેજે મંજારનો,
જોખમ લાગે હો મૂષકની જાતને જી;
તેમ બ્રહ્મચારી હોજી નારીની સંગતે,
હારે હારે હો શિયળ સુધાતને જી. ૫

ત્રુટક

એમ વાડ વિઘટે વિષય પ્રગટે, શંકા કંખા નીપજે,
તીવ્ર કામે ધાતુ બિગડે, રોગ બહુવિધ ઊપજે;
મનમાંહી જાગે વિષય વ્યાપે, વિષયશું મન રહે મળી,
**ઉદયરત્ન** કહે તિણે કારણે, નવ વાડ રાખો નિર્મળી. ૬

ઢાળ ૨જી

(વિદર્ભ દેશ કુંડનપુર નયરી – એ દેશી)
સુરપતિસેવિત ત્રિભુવનધણી, અજ્ઞાન તિમિરહર દિનમણિ;
શિયળરત્નના જતન તંતે, ભાખી વાડ બીજી ભગવંતે. ૧

ત્રુટક

ભગવંત ભાખે સંઘ સાખે, શિયળ સુરતરુ રાખવા;
મુક્તિ મહાફળ હેતુ અદ્‌ભુત, ચારિત્રનો રસ ચાખવા. ૨
મીઠે વચને માનનીશું, કથા ન કરો કામની;
વાડ વિધશું જેહ પાળે, બલિહારી તસ નામની. ૩
વાત વ્રતને ઘાતકારી, પવન જિમ તરુપાતને;
વાત કરતાં વિષય જાગે, તે માટે તજો વાતને. ૪
લીંબુ દેખી દૂરથી જેમ, ખટાશે દાઢા ગળે;
ગગન ગર્જારવ સુણીને, હડકવા જેમ ઊછળે. ૫
તિમ વ્રતીનાં ચિત્ત વિણસે, વયણ સુંદરીનાં સુણી;
કથા તજો તેણે કારણે, એમ પ્રકાશે ત્રિભુવનધણી. ૬

ઢાળ ૩જી

(તટ જમુનાનો રે અતિ રળિયામણો રે – એ દેશી)
ત્રીજીને વાડે રે ત્રિભુવન રાજિયો રે, એણી પરે દિયે ઉપદેશ,
આસન છંડો રે સાધુજી નારીનો રે, મુહૂર્ત લગે સુવિશેષ,
હું બલિહારી રે જાઉં તેહની રે. ૧

ધન્ય ધન્ય તેહની હો માત;
શીળ સુરંગી રે, રંગાણી રાગશું રે, જેહની સાતે હો ધાત. હું૦ ૨
શયનાસને રે પાટ ને પાટલે રે, જિહાં જિહાં બેસે હો નાર;
બે ઘડી લગે રે તિહાં બેસે નહીં રે, શીળવ્રત રાખણહાર. હું૦ ૩
કોળા કેરી રે ગંધ યોગથી રે, જેમ જાયે કણીકનો વાક;
તિમ અબળાનું રે આસન સેવતાં રે, વિણસે શિયળ સુપાક. હું૦ ૪

ઢાળ ૪થી

(હું વારી રંગ ઢોલણા – એ દેશી)

ચોથીને વાડે ચેતજો હો રાજ, ઇમ ભાખે શ્રી જિન ભૂપ રે,
સંવેગી સુધા સાધુજી, નયણકમળ વિકાસીને હો રાજ,
રખે નીરખો રમણીનું રૂપ રે. સં૦ ૧
રૂપ જોતાં રઢ લાગશે હો રાજ, હેલા ઉલ્લસશે અનંગ રે;
મનમાંહે જાગશે મોહની હો રાજ, ત્યારે રખે સંભારો દિલ ધરીજી. સં૦ ૨
અગ્નિ ભાર્યા ઉપર પૂળો, મેલે જિમ જ્વાળા વમે જી;
વરસ દિવસે જિમ વિષધરનું, શંકાએ વિષ સંક્રમે જી. સં૦ ૩
વિષયસુખ જે વિલસિત પહેલાં, તિમ શિયળવતી સંભારતો જી;
વ્યાકુળ થઈને શિયળ વિરાધે, પછી થાયે વળી ઓરતો જી. સં૦ ૪

ઢાળ ૫મી

(થાંપર વારી મારા સાહિબા, કંબલ મત ચાલો – એ દેશી)

પંચમી વાડ પરમેશ્વરે, વખાણી હો વારુ;
સાંભળજો શ્રોતા તુમે, ધર્મી વ્રતધારુ. ૧
કુડયાંતર વર કામિની, રમે જિહાં રાગે;
સ્વર કંકણાદિકના સુણી, જિહાં મન્મથ જાગે. ૨
તિહાં વસવું બ્રહ્મચારીને, ન કહ્યું વીતરાગે;
વાડ ભાંગે શીળરત્નની, જિહાં લાંછન લાગે. ૩

અગ્નિ પાસે જેમ ઓગળે, ભાજન માંહે ધરીઓ;
લાખ ને મીણુ જાયે ગળી, ન રહે રસ ભરીઓ. ૪
તિમ હાવભાવ નારી તણા, વળી હાંસુ ને રુદના;
સાંભળતાં શીળ વિઘટે, મન વધે હો મદના. ૫

ઢાળ ૬ઠી

(સહિયાં મારાં નયણુ સમારો – એ દેશી)

છઠ્ઠી વાડે છયલ છબીલો, ગુણરત્ને ગાઢો ભર્યો જી;
સિદ્ધાર્થ રાયને કુળે નગીનો, વીર જિણુંદ ઇમ ઉચ્ચર્યો જી. ૧
અવ્રતીપણે જે જે આગે, કામક્રીડા બહુવિધ કરીજી; સિ૦
વ્રત લઈને વિલસિત પહેલાં, હોશે વ્રતનો ભંગ રે. સિ૦ ૨
દિનકર સામું દેખતાં હો રાજ, નયણુ ઘટે જિમ તેજ રે; સિ૦
તિમ તરુણી તન પેખતાં હો રાજ, હીણું થાયે શિયળશું હેજ રે. સિ૦ ૩

ઢાળ ૭મી

(ગઢ બુંદીરાવાળા – એ દેશી)

સાતમી વાડે વીર પયંપે, સુણો સંજમના રાગી હો,
શીળરથના હો ધોરી, સુધા સાધુ વૈરાગી,
મુઝ આણાકારી ને બ્રહ્મચારી, વિષય રસના ત્યાગી હો. શી૦ ૧
સરસ આહાર તે તજજો સહેજે, વિગય થોડી વાવરજો હો; શી૦
માદક આહારે મન્મથ જાગે, તે જાણી પરહરજો હો. શી૦ ૨
સન્નિપાતે જિમ ઘૃતયોગે, અધિક કરે ઉછાલા હો; શી૦
પાંચે ઇંદ્રિય તિમ રસે પોષ્યે ચારિત્રમાં કરે ચાળા હો. શી૦ ૩

ઢાળ ૮મી

(રાગ મારુ. ગોઠણુ ખોલો કમાડ – એ દેશી)

ત્રિશલા સુત હો ત્રિગડે બેશી એમ,
આઠમી વાડ વખાણી શીલરત્નની જી;

અતિમાત્રા હો આહાર તજો અણગાર,
લાલચ રાખો જો સંયમ શીલની જી. ૧
અતિ આહારે હો આવે ઊંઘ અપાર,
સ્વપ્નમાંહે થાયે શીલ વિરાધના જી;
વળી થાયે હો તેને તેણે મદવંત દેહ,
સંયમની નવિ થાયે આરાધનાજી. ૨
જિમ શેરના હો માપમાંહી બશેર,
ઓરીને ઉપર દીજે ઢાંકણું જી;
ભાંજે તોલડી હો ખીચડી ખેરૂ થાય,
તિમ અતિમાત્રાએ વ્રત બગડે ઘણું જી. ૩

ઢાળ ૯મી

(કાય થકે સવારે અથવા ગરબાની દેશી)

નવમી વાડે નિવારજો જી, સાધુજી શણગાર;
શરીર શોભાએ શોભે નહીં રે, અવનિ તળે અણગાર. ૧
એમ ઉપદિશે વીરજી રે, મુનિવર ધરજો રે મન;
શિખામણ એ માહરી રે, કરજો શીળજતન. ૨
સ્નાન વિલેપન વાસના રે, ઉત્તમ વસ્ત્ર અપાર;
તેલ તંબોળ આદિ તજો રે, ઉદ્ભટ વેષ મ ધાર. ૩
ધોઈને ધરણી ધર્યો રે, જિમ રત્ન હાર્યો કુંભાર;
તિમ શીળરત્નને હારશો રે, જો કરશો શણગાર. ૪

ઢાળ ૧૦મી

(ભટિયાણીની દેશી)

એકલી નારી સાથે, મારગે નવિ જાવું હો વળી વાટે વાત ન કીજીએ;
એક સેજે નર હોય, શીળવંત નવિ સુવે હો, વલી સહેજે ગાળ ન દીજીએ. ૧
ન સુવાડે નિજ પાસ, સાડા છ વરસની હો, વળી પુત્રીને પણ હેજમાં;
સાત વરસ ઉપરાંત, સુતને પણ ન સુવાડે હો, વળી શીળવંતી સેજમાં. ૨

સ્ત્રીસંગે નવ લાખ, પ્રાણી હણાયે હો, વળી ભગવંતે ભાખ્યું ઈસ્યું;
અસંખ્યા પણ જીવ, સંમૂર્છિમ પંચેંદ્રિ હો, હણાયે વળી ઘણું કહીએ કીસ્યું. ૩
ઈમ જાણી નરનાર, શિયળની સદ્દહણા હો, સૂધી દિલમાં ધારજો;
લેઇ દુર્ગતિનું મૂળ, અબ્રહ્મ સેવામાહિ હો, જાતાં દિલને વારજો. ૪
તપગચ્છ ગયણ દિણંદ, મનવાંછિત ફળ દાતા હો, **શ્રીહીરરત્નસૂરીશ્વરુ;**
પામી તાસ પસાય વાડો વખાણી હો, શિયળની મનોહરુ. ૫
**ખંભાત** રહી ચોમાસ, **સત્તરશેં ત્રેસઠે** હો, શ્રાવણ વદિ બીજ બુધે ભણે;
**ઉદયરત્ન** કહે કર જોડ, શિયળવંત નરનારી હો તેહને જાઉં ભામણે. ૬

## શિયલ વિશે શિખામણની સઝાય

પ્રભુ સાથેં જો પ્રીત વંછો તો, નારીસંગ નિવારો રે,
કપટની પેટી કામણગારી, નિશ્ચય નરકદુવારો રે. ૧
એહની ગતિ એહિ જ જાણે, રખે કોઈ સંદેહ આણે રે,
એ આંકણી.
અબલા એવું નામ ધરાવે, સબલાને સમજાવે રે,
હરિ હર બ્રહ્મ પુરંદર સરીખા, તે પણ દાસ કહાવે રે. એ૦ ૨
એક નરને આંખે સમજાવે, બીજાશું બોલે કરારી રે,
ત્રીજાશું કર્મ કરે તક જોઈ, ચોથો ધરે ચિત્ત મઝારી રે. એ૦ ૩
વ્યસન વિલુદ્ધિ ન જુવે વિમાસી, ઘટતા ઘટતી વાતેં રે,
મૂંઝ પરદેશીની પરેં જોઈ, મલજો એહ સંઘાતે રે. એ૦ ૪
જાંઘ ચીરીને માંસ ખવાડ્યું, તો પણ ન થઈ તેહની રે,
મોહની મીઠી દિલની જૂઠી, કામિની ન હોયે કેહની રે. એ૦ ૫
પગલે પગલે મન લલચાવે, શ્વાસોચ્છવાસથી જુદી રે,
ગરજ દેખીને ઘહેલી થાયે, કાજ સરે જાયે કૂદી રે એ૦ ૬
કરણી એહની કલી ન જાયે, નયણ તણી ગતિ ન્યારી રે,
ગાવું એહનું જેણે ગાયું, તેણે નિજ સદ્દગતિ હારી રે. એ૦ ૭

લાખ ભાંતે લલચાવે લંપટ, વિરૂઈ ને વિષની કચારી રે,
એહના પાસમાં જે નર પડિયા, તે હાર્યા જમવારી રે. એ૦ ૮
કોડિ જતન કરી કોઈ રાખે, માનિની મહોલ મઝારી રે,
તો પણ તેહને સૂતાં વેચે, ઘડે ન રહે ધૂતારી રે. એ૦ ૯
જો લાગી તો સર્વસ્વ લૂંટે, રૂઠી રાક્ષસી તોલે રે,
એમ જાણીને અલગા રહેજો, **ઉદયરતન** ઇમ બોલે રે. એ૦ ૧૦

## શિયળ વિશે સ્ત્રીને શિખામણની સઝાય

(ચાલ)

એક અનુપમ રે, શિખામણ ખરી;
સમજી લેજ્યો રે, સઘળી સુંદરી.

(ઉથલો)

સુંદરી સહેજે હૃદય હેજે પર સેજે નવિ બેસીએ,
ચિત્ત થકી ચૂકી લાજ મૂકી, પર મંદિર નવિ પેસીએ;
બહુ ઘેર હીંડે નારી નિર્લજ્જ, શાસ્ત્રે પણ ત્યજવી કહી,
જેમ પ્રેતદૃષ્ટિએ પડયું ભોજન, જમવું તે જુગતું નહિ. ૧

(ચાલ)

પર શું પ્રેમે રે, હસીય ન બોલીએ,
દાંત દેખાડી રે, ગુહ્ય ન ખોલીએ.

(ઉથલો)

ગુહ્ય ઘરનું પરની આગે, કહોને કેમ પ્રકાશીએ,
વળી વાત જે વિપરીત ભાસે, તેહથી દૂર નાશીએ;
અસુર સવારા અને અગોચર, એકલડાં નવિ જોઈએ,
સહસાત્કારે વાત કરતાં, સહેજે શિયળ ગુમાવીએ. ૨

(ચાલ)

નટ વિટ નરશું રે, નયણ ન જોડીએ;
માર્ગ જાતાં રે, આઘું ઓઢીએ.

(ઉથલો)

આઘું તે ઓઢી વાત કરતાં, ઘણાં જ રૂડાં શોભીએ,
સાસુ અને માના જાણ્યા વિણ, પલક પાસ ન થોભીએ;
સુખદુઃખ સરજ્યું પામીએ, પણ કુળાચાર ન મૂકીએ,
પરવશ વસતાં પ્રાણ જાતાં, શિયળથી નવિ ચૂકીએ. ૩

(ચાલ)

વ્યસની સાથેરે; વાત ન કીજીએ;
હાથોહાથરે, તાળી ન લીજીએ.

(ઉથલો)

તાળી ન લીજે નજર ન દીજે ચંચલ ચાલ ન ચાલીએ,
એક વિષય બુદ્ધે વસ્તુ કેહની, હાથ પણ નવિ ઝાલીએ;
કોટિ કંદર્પ રૂપ સુંદર, પુરુષ પેખી ન મોહીએ,
તણખલા ગણી તેહને, ફરીય સામું ન જોઈએ. ૪

(ચાલ)

પુરુષ પ્યારો રે, વળી ન વખાણીએ;
વૃદ્ધ તે પિતા રે, સરખો જાણીએ.

(ઉથલો)

જાણીએ પિયુ વિણ પુરુષ, સઘળાં સહોદર સમોવડે,
પતિવ્રતાનો ધર્મ જોતાં, નાવે કોઈ સમોવડે,
કુરૂપ કુષ્ટિ કૂબડો ને, દુષ્ટ દુર્બળ નિર્ગુણો,
ભરતાર પામી ભામિની તે ઇન્દ્રથી અધિકો ગણો. ૫

(ચાલ)

અમરકુમાર રે, તજી સુરસુંદરી,
પવનજયે રે, અંજના પરિહરી.

(ઉથલો)

પરિહરી સીતા રામે વનમાં, નળે દમયંતી વળી,
મહાસતી માથે કષ્ટ પડયાં પણ, શિયલથી તે નવિ ચળી;

કસોટીની પરે કસીય જોતાં, કંત શું વિહડે નહીં,
તનમનવચને શિયલ રાખે, સતી તે જાણો સહી. ૬

(ચાલ)

રૂપ દેખાડી રે, પુરુષ ન પાડીએ,
વ્યાકુળ થઈને રે, મન ન બગાડિયે.

(ઉથલો)

મન ન બગાડિયે પરપુરુષનું, જોગ જોતાં નવિ મળે,
કલંક માથે ચઢે કૂડાં, સગાં સહુ દૂરે ટળે;
અણસર્જ્યો ઉચાટ થાએ, પ્રાણ તિહાં લાગી રહે;
ઇહ લોક પામે આપદા, પરલોક પીડા બહુ સહે, ૭

(ચાલ)

રામને રૂપે રે, સુપર્ણખા મોહી;
કાજ ન સીધ્યું રે, વળી ઇજ્જત ખોઈ.

(ઉથલો)

ઈજ્જત ખોઈ દેખ અભયા, શેઠ સુદર્શન નવિ ચળ્યો,
ભરતાર આગળ પડી ભોંઠી, અપવાદ સઘળે ઊછળ્યો;
કામની બુદ્ધે કામિનીએ, વંકચૂળ વાહ્યો ઘણું,
પણ શિયલથી ચૂકચો નહીં, દૃષ્ટાંત એમ કહેતાં ભણું. ૮

(ચાલ)

શિયલ પ્રભાવે રે, જુઓ સોળે સતી,
ત્રિભુવનમાંહે રે, જે જે થઈ છતી.

(ઉથલો)

છતી થઈ તે શિયલ રાખ્યું, કલ્પના કીધી નહીં,
નામ તેહના જગત જાણે, વિશ્વમાં ઊગી રહી;
ત્રિવિધ રત્ને જડિત ભૂષણ, રૂપ સુંદર કિન્નરી,
એક શિયલ વિણ શોભે નહીં, તે સત્ય ગણજો સુંદરી. ૯

(ચાલ)

શિયલ પ્રભાવે રે, સહુ સેવા કરે,
નવ વાડે રે, જેહ નિર્મળ ધરે.

(ઉથલો)

નિર્મળ શિયલ ઉજ્જવળ, તાસ કીર્તિ ઝળહળે,
મનઃકામના સવિ સિદ્ધિ પામે, અષ્ટ ભય દૂરે ટળે;
ધન્ય ધન્ય તે જાણો નરા, જે શિયલ ચોખ્ખું આદરે,
આનંદના તે ઓઘ પામે, **ઉદય** મહાજસ વિસ્તરે. ૧૦

## સકામ-અકામ મરણની સઝાય

(પામી સુગુરુ પસાય રે – એ દેશી)

મરણ અકામ સકામ રે, અકામ અજ્જાણને; સકામ બીજુ શ્રુતવંતને એ. ૧
પહેલું અનંતી વાર રે, પામે પ્રાણીઓ; સકામ કહ્યો કોઈ સંતને એ. ૨
પ્રત્યક્ષ તેહ પ્રમાણ રે, પરલોક નવિ માને; શાસ્ત્ર વાત ન સદ્દહે એ. ૩
ભોગવે ઇચ્છિત ભોગ રે, ધર્મ નથી ધરા; નાસ્તિક મુખે એહવું કહે એ. ૪
મગન વિષય સુખમાંહિ રે, વ્રતની વાસના; સુપને પણ સમજે નહિ એ. ૫
મૂરખ એહવા મૂઢ રે, અકાળ મરણે કરી; સંસારે ભમે તે સહી એ. ૬
નહિ તૃષણા નહિ લોભ રે, મગન મહાવ્રત; લગન નહિ કિસી વાતની એ. ૭
સુધા એહવા સાધુ રે, સકામ મરણે કરી; બલિહારી તસ નામની એ. ૮
સ્વર્ગ અને અપવર્ગ રે, સુખ લહે શાશ્વતા; **ઉદયરતન વાચક** વદે એ. ૯
ધરીએ તેહનું ધ્યાન રે, માન તજી મુદા, રંગ શુદ્ધ રાખો હૃદે એ. ૧૦

## સ્ત્રીને શિખામણની સઝાય

નાથ કહે તું સુણને નારી, શિખામણ છે સારીજી;
વચન તે સઘળાં વીણી લેશે, તેહનાં કારજ સરશે.
શાણાં થઈએજી. ૧
જાત્રા જાગરણ ને વિવાહમાં, માતા સાથે રહીએજી;
સાસરિયામાં જળ ભરવાને, સાસુ સાથે જઈએ. શા૦ ૨

દશા અંધારી ને એકલડાં, માર્ગમાં નવિ જઈએજી;
એકલી જાણી આળ ચડાવે, એવડું શાને કરીએ. શા૦ ૩
ન્હાણામાં ન્હેલેરા ઊઠી, ઘરનો ધંધો કરીએજી;
નણંદજેઠાણી પાસે જઈને, સુખદુઃખ વાત ન કરીએ. શા૦ ૪
ચોકમાં ચતુરાઈએ રહીએ, રાંધતાં નવિ રમીએજી;
સહુકોને પ્રસાદ કરાવી, પાછળ પોતે જમીએ. શા૦ ૫
ગાંઠે પહેરી ઘરમાં રહીએ, બહાર પગ નવિ ભરીએજી;
સસરાજેઠની લાજ કરીને રે, મ્હોં આગળથી ખસીએ. શા૦ ૬
છૂટે કેશે શિર ઉઘાડે, આંગણામાં નવિ જઈએ જી;
પુરુષ તણો પડછાયો દેખી, મ્હોં આગળ નવિ રહીએ. શા૦ ૭
એકાંતે દિયરિયા સાથે, હાથે તાળી ન લઈએ જી;
પ્રેમ તણી જો વાત કરે તો, મ્હોં આગળથી ખસીએ. શા૦ ૮
આભરણ પહેરી અંગ શોભાવી, હાથે દર્પણ ન લઈએજી;
પિયુડો જો પરદેશ સધાવે, તો કાજળરેખ ન દઈએ. શા૦ ૯
પિયુડા સાથે ક્રોધ ન કરીએ, રિસાઈ નવી રહીએજી;
છૈયાં છોરું છોકરડાંને, તાડન કદીય ન કરીએ. શા૦ ૧૦
ઉજ્જડ મંદિર માંહિ કયારે, એકલડાં નવિ જઈએજી;
એકલી જાણી આળ ચઢાવે, એવડું શાને કરીએ. શા૦ ૧૧
ફિરિયલ નારીનો સંગ ન કરીએ, તસ સંગે નવિ ફરીએજી;
મારગ જાતાં વિચાર કરીને, ઊંડો પાવ ન ધરીએ. શા૦ ૧૨
**ઉદયરત્ન વાચક** ઇમ બોલે, જે નરનારી ભણશેજી;
તેહનાં પાતક દૂરે ટળશે, મુક્તિપુરીમાં મળશે. શા૦ ૧૩

## છંદો

### પાર્શ્વનાથ છંદ

(ભુજંગપ્રયાત વૃત્ત)

વંદો દેવ વામેય દેવાધિદેવં, સુરા આસુરા ભાસુરા સાર સેવં;
નવે ખંડમાં આણ અખંડ જેહની, પ્રભુકાંતિ શી ભાંતિ નહીં વિશ્વ કેહની. ૧
મહાદુષ્ટ જેહ ધિષ્ટ પાપિષ્ટ પૂરા, પ્રભુનામથી તે દોષી જાય દૂરા;
આવી વાટ ઘાટે બાંધે જેહ ઓડા, થાયે આંધલા તે ઘણા તો ન થોડા. ૨
ધરાધીશ ધોખો ધરી ધીજ દાખે, રાગી સેવકાંની પ્રભુ લાજ રાખે;
વેરી નાથ જે વાતનો જોર વાધ્યો, બહુ નામી બંધુ પલિ પાસ બાંધ્યો. ૩
જૂઠી વાત જંપી હિયાની ઉપાઈ, મેહલે સાધુને અસાધુ પજાઈ;
સાચો તો બેલી છે પ્રભુ તું સદાઈ, સ્વામી તું સધારે વધારે વડાઈ. ૪
પડી વાત વાંધે, પ્રભુ પાર પીછો, ધિઠાં જિહાં રૂઠાં તિહાં પ્રભુજી ધણી છો;
સાચું કરી જૂઠું કર્યો જોર સાંસો, વેહેરી થયા વાંસે રાખો નાથ વાંસો. ૫
ગુડા જે ગુમાની લિયે ગૂજમાંથી, ભુંડા જે લંભેર્યા ભરી તીર ભાથી;
કરી ક્રોધને જે કરે ઘાત કેના, તમે વારજ્યો તાતજી નાક તેનાં. ૬
ગતિ ગોબરા તોબરા મુખે તુચ્છા, વલી વાંકડા આંકડાદાર ઓછા;
મલેચ્છા યથેચ્છા ગછે મચ્છરાલા, પ્રભુ પાર્શ્વ ધ્યાને નમે તે મદાલા. ૭
ક્રોધાલા ભૂપાલા હઠાલા કરાલા, વડા ધિંગત્રિસિંગ મહાસિંધવાલા;
રોસાલા દોસાલા મોસાલા તે રૂઠા, તોસાલા પોસાલા હુવે પાસ તૂઠા. ૮
કરી કે સરી દાવ દોજી હવાલા, રણે અર્ણવે રોગ મહારાણ પાલા;
પડ્યા તાસ પાસ ભાંજિ પાસ પાસ, ત્રોડી સર્વ ત્રાસ આવે તે અવાસ. ૯
પૂરે દાસ આશા પ્રભુ પાસ પૂરી, સદા સંપદા ખેલ સિંચે સભૂરી,
ટલે આપદા ને કરે સાર ટાણે, જયકાર પામે ભજી જેહ જાણે. ૧૦

**ઉદય ઉવજઝાયા** વદે આજ પાયા, વિલાસા સવાયા સવાસેં વસાયા;
લીલાલહેર વાધે પ્રભુનામ લાધાં, બોલી સર્વ બાધા લહ્યા શા અગાધા. ૧૧

## ભીડભંજન પાર્શ્વનાથ છંદ

(તૂટક છંદની ચાલ)

ભીડભંજન ભવભયભીતિહરં, જયો પાર્શ્વ પ્રભુ જિન પ્રીતિકરં,
સેવક મનવંછિત સિદ્ધિપ્રદં, પ્રભુદર્શન કોટી ગમે ફલદં. ૧
જે આણ અખંડિત આપ વહે, લલના લખમી તે લીલ લહે,
દુઃખ દુરગતિ તેહથી દૂરે રહે, કુણ અપરંપરનો પાર કહે. ૨
કરકમલ જોડી પ્રણામ કરે, ધૂપચંદન આરતિદીપ ધરે,
વલી કુસુમ તણા જે પગર ભરે, નર કેવલ કમલા તેહ વરે. ૩
કુંકમ મૃગમદ ઘનસાર વરં, અક્ષત જલ ફલ નૈવેદ્ય ધરં,
મધુરધ્વનિ મંગલ પાઠ રવં, સેવા શિવપદ આપે વિભવં. ૪
કવિતા જે પ્રભુગુણ રંગ કવે, તસુ જય લચ્છી વરમાલ ઠવે,
ભવિ નૃત્ય કરેં નવનવ છંદે, વૃંદારક તેહના પદ વંદે. ૫
ખલખંડન પરદલ દલનં પ્રભુ પૂજન મુક્તિવધૂ મિલનં,
મહા મંગલ કેલિ કલાનિલયં, કલી કિસલ લતા કિસલય કલિયં. ૬
અતિ અદ્ભુત સંપદ સૌધ સદા, પ્રભુ પાર્શ્વ નમો વામેય મુદા,
ભગવંત ભજે નહીં કષ્ટ કદા, હોય આપદ દુષ્ટ ઉચ્છેદ તદા. ૭
ખેટકપુર મંડન દેવ ખરો, ત્રિવિધેં સેવિ સંસાર તરો,
પ્રભુ પૂજી પુન્યભંડાર ભરો, અવસર પામીને સફલ કરો. ૮
ૐકાર ભજો અહંકાર તજો, માયા બીજે જિનરાજ ભજો,
અર્હં ભીડભંજન પાર્શ્વ પ્રભુ, નમતાં આપેં નવનિદ્ધિ વિભુ. ૯
એમ **વાચક ઉદયરત્ન** વદે, ધરો પાર્શ્વ પ્રભુનું ધ્યાન હૃદે,
સઘલી ઇચ્છા જેમ સફલ ફલે, ટલે દુર્જન સજ્જન સંઘ મલે. ૧૦

### કલશ

સર્વસિદ્ધિ સદનં શિવસાધનં, પાર્શ્વ દેવ પદયો આરાધનં;
ધૃતિ મતિ કીર્તિ કાંતિ વિવર્ધનં, મદન મોહ મહા રિપુમર્દનં. ૧૧

## શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ

સેવો પાસ શંખેશ્વરો મન શુદ્ધે,
નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે;
દેવી દેવલાં અન્યને શું નમો છો ?
અહો ભવ્ય લોકો ભૂલા કાં ભમો છો ? ૧

ત્રિલોકના નાથને શું તજો છો ?
પડયા પાસમાં ભૂતને કાં ભજો છો ?
સુરધેનુ છંડી અજા શું અજો છો ?
મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો ? ૨

તજે કોણ ચિંતામણિ કાચ માટે ?
ગ્રહે કોણ રાસભને હસ્તી સાટે;
સુરદ્રુમ ઉખાડી કોણ આક વાવે ?
મહામૂઢ તે આકુલા અંત પાવે. ૩

કિહાં કાંકરો ને કિહાં મેરુશૃંગ ?
કિંહા કેસરી ને કિંહા તે કુરંગ ?
કિહાં વિશ્વનાથં કિહાં અન્ય દેવા ?
કરો એકચિત્તે પ્રભુ પાસ સેવા. ૪

પૂજો દેવી પ્રભાવતી પ્રાણનાથં,
સહુ જીવને જે કરે છે સનાથં;
મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે,
તેનાં દુઃખ દારિદ્ર દૂરે પલાવે. ૫

પામી માનુષો ને વૃથા કાં ગમો છો ?
કુશીલે કરી દેહને કાં દમો છો ?
નહિ મુક્તિવાસં વિના વીતરાગં,
ભજો ભગવતં તજો દૃષ્ટિરાગં. ૬

**ઉદયરત્ન** ભાખે સદા હિત આણી,
દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ માહરે મોતીડે મેહ વુઠયા,
પ્રભુ પાસ શંખેશ્વરો આપ તૂઠયા. ૭

## શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ

પાસ શંખેશ્વરા, સાર કર સેવકા, દેવ કાં એવડી વાર લાગે;
કોડી કર જોડી, દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે. પાસ૦ ૧
પ્રગટ થા પાસજી, મેલી પડદો પરો, મોહ અસુરાણને આપ છોડો;
મુજ મહીરાણ મંજૂષમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો. પાસ૦ ૨
જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઊંઘે;
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ તત્કાળ મોંઘે. પાસ૦ ૩
ભીડ પડી જાદવા જોર લાગી જરા, તત્ક્ષણે ત્રિકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભક્તજન તેહનો ભય નિવાર્યો. પાસ૦ ૪
આદિ અનાદિ અરિહંત તું એક છે, દીનદયાળ છે કોણ દૂજો;
**ઉદયરત્ન** કહે પ્રગટ પ્રભુ પ્રાસજી, પામી ભયભંજનો એહ પૂજો. પાસ૦ ૫

## ગૌતમસ્વામીનો છંદ

માત પૃથ્વી સુત પ્રાત ઊઠી નમો, ગણધર ગૌતમ નામ ગેલે;
પ્રહ સમે પ્રેમશું જેહ ધ્યાતાં સદા, ચઢતી કળા હોય વંશ વેલે.
માતપૃથ્વી સુત૦ ૧
વસુભૂતિનંદન વિશ્વજન વંદન, દુરતિનિકંદન નામ જેહનું;
અભેદ બુદ્ધે કરી ભવિજન જે ભજે, પૂર્ણ પહોંચે સહી ભાગ્ય
તેહનું. માતપૃથ્વી સુત૦ ૨
સુરમણિ જેહ ચિન્તામણિ સુરતરુ, કામિત પૂરણ કામધેનુ;
એહ જ ગૌતમતણું ધ્યાન હૃદય ધરો, જેહ થકી નહીં
માહાત્મ્ય કેહનું. માતપૃથ્વી સુત૦ ૩

જ્ઞાન બલ તેજ ને સકલ સુખ સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે;
અખંડ-પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુર-નર જેહને શીશ નામે.
માતપૃથ્વીસુત૦ ૪

પ્રણવ આદે ધરી માયા બીજે કરી, સ્વમુખે ગૌતમનામ ધ્યાયે;
કોડિ મનકામના સકલ વેગે ફ્લે, વિઘ્ન-વૈરી સવે દૂર જાયે.
માતપૃથ્વી સુત૦ ૫

દુષ્ટ દૂરે ટલે સ્વજન મેલો મળે, આધિ ઉપાધિ ને વ્યાધિ નાસે;
ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વળી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે.
માતપૃથ્વી સુત૦ ૬

તીર્થ અષ્ટાપદેં આપ લબ્ધે જઈ, પન્નરસેં ત્રણને દિકખ દીધી;
અઠ્ઠમને પારણે તાપસ કારણે, ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી.
માતપૃથ્વી સુત૦ ૭

વરસ પચ્ચાસ લગેં ગૃહવાસે વસ્યા,
વરસ વલી ત્રીશ કરી વીરસેવા;
બાર વરસાં લગે કેવલ ભોગવ્યું, ભક્તિ જેહની કરે નિત્ય દેવા.
માતપૃથ્વી સુત૦ ૮

મહિયલ ગૌતમ ગોત્ર મહિમાનિધિ, ઋદ્ધિ ને સિદ્ધિ દાઈ;
ઉદય જસ નામથી અધિક લીલા લહે, સુજસ સૌભાગ્ય દોલત
સવાઈ. માતપૃથ્વી સુત૦ ૯

## મોહરાજાવર્ણન છંદ

(ભુજંગપ્રયાત છંદ)

બેટીસેં વિલુદ્ધો જુવો બાપ હૂતો, સાવિત્રી સનેહેં વિધાતા વિગૂતો;
લુંડીની પરેં લોપીને લોકલજ્જા, તુને હું નમું છૂં ભલા મોહરાજા. ૧
વૃંદાવનમાં ગોપીનારી વિહારી, કદંબે ચઢયા ચીર ચોરી મુરારી;
કુબજા ભજી પ્રીતિ સેં મૂકિ માજા. તુને૦ ૨

ભૂલો ભીલડીને બલેં ઈશ ભોલો, નાચ્યો નગ્ન રૂપે ધરી ચિત્ત ચોલો,
નવ નિત્યેં ચંડી કરે છે તગાજા. તુને૦ ૩
રહ્યો રામ સીતા રસેં રૂપેં વાહ્યો, ખેંચી બાણને મૃગની પૂંઠેં ધાયો;
પ્રિયા કાજ બાંધી પારાવાર પાજા. તુને૦ ૪
અહો ઇંદ્ર અહલ્યા તણેં રૂપેં મોહ્યો, દઈ શ્રાપનેં ગૌતમેં તે વિગોવ્યો;
કરી નારી માંજાર ને કહ્યો જા જા. તુને૦ ૫
પારાશર નામેં થયો મહાજોગી, સુતા માછલી નાવમાં જેણેં ભોગી;
શુકદેવ જોતાં રહ્યા નહિ સાજા. તુને૦ ૬
ઋષિ જમદગ્નિ વરી રેણુકાનેં, પરશૂરામ પેદા કર્યા એક તાનેં;
ક્ષત્રી ખેસવાને કર્યાં યુદ્ધ ઝાઝાં. તુને૦ ૭
રસેં રોહિણીસેં રમ્યો ચંદ્ર પોતેં, થયો ખીણ રૂપી કલા આપ ખોતેં;
આલોચી પુરાણેં જુવો કામ આઝા. તુને૦ ૮
કહીએ શું ઘણું તો નહિં મૂલ સાજું, દેવી દેવની વાત કહેતાં હું લાજું;
જડા લોક જૂઠા કરે છે દીવાજા. તુને૦ ૯
રખે દેવ ચાડી તણો દોષ દેતા, વેદ વ્યાસ પોતેં ગયા છે વિગોતા;
વિના જૈન ટાલી નથી કોઈ ચોખો, ધરો મન માંહે રખે રેખ ધોખો. તુને૦ ૧૦
જોતાં નારીથી જે રહે કોઈ અલગો, તજી સર્વને તેહનેં પાય વલગો;
**ઉદયરત્ન** ભાખે નમો નાથ તેહ, સદા સુંદરીથી રહે દૂર જેહ. ૧૧

## સોળ સતીનો છંદ

આદિનાથ આદે જિનવર વંદી, સફળ મનોરથ કીજિયે એ;
પ્રભાતે ઊઠી મંગલિક કામે, સોળ સતીનાં નામ લીજિયે એ. ૧
બાળકુમારી જગ હિતકારી, બ્રાહ્મી ભરતની બહેનડી એ;
ઘટ ઘટ વ્યાપક અક્ષરરૂપે, સોળ સતી માંહે જે વડી એ. ૨
બાહુબળ ભગિની સતીય શિરોમણિ, સુંદરી નામે ઋષભસુતા એ;
અંકસ્વરૂપી ત્રિભુવન માંહે, જેહ અનુપમ ગુણજુતા એ. ૩
ચંદનબાલા બાલપણાથી, શિયલવતી શુદ્ધ શ્રાવિકા એ;
અડદના બાકુલા વીર પ્રતિલાભ્યા, કેવલ લહી વ્રત ભાવિકા એ. ૪

ઉગ્રસેનધૂઆ ધારિણીનંદની, રાજીમતી નેમવલ્લભા એ;
જોબન વેશે કામને જીત્યો, સંયમ લેઈ દેવદુલ્લભા એ. ૫
પંચ ભરથારી પાંડવનારી, દ્રુપદતનયા વખાણિયે એ;
એકસોઆઠે ચીર પુરાણાં, શિયલમહિમા તસ જાણિયે એ. ૬
દશરથ નૃપની નારી નિરુપમ, કૌશલ્યા કુળચંદ્રિકા એ;
શિયલ સલુણી રામજનેતા, પુણ્યતણી પરનાલિકા એ. ૭
કોશાંબિક ઠામે શતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજિયો એ;
તસ ઘર ગૃહિણી મૃગાવતી સતી, સુરભુવને જસ ગાજિયો એ. ૮
સુલસા સાચી શિયલે ન કાચી, રાચી નહીં વિષયારસે એ;
મુખડું જોતાં પાપ પલાયે, નામ લેતાં મન ઉલ્લસે એ. ૯
રામ રઘુવંશી તેહની કામિની, જનકસુતા સીતા સતી એ;
જગ સહુ જાણે ધીજ કરંતાં, અનલ શીતળ થયો શિયલથી એ. ૧૦
કાચે તાંતણે ચાલણી બાંધી, કૂવા થકી જળ કાઢિયું એ;
કલંક ઉતારવા સતી સુભદ્રાએ, ચંપા બાર ઉઘાડિયું એ. ૧૧
સુરનરવંદિત શિયલ અખંડિત, શિવા શિવપદગામિની એ;
જેહને નામે નિર્મળ થઈયે, બલિહારી તસ નામની એ. ૧૨
હસ્તિનાગપુરે પાંડુરાયની, કુંતા નામે કામિની એ;
પાંડવમાતા દશે દશાર્હની, બ્હેન પતિવ્રતા પદ્મિની એ. ૧૩
શીલવતી નામે શીલવ્રતધારિણી, ત્રિવિધે તેહને વંદિયે એ;
નામ જપંતાં પાતક જાયે, દરિસણ દુરિત નિકંદીએ એ. ૧૪
નિષધા નગરે નળહ નરિંદની, દમયંતી તસ ગેહિની એ;
સંકટ પડતાં શિયલ જ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહની એ. ૧૫
અનંગ અજિતા જગજનપૂજિતા, પુષ્પચૂલા ને પ્રભાવતી એ;
વિશ્વવિખ્યાતા કામિતદાતા, શોલમી સતી પદ્માવતી એ. ૧૬
વીરે ભાખી શાસ્ત્રે સાખી, **ઉદયરત્ન** ભાખે મુદા એ;
વ્હાણું વાતાં જે નર ભણશે, તે લહેશે સુખસંપદા એ. ૧૭

સલોકા

# નેમનાથનો સલોકો

સિદ્ધિ બુદ્ધિ દાતા બ્રહ્માની બેટી બાળકુમારી વિદ્યાની પેટી;
હંસવાહના જગમાં વિખ્યાતા, અક્ષર આપોને સરસતી માતા. ૧
નેમજી કેરો કહેશું સલોકો, એક મનેથી સાંભળજો લોકો;
જંબુદ્વીપના ભારતમાં જાણું, નયર સૌરીપુર સરગ સમાણું. ૨
ચઉટાં ચોરાશી બારે દરવાજા, રાજ્ય કરે તિહાં યદુવંશી રાજા;
સમુદ્રવિજય ઘર શિવાદેવી રાણી શીળે સીતા ને રૂપે ઇંદ્રાણી. ૩
તેહ તણી જે કૂખે અવતરિયા, સહસ અઠોત્તર લક્ષણે ભરિયા;
ખારો ખાટો ને મીઠો જે આહાર, ગર્ભને હેતે કીજે પરિહાર. ૪
ઘોર ઘટાએ જળધર ગાજે, સજળ લીલાંબર પુહવી બિરાજે;
વાદળ દરમાંહે વીજ ઝબૂકે, ક્ષણ ક્ષણ અંતરે મેહ ટબૂકે. ૫
પૂરણ નદીએ આવ્યાં છે પૂર, પૂરણ પુહવી પસરિયો અંકુર;
ઋતુ મનોહર દાદૂર ડહકે, ભર્યાં સરોવર લહેરે તે લહકે. ૬
છબી હરિયાંની અજબ છબીલી, નીલે આભરણે ધરતી રંગીલી;
રાગ મલ્હારની ઋતુ ભરેલી, અજુઆળી પાંચમ શ્રાવણ કેરી. ૭
પૂરણ પસર્યો પાવસ કાળ, પૂરણ પુહવી પસર્યા સુગાળ;
મધ્યરાત ને પૂરણ માસે, નેમજી જનમ્યા રાજઅવાસે. ૮
ચોસઠ ઇંદ્ર ને છપ્પન કુમારી, ઓચ્છવ કરીને ગયા નિજ ઠારી;
થયો પરભાત રાત વિહાઈ, દાસીએ જઈને દીધી વધાઈ. ૯
દૂર તે કીધું દાસી-આચરણ, અનેક આપ્યાં વસ્ત્ર-આભરણ;
સોવનથાળની માંહે રૂપૈયા, સવાલાખ તે આપ્યા સોનૈયા. ૧૦
અતિ આનંદ પામ્યો નરેશ, રાજસભામાં કીધો પ્રવેશ;
પુત્ર જનમ્યાની નોબત વાજી, નાદે તે રહ્યું અંબર ગાજી. ૧૧

બત્રીશ બદ્ધ તિહાં નાટક થાય, ઘેર ઘેર કુંકુમ હાથા દેવાય;
દાન યાચકને દીધાં અછેહ, જાણે કે પુઠચો ઉત્તર મેહ. ૧૨
તોરણ બાંધ્યાં ઘરઘર બાર, ઘરઘર ગાયે મંગળ ચાર;
બાર દિવસ લગેં ઓચ્છવ કીધો, લખમી તણો ત્યાં લાહો જ લીધો. ૧૩
અરથ ગરથના ખરચ્યા ભંડાર, નામ તે ઠવ્યું નેમકુમાર;
દિનદિન વાધે ચંદ્ર વદિતો, કેડ છે લંકે કેસરી જીત્યો. ૧૪
ત્રિવળી દેખીને ત્રિભુવન મોહે, ગંગા જમુના ને સરસતી સોહે;
નાસા નિરુપમ દીપશિખાશી, નયણ પંકજપત્ર પ્રકાશી. ૧૫
મુખથી બોલે અમીરસ વાણી, મનમાંહે હરખે શિવાદેવી રાણી;
બાળલીલામાં બુદ્ધિભંડાર, દેખીને મોહે સુર નરનાર. ૧૬
એક દિન નેમજી બજાર માંહે, નગરીના બ્યાલ એજુ ઉચ્છાંહે,
કૃષ્ણતણી જિહાં આયુધશાળા, તિહાં કણે પોહોત્યા દીનદયાળા. ૧૭
શંખ ચક્ર ને ધનુષ ઉદાર, કોદંડ તાણીને કીધો ટંકાર;
વળતા સેવક ઇણિ પરે બોલે, ગોવિંદ વિના એ ચક્ર ન ડોલે. ૧૮
ટચી આંગુળિયે ચક્ર ઉપાડયું, ચાકતણી પરે ભલું ભમાડયું;
અર્ચક ઊભા ઇણિ પરે ભાંખે, શંખ ન વાજે કૃષ્ણજી પાખે. ૧૯
હળવેશું લેઈ શંખ બજાયો, સાતે પાતાળે સરગે સુણાયો;
શેષ સળસળિયા ધરા તિહાં ધમકી, ઝરૂખે બેઠી કામિની ઝબકી. ૨૦
હબક લાગીને હાર તિહાં તૂટચા, કંચુક તણા બંધ વિછૂટચા;
સમુદ્રજળ હળિયાં ચઢિયાં કલ્લોલે, કાયર કંપે ને ડુંગરા ડોલે. ૨૧
હાથી હબકચા ઝબકચા ઝુઝાર, તેજી ત્રાઠા ને ડરિયા દિગપાળ;
પવન થંભ્યો ને ધરતી ઘેરાઈ, કૃષ્ણજી કહે સુણો બળભદ્ર ભાઈ. ૨૨
કોઈક નવો તે વૈરી અવતરિયો, મ્હોટો બળવંત મચ્છર ભરિયો;
નાદે અનહદ અંબર ગાજે, એહવો શંખ તે કેણે ન વાજે. ૨૩
ત્રિભુવન માંહે તો કોઈ ન સૂજે, ચક્રી બારે ન ઇંદ્ર અલુજે;
જદુનાથને થઈ તે જાણ, વાત સુણીને થયા હેરાન. ૨૪

ધુજે ભુભર ચિત્તે મનમાંય, રાજકાજ તે મેલ્ય કહેવાય;
સુગુણ સોભાગી સાહસિક શૂરો, એકે વાતે એ નહીં અધૂરો. ૨૫
મુજથી બળિયો એ મહાબળ ધારી, મ્હોટે સાંસે તે પડયો મોરારી;
વળી વળી મનમાં ચિંતે વનમાળી, રાજ્ય અમારું લેશે ઉલાળી. ૨૬
ઇણે અવસરે નેમકુમાર, મલપતા આવ્યા સભા મોઝાર;
આઘા આવો જી આદર દીયો, સભા સહુ કોઈ પરણામ કીધો. ૨૭
પાણિ પસારી સારંગપાણિ, મુખથી બોલ્યા તે એહવી વાણી;
આજ પરખિયે બળ તુમારો, નેમ નમાવો હાથ અમારો. ૨૮
કાચી કાંબ જિમ કણુયર કેરી, કમળ તણી પરે વાળ્યો કર ફેરી;
નેમજી રહ્યા બાંહ્ય પસારી, જાણે હીંડોળે હીંચે ગિરિધારી. ૨૯
વિઠ્ઠલ મનમાં જુએ વિચારી, એહ કુંવારો બાળ બ્રહ્મચારી;
ઇમ ચિંતીને નારી હકારી, છાંટે નેમને બાહે પસારી. ૩૦
ભરી ખંડોખળી કેસર કુંકુમે, ગોપી દિયરશું રમત રમે;
સત્યભામા ને રૂક્મિણી રાણી, કહે નેમને એહવી તે વાણી. ૩૧
પરણો રાજુલ રૂપે રઢિયાળી, નારી વિના તે નર કહિયે હાળી;
નારીનો રસ તે મ્હોટો સંસાર, નારી તે અછે નરનો આધાર. ૩૨
પુરુષની પાસે જો ન હોય નારી, વસ્તુ ન ધીરે કોઈ વ્યાપારી;
નારી તે અછે રત્નની ખાણ, ઘરણી વડે તે ઘરનું મંડાણ. ૩૩
મુસકીશું બોલે ગોવિંદરાણી, બત્રીશ સહસમાં વડી જેઠાણી;
પાયે પડવું તે દોહલું જાણી, તે માટે તમે ન્હાની દેરાણી. ૩૪
જેહશું અપૂરવ પ્રીત બંધાણી, આજ તે હવે કેમ રહિયે તાણી;
ફરી ઉત્તર નેમે ન દીયો, માન્યો માન્યો જી સહુ કોણે કીધો. ૩૫
બોલ બોલ્યા ને કીધી સગાઈ, લીધાં લગન ને કરી સગાઈ;
છપ્પન કુળ કોટી જાદવ મળિયા, તુરને નાદે સમુદ્ર જળહળિયા. ૩૬
ચઢી જાન ને વાજિંત્ર વાજે, જાણે અષાઢો જળધર ગાજે;
જુગતે કરીને જાદવ ચડિયા, પ્રથમ ઘાવ તો નગારે પડિયા. ૩૭

મયગળ માતા ને પરવત કાળા, લાખ બેતાળી સબળ સુંઢાળા;
છાકે છકયા ને મદે ઝરંતા, મૂકે સારસી ચાલે મલપંતા. ૩૮
લાખ બેતાળીશ તેજી પાખરિયા, ઉપર અસવાર સોહે કેસરિયા;
અચ્છી કચ્છી ને પંચ કલ્યાણા, પૂંઠે પોઢા ને પુરુષ સમાણા. ૩૯
સમગતે ચાલે ચક્ર રહંતા, ચંચળ ચપળ તે ચરણે નાચંતા;
સાજ સોનેરી સોહે કેકાણ, લાખ બેતાળીશ વાજે નિશાણ. ૪૦
લાખ બેતાળીશ રથ જોતરિયા, કોડી અડતાળીશ પાવા પડવરિયા;
નેજા પચરંગી પંચકોડ જાણું, અઢીલાખ તે દીવીધર વખાણું. ૪૧
સોહે રાજેંદ્ર સોળહજાર, એકશોએંશી વળી સાથે સુહાર;
સાથે સેજવાળા પંચલાખ વારુ, માંહે સુંદરી બેઠી દીદારૂ. ૪૨
શેઠ સેનાપતિ સાથે પરધાન, ભલી ભાતશું ચાલી હવે જાન;
બંધૂકની ધૂમે સૂર છિપાયો, રજડંબરે અંબર છાયો. ૪૩
ધવળ મંગળ ગાયે જાનરણી, જાણે સરસતીની વીણા રણઝણી;
વાઘે કેશરિયે વરઘોડે ચડિયા, કાને કુંડળ હીરે તે જડિયા. ૪૪
છત્ર ચામર મુગટ બિરાજે, રૂપ દેખીને રતિપતિ લાજે;
જાન લેઈને જાદવ સધાવ્યા, ઉગ્રસેનને તોરણે આવ્યા. ૪૫
દેખી રાજુલ મનમાં ઉલ્લસે, ચંદ્ર દેખી જેમ સમુદ્ર ઉલ્લસે;
ઘણા દિવસની રાજુલ તરસી, સજી શણગાર જુએ આરસી. ૪૬
અંજન અંજિત આંખ અણિયાળી, વેણી સરળી ને સાપણ કાળી;
શીશફૂલ ને સેંથે સિંદૂર, મયણરાજાનું પસર્યું છે પૂર. ૪૭
ગાલે ગોરીને ઝાલ ઝબૂકે, મદભર માતી ને નજર ન ચૂકે;
નાસા નિર્મળ અધર પરવાળી, કેડે થોડી ને ઘણું સુકુમાળી. ૪૮
ભૂષણ ભૂષિત સુંદર રૂપ, મુખ પૂનમચંદ અનુપ;
રૂડાં રૂપાળાં કુચ ઉત્તંગ, કસને કસીને કીધા છે તંગ. ૪૯
હૈયે લાખીણો નવસર હાર, ચરણે ઝાંઝર રણઝણકાર;
સજી શણગાર ઊભી ઝરૂખે, નીરખી નેમને મનમાંહે હરખે. ૫૦

મ્હોટા મંડપની રચના અતિ રૂડી, ગાજે વાજિંત્ર ઊછળે ગૂડી;
ભુંગળ ભેરી ને વાજે નફેરી, જુએ રાજુલ નેમને હેરી. ૫૧
ગોખે ચઢીને રાજુલ ભાખે, દિવસ દોહલા ગયા તુમ પાખે;
કંત તે કાંઈ કામણ કીધું, મન માહરું ઉલાળી લીધું. ૫૨
આજ ફરકે છે જમણું રે અંગ, સહી એ થાશે રંગમાં ભંગ;
કહે રાજુલ સુણો સાહેલી, રખે જાદવ જાય મુજને મેહલી. ૫૩
પશુ પેખીને પાયો વૈરાગ, મુગતિરમણી શું કીધો છે રાગ;
નેમજી પૂરવની પ્રીત પાળજે. એમ છટકીને છેહ ન દીજે. ૫૪
મુગતિમંદિરમાં આવજો મળશું, સદા સર્વદા રમત રમશું;
દાન સંવચ્છરી જિનવરે દીધું, નેમરાજુલે સંજમ લીધું. ૫૫
પૂરવની પ્રીત અવિહડ પાળી મુગતિમાં કરમ પોત્યા પ્રજાળી;
વેગે વિરહની વેદના ટાળી. શિવમંદિરમાં જોજ્યો સંભાળી. ૫૬
શીલ પાળે જે ચતુર સુજાણ, નામે તેહને કોડ કલ્યાણ;
**ઉદયરત્ન** કવિ ઇણી પરે બોલે, કોઈ ન આવે શ્રી નેમને તોલે. ૫૭

## શંખેશ્વર પાર્શ્વનાથજીનો સલોકો

માત ભુવનેશ્વરી ભુવનમાં સાચી, જેહની જગમાં કીરતિ જાચી,
દેવી પદમાવતી ધરણેન્દ્ર રાણી, આપો શુભમતિ સેવક જાણી. ૧

પાસ શંખેશ્વર કેરો સલોકો, એક ચિત્તથી સાંભળજો લોકો,
દેશ વઢિયાર માંહે જે કહ્યો, કલિકાલ માંહે જાલમ પ્રગટ્યો. ૨

જરાસંઘ ને જાદવ વઢિયા, બાંધી મોરચો બેહુ દળ લઢિયા,
પડે સુભટ ને ફોજુ મરડાય, કાયર કેતા તિહાં નાસીને જાય. ૩

રાગ સિંધુએ શરણાઈ વાગે, સુણી સુભટને શુરાતન જાગે,
થાયે જુદ્ધ ને કોઈ ન થાકે, ત્યારે જરાસંઘ છળ એક તાકે. ૪

છપ્પન કુલ કોટી જાદવ કહીએ, એક એકથી ચઢિયાતા લહીએ,
પ્રાણ આપે પણ પાછા ન ભાગે, એક મારું ત્યાં એકવીસ જાગે. ૫

વઢતાં એહનો અંત ન આવે, કરું કપટ તો રમત ફાવે;
એમ ચિંતીને મેલી તિહાં જરા, ઢલિયું જાદવનું સૈન્ય તિહાં ધરા. ૬
જરા લાગીને જાદવ તિહાં ઢળિયા, નેમ કૃષ્ણ ને બળભદ્ર બળિયા,
ત્રણ પુરુષને જરા ન લાગી, કહે કૃષ્ણ નેમજીને પાય લાગી. ૭
એહવો કરો કોઈ ઉપાય, જેણે જરા તો નાસીને જાય,
કહે કૃષ્ણને નેમકુમાર, કરો અઠ્ઠમ તવ ચોવિહાર. ૮
પહેલા ધરણેન્દ્ર તમે ઉપાસો, તેહને દેરાસર દેવ છે પાસો,
તેહ આરાધ્યો આપશે બિંબ, સરસે આપણું કામ અવિલંબ. ૯
મુખથી મોટો બોલ ન ભાખું, ત્રણ દિવસ, લગે સૈન્ય હું રાખું,
જિનવરભક્તિનો પ્રભાવ ભારી, થાશે સર્વવિધ મંગળકારી. ૧૦
ઇન્દ્રે સારથી માતલી નામે, મેલ્યો જિનવરની ભક્તિને કામે,
આસન માંડીને દેવ મોરારી, અઠ્ઠમ કરીને બેઠા તિણે ઠારી. ૧૧
તૂઠો ધરણેન્દ્ર આવે શ્રી પાર્શ્વ, હરખ્યા શ્રીપતિ અતિ ઉલ્લાસ,
નમણ કરીને છાંટે તેની વાર, ઊઠ્યું સૈન્ય ને થયો જયકાર. ૧૨
દેખી જાદવનો જાલમ જોરો, જરાસંઘનો તિહાં તૂટ્યો તોરો,
ત્યારે લેઈને ચક્ર તે મેલ્યું, વંદે કૃષ્ણને આવી તે પહેલું. ૧૩
પછી કૃષ્ણના હાથમાં બેઠું, જરાસંઘને સાલ તો પેઠું,
કૃષ્ણે ચક્રને મેલ્યું તિહાં ફેરી, જરાસંઘને નાખ્યો વધેરી. ૧૪
શીશ છેદ્યું ને ધરણી તે ઢળિયો,
જય જય શબ્દ તે સઘળે ઊછળિયો,
દેવદુંદુભિ આકાશે વાજે, ઉપર ફૂલની વૃષ્ટિ બિરાજે. ૧૫
તમે વાસુદેવ ત્રણ ખંડ ભોક્તા, કીધા કરમના મારગ મુકતા,
નયર શંખેશ્વર વસાવ્યું ઉમંગે, થાપી પાર્શ્વની પ્રતિમા શ્રી રંગે. ૧૬
શત્રુ જીતીને સોરઠ દેશ, દ્વારીકાનગરીમાં કૃષ્ણ નરેશ,
પાળે રાજ્ય ને ટાળે અન્યાય, ક્ષાયિક સમકિતધારી કહેવાય. ૧૭
પાર્શ્વ શંખેશ્વર પ્રગટ મલ્લ, અવની માંહી તું એક અવલ્લ,
નામ તારું જે મનમાંહે ધારે, તેહનાં સંકટ દૂર નિવારે. ૧૮

દેશ પરદેશી સંઘ જે આવે, પૂજા કરીને ભાવના ભાવે,
સોનારૂપાની આંગીઓ રચાવે, નૃત્ય કરીને કેસર ચઢાવે. ૧૯
એક મને જે તમને આરાધે, મનના મનોરથ સઘળા તે સાધે,
તારે જગતમાં અવદાત મોટા, ખરો તુંહી જ બીજા સહુ ખોટા. ૨૦
પ્રતિમા સુંદર સોહે પુરાણી, દામોદર જિનને વારે ભરાણી,
ઘણે સુરનરે પૂજ્યા તુજ પાય, તેહને મુક્તિના દીધા પસાય. ૨૧
**ઓગણસાઠ ને ઉપર સો વરસે,** વૈશાખ વદી છઠ્ઠને દિવસે,
એહ સલોકો હરખે મેં ગાયો, સુખ પાયો ને દુર્ગતિ પલાયો. ૨૨
નિત નિત નવલી મંગલ માલા, દિનદિન દેજો દોલત રસાળા,
**ઉદયરત્ન** કહે પાર્શ્વપસાયે, કોડી કલ્યાણ સન્મુખ થાયે. ૨૩

## ભરતબાહુબલજીનો સલોકો

પ્રથમ પ્રણમું માતા બ્રહ્માણી, તૂહી આપે જે અવિરલ વાણી;
ભરત બાહુબલ ભાઈ સજોડે, કહીશું શલોકો મનને કોડે. ૧
નાભિ રાજાને કુલે નગીનો, પ્રથમ તીર્થંકર ઋષભ ઊપનો;
સો પુત્ર તેહના સમરથ જાણું, ભરત બાહુબલ ભલા વખાણું. ૨
આયુધશાળાએ ચક્ર ઊપન્યું, મન તે હરખિયું ભરત ભૂપનું,
ચક્ર પૂજીને કરી ચઢાઈ, દીધા ડેરા તે જંગલમાં જાઈ. ૩
સૈન્ય લઈને સબળ દીવાજે, વિવિધ જાત તિહાં રણતૂર વાજે;
ચક્ર અતુલબળ આકાશે હાલે, ભરત સૈન્ય શું પૂંઠે તે ચાલે. ૪
પૂરવ આદિ ને ઉત્તર અંતે, આણ મનાવી ચક્રી બલવંતે;
સાધ્યા ષટ્ખંડ કમલ અપાર, વરસ તે બોલ્યાં સાઠ હજાર. ૫
ગંગાસિંધુ ને સાધી સરિતા, પછી મ્લેચ્છના દેશ તે જીત્યા;
સેના લઈને ભરત સધાવ્યા, સાધી ષટ્ખંડ અયોધ્યાએ આવ્યા. ૬
નગરીનાં લોક સામાં તે આવે, મોતીએ થાલ ભરીને વધાવે;
વાજે વાજિંત્ર ભૂંગલ ભેરી, શેરીએ ફૂલડાં નાખે છે વેરી. ૭

યાચકજન તો કીર્તિ બોલે, કોઈ ન આવે શ્રી ભરતને તોલે;
દિનદિન દોલત વાધે સવાઈ, બીજાની નહીં તેવી અધિકાઈ. ૮
અનુક્રમે કીધો નગરપ્રવેશ, ચક્રનો ઉત્સવ માંડયો નરેશ;
ચક્ર તે રહ્યું આકાશે ભમે, આયુધશાળાએ આવે નહીં કિમે. ૯
સહુ મળીને મનમાં વિમાસે, શા માટે રહ્યું ચક્ર આકાશે;
સુણો સાહિબ કહે સેનાની, ભાઈ તુમારો એક ગુમાની. ૧૦
બાહુબલ નામે મહાબલધારી, તેહ ન માને આણ તુમારી;
હઠ માંડીને રહ્યો હઠીલો, છત્રપતિ છોગાલો છેલછબીલો. ૧૧
અવલો ને એ મહા અભિમાની, સેવા કીધી છે પહેલા સાધુની;
અજિત અતુલબલ તેણે તે વળિયો, જાલમ જોદ્ધો સંગ્રામે કળિયો. ૧૨
અનામી તે કેહની આણ ન માને, પરાક્રમે પૂરો પ્રજાને પાળે;
એવી તે સુણી વાત અદ્ભુત, લેખ લખીને મોકલ્યો દૂત. ૧૩
દૂત તેહવે ભરત આદેશે, વેગે તે પહોંતો બાહુબલદેશે;
કાગળ આપીને કહે કર જોડી, વેગે તેડયા છે ચાલો તોણે. ૧૪
કાગળ વાંચીને ચઢયો તે ક્રોધ, દૂત પ્રત્યે કહે વચન વિરોધ;
કોણ ભરત તેડે છે અમને, નથી ઓળખતા પૂછું છું તમને. ૧૫
દૂત કહે છે ભાઈ તુમારો, ભરત ચક્રવર્તી સાહેબ હમારો;
આયુધશાળાએ ચક્ર ન આવે, તેણે કરીને તમને બોલાવે. ૧૬
કરી અસવારી વેગે સધાવો, તિહાં આવીને શીશ નમાવો;
નાવો તો કરો યુદ્ધ સજાઈ, માંહોમાંહે મળી સમજો બે ભાઈ. ૧૭
ભરત ચક્રવર્તી ષટ્ખંડ ભોગી, અભિમાન સહુના રહ્યો આરોગી;
તે આગળ શું ગજું તમારું, તે માટે કહ્યું માનો અમારું. ૧૮
એમ નિસુણી બાહુબલ જંપે, મુજ આગે તો ત્રિભુવન કંપે;
ચઢયો ક્રોધ ને દાંત જ કરડે, હોઠ કરડે ને મૂછ જ મરડે. ૧૯
એહવો તે કુણ ભૂલ્યો છે ભારી, જેહ બરોબરી કરે અમારી;
કહે બાહુબલ ચઢાવી રીસ, કરું યુદ્ધ પણ ન નામું શીશ. ૨૦

વેગે ખીજીને દૂત તે વળિયો, અનુક્રમે ભરતને આવી તે મળિયો;
ભરતને જઈ દૂત તે ભાખે, આણ ન માને કટકાઈ પાખે. ૨૧
સુણી વાતને માની તે સાચી, ચડાઈ કરવા ભેરી તે વાજી;
હાથી ઘોડા ને રથ નિશાણ, લાખ ચોરાશી તેહનું પરિમાણ. ૨૨
રથ લઈને શસ્ત્ર તે ભરિયાં, ધવલા ધોરીડા ધિંગા જોતરિયા;
સાથે છન્નું ક્રોડ પાળા પરવરિયા, નેજા પચરંગી દશ ક્રોડ ધરિયા. ૨૩
પૂરા પાંચ લાખ દીવી ધરનાર, મહીપતિ મુગટાલા બત્રીશ હજાર;
શેષ તુરંગમ ક્રોડ અઢાર, સાથે વ્યાપારી સંખ્યા ન પાર. ૨૪
સવા ક્રોડ તે સાથે પરધાન, મ્હોટી નાળનું તેર લાખ માન;
સાથ રસોઈયા સહસ બત્રીશ, લશ્કર લઈને ભરત ચક્રીશ. ૨૫
લશ્કર લઈને ચક્રવર્તી ચઢિયો, સાહમો આવીને બાહુબલ અડિયો;
તેના કટકનો પાર ન જાણું, યમરૂપી તે યોદ્ધા વખાણું. ૨૬
નિશાને ઘાવા દેઈ પરવરિયો, સૈન્ય લઈને સાહમો ઊતરિયો;
કહે બાહુબલ ભરતને જઈ, તાહરી તો શુદ્ધ શા માટે ગઈ. ૨૭
સગા ભાઈશું એમ ન કીજે, રિદ્ધિ પામીને છેહ ન દીજે;
જાતે દહાડે જોને વિમાસી, પર પોતાનો ન હોવે સહવાસી. ૨૮
અંગ વિના તે ડાંગ ન વાજે, ભાડુ તે રાખી ભીડ ન ભાંજે;
ઘર નવસેં પુત્ર પ્રિયારે, સુખ ન લહીએ ભૂત હિયા રે. ૨૯
તેં તો અવગણ્યા ભાઈ અઠ્ઠાણું, યતિ થયા તજી તે જાણું;
તાતે લોભિયો તુજને વિચારી, તેણે તે લીધું સંયમ ભારી. ૩૦
તાહરે પાપે તે નાસીને છૂટા, ઘણું અઘટતું કીધું તે જૂઠા;
કરતુક તાહરાં કહેતાં હું લાજું, મુજ વડે તું ષટ્ખંડ ગાજું. ૩૧
તુજને જોઉં નજરે જો ફેરી, વાર ન લાગે નાખતાં વેરી;
ફૂલદડો લઈ કોમળ હાથે, વઢવું સોહેલું ચુડાલી સાથે. ૩૨
એ નહીં એહવા છાકમ છોલા, ચાહે ચિત્તથી ભૂત મ ભોલા;
હાંક મારું તો પર્વત ફાટે, લાજ રાખું છું બંધવ માટે. ૩૩

ટચલી આંગળીએ મેરુને તોલું, તાહરો કટક લઈ સમુદ્રમાં બોલું;
પણ રાખું છું લાજ પિતાની, વાત વળી કહું બાળપણાની. ૩૪
ગગને ઉછાળ્યો ગિંડુક રીતે, પાછો પડતો તું ધાર્યો મેં પ્રીતે;
ચરણે ઝીલીને ફેરવ્યો તુજને, પવને જેમ ફરે દેવળ ધ્વજાની. ૩૫
વળી ફેરવ્યો પાવક વનમેં, જિમ નળ રાજને જુગટે જગમેં;
બાળપણાને રૂડાં સંભારી, ગર્વ તે કરજો પછી વિચારી. ૩૬
ભરત સાંભળજે સાચું હું ભાખું, હવે કેહની લાજ ન રાખું;
બાળપણાની રમત નાઠી, હવે બાંધી છે બાકરી કાઠી. ૩૭
એમ કહીને રણવટ રસિયો, ધનુષ લઈને સાહમો તે ધસિયો;
ઊમટચો ધૂમાડો પ્રગટી જાળ, બાહુબળે તિહાં ઝાલી કરવાળ. ૩૮
બાંધી હથિયાર સાહમો તે આવ્યો, પ્રથમ તુંકારે ભરત બોલાવ્યો;
કાંઈ હણાવે સુભટની ઘાટા, આપણ કીજે યુદ્ધ બે કાટા. ૩૯
કોઈ બીજાનું ઇહાં નહીં કામ, ફોગટ બીજાનાં ફોડો છો કાં ઠામ;
ચઢિયે આપણે અવધ જ રાખી, સુરનર કોડિ કર્યા તિહાં સાખી. ૪૦
બેહુને ચારીરે રહ્યા બેઉ પાસા, તિહાં સુરનર જોવે તમાસા;
ભરત બાહુબલ અધિક દીવાજે, બેઉને શિર છત્ર બિરાજે. ૪૧
ભરત બાહુબલ સામા બે ભાઈ, શશી રવિ સરીખા રહે થિર થાઈ,
નીરખી સુરનર રહે સહુ અલગા, દષ્ટિયુદ્ધમાં પ્રથમ જ વલગા. ૪૨
નયણાંશું નયણાં મેલીને જુએ, ભરતની આંખે આંસુ તે ચૂએ;
જિમ ભાદરવે જલધરધારા, જાણે કે ત્રૂટા મોતીના હારા. ૪૩
હાર્યો ભરત ને બાહુબલ જીત્યો, ત્રિભુવન માંહે થયો વદિતો;
બોલે બાહુબલ બંધવ પ્રીતે, બીજું યુદ્ધ કીજે શાસ્ત્રની રીતે. ૪૪
નરહરિ નાદ ભરતે તિહાં કીધો, શબ્દ તે સઘળે થયો પ્રસિદ્ધો;
રણની ભૂમિ લગે રહ્યો તે ગાજી, ગયવર ગહગહ્યા હણહણ્યો વાજી. ૪૫
ગડગડ ગાજે બાહુબલ વેગે, હરિનાદ કીધો તિહાં તેગે;
દશોદિશ પૂરી નાદને છંદે, ત્રિભુવન કંપે તેહને છંદે. ૪૬

સમુદ્ર જલહલ કલ્લોલે ચઢિયા, જાણે ત્રિભુવન એકઠા મળિયા;
હાથી હલહલિયા હયવર હણહણિયા,નાદ સુણીને સુરનર રણુજણિયા. ૪૭
ભીમ ભુવન થયું તે જિહાંરે, ભરત વિમાસે મન માંહે તિહાંરે;
એહ અતુલીબલ મહાબલ પૂરો, એહ સમોવડ બીજો નહીં શૂરો. ૪૮
જાતે દહાડે દેશવટે દેશે, રિદ્ધિ અમારી ઉલાલી લેશે;
ભરતને મોઢે ઢલી તિહાં શાહી, બોલે બાહુબલ સાંભળો ભાઈ. ૪૯
ભુજાયુદ્ધ કીજે હવે ભારી, અમે નમાવું બાંહ તુમારી;
એમ સુણીને ભરત ભૂનાથ, વેગે પસાર્યો પોતાનો હાથ. ૫૦
બાહુ બળવંતો ભુજબલ બાંહ, ષટ્‌ખંડ પૃથ્વી ઝાલે ઉછાંહે;
કમળ તણી પરે બાહુબલ વાળે, નસ મુજ નવ વળ્યો, ભરત ભૂપાળે. ૫૧
વારુ હૈયા માંહે મત રાખો બાકી, ચોથું મુષ્ટિયુદ્ધ કીજે હવે તાકી;
મજબૂત મૂઠી ભરતે ઉપાડી, બાહુબળ માથે દીયે પછાડી. ૫૨
મૂઠીને મારે શિથિલ થયું અંગ, ભરતના મનમાં વાધ્યો ઉછરંગ;
બાહુબલ મન સાથે વિચારી, મૂઠી ઉપાડી હૈયામાં ભારી. ૫૩
મૂઠીને મારે ભરત લડથડિયો, ભમરી ખાઈને ભૂંયે તે પડિયો;
ચઢી રીસ ને મૂઠ ચમચમે, જેમ દુહવાણો વિષધર ધમધમે. ૫૪
ઠામે થઈ ભરતે હાથ ઉપાડ્યો, મારી મૂઠ ને ભૂંયે તે પાડ્યો,
ઢીંચણ લગે ઘાલ્યો ધરતી માંહિ, જાણે આરોપ્યો ખીલો જગમાહિ. ૫૫
સુરતે ઊઠ્યો આપ સંભાળી, ભરતને રીસે માર્યો દંડ ઉલાલી;
ઘાલ્યો ધરતીમાં કંઠ પ્રમાણ, કાયર કંપે ને પડ્યું લંગાણ. ૫૬
ચક્રીનું સૈન્ય થયું તે ઝાંખું, ભરત વિમાસે ભાગ્ય છે વાંકું;
બાહુબલ કટકે વાર્જિત્ર વાજે, વીતશોકા થઈ સુભટ વિરાજે. ૫૭
ઊઠ્યો તે આપ ધરા ધંધોલી, ક્રોધે તે રહ્યો ચક્રને તોલી;
ભરત ચક્રને આજ્ઞા આપી, બાહુબલ માથું લાવજે કાપી. ૫૮
બાહુબલ મનમાં એમ વિમાસે, ધિગ્ બોલીને પછી વિમાસે;
શું કૂખે આવ્યો ભરત પાપી, ન્યાયની રીત નાંખી ઉથાપી. ૫૯

મૂઠી તોલીને રહ્યો છે જેહવે, જલહલ ચક્ર આવ્યું તે તેહવે;
વેગે વળિયો તે વાંદીને પાય, ગોત્રમેં ચક્ર ન ચાલે કયાંય. ૬૦
ચડયું કલંક ચિંતે ઇમ ચક્રી, મુજથી ન્હાનો પણ મોહોટો એ ચક્રી;
ભરત રહ્યા હવે હાથ ખંખેરી, એહની મૂઠીની ગત અનેરી. ૬૧
દીન ડીણો ભરતને જાણી, બાહુબલ તે એહવી વાણી;
ભરત ન મારું ભાઈ સલૂણો, માનવ માથું કોઈ મ ધૂણો. ૬૨
મૂઠીનો મનમાં આણી આલોચ, મસ્તકે લઈ કીધો તે લોચ;
બાહુબલ થયો તે સાધ વૈરાગી, સુરનર પૂજે પાય તે લાગી. ૬૩
દેવદુંદુભિ વાજે આકાશે, ફૂલની વૃષ્ટિ થઈ ચિહું પાસે;
મનથી મેલી વિષય વિકાર, ધન ધન જંપે સુરનરનાર. ૬૪
કર્મ ખપાવી કેવળ પામું, લઘુભાઈને શીશ ન નામું;
કાઉસગ્ગ કરી કર્મ નિકંદું, પછી જઈને જિનવર વંદું. ૬૫
એમ ધારી વનમાં કાઉસગ્ગ રહે, વર્ષાકાળે તે કર્મને દહે;
કુંજર ચઢી કેવળ કેમ લહીએ, બેનને વચને બૂઝયો તે હૈયે. ૬૬
પગ ઉપાડયો કેવળ પામ્યા, જઈને જિનવર મસ્તક નમાવ્યાં;
ભાઈ નવ્વાણું એકઠા મળિયા, મનના મનોરથ સઘળા તે ફળિયા. ૬૭
એક વર્ષ લગે કાઉસગ્ગ રહ્યા, વાચા પાળીને મુગતે તે ગયા;
**ઉદયરત્ન** કહે વચન વિલાસ, બાહુબલ નામે લીલવિલાસ. ૬૮

## વિમળ મહેતાનો સલોકો

સરસતી સમરું બે કર જોડી, વંદું વરકાંણો ગિરનાર ગોડી;
જઇયે શેત્રુંજે શંખેશ્વર દોડી, કવિતાને કુશળ કલ્યાણ કોડી. ૧
મરુધરમાંહે તો તીરથ ઝાઝાં, આબુ નવાહી કોટનો રાજા;
ગામ ગઢ ને દેઉલ દરવાજા, ચોમુખ ચંપા ને ઉપર છાજાં. ૨
અચળ આચારજ ધરમઘોષસૂરિ, જાત્રા કીધી પણ જાણે અધૂરી;
દેઉલ વિણ ડુંગર દીસે નનુરી, ધ્યાને બેઠા ત્યાં પદમાસન પૂરી. ૩
સુપનમાં કહે ચક્કેસરી માતા, ઢીલ મ કરજો તિહાં કણે જાતાં;
પોરવાળ પાટણ વિમળ વિખ્યાતા, હોશે છત્રપતિ સબલોજી દાતા. ૪

અણહિલપુર પાટણે આચારજ આવે, શ્રાવક સોનાને ફૂલે વધાવે;
ગુંહલી કરીને ગુણ ગીત ગાવે, ગુરુજી વિમળને વેગે બોલાવે. ૫
ન્હાનડીઓ બાળક બીહંતો આયો, શ્રી પૂજ્ય શ્રાવક આગે બોલાયો;
જાણે શાર્દૂલ સિંહણિયે જાયો, વળતો વિમળનો વાત લગાયો. ૬
ત્રીજું તીરથ આબુ સુણાયે, જિનાલય વિના જાત્રા કુણ જાયે;
પોરવાડ પાખે કેહને કહેવાય, બીજે ઇણ ઠામે દેવળ ન થાય. ૭
લખમી પામું તો પ્રાસાદ કરાવું, સોનારૂપાનાં બિંબ ભરાવું;
કાગળ મતાગલ લખીને લીધો, વળતો શ્રીપૂજ્યે વિહાર કીધો. ૮
વિમળને પૂછે કર જોડી માતા, આપણ ગુરુજીને છે સુખશાતા;
સાધે મુઝ કને લખી એમ દીધો, દેવળ કરવા બોલ મેં દીધો. ૯
મતુ કરીને માતાને વિચારે, પૃથ્વીનો પતિ પરધાન સારે;
રહીએ તો રાજા વિમળને મારે, એમ જાણીને ગણિયા અગ્યારે. ૧૦
ભર્યું ઘર મૂકી ભાઇ ઘેર જાય, મજૂરી કરતાં તો મનમાં શંકાય;
પહેરેઓઢે ને પેટ ભરાય, વિમળ મામા ઘેર મહોટો એમ થાય. ૧૧
તેણે સમે શેઠ પાટણનો જાણે, બેટી પરણાવી જોઈએ ઇણ ટાણે;
પૂછે પરગામ ઠામઠેકાણો, એવો સુંદર વર કિહાંથી આણો. ૧૨
સબળા શેહેરના શેઠની જાઈ, બત્રીસલક્ષણી બુદ્ધિવંતી બાઈ;
સબળો વર જોઈએ કરવા સગાઈ, પંડિતને પૂછે પિતાનો ભાઈ. ૧૩
હાથની રેખા દેખી અનુસારે, એહનો વર બાંધે પાદશાહ બારે;
એહવો વેઢાલો વાણિયા માંહી, કુણ આણે હો બાર પાદસાહી. ૧૪
વિમળ મામાને મળવા ગયો ચાલી, એ બાંધે પાદશાહ પણ આજ છે ખાલી;
શેઠની બેટી છે સબળી વાલી, એ જોઈએ કન્યા વિમળને આલી. ૧૫
બાઈનો ભાઈ કાકાનો મામો, સાથે સગાઈ કરવાને સાહામો;
વિમળના પોહોતા ચારે હી ભાયા, મા જાણે માહારે લેહેણિયાત આયા. ૧૬
ખત મતાંગલ માહારોજી હોશે, વિમળ દેશે ને દૂધે પગ ધોશે;
એ કર જોડીને બોલિયો જોશી, પાટણથી આવ્યા પૂરણ દોશી. ૧૭

ખતપતરની વાત ન કાંઈ, વિમળ લાવો જુવાટાં વધાઈ;
કાકો મામો ને કન્યાનો ભાઈ, મેહેતો આવ્યા છે કરવા સગાઈ. ૧૮
કિમ હીં કેતા કિમહીં કહેવાય, મ્હારે પાને તો ચૂનો ન દેવાય;
પુણ્ય અંકુરો આગળ જણાય, અક્ષર અવળો તે સવળો ઇમ થાય. ૧૯
ખેતરવા વાડે વિમળની માતા, પ્રાહુણા ઢીલ ન કરે તિહાં જાતાં;
મામા શું મળિયા પૂછે સુખશાતા, વિમળને હાથે શું ઘડિયો વિધાતા. ૨૦
મામા સાદ કરે ભાણેજા ભાઈ, આ શો ઇણે ચવડે ઇંડું ચઢાઈ;
સાથે શાળો તે શુકન વિચારે, વિમળ બાંધશે પાદશાહ બારે. ૨૧
પગે લાગીને નાળિયેર દીધું, રૂપૈયો આપીને તિલક જ કીધું;
સગાં જમાડીને બહુ જશ લીધો,
પાટણ સુધી પણ પહોંચાડયો સીધો. ૨૨
માતાને કહે વિમળના મામા, પાટણના શેઠ આવ્યા'તા સાહામા;
તે તો માહરા ઘરમાં ન સમાવો, મા ને બેટો બે જુદાં કમાવો. ૨૩
અળગો આશરો આંખ ભરાયે, વિમલ વાછરડાં ચારવા જાયે;
અંબાઈ માતા પરગટ થાય, વિમલને વર શરનો દેવાય. ૨૪
બિહું ઘડી પૂંઠે નિધાન પાયો, ઘરે માતાને પુછણ આયો;
લહેર ગંભીર વડાઉ મારે, તેનો બેટો કિમ વાછરડાં ચારે. ૨૫
તાહરે માતાએ એક દૃષ્ટાંત દીધું, લીલે લખેસરી કુણ કામ કીધું;
લખમી પાખે નર શોભા ન પામે, આપણને અળગાં કીધાં હો મામે. ૨૬
વિમલે માતાને રૂપૈયા દીધા, વેહલ ને બળદ વેહેચાતા લીધા;
મામાશું મોહોટા જુહાર કીધા, પાટણનાં ઘર સમરાવે સીધાં. ૨૭
વિમલ કણહટડી બેઠો કમાવે, રાહવણો તિહાં રમવાને આવે;
નેજો માંડે ને ચોટ ન થાય, રાજા રજપુતા ઉપર રિસાય. ૨૮
ગ્રામને ગરાસે ન રાખું કેણે, ખીચ ખાવો ને બેશી રહો ખૂણે;
આપ ઊઠીઓ દાખી બળ ધૂણે, રાજાહી ચૂકચો વિમળશિર ધૂણે. ૨૯
શાહના ગુણ તો સબળા જાણિયા, બાણ કબાણ આગે આણિયા;
વિમલ કહે અમે વાણિયા, ઘેંસછાસના બાંધ્યા પ્રાણિયા. ૩૦

ઊભે આકારે વલોણું તાણે, મથણ ઘુમડે માથું ડોલાણે;
તેહની ઘડી માંહે જેહનો શર જાય,
પ્રધાન પુરુષ તે તેહનો કહેવાય. ૩૧

ચાકર તો તેણી ઘડીએ ગુજરી આણે, સામાસામી તે વલોણું તાણે;
વિમલ શર નાખે કબાણ સાહી, બાણ નીકળ્યો બેહુ ઘડીમાંહી. ૩૨

ઠાકર પૂછે કુણ કિહાંથી આયો, રાજારો સેવક લેહરરો જાયો;
ભીમે ભાઈની પેરે બોલાવ્યો, રૂડો રજપૂતે વિમલ વધાયો. ૩૩

રાજાએ લેખણ સરપાવ દીધો, વિમલને વડો પરધાન કીધો;
શેહેરમાં શબલો સો ભાગ લીધો, અધિક આડંબરે વિવાહ કીધો. ૩૪

રાજા રળિયાત પરજા સહુ રાજી, વિમળ વધતાં ગલિયા સહુ પાજી;
નાણે કરિયાણે વહેલ ને વાજી, સાતશેં સાંઢો સોનાની તાજી. ૩૫

વિમલને વખતે દુશ્મન ન જાગે, જાઈ રાજાને કાને તે લાગે;
ભાણુયે ટીપણીયે વાત વિચારી, વિમલ હોશેજી ત્રણ છત્રધારી. ૩૬

કેણે ઉપાયે મેતો ન મરાય, એહના શર આગે આપણ હરાય;
તીરે તરવારે લોહની ધારે, એણે વાતે ન મરે બીજા વિચારે. ૩૭

દાતણ કરીને દરબારે આવે, મહારાજા બ્યાહી વાઘણ છોડાવે;
વાઘણ જાશે ને તત્કાળ ખાશે, આપણું રાજ નિષ્કંટક થાશે. ૩૮

દુશ્મને કહ્યો તે રાજાએ કીધો, ભીમ ભડુકયો જયું મદ પીધો;
વિમળને હુકમ વાઘણનો દીધો, શાહે સદ્‌ગુરુનો નામ તિહાં લીધો. ૩૯

ચઉદ પૂરવનો સાર નવકાર, વિમલે તિહાં ગણિયો ત્રણ વાર;
જનાવર ન કરે લગાર, વાઘણને ઝાલી જાણે મંજાર. ૪૦

કાને ઝાલીને રજપુતા માંહી, ઊભો રાજાને આગળ જાઈ;
રાહવણો નાઠો વાઘણ છોડી, દુશ્મનને ખાવા વાઘણ દોડી. ૪૧

ભીમ ભાગ્યો ત્યાં આપ ઉગારે, વિમલ વીર મેતો સઘળાને મારે;
તેણે ઘડિયે સામી ધર્મ સંભારે, કૂડા માણસને રોડે રેકારે. ૪૨

રાજાની રીત પરધાન સારે, થોડાહિ જ દિવસ છે હવે તારે;
મળીને જો આવો મુઝને કોણ મારે,
પાધરવટ આવો દેખિયે કુણ હારે. ૪૩
ચઢાકોતરી સબલી થાય, વાઘણ વિમલના વૈરીને ખાય;
મૂછ મરડે મેતો રિસાય, ટુંકારો દઈ ઘર સામો જાય. ૪૪
ચહુટા ચોપટનો રમણ હારે, કહેતા જીતું મને કોઈ ન મારે;
મોહે માગ્યા પાસા ઢળિયા પોબારે, સાઢા આઠ ને અઢી સંભારે. ૪૫
બતરીસી બાંધી શુકન લાધો, ઘરે માતાશું મતો ઇમ કીધો;
આપણને રાજાએ ઉત્તર દીધો,
પાટણમાં ન ઘટે પાણી હવે પીધો. ૪૬
આજ ગયો હું દરબાર માંહે, રાજા કહે વિમલ વાઘણ સાહે;
નવકાર સમરી કાનડે ઝાલી, લઈ જઈ રાજા આગળ મેલી. ૪૭
રાવણા માહે તો રંગદોલ ઘાલે, બીજો બાઘડી વાઘણ કુણ ઝાલે;
હું તો એમ જ મેલીને આયો, આપણ ઉપર રાજા રિસાયો. ૪૮
માતા વિમલને ખોળે બેસાડે, ઉવારણાં લઈ લૂણ ઉતારે;
સદકે જાઉં રે બેટા હું તારે, કુશળે ભલે આયો ઘર મહારે. ૪૯
વિમલ વેહાલો લટકાળો લાડો, કેહર કેશરિયો ઘાહુરનો ઘાડો;
ચાકર તેડો ને પાટણ છાંડો, દેખું કુણ આવે આપણને આડો. ૫૦
તિણ ઘડી ગાડલે ભાર ઘલાવે, સાતસેં સોનાની શાંઢો ચલાવે;
પાંચશે ચાકર બગતરિયા સાથે, મેતો પણ બેઠો ઐરાવણ હાથી. ૫૧
ચાલ્યો છત્રપતિ બજારમાંહે, પાયે લાગીને એમ કહ્યો શાહે;
એવો પરધાન પાટણથી જાયે, ભીમનું ભલું કદીય ન થાયે. ૫૨
બેટાની કીર્તિ સાંભળી માતા, પામ્યાં પરમ સુખ સંતોષ શાતા;
અણહુલિયું મૂક્યું ટળી અશાતા, ચોખા શુકન થયા છોડીને જાતાં. ૫૩
ગાયો ગાંડું ને ઘોડા ને હાથી, કન્યા કુંવારી સાત આઠ સાથી;
દાહવો રૂપડિયો બોલે બાંહે પૂરી, મૃગ માલાતો ઉગમતે સૂરિ. ૫૪

શુકન બાંધીને આગે પગ દીધો, ભીમની સીમે પાણી ન પીધો;
ત્રીજે દિને ગઢ તારંગો લીધો, હડોલ પોસીને પોતાનો કીધો. ૫૫
ઇદરિયો આપ આવીને મળિયો, વધારી દીધો દાંતે પાતળિયો;
વશુના ગઢવાળો બળિયો ખળભળિયો,
કીરાડ કરડો ને દાહાડો પણ બળિયો. ૫૬
બીજા નગરમાં વાત સંભળાણી, પાવાગઢને પંથે રોકાણો પાણી;
વિમલનો વધતો પરતાપ જાણી, આછા ઉંબરાવ મળિયા સૌ આણી. ૫૭
આદર દેઈને વિમલ વેઢાલો, વારે વિસલદે ભૂપત ભીનમાલો;
ડાહ્યો ડુંગરશી કાહાનડદેવાળો, એટલા શું મળિયો અજમેરવાળો. ૫૮
સોરઠ ગુજરાત દખણની ભૂમિ, માળવ મરહઠ્ઠ પુરવિયા રૂમી;
એટલા તો વાટે આવીને ભળિયા, પછી બીજા હી રાજન મલિયા. ૫૯
પાટણ છોડીને હુઆ પ્રસિદ્ધા, સાતશે ગામ ગઢીઆરા લીધા;
મોહોટા મહીપતિ ચાકર કીધા, ડેરા ચંદ્રાવે આવીને દીધા. ૬૦
પોળ ભાંગીને પરાક્રમ કીધો, ભલી ભૂમિયે વનવાસ લીધો;
વિમલ વસહીનો મુહૂર્ત કીધો, નેજા રોપીને નિશાણ દીધો. ૬૧
ચોધરી ચોવટિયા પ્રોહિત પટવારી, વિમલને મળિયા સાંઠા લે ભારી;
ગામ ગઢ ને ધરતી તમારી, સાહેબને હાથે શરમ અમારી. ૬૨
સામા આવ્યા તેને સરપાવ દીધા, નગરના લોક નિહાલ કીધા;
સહુકો આપણા પાદરમાં આવે, ચોગણું રૂપ ચઢિયો ચદરાવે. ૬૩
ઘર ગઢ કોટ સબળા કરાવે, ઘણા ગરાશિયા મળવાને આવે;
જાલમ જોરાવર વાણિયો વાધે, ચાકર રાખે ને દેશ પણ સાધે. ૬૪
મેતાને મુજરે મહીપતિ આવે, સાહુ સરપાવ સખરી પહેરાવે;
ઘોડાહાથી ને ગઢ ગામ દીધા, રાજવી સઘળા રળિયાત કીધા. ૬૫
વિમલ મનમાંહે વાત વિચારે, સબળ છત્રપતિ ચાકર મહારે;
કરું સજાઈ કટક સારે, એકવાર બાંધું બાદશાહ બારે. ૬૬
તંબુ તાણીને તૈયાર કીધા, શૂરવીર તે સંઘાતે લીધા;
કેતલ કટી ને ચાકર બગતરિયા, વાંકા વેઢાલા પૂરા પાખરિયા. ૬૭

નાલ નેજા ને નીશાણ વાજે, હાથીને હલકે હાલે મહારાજ;
ઘોડાની ગિરદે આકાશ છાયો, વાણિયા રૂપે વસુદેવ આયો. ૬૮
દરિયો થરહરિયો ધરતી ધ્રુજાવે, જાણે છોટો શો ચક્રવર્તી આવે;
પોતે પાલખી પાદશાહ દાવે, કટકોનાં કામ ચાકર ચલાવે. ૬૯
એમ કરતાં સિંધુ દેશમાં આયો, પેહેલો નગરઠઠ્ઠો દલાવ્યો;
પડ્યો પિંડીઆ ઉપર જાઈ, બાપડો ઘાલ્યો બંદીખાના માંહી. ૭૦
ઉણ દાહાડે અધિકો આરંભ કીધો, ઝાઝા જીવને જાણી દુઃખ દીધો;
પહેલો પિંડીઓ પિંજર ઘાલે, પછી બીજાને બંધન ચાલે. ૭૧
આણ વરતાવી આગે પગ દીધો, કેટલેએક દાહાડે કાબૂલ લીધો;
મેતે મુલતાન પોતાનો કીધો, કટકે અટકાનો જાઈ જળ પીધો. ૭૨
લાહોર ખુરસાણ ખંધાર બંગાલો, બલક બખારો પઠાણવાળો;
તારા તંબોલ ને ઈશાણ પુરવાળો, સુરચંદ સુધી ચઢિયા વેઢાળો. ૭૩
આગે તે સાહામો સમુદ્ર આયો, જમણે પાસે તો જોર ચલાયો;
દેશ સઘળા શરણ કીધા, બારે પાદશાહ બાંધીને લીધા. ૭૪
ગામને ગઢે થાણાં બેસારે, બળિયો પાદશાહ બાંધે તે બારે;
વાટે વેઢાલા ભાણેજ શાળો, વડો વાગિયો ઈડરવાળો. ૭૫
ચારે હી સરખા છત્ર ધરાવે, પણ શાહ વડો વિમળ કહાવે;
દેશ જીતીને દાન વજાયો, બારે પાદશાહ બાંધીને લાયો. ૭૬
ભીમને વસવા પાટણ દીધો, ચંદરાવે આવીને સામૈયો કીધો;
રંગ રળિયો ને તોરણ તરિયાં, માતાને મેતો મન સુધે મળિયા. ૭૭
હરખ તો હેજે હૈયડે ન માવે, ઊગીને ઊગ્યો સાહેબ ચંદરાવે;
રાજ્ય પાળે ને દુશ્મન ટાળે, બાળપણે દીધા બોલ સંભારે. ૭૮
ગુરુએ કહ્યું તો પ્રાસાદ કરાવે, ઉણ રાતે કહી અંબાવ આવે;
બેટો દીયું કે દેવલ કરાવી, મહારે તો જોઈએ પ્રતિમા ભરાવી. ૭૯
ખાટલા હેઠે ત્રણે હી ખાણ, સોનુંરૂપું ને આરસપાણ;
ધુંધુઆ માંડી ધાતુ કરાવે, આરસ આબુ ઉપર ચઢાવે. ૮૦

એ તો ગઢ ગાઢો ગાડાં ન ચઢાય, રૂપા બરોબર પાષાણુ થાય;
સાંભળીને શાહ જોવાને જાય, સાથે આવું કહે રાણી રિસાય. ૮૧
ભાણેજ કહે મનાવી હાલો, હવડાં કાંઇ દેખાડો ડુંગર ઠાલો;
દેવળ થાય તેડું વહુસાસુ, આજ કાંઈ ફોકટ ફેરો ઘો ફાંસુ. ૮૨
નણદલો આવી મામીને પાળે, હવણાં કાંઈ ભટકો ભાખર ઠાલે;
ઠમકે કહેશે વિમલ વહાલો, દેઉલ થાયે ને ગુરુ લઇ હાલો. ૮૩
મામી તો માંડે ઝઘડો ઇમ ઝાઝો, સાથે હું આવું તારે તું લાજો;
સમજ્યા સમજ્યા હવે વાત સહુ જાણી,
બીજી પરણીને થાપો પટરાણી. ૮૪
આપ અહંકારી છત્ર ધરાવી, હટ વાણિયાની બેટી ઘેર અણાવી;
મોઢે ન કહ્યો પણ મનમાંહે જાણી,
સાત આઠ બેટી સબલાની આણી. ૮૫
ભાણેજી કહે મામાને ભાઈ, જમે નહીં રાણી સબલી રિશાઈ;
ઝવાહીર જડાવની પાલખી દીધી, શાહે શેઠાણી સંઘાતે લીધી. ૮૬
બંદીખાને જે બાદશાહની બીબી, પગે બેડી ને હાથમાં બેડી;
વિમલને આવી અંચુડા દેખાડે, શાહ એહવા અજમેર પાડે. ૮૭
હુકમ હુઓ દીઓ બંદીખાના છોડી,
બાદશાહ પેરાવે બહુ સારી સાડી;
ગઢ ગામ ગરાસ થોડાસા દીધા, શાહે છત્રપતિ ચાકર કીધા. ૮૮
ઇમ કરતાં આબુ ઉપર જાય, ખાગે ગઢ દેખી ખુશિયાલ થાય;
ડુંગર સાતપુડો સબળો દેખે, એ આગળ બીજા ભાખર શે લેખે. ૮૯
કહે કોટનો રાજા દેખાડો, અનમી આખે અણી સીરોહીવાળો;
પૂરો પાખરીઓ પહાડ કાળો, ચાંપલે ભીનો છેલ છોગાળો. ૯૦
પાનનું બીડું પાયે મેલીજે, પૂરો નાણો તો પલ્લે ઘાલીજે;
દુઆ માગીને દેઉલ કીજે, એ ગઢ અહીં આજ અજરામર કીજે. ૯૧
વિમલ વેઢાલો સબલ હુઓ, દાણ દેઈ માગે દેહરાનો દુઓ;
શાહે આગળ વાત વિચારી, દેહરાની ભીરૂં સીરોહી સારી. ૯૨

પાંચસેં ઘોડા ને પંચોતેર હાથી, બે સાંઢો ભરી સોનાની સાથી;
ભેટ લઈને ભાણેજો આયો, રૂડે સુઠામે પાયો રોપાયો. ૯૩
આપ અશવાર હોઈ જોવાને જાય, જિમણે કાને જનાવર ગાય;
એણે ઠામે આજ રંગ રોપાય, કામને નામે અજરામર થાય. ૯૪
રેવત રાખે જાલીને વાગે, હાથ જોડીને હુકમ માગે;
સમી ધરતીને સાલ નહીં આગે, દેલવાડે દેવળ કરવાને માગે. ૯૫
ગવરીપુત્રનો આદેશ લીધો, નવ મણ નૈવેદ્યનો ખવરાવ્યો સીધો;
સાહે હાથશું કુંકમ દીધો, રંગ રોપીને મહુરત કીધો. ૯૬
દેવ નમિયો ને દેવળ થાય, લાખો ગમે તિહાં લોક કમાય;
વિમલ વિશેષે જોવાને જાય, ગજ રથ દેખીને ગરવે ભરાય. ૯૭
શાહે શિલાટ વધારય જોરે, માંખણની પેરે પાષાણ કોરે;
સોના રૂપાના શરપાવ દીધા, આબુ ઉપરે તો એ કામ કીધાં. ૯૮
થાંભો કુંભી ને જરૂખાં જાળી, તિન તોરણ ને ઉપર અટાળી;
પોળ પતાકા ચોકી ચોસાલી, નાહની પૂતળી નાટારંભવાળી. ૯૯
પરિકર પંચાસણ ગભારે ઓરે, મૂળ મંડપે જાલમજોરે;
નરવર ગજરથને કીચર કોરે, મનના મનોરથ એણી પરે પૂરે. ૧૦૦
કામ કોડી ગમે કેટલું વખાણું, સલોકામાંહે સબંધ કયો આણું;
વિમલે વિશેષે ખરચ્યું જે નાણું, ત્રીજું હી તીરથ થયું છે ઠેકાણું. ૧૦૧
દેવળ નિપને પ્રતિમા ભરાવી, પ્રતિષ્ઠા પૂજ્યને હાથે કરાવી;
ઇંડું ચડાવી ઉજમણો કીધો, વિમલે લખમીનો લાહો એમ લીધો. ૧૦૨
ભાણેજાને ગઢ આબુ ભળાવે, આપ ચઢીને ચંદરાવે આવે;
તિહાં પણ દેવળ નવો નિપાવે, નેમનાથનું બિંબ ભરાવે. ૧૦૩
અંબાજીનાં તો પ્રસાદ કીધાં, બીજાને બળી બાકુળ દીધાં;
મનના મનોરથ સઘળા અહીં સીધા, બારે બાદશાહ બિરુદ લીધાં. ૧૦૪
પાટણ છોડીને ચંદરાવે આવે, ખાણ પામીને છત્ર ધરાવે;
પાદશાહ બાંધીને ડંડ ભરાવ્યો, આબુ ઉપરે દેવળ કરાવ્યો. ૧૦૫

પોરવાડ પ્રાક્રમી પંચમે આરે, નાણું ખરચે ને નાત વધારે;
પંચાયણ સિંહે બાંધ્યા પાદશાહ બારે,
એક સુપૂત આખો કુળ તારે. ૧૦૬

કેહશે વાણિયો કાંઈ વખાણ્યો, ખાણ પામીને ખરચિયો નાણો;
એહવો કુણ હુઓ રાવ ને રાણો, ત્રીજો તીરથ કર કરે ઠેકાણો. ૧૦૭

કોઈ કહેશે કવિતાએ કાચો, શૂર વીર ને સબળ સાચો;
વિમલ વેઢિયો તન કહ્યો આછો, કટકીને કામે ન ભાગે પાછો. ૧૦૮

ચઢિયો ટળિયો ને સંગ્રામ કીધો, બીજે શાસ્ત્રે સંબંધ પ્રસિદ્ધો;
જુઝની વાત જતિ ન વખાણે, સંબંધ સંક્ષેપે થોડોશો આણે. ૧૦૯

એક સુપુત્ર લેહેરનો જાયો, વિમલ શાસ્ત્રમાં એક વંચાયો;
મનના મનોરથ સઘળા તે સિદ્ધા, બાર પાચ્છાઇનાં બિરુદ તો લીધાં. ૧૧૦

બીજું વરદાન બાણવિદ્યાનું, આપ્યું અંબાએ સત્તર ઘાનું;
પાંચ ગાઉ લગે વેહજો તું મારે, વાઘણ મારીને પરતાપ સારે. ૧૧૧

દશ અઠ્યાસી સમય દીપાયો, વિમલે આબુનો તીરથ ઉપાયો;
કીધી થાપના ધર્મઘોષસૂરે, આવે સંઘ તિહાં બહુ બળ પૂરે. ૧૧૨

ઓપે વનરાઈ ભાર અઢાર, આંબા ચાંપાનો ન લહું પાર;
આબુ ન દીઠો તેહનો અવતાર, નિઃફલ જાણજો તે નિરધાર. ૧૧૩

ગજપતિ ઘોડાશું વિમલશાહ ઘોડે, ઓપે અદ્‌ભુત રૂપ સજોડે;
ફૂલ કેતકી આબુગઢ માંહે, પરિમલ ફુરે ને સીરોહી જાયે. ૧૧૪

ભુત નંદને મુનિગણ ઇંદુ, જ્યેષ્ઠ શુદિ આઠમ વાર દિણંદ;
દુહા સલોકો એહ રચાયો, ખેડે હરીયાલે કળશ ચઢાયો. ૧૧૫

હીરરત્નસૂરિ વંદી ગણધાર, ઉત્તમ એ મેં કીધો ગુણ ધાર;
એકવાર તો આબુગઢ જોજો, હિંમત રાખીને સમકેતિ હોજો. ૧૧૬

ભાવ ધરીને એહ જે ભણશે. લખશે ગણશે ને સભામાં ગણશે;
વાચક ઉદયની એહવી વાણી, શુદ્ધિ સદ્દ હજો શુભ ફળ જાણી. ૧૧૭

# શાલિભદ્ર શાહનો સલોકો

સરસતી માતા કરીને પસાય, પાસજી કેરા પ્રણમું છું પાય;
શાલિભદ્ર શાહનો કહું સલોકો, લાભ જાણીને સાંભળજો લોકો. ૧
નગર રાજગૃહે શ્રેણિક રાજા, મગધ દેશનો એક મહારાજા;
રૂડી તેહને છે ચેલણા રાણી, જગમાં જેહની કીર્તિ જાણી. ૨
તેહ નગરીમાં દામે છે તાજો, શેઠ ગૌભદ્ર મહોટો મલાજો;
ભદ્રા નામે છે ભાર્યા તેહને, જોતાં શીલે કો જીતે ન જેહને. ૩
દેઈ મુનિવરને ખીરનું દાન, સંગમ ગોવાલો ભાગ્ય નિધાન;
આવી ભદ્રાની કૂખે અવતરિયો, જાણે મુક્તાફલ છીપે સંચરિયો. ૪
પૂર્ણ માસે પ્રસવ્યો તે પુત્ર, સઘલું શોભાવ્યું ઘરનું સૂત્ર;
અનેક ઘરનાં અખ્યાનાં આવે, વારુ મોતીએ સહુ વધાવે. ૫
થોકેથોકે તિહાં નાટિક થાય, માના હૈયામાં હરખ ન માય;
પિતા આપે તિહાં લાખ પસાય, યાચક જનનાં દારિદ્ર જાય. ૬
કરી ઉત્સવ શાલિકુમાર, જનકે નામ ત્યાં ધર્યું જયકાર;
દિનદિન ચઢતે વેશે તે દીપે, રૂપે જે રતિના નાથને જીપે. ૭
આપે પરણાવી બત્રીશ બાળા, આપે સંયમ લઈ ઉજમાલાં;
પહોતો સ્વર્ગમાં પુણ્ય પસાયે, અવધિ પ્રયુંજી જોતાં ઉચ્છાંહે. ૮
પેખી પુત્રને પ્રેમે ભરાયો, સ્નેહ પૂર્વનો વધ્યો ન સમાયો;
મોહનો બાંધ્યો તે માનને મેટી, પિતા પઠાવી તેત્રીશ પેટી. ૯
જોઈએ જેહ જેહ ભોગ સજાઈ, તે તો મોકલે સુર તે સદાઈ;
મેવા મીઠાઈ માણિક મોતી, એક એકથી અધિક ઉદ્યોતી. ૧૦
નિત્ય નિત્ય નવલા નેહે તે પૂરે, હેતે કરીને રહે હજૂરે;
ઓવે મંદિર કુંભી પરવાલે, ખિલમાં કસ્તૂરી વહે જિહાં ખાલે. ૧૧
ભૂષણ નિર્માલ્યે ભરાયે કૂવો, યુગતિ વૈભવની નવલી એ જુઓ;
ભોગી શાલિભદ્ર સરખો ભૂપૃષ્ઠે, નર જોતાં શું નાવે કો દૃષ્ટે. ૧૨
તાજી ઠકુરાઈ જાણીને તેહવે, રત્નકંબલના વેપારી એહવે;
શ્રેણિકરાજાને દરબારે આવ્યા, ફેરો પડ્યો ને કાંઈ ન ફાવ્યા. ૧૩

સઘળે શહેરે તે ઘરંઘર ફરિયા, કંબલ કોણે તે હાથે ન ધરિયા;
રત્નકંબલ સોલે તે લિયે, ભદ્રા વહુરોને વેંચીને દીયે. ૧૪
વીશ લાખ ત્યાં સોનૈયા વારુ, દીધા ગણીને તેહને દીદારુ;
લઈ સોનૈયા વેપારી વળિયા, મનના મનોરથ તેહના ફળિયા. ૧૫
ચેલણા રાણીની ચિંતા જાણીને, તેડી વ્યાપારી કહે તાણીને;
કરી સપાડા કંબલ કાજે, શ્રેણિકરાજા ભરી સમાજે. ૧૬
નૃપને વ્યાપારી કહે શિર નામી, શાને સપાડા કરો છો સ્વામી;
કંબલ સોળે તે ભદ્રાએ લીધાં, વેગે વીશ લાખ દીનાર દીધાં. ૧૭
મનમાં વિચાર્યું શ્રેણિક મહારાજે, વાણિયે લીધાં વ્યાપાર કાજે;
એમ ચિંતીને એક મંગાવે, ખાળે નાખ્યો તે ખબર પાવે. ૧૮
વાત મહેલમાં તેહ વંચાણી, કહે રાજાને ચેલણા રાણી;
ઇહાં તેડાં તે વણિક અનુપ, જોઇએ કેવું છે તેહનું રૂપ. ૧૯
તુરત મહારાજા તેહને તેડાવે, ભેટ લઈને ભદ્રા તિહાં આવે;
ભદ્રા આવીને ભૂપને ભાખે, સ્વામી સાંભળો રાણીની સાખે. ૨૦
ઘણું સુહાલો શાલિકુમાર, હર્મ્ય થાયે એ કોશ હજાર;
ન લહે રાતદિવસ નૂર, કિહાં ઊગે કિહાં આથમે સૂર. ૨૧
નિપટ નાજુક છે તેહ નાનડિયો, કયારે કેહની નજરે ન પડિયો;
તે માટે તમો લાજ વધારો, પ્રભુજી અમારે મંદિરે પધારો. ૨૨
પૂરે માવિત્ર છોરૂંનાં લાડ, સ્વામી તેમાં શો પાડ સપાડ
ઇમ સુણીને શ્રેણિક રાય, પ્રધાન સાહમું જોયું તે ઠાય. ૨૩
અભયકુમાર તવ કહે એમ, પ્રભુ તુમ ઘરે આવશે પ્રેમ;
ભદ્રા ભૂપને પાય લાગીને, સાત દિવસની અવધ માગીને. ૨૪
શીખ લઈને ભદ્રા સધાવી, રૂડી મહેલની રચના રચાવી;
પરિકર લઈને નૃપ બંભસાર, પહોતા શાલિભદ્ર શેઠને બાર. ૨૫
વેગે આગળથી ચાલ્યા વધાવું, ખરી ભાખે ખબર અગાઉ;
જોપે જમાડી હરખ ઉપાઈ, વારુ તેહને દીધી વધાઈ. ૨૬

મહોલની રચના જોતાં મહારાય,

અચરિજ પામીને મનશું મલકાય;

અહો અહો હું શું અમરાપુર આયો,

ભ્રાંતિએ ભૂલ્યો ને ભેદ ન પાયો. ૨૭

જિમતિમ કરીને બીજી ભૂંઈ જાય, ત્રીજે માળે તો દિઙ્મૂઢ થાય;
જોયે ઊંચું તે નયણુને જોડી, જાણે કે ઊગ્યા સૂરજ કોડી. ૨૮
સહુ સાથને બેસાડી તિહાં, ભદ્રા જઈ ભાખે પુત્ર છે જિહાં;
શ્રેણિક આવ્યા છે મહોલ મઝારી, વેગે તિહાં આવો તજીને નારી. ૨૯
ગેલેં ગુમાની કહે તે ગાજી, મુજને તમે શું પૂછો છો માજી;
શ્રેણિક લઈને વખારે ભરો, લાભે લોભે વળી દીયોને વરો. ૩૦
ત્યારે માતા કહે ન લહે તું ટાણું, સુતજી શ્રેણિક નહીં કરિયાણું;
મગધ દેશનો મોટો છે રાય, આણ એહની લોપી ન જાય. ૩૧
એવું સુણીને કુમાર આલોચે, સાંસે પડ્યો તે મન માંહે શોચે;
માહરે માથે પણ જો છે મહારાજા, તજશું તો સહી ભોગ એ તાજા. ૩૨
એમ ચિંતીને મુજરો તે આયો, નૃપને નમીને મહોલ સધાયો;
ભોજન કરીને શ્રેણિક ભૂપ, કોડે ઘરેણાનો જોઈને રૂપ. ૩૩
માન ગાલીને મંદિર ગયો, શેઠ સંયમનો રાગી તે થયો;
નિત્યે એકેકી પરહરી નારી, પ્રેમદા સાસુને જઈ પોકારી. ૩૪
માની મહિલાના સુણી વિલાપ, જોરે તેણે ત્યાં દીધો જબાપ;
રાગે રમણીને રેખ ન ખલિયો, જોજો ધન્નો હવે કેઈ પરે મળિયો. ૩૫
નામે સુભદ્રા ધન્ના ઘરે જાણું, શાલિભદ્રની બહેન વખાણું;
વેણી સ્વામીની સમારે સાહી, તેણે અવસરે સાંભર્યા ભાઈ. ૩૬
આંખે આંસુડાં આવ્યાં તે સાંસે, પડયાં વિછૂટી પિયુને વાંસે;
ધન્નો દેખીને પૂછે તે ધીર, નયણે વછૂટયાં કહો કેમ નીર. ૩૭
દીસે આજ તું ઘણું દિલગીર, શાલિભદ્ર સરખો તાહરે છે વીર;
વનિતા આઠમાં મુજને તું વહાલી,

ચોમેર આંસુની ધારો કિમ ચાલી. ૩૮

વળતી બોલી તે મેહેલી નિસાસો, તુમે સાંભળો એક તમાશો;
આવ્યો શ્રેણિક તિહાંથી નિરધારી, બંધવ તજે છે એકેકી નારી. ૩૯
બત્રીશ દહાડે બત્રીશે તજશે, પછી સાધુના પંથને ભજશે;
લોભ કરશે તે સાંભળી વેણુ, આંખો ભરાઈ આંસુએ તેણુ. ૪૦
ધન્નો બોલે તવ સાહસ ધીર, તાહરે શાલિભદ્ર એક જ વીર;
તેણે ખરખરો એ નહીં ખોટો, પણ તુજ બાંધવ કાયર મહોટો. ૪૧
ભૈરવ જાપ તો ખસતી શી ભરવી, લેવી દીક્ષા તો ઢીલ ન કરવી;
એમ સુણીને અબલા તે જંપે, સ્વામી કાયર તે વાણિયો કંપે. ૪૨
પણ તમે તો શૂરા પૂરા છો, પગ રખે હવે માંડોજી પાછો;
કામિની તજવાનો કહો છો જો ઠાઠ, એક વારે તો તજો જો આઠ. ૪૩
સ્વામી સંયમની વાત છે સહેલી, દુષ્કર આદરતાં ખરી છે દોહિલી;
શીખ દેવાને સહુને સજ્જ થાય, તુમને વંદું જો પ્રિયા તજાય. ૪૪
મારા ભાઈનું તાણી મેં પાસું, હળવું પાડવા કીધું જો હાંસું;
તો મેં આઠેને મેલી ઉલાલી, વચન મ કહેશો કામિની વહાલી. ૪૫
પિયુજી હસતાં મેં એહવું ભાખ્યું, તુમે હૈયામાં ગાંઠીને રાખ્યું;
દિલ ખેંચીને છેહ ન દીજે, અબલા જાતિનો અંત ન લીજે ૪૬
તરુણી હસતાં શું તમે તો કહ્યું, પણ અમે તો સાચું સદ્દહ્યું;
સાચી બહેન તું શાલિભદ્ર કેરી, ફોગટ વચન મ કહેશો હવે ફેરી. ૪૭
સંયમ લેવાને તે સજ્જ થઈ, ધન્ને શાલિભદ્ર બોલાવ્યો જઈ,
ઊઠ આળસુ હું થયો આગે, મહાવીર પાસે જઈ મહાવ્રત માગે. ૪૮
ધન્નો શાલિભદ્ર સંયમધારી, થયા વિષયની વાસના વારી;
ભદ્રા પુત્રને બોલાવી રડિયાં, વહુઅર લેઈને મંદિર વળિયાં. ૪૯
વીર સાથે તે દેશવિદેશે, વિચરે વૈરાગી સાધુ શું વેષે;
તપ કરીને દુર્બળ તને, બાર વરસને અંતે તે બન્ને. ૫૦
આવ્યા રાજગૃહી નગરી ઉદ્યાને, માસ ઉપવાસી વધતે તે વાને;
આહારને કાજે વીર આદેશે, પહોંતા ભદ્રાને તેહ નિવેશે. ૫૧

આંગણુ આવ્યા પણુ ઓળખ્યા નાંહીં, તત્ક્ષણુ પાછા વળીને ઉછાંહી;
બીજી વારના પહોંતા તે બારે, તો પણુ કેણે ન ઓળખ્યા નારે. ૫૨
પાછા વળીને વહે છે વાટે, મળી મહિયારી માથે લઈને માટે;
દહીં વાહોરીને તેહને હાથે, મુનિવર વિમાસે તે મન સાથે. ૫૩
વચન વીરનું અલિક ન થાય, જો આ જગતી ફેરી મંડાય;
મહારી માતાને વાંઝણી જાણો, આજ મળે છે એક ઉખાણો. ૫૪
જિનની પાસે જઈ પૂછે તે જેહવે, વીરે આગળથી બોલાવ્યા તેહવે;
સુણો શાલિભદ્ર સાધુ તમારી, માત પૂરવની એહ મહિયારી. ૫૫
એવું સાંભળતાં આવ્યો વૈરાગ, અણુસણુ લેવાનો થયો તિહાં રાગ;
ગિરિ વૈભારે ગુરુને આદેશે, લઈ અણુસણુ પાળે વિશેષે. ૫૬
આવી ભદ્રા તિહાં આંસુડાં ઝરતી, વિધવિધ જાતિના વિલાપ કરતી;
સાથે લીધી છે વહુયર સઘળી, દુઃખે ટળી છે તેહની ડગલી. ૫૭
શિલા ઉપર દેખી સંથારો, નયણે વિછુટી નીરની ધારો;
ભદ્રા ભાખે છે પુત્ર હું ભૂંડી, હૈયે શૂની ને દુઃખની છું હુંડી. ૫૮
સુત પેટનું પાપણીએ સહી, આંગણુ આવ્યો પણુ ઓળખ્યો નહીં;
હાહા મુજને એ પડયો વરાંસો, સારો અવતાર રહેશે એ સાંસો. ૫૯
હાહા હાથે મેં આહાર ન દીધો, આવ્યો અવસર અફળ જ કીધો;
ભદ્રા પુત્રને એવું ત્યાં ભાખે, કાંઈ વિસાર્યા અવગુણુ પાખે. ૬૦
તુજ વિના તો સૂના આવાસ, અમને થાય છે ઘડી છ માસ;
હસી બોલે જો વચન વિચાર, અમને સહી તો થાયે કરાર. ૬૧
માતા જાણીને જુઓ તો સાહમું, પુત્ર તિહાંરે હું સંતોષ પામું;
શાલિભદ્રને ધન્નો વારે છે, એ તો આપણુને પાપે ભરે છે. ૬૨
સાહમું જોશો તો અવતાર કરશો, પડશો ફંદમાં પાછા જો ફરશો;
દિલ શું માતાને દિલગીર દેખી, સાધુ ધન્નાની શીખ ઉવેખી. ૬૩
જોયું શાલિભદ્રે આંખ ઉઘાડી, ત્યારે રળિયાત થઈને માડી;
અંશુક વડે તે આંસુડાં લહોતી, વંદી વહુયર શું મંદિર પહોંતી. ૬૪

ધન્નો પાધરો મુગતે ગયો, એક અવતારી શાલિભદ્ર થયો;
પહોંતો સર્વાર્થસિદ્ધ વિમાને, સેવક સ્વામીપણું નથી જે સ્થાને. ૬૫

**સંવત સત્તરસેં સિત્તેર** વર્ષે, માગશિર સુદિ તેરશે હર્ષે;
**ઉદયરત્ન** કહે આદ્રજ માંહે, એહ સલોકો ગાયો ઉછાંહે. ૬૬

## ઋતુવર્ણનો

# નેમિનાથ તેરમાસા

૧

દુહા

પ્રણમું રે વિજયા રે નંદન, ચંદનશીતલ વાંણિ;
મોહન વિશ્વવિનોદિની, આપો સેવક જાણિ. ૧
યદુકુલકમલવિકાસન, શાસન જાસ અખંડ;
સ્તવસું ત્રિભોવનનાયક, લાયક સુખકરંડ. ૨
ચૈત્ર માસે એમ ચિંતવે રાજુલ રીદય વિસેખ;
સંદેસો શ્રીનાથનો લાવિ કો હાથનો લેખ. ૩
તેહને આપું રે કંકણ કર તણાં, ભાંમણાં લીઉં નિરધાર;
હાર આપું રે હીયા તણો, માનું મહા ઉપગાર. ૪
પરગરજુ રે દયા–પર, પરદુખભંજણહાર,
છે કોઈ જે મેળવે આજ શ્રી નેમકુમાર? ૫
વનવાડી આરામના કામના કોડિ તરંગ;
મનમાંહિ રંગવિનોદનાં ઊપજિ નવનવ રંગ. ૬
કુંણ આગે દુખ દાખીઈ? ભાખીઈ મનનો ભેદ?
વહાલો વિદેશી થઈ રહ્યો, ઊપજે કોડિ ઉમેદ. ૭
મનોહર ચંપા ફૂલ્યા રે, વાયા વાય સુવાય;
પરિમલ લેતાં પુષ્પની ઘટમેં લાગે લાય. ૮

ફાગ

કુસુમને આયુધે જે અનૂપે ઊછળ્યો કંદ્રપ કોટિ રૂપે;
વિલવલે રાજુલ વિરહ વાધ્યો, નેમના પ્રેમ-સું મનહ બાંધ્યો. ૯

૨

દુહા

વૈશાખે વનરાજિ રે તાજી વિકસી વન;
દેખીને દિલ ઉલસિ મીલવા સાંમલવન. ૧
મોર્યા દ્રાખના માંડવા, ટોડે નાગરવેલ;
ગુલ્લ પ્રફુલ્લિત મલ્લિકા, ફૂલી રહી ચંપેલ. ૨
મોગરો મરુઓ મનોહર, જાઈ જૂઈ જાસુલ,
કેતકી કરણી કેવડી, મચકુંદનો નહિ મૂલ. ૩
ઝગઝગ અંબ લુંબી રહ્યા, કેસુ ફૂલ્યાં વંન;
ફૂલ્યા ગુલાબ તે દેખીને જાગે જોરમદંન. ૪
વેલિ વાલો નારંગી રે, બહુરંગી વસંત;
વેરણ કોઇલવયણે રે નયણે નીર ઝરંત. ૫
પરિમલ પુહવી ન માઈ રે, ભમર કરિ ગુંજાર;
કહોને સખી! કિમ વિસરિ આ સમે નેમકુમાર? ૬
સરોવર સુંદર દીસિ રે, ફૂલ્યા કમલના છોડ;
કંત વિના કુંણ પૂરે રે મુઝ મન કેરા કોડ? ૭
સાહેલડી રંગરાતી રે માતી રમિ પીઉસંગ;
અનંગના રંગતરંગથી વિરહે દાઝે મુઝ અંગ. ૮

ફાગ

રતિપતિ આપલીલા પ્રકાસી, વિરહણી વિરહને પુર વાસી;
મદછલી માનિની અંગ મોડે, ત્રટત્રટ કંચુકીબંધ ત્રોડે. ૯

૩

દુહા

જેઠ માસે મનમોહન જાંણ્યું લેસિ રે સુધિ;
પુણ્ય વિના કિમ પામીઇ યદુપતિની હિત-બુધિ? ૧
મિં નવિ જાણ્યું રે જીવન જાસિ ઇમ રથ ફેરી;
ફરતાં સહી આડી ફરી રાખતી હું રથ ઘેરી. ૨

પાલવ ઝાલી પ્રભુતણો રહેતી હું રઢ માંડી;
જાવા ન દેતી નાથને તો કિમ જાતા છાંડી ? ૩
પૂરણ પશુએ પોખ્યું રે પૂરવ ભવનું વેર;
લટકે સું રથ વાલીઓ, મનમાં ના'વી મહેર. ૪
નદીએ નીર વધતાં થયાં, દીરઘ થયા રે દંન;
સરોવર નીર ઘટી ગયાં જિમ ઘટિ વિરહણી-તંન. ૫
ધરણીઇં ગાઢપણું ધર્યું, તિમ થયો કંત કઠોર;
હિમાચલ-ગર્ભ ગલી ગયા, તરુણિ તપિ અતિ જોર. ૬
શોધી ન મલે છાંહડી, લૂનાં લહેરાં રે વાય;
શીતલ-જલ-ખડોખલી ઝીલે સહુ ઉછાહિ. ૭
સૂર્ય હિમાચલે સંગ્રહ્યો પેખી તાપનાં પૂર;
કહોને સખી ! કિમ જીવીઇ, વાહલો વસે અતિ દૂર ! ૮

ફાગ

અંગનાઅંગ શીતાંગ સંગિ નર ભજિ કામિનીકુચ રંગિ;
મનમથતાપને દૂર ફેડિ, પીઉ વિના મુઝને કુણ તેડિ ? ૯

૪

દુહા

નેમજી ના'વ્યા રે સખી !. આવ્યો આસાઢો માસ;
આસાઢિ ઘરિ આવસિ, મનમાં હુંતી આસ. ૧
ચિહું દિસિ કોરણ ચઢિયાં રે, ગયણ ન સૂઝિ સૂરિ;
મગસિરના વાયા વાયરા, પાકયાં અંબ સ-નૂર. ૨
રજ ઊડી અંબર ચઢી, વાજિ વાઉલ જોર;
કાલી કાંઠલ દેખીને કંપિ કાજલકોર. ૩
ઉત્તર દિસથી રે ઉનહ્યો સજલઘટા ઘનઘોર;
ગર્જારવ ગયણે સુણી મોહ્યા ચાતકમોર. ૪

બગ-રુષિ પાવસ બેઠા રે, મુનિજન રહિ એક ઠાંમ;
પંથી પંથ કો નવિ ચલિ, રાજા તજે સંગ્રામ. ૫
ઝડી માંડીને વરસે રે મુસલધારિ મેહ;
જિમજિમ વીજ ઝબૂકિ રે તિમ તિમ દાઝિ દેહ. ૬
પાણી પુહવી ન માઈ રે, ભરિયાં નદીનિવાણ;
ડુંગરિયા હરિયા હુઆ, ખેડુએ કર્યાં મંડાણ. ૭
નીલાંબર ધરણી ધરિ, ઓપે નીલા અંકુર,
ખલહલ વાજે વોકલા, આવ્યાં નદીએ પૂર. ૮

ફાગ

કસમસિ કામિની કામપીડી, ડસડસિ દંતસું દંત ભીડી;
કામના પૂરમાં તે તણાઈ, નાથ વિના કુંણુ હાથ સાહિ ? ૯

૫

દુહા

શ્રાવણ વરસે રે સરવડિ જગ માંહિ જલધાર;
વિરહણી-નેત્ર તણી પરિ ખિણ નવિ ખંચે ધાર. ૧
અવની-અંબર એકઠાં આવી મલિયાં તિમ;
સુરતસંયોગિ દંપતી, વૃક્ષ ને વલ્લી જિમ. ૨
જલદ-ઘટાને જોગિ રે ન લહ્યો દિવસનો મર્મ;
મુનિજન મનથી ભૂલી ગયા, સંધ્યા સમે ખટકર્મ. ૩
કુચ ન માઈ રે કંચૂઈ, લોચન છંડિ રે લાજ;
જલ ન માઈ જલાશ્રયે, ગગને ન માઈ ગાજ. ૪
કંત ન છંડિ રે કામની, પલ પલ વાધિ પ્રેમ;
માલો ન મેલિ પંખિયાં, જોગી આસન જેમ. ૫
પીઉ પીઉ કરતો પોકારિ રે બેઠો બાપીઓ એહ;
મિં જાણ્યું લાવ્યો વધાંમણી, જાગ્યો અધિક સ્નેહ. ૬

કોયલ કરે રે ટહુકડા, મોર કરે કિંગાર;
વેરીની પરિ પંખીઆં ખિણુખિણુ પોખિ ખાર. ૭
વનમાંહિં માહા દુખ લાગે રે દાદુરના સુણી સાદ;
જોને સખી ! મુઝ નયણુલે મેહસું માંડયો વાદ. ૮

ફાગ

મનમથે મોહની ફોજ લેઈ, ગર્જનારૂપ રણતૂર દેઈ;
અબલગઢ ઉપરિ ફોજ દોડિ, નેમ વિના કહો કુણુ મોડિ ? ૯

૬

દુહા

વૃક્ષલતા નવપલ્લવ, નીર-લહરીનાં પૂર;
ભાદ્રવે ભૂંઈ નીલી રે, સોભા અજબ સનૂર. ૧
પંચરંગી નભ દીસે રે, હીસે નીલાં તૃણુ;
ખિણુ કાલો ખિણુ પીલો રે, ખિણુ ઊજલ દૂધવર્ણુ. ૨
વાદલિ વીજ ન માય રે, જલ ન માઈ આભ;
નદીયાં નીર ઉવટ વહિ, જોર ગલ્યા જલગાભ. ૩
ચરણે નેઉર રણુઝણિ, હીઈં લહકિ હાર;
નાહ ન મૂકિ છેડલો, ધન તેહનો અવતાર. ૪
ચતુરકથારસરસિયાં રે નરનારી, મન મોદ;
પંડિતને મુખિ નવનવા સાંભલિ શાસ્ત્રવિનોદ. ૫
ભિલડીને મુખિ સોભે રે વનમાં રાગ મલાર;
પોપટ બોલિ પંજરિ, કો રમિ ચોપટ સાર. ૬
સાલ તણી પરિ સાલિ રે હીઈડિ પ્રીતમ હેજ;
ભુવન ભયંકર સાલિ રે, સુલી સમ થઈ સેજ. ૭
ધીરજ જીવ ધરિ નહી, ઉદક ન ભાવિ અન્ન;
પંજરડું ભૂલું ભમિ, નેમસું બાંધ્યું મન્ન. ૮

ફાગ

ભાદ્રવે ભામની કંત ભાવે, પીઉ વિના જાંમની કુણ જગાવે ?
એકલાં આલસે અંગ કુટિ, રાક્ષસી રાતિ કિમેં ન ખૂટિ. ૯

૭

દુહા

વાહલે વલણ કર્યો નહીં, આવ્યો આસો માસ;
સરદની રાતિ સોહામણી, કામિની ખેસિ રાસ. ૧

નીર નિવાંણે નીતર્યાં, ઓષધી પાકી વન્ન.
પીલી થઈ રે વસુંધરા, પૂરણ પાકાં અન્ન. ૨

શ્રમજલબિંદુઇ સોભિ રે જિમ જુવતી સુરતાંતિ;
ઓસકણ-બિંદુ ઉપરિ તિમ અવની એકાંતિ. ૩

સરદ નિસાની ચંદ્રિકા, ઓપિ અધિક ઉજાસ;
હુંસ ન દેખિ હંસલી ચંદ્રતણિ પ્રકાસ. ૪

જિણિ રતિં મોતી નીપજે સીપ-સમુદ્ર માંહિ,
તિણિ રતેં કંત-વિજોગિયાં ખિણ વરસાં સો થાઈ. ૫

ઘરિ ઘરિ દીપ દીવાલી રે, બાલી ગરબો ગાય;
પહિરણ પીત પટોલી રે, બોલી કેસર માંહિ. ૬

સેજ-સંજોગે રણઝણે નવલા નૂપુર-નાદ;
કંત વિના કુણ ટાલે રે મુઝ મનનો વિખવાદ ? ૭

જોવન-જલનિધિ ઊલટચો, પ્રગટી રત્નની રાસિ;
નાથ વિના સવિ સુનું રે, આપું કેહનિ ઉલ્લાસ ? ૮

ફાગ

કંત-સંયોગિની કુસુમ-સેજે સુંદરી સવિ રમે દિવ્ય હેજે;
મેદિનીમાં રહ્યા મેહ વરસી, ટલવલિ રાજુલ નેમ-તરસી. ૯

૮

દુહા

કારત્યકિ કાલજ કંપિ રે, વ્યાપિ મદન વિશેખ;
વિધાતા નેમવિજોગના લખિયા નીલવટ લેખ. ૧
વનમાંહિ વેલડી ફૂલી રે, થયા મારગ સુધ;
નદિયાં જલ નિરમલ થયાં, કુમુદ ફૂલ્યાં જલ મધ્ય. ૨
પંખી પ્રયાણ-વસે થયાં, ન રહે મુઝ મન ઠાય;
પંખ હોઈ તો ઊડી મિલું, ભેટું યાદવરાય. ૩
પીઉ જોવાને રે અલજ્યાં નયણ સલૂણાં દોય;
વાલાનિ વિરહિ કરી રાતાં થયાં તે રોય. ૪
સોલ કલા લેઈ આજુનો ઉગ્યો પુન્યમ-ચંદ;
વિરહનું ઝેર વધારવા એ સહી વિષનો કંદ. ૫
મુખિ નીસાસા રે મેલતાં રાત્ય ન ખૂટે રેખ;
ચંદો રથ થંભી રહ્યો મોહ્યો મુઝ મુખ દેખ. ૬
ભૂષણ દૂષણ લાગે રે, ન ગમે રાગ રસાલ;
દીવા સામું દેખતાં આંખમાં ઉઠિ ઝાલ. ૭
રાજુલે રજની નીગમી, પ્રગટ્યો પ્રાચિ દિણંદ;
વાછરુના બંધ છુટા રે, પડિયા વિલુણિ બંધ. ૮

ફાગ

ઘરિઘરિ મહીનાં માટ ઘૂમિ, મુનિજન જાપ-સું પાપ ગમિ,
પ્રેમદા પ્રીતનાં ગીત ગાઈ, રણઝણે ઘંટ ને નૃત્ય થાઈ. ૯

૯

દુહા

માગસિર માસે રે માનિની ઊભી મારગ માંહિ;
ચંદ્રમુખી ચિત્ત ચાહિ રે મિલવા જદુપતિ-રાય. ૧

ટાઢિ ટમકિ રે આંગણે, નેમજી ના'વ્યા ઘેર;
હૂંસ હીયા માંહિ ઊપજિ, સી કરવી હવિ પેર? ૨
પંજર પગ મંડિ નહી, સિથલ થયા સંધાણ;
નેમ વિના ઘટમાં સખી! કિમ રહેસે આ પ્રાણ? ૩
વાયસને કરિ વીનતી: 'સુણુ, સ્વામિ દ્વિજરાજ!
જો પ્રીઉ દેખો આવતો, ઊડી બેસો આજ. ૪
રૂપે મઢાવું રે પાંખડી, સોને મઢાવું ચાંચ;
લાવ જો પીઉનો સંદેસડો, અવધ આપું દિન પાંચ.' ૫
શ્રીફલફોફલ લેઈને જોસીને પુછવા જાય;
'કબ આવે મુઝ નાહલો? કહો, સ્વામી સમઝાય.' ૬
જોસી કહિ જોઈ ટીપણું, 'વિચમાં દીસે વિલંબ,'
ધ્રસકીનિ ધરણી ઢલિ, દૈવને દે ઓલંભ. ૭
જોસીવચન તિમ લાગું રે દાધા ઉપરિ જિમ લૂણ;
ઘડીઘડીને અંતરિ ફરી ફરી જોઈ સુણ્ય. ૮

ફાગ

મોહલમાં એકલી દેખી નારી, કંદ્રપે કામિની બાંણે મારી;
'નેમજી! નેમજી!' વદન ભાખિ,હાર-શૃંગાર સવિ દૂર નાંખિ. ૯

૧૦

દુહા

પોસે પ્રેમ સવાયો રે, વાયો ઉત્તર વાય;
પુરુષ ન છંડિ પયોધર, નારી ન છંડિ નાહ. ૧
ભોગી ભવન ન છંડિ રે, બિલ ન છંડિ ભુજંગ;
નદીયે નીર ઘટી ગયાં, વાધ્યા હિમાચલ-શૃંગ. ૨
દિવસ થયા અતિ નાના રે, વાધી વેરણ રાત્ય;
નીગમતાં નીઠિ નહી કાલી એ કમજાતિ. ૩

આંખ થઈ રે ઉતાવલી જોવા જાદવ-ઇંદ્ર,
પાસાં ઘસતાં પલંગ-સું પલક ન પામું નિંદ્ર. ૪
તન-મન મલિયાં રે દંપતી આણી હરખ અપાર;
સીત-પરાભવ દેખીને બિહું થયાં એકાકાર. ૫
ભૂષણ ન ગમે રે ભામની, સેજડી સૂલી થાય;
કંચૂકની કસ કસતાં રે તાપ ઊડે તન માંહિ. ૬
આંખે કાજલ નવિ ગમિ, હીઈ ન ગમિ હાર;
તંબોલ ફૂલ તલાઈ રે ન ગમિ મુંનિ નિરધાર. ૭
સીતકાલિ જે સુંદરી નાહ વિના નિરધાર;
નાગરવેલિ તણી પરિ અફલ તસુ અવતાર. ૮
વાલમની જોઉં વાટડી ઉંચી ચઢી આકાસ;
હજી સંદેશો ન મોકલ્યો, વહી ગયા દસ માસ. ૯

ફાગ

સહિયરો ! નેમને જઈ મનાવો, સ્વામી સમઝાવીને વેગિં લાવો;
જઈ યદુનાથને ઇમ ભાખો, નવ ભવની પ્રીઉ ! પ્રીત રાખો. ૧૦

૧૧

દુહા

માહ માસે મન મોહ્યું રે, મિલવા શિવાદેવીતન;
હાલ્યો હિમાલો હે સખી ! બાલવા નીલાં વન. ૧
સરોવર કમલ સોહામણાં હેમે બાલ્યાં જેહ;
વિરહણીના મુખની પરે ઝાંખાં થયાં રે તેહ. ૨
અંબ થયા નવપલ્લવ, પસર્યા માંજર-પૂર;
કંતસંયોગિં ઉલ્લસે જિમ સોહાગણઉર. ૩
નીર નિવાણે જામી રહ્યા, જામ્યા જલના કુંભ;
શીતસરોવરિ બૂડતાં આપિ કુણ અવલંબ ? ૪
નાથ નથી મોરે મંદિરે, પીડિ છે પંચબાણ;
અબલા ઉપરિ શૂરો એ પાપી લેસિ પ્રાણ. ૫

મધ્ય નિસા સમિ માનની સુપનમાં દેખિં નાથ;
જાણ્યું જીવન ઘરિ આવ્યા, ઝાલ્યો છિ મુઝ હાથ. ૬
મનસું મહા સુખ ઉપનું, વિલગી રહી પીઉકંઠ;
સુરત-સંભોગ તણી સમે પડી પ્રેમની ગંઠ. ૭
નયણ ઉઘાડીને નીરખતાં પાસ ન દીઠો નાથ;
'હૈ હૈ દૈવ! કસ્યું કર્યું?' મસ્તકિ દીધો હાથ. ૮

ફાગ

સુપનસંજોગથી દુખ ધરતી, વલવલે મુખથી હાય કરતી;
ચાંદ્રણી દેખીને દરદ થાઈ, નેમ વિના સહી પ્રાણ જાઈ. ૯

૧૨

દુહા

ભોલી રે ટોલી સવિ મિલી ફાગુણ ખેલિ ફાગ;
કુહુકુહુ કહુકિ કેકિલા, બોલિ પંચમ રાગ. ૧
રંગભરી રમણી રાતી રે, રાતો કેસર-ઘોલ;
રાતા સાલુ ઓઢણી, રાતા અધર તંબોલ. ૨
અબીરગુલાલ ઉડિ બહુ, રાતિ થઈ તિણિ વાટ;
કુંકુમજલ ભરી પચરકી છાંટિ રાતી છાંટ. ૩
ફાગુણના દિન કુટરા, ફૂલી રહ્યો રે વસંત;
સરખાસરખી ટોલી રે હોલી ખેલે ખંત. ૪
વાજાં વાજે વસંતનાં, ડફ, કાંસી ને તાલ;
ઘરિ ઘરિ રંગ-વધામણાં, ઘરિ ઘરિ મંગલ માલ. ૫
આંખડીઉં અણીયાલી રે, કાલી કાજલરેખ;
નેમ વિના ઓપે નહીં, ફાટે ફૂલડાં દેખ. ૬
વાહલાવિજોગે વિરહણી સુખનાં દેખી સૂલ;
દિન ગમિવાનિ તે વલી દેહલી મેહલિ ફૂલ. ૭

આજુનો દિન રલીયાંમણો, વામ ફરુકે નેણ;
ડાવો સ્તન ફરકે વલી, સહી મલસે મુઝ સેણ. ૮
ગગનમંડલમાં ગાજે રે દુંદુભિનાદ અપાર;
સહસા વનમાં સમોસર્યા સ્વામીશ્રી ગિરનારિ. ૯
રાજુલ નેમને જઈ મિલી ઉલટ આંણી અંગ;
ભગવંત માંહે ભલી ગઈ, સમુદ્રિ મલી જિમ ગંગ. ૧૦
વિજોગ તણાં દુઃખ વિસર્યાં, ભાગ્યો ભવનો ફંદ;
આણંદ-રંગ-વધામણાં, પાંમી પરમાનંદ. ૧૧

ફાગ

નેમ પહિલી જઈ મુગતિ બેઠી, સાસ્વતા સુખમાં તેહ પેઠી;
**ઉદયરતન** કહિ ભવ્ય પ્રાણી ! જિનગુણ ગાઇઈં લાભ જાંણી. ૧૨

## ૧૩

દુહા

બારે માસ રે બેનડી ! જિમતિમ કાઢયા તેહ;
આવી લાગો તેરડો, કિમ જાસે હવિ તેહ ? ૧
ધાડિ ઊપર પલેવણું, મરતાં માર્યાં જેમ;
ખાત્ર ઉપર દિવેલડું, એ પણ જાણો તેમ. ૨
દુબલિ વાડિ છીંડું પડયું, જિમ સીયાલે ઠેસ;
એ પણિ તિમ થયું સહી હથેલીમાં કેશ. ૩
સંખણી ને આંખે કાણી રે, નિરધન ને બકિ હોડ;
કાદવ ને કંટાલો રે, પાલો અનિ પગિ ખોડ. ૪
અકરમી ને ઉના-જિમણો રે, વિરૂઆ-બોલી વાંઝ;
અણમાંનીતી ને ઉછાંછલી, તે જિમ આંણિ વાજ. ૫
કરકડું ને તીડે ખાધું રે, ભીડે તે ભરવો દંડ;
એ પણિ તિમ વલી જાંણવું, પ્રાણ ધરી કિમ પિંડ ? ૬
એક દુખ તે પીઉ વેગલો, બીજું આવિ મુખ હાસ;
જોજ્યો પુણ્ય-પટંતરો ઉપરિ અધિકો માસ. ૭

નેમ-રાજુલ બે મિલ્યાં, દૂર ગયો દુખ-દાહ;
ભાગ્યો ભવનો આંમલો, અધિક થયો ઉછાહ. ૮

**ભૂ-ઋષિ-ભૂત-નંદ-જુત** સંવચ્છરનું માન;
શ્રાવણ સુદ પુન્યમ શશી **ઉનાઊઆ** સુભ સ્થાન. ૯

ફાગ

**ઉદયરત્ને** કહ્યા તેર માસા, નેમ નામિ ફલી સકલ આસા;
વસંત રાગે કરી જેહ ગાઈ, તસ ઘરિ સંપદા અચલ થાઈ. ૧૦

## પાર્શ્વનાથ ચોમાસ

વાદલ દહ દિસ ઉન્હયો સખી! શીતલ સરસ સમીર,
ઝબઝબ ઝબકઈ વીજલી, સખી! ટબટબ ટબકઈ નીર રે;
સાહિબજી સાહસધીર રે, પરમેસર એ વડવીર રે,
પ્રભુ છોડઈ દુ:ખજંજીર રે, પ્રભુ સાયર પર ગંભીર રે,
પ્રભુ પાસજી મેરે મન વસ્યો. (આંચલી) ૧

ગિરવર નીઝરણાં વહઈ, સખી! ડર ડર દાદુર સોર,
મદભર માતી મોરડી, સખી! નાચતી કરતી બકોર રે;
ગોહિરો ગાજે ઘનઘોર રે, હીયડું ન રહે એક ઠોર રે,
તિહાં ધ્યાંનતણો દુણદોર રે, પ્રભુનું વાધ્યું જોર રે. પ્રભુ૦ ૨

ડુંગરિયાં નવરાવતો સખી! મેહ ન ખંચઈ ધાર,
નેહ ન મૂકઈ કેટલો, સખી! દંપતી ચિત્ત મઝાર રે;
નવિ હીંડઈ કો ઘરબાર રે, પંખી પિણ માલાગાર રે,
મુનિવર પિણ અલપ વિહાર રે, પ્રભુજીનું ગ્યાન ઉદાર રે. પ્રભુ૦ ૩

નવયૌવ[ના] નારી જિસી, સખી! ધસી નદી ભરપૂર,
તટ તરવર નીખેલતાં, સખી! ચાલેં મયમદ મૂર રે;
ચિહું દિસિ હરીયા અંકુર રે, વાદળ ઢાંકયા શશીસૂર રે,
પ્રભુજીનું ધ્યાન પડુર રે, પાતિક થાઈ ચકચૂર રે. પ્રભુ૦ ૪

બાબ(પ)હિયો પીયપીય કરઈ, સખી ! ન કરે કોઈ પીયાણુ,
તિણુ અવસર વિરહી નાર સખી! મયણુ મનાવે આણુ રે;
તબ વિરહી થાઈ હરાણુ રે, થાઈ મોહન વેગેં જાણુ રે,
ત્યાં પાસજી સદ્‌ગુરુ ખાણુ રે, સુર ગિરપં અવિચલ ભાણુ રે. પ્રભુ૦ ૫
નીલાઈ ધરતી થઈ, સખી ! નીલવેશી જ્યું નારી,
વાઉલિયા રલિયામણા, સખી ! તસ કંઠે નવસર હાર રે;
વલી મોર કરે કિંગાર રે, હોઈ મયણુ તણો અધિકાર રે,
તિહાં પાસજી જયજયકાર રે, ત્યાં જીત્યો વિષય વિકાર રે. પ્રભુ૦ ૬
જલથલ સવિ જલ પૂરીયાં, સખી ! ઠામોઠામે ત્રેહ,
માંનૌં મેહ પીઉ સંગમેં, સખી ! ભૂભામિનીનો નેહ રે;
જયમ સુખથી વંચઈ દેહ રે, તિમ રસભર થા હોઇ તેહ રે,
તિહિ અવસર ગુણગેહ રે, પ્રભુજીનું ધ્યાન અથાગ અછેહ રે. પ્રભુ૦ ૭
વડતલ કાઉસગ ધ્યાનથી, સખી ! પામ્યું(મ્યા) કેવલનાણ,
અવધિ ન્યાન ધરણેન્દ્રને, સખી ! તવ આવઈ તેણેં ઠાણ રે;
કરેં પ્રભુ કેરું વખાણ રે, તેણે કમઠ મનાયો આણ રે,
હવઈ અવનીતલ મંડાણ રે, હવે દિનદિન કોડિ કલ્યાણ રે,
ઇમ ઉદય ભણે શુભ વાણ રે, પ્રભુ પાસજી મેરે મન વસ્યો. ૮

□

## ક્ષમાપના

કવિ કેલવણી કરી મેલવણી, અધિકું ઓછું આપ્યુંજી;
રચનાનિં રસિં નઈ પરવસિં, ડિંગલ ડોલી નાંખ્યુંજી.
ચતુરવિધ સંઘ તણી તે સાખિં, મિછામિ દુકડ દાખ્યુંજી;
હવ્યકવ્યની વાત ન જાણું, મતિ અનુસારિં ભાખ્યુંજી.
શુદ્ધાશુદ્ધ સંબંધ વિચારી, સુધા જન શોધિ લેયોજી,
મંદ કવિ હું કાંઈ ન જાણું, મુઝ દૂષણ ન દેયોજી;
મદ મોડી કહું છું કર જોડી, અપરાધ માહરો ષમયોજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઉપાધ્યાય ઉદયરત્નજીની કૃતિઓની
## સંદર્ભસૂચિ

[ઉપાધ્યાય ઉદયરત્નજીની કૃતિઓ બે વિભાગમાં વહેંચાઈ જાય છે – લાંબી કૃતિઓ અને પ્રકીર્ણ લઘુ કૃતિઓ. અહીં લાંબી કૃતિઓને વર્ણાનુક્રમે ગોઠવી અલગ સંદર્ભ આપ્યા છે અને પ્રકીર્ણ લઘુ કૃતિઓના સંદર્ભો એક સાથે મૂક્યા છે. સંદર્ભો બે પ્રકારના છે – હસ્તપ્રતના અને મુદ્રણના. અન્ય હસ્તપ્રતસૂચિઓના સંદર્ભો 'જૈન ગૂર્જર કવિઓ'ની નવી બીજી આવૃત્તિમાં સમાવિષ્ટ થઈ ગયા છે. તેથી અહીં માત્ર 'જૈન ગૂર્જર કવિઓ'ના સંદર્ભથી ચલાવ્યું છે. અભ્યાસીઓ એ ગ્રંથમાંથી અન્ય હસ્તપ્રતસૂચિઓની માહિતી મેળવી શકશે. લાંબી કૃતિઓનાં મુદ્રણસ્થાનોની પૃષ્ઠાંક સાથે માહિતી આપી છે, પરંતુ પ્રકીર્ણ લઘુ કૃતિઓ પરત્વે એમ થઈ શક્યું નથી, કેમકે કૃતિઓનાં અલગ નામથી નિર્દેશ કરેલ નથી. બધી કૃતિઓને સમગ્રપણે લક્ષમાં લઈ મુદ્રણસ્થાનોની યાદી કરેલ છે.]

**અષ્ટપ્રકારી પૂજા રાસ**

માહિતી : ૭૮ ઢાળ, ર. સં. ૧૭૫૫ પોષ શુદ ૧૦, અણહિલપુર પાટણમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ, ભા. ૫, પૃ. ૮૦–૮૩.

મુદ્રણ : ૧. જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ ભા. ૨, પ્રકા. હીરાલાલ રણછોડભાઈ, ઈ. ૧૯૫૭, પૃ. ૨૪૨.

**ચોવીશ દંડકનું સ્તવન**

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ, ભા. ૫, પૃ. ૧૧૪.

મુદ્રણ : ૧. કર્મ નિર્જરા શ્રેણિ અને સદ્બોધ વાક્યામૃત, સઝાય, બીજ, પાંચમ, આઠમની ઢાલો તથા બોધદાયક સ્તવનો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકા. ભાવસાર લક્ષ્મીચંદ વેલશી, ઈ. ૧૯૨૭; ૨. જૈન પ્રબોધ પુસ્તક ભા. ૧, પ્રકા. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૮૮૯, પૃ. ૪૫૧.

**ચોવીશી**

માહિતી : ર.સં. ૧૭૭૨ ભા. શુ. ૧૩ બુધવાર, અમદાવાદમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૫.

મુદ્રણ : ૧. ૧૧૫૧ સ્તવન મંજૂષા, સંશો. સારાભાઈ મ. નવાબ, ઈ. ૧૯૩૯; ૨. આત્માનંદ સ્તવનાવલી, પ્રકા. બાબૂ સુમેરમલ સુરાણા, સં. ૧૯૭૩; ૩. ચોવીશી તથા વીશી સંગ્રહ, પ્રકા. પ્રેમચંદ કેવલદાસ, ઈ. ૧૮૭૯; ૪. જૈન કાવ્ય સાર સંગ્રહ, પ્રકા. શાહ નાથા લલ્લુભાઈ, ઈ. ૧૮૮૨.

**જંબુસ્વામી રાસ**

માહિતી : ૬૬ ઢાળ, ર. સં. ૧૭૪૯ બીજા ભાદ્ર શુદ ૧૩, ખેડા હરિયાલા ગામમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૭૭–૮૦

**ઢંઢણમુનિની સઝાય**

માહિતી : ૧૭ ઢાળ, ર. સં. ૧૭૭૨ ભાદ. શુદ ૧૩ બુધ, અમદાવાદમાં

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૪–૫.

**દામન્નક રાસ**

માહિતી : ૧૩ ઢાળ, ૧૮૩ કડી, ર. સં. ૧૭૮૨ આસો વદ ૧૧ બુધવાર, અમદાવાદમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૫–૬

**ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજાનો રાસ**

માહિતી : ૨૭ ઢાળ, ૩૯૬ કડી, ર. સં. ૧૭૬૮ માગશર સુદ ૧૧ રવિવાર, પાટણમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૯૯–૧૦૦

મુદ્રણ : ૧. પ્રકા. સવાઈભાઈ રાયચંદ, ઈ. ૧૮૮૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નવકાર રાસ જુઓ રાજસિંહ રાસ**

**નેમનાથ રાજિમતી બારમાસ (તેરમાસ)**

માહિતી : ર. સં. ૧૭૯૫ શ્રા. સુ ૧૫, સોમવાર, ઉનાઉઆમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૯–૧૦.

મુદ્રણ : ૧. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા. ૧, પ્રકા. શિવલાલ જેસલપુરા, ઈ. ૧૯૭૪.

**નેમનાથ સલોકો**

માહિતી : ૫૭ કડી

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૨.

મુદ્રણ : ૧. જૈન સઝાયમાલા ભા. ૨ અને ૩ પ્રકા. બાલાભાઈ છ. શાહ. ભા. ૨ આ. ૮ ઈ ૧૯૩૪, ભા. ૩ આ. ૯ ઈ. ૧૯૨૫; ૨. સલોકા સંગ્રહ ભા. ૧, પ્રકા. કેશવલાલ સવાઈભાઈ.

**પંચપરમેષ્ઠી રાસ જુઓ રાજસિંહ રાસ**

**પ્રકીર્ણ લઘુ કૃતિઓ**

માહિતી : ચૈત્યવંદન, મંગલ, સ્તવન, સ્તુતિ, છંદ, સઝાય વગેરે.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ, ભા. ૫, પૃ. ૧૧૨ –૧૧૪.

મુદ્રણ : ૧. અપ્રગટ સઝાય સંગ્રહ, સંપા. સારાભાઈ મણિલાલ નવાબ, ઈ. ૧૯૫૩; ૨. ચૈત્યવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ ભા. ૧, પ્રકા. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ. ૧૯૩૩ ૩જી આ. પૃ. ૪૧૬; ૩. ચૈત્યવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ ભા. ૨, પ્રકા. શા. શિવનાથ લુંબાજી, ઈ. ૧૯૧૭, પૃ. ૧૬૭; ૪. ચૈત્યવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ ભા. ૩, પ્રકા. શા. શિવનાથ લુંબાજી, ઈ. ૧૯૨૪, પૃ. ૫૯૩; ૫. જિનગુણ સ્તવનમાલા, પ્રકા. છોટાલાલ નાનચંદ શાહ, સં. ૨૦૧૯ બીજી આ., પૃ. ૧૪૪; ૬. જિનગુણ સ્તવન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તુતિ સઝાયાદિ સંગ્રહ, પ્રકા. શેઠ ચીનુભાઈ લાલભાઈ, ઈ. ૧૯૩૪, પૃ. ૩૯૯; ૭. જિનેન્દ્ર ભક્તિ પ્રકાશ, પ્રકા. માસ્તર હરખચંદ કપુરચંદ, ઈ. ૧૯૩૮ બીજી આ. પૃ. ૩૪૪; ૮. જૈન કાવ્ય પ્રકાશ ભા. ૧, પ્રકા. શા. ભીમસિંહ માણેક, સં. ૧૯૩૯ પૃ. ૨૯; ૯. જૈન ગૂર્જર સાહિત્યરત્નો ભા. ૧, પ્રકા. શેઠ નગીનભાઈ મધુભાઈ, ઈ. ૧૯૬૦; ૧૦. જૈન ધર્મ પ્રકાશ પુસ્તક ૩૪, અંક ૬, પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર; ૧૧. જૈન પ્રબોધ પુસ્તક ભા. ૧, પ્રકા. શ્રાવક ભીમસિંહ માણેક ઈ. ૧૮૮૯, પૃ. ૩૪૦; ૧૨. જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ પ્રકા. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ. ૧૯૨૩, ૪થી આ. પૃ. ૩૭૦; ૧૩. જૈનયુગ પુસ્તક ૩, જેઠ ૧૯૮૪, અંક ૧૦ પૃ. ૩૫૪ 'અમારો ખેડાનો જ્ઞાનપ્રવાસ' એ લેખમાં અંતર્ગત. લે. મોહનલાલ દ. દેસાઈ; ૧૪. જૈનયુગ પુસ્તક ૫ વૈશાખ–જેઠ સં. ૧૯૮૬ અંક ૯–૧૦ પૃ. ૪૦૩; ૧૫. જૈન રત્ન સંગ્રહ, સંગ્રા. શ્રીમતી પાનબાઈ, ઈ. ૧૯૩૧, પૃ. ૧૦૭; ૧૬. જૈન સઝાયમાલા ભા. ૧, પ્રકા. બાલાભાઈ છ. શાહ, ઈ. ૧૯૩૪ આ. ૮ પૃ. ૧૨૯; ૧૭. જૈન સઝાયમાલા ભા. ૨, પ્રકા. બાલાભાઈ છ. શાહ, ઈ. ૧૯૨૫, આ. ૯ પૃ. ૧૩૬; ૧૮. જૈન સઝાયમાલા ભા. ૩, પ્રકા. બાલાભાઈ છ. શાહ, ઈ. ૧૯૨૨, આ. ૪, પૃ. ૧૩૯; ૧૯. જૈન સઝાય સંગ્રહ, પ્રકા. જૈન પ્રસારક મંડળ, સં. ૧૯૬૨, પૃ. ૩૭૭; ૨૦. જૈન સ્તવન સંગ્રહ પુસ્તક, પ્રકા. નાના દાદાજી ગુંડ, સં. ૧૯૪૭ પૃ. ૧૨; ૨૧. જ્ઞાનાવલી ભા. ૨, પ્રકા. શ્યામલાલ ચક્રવર્તિ, સં. ૧૯૬૨, પૃ ૧૪૨; ૨૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવવંદનમાલા નવસ્મરણ તથા જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ, પ્રકા. માસ્તર ઉમેદચંદ રાયચંદ, ઈ. ૧૯૩૩ આ. ૨; ૨૩. પ્રતિક્રમણસૂત્ર તથા નવસ્મરણ અને દેવ-વંદનાદિ ભાષ્યત્રય અર્થસહિત, પ્રકા. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ. ૧૯૦૬, પૃ. ૫૬૨; ૨૪. પ્રાચીન છંદ સંગ્રહ, પ્રકા. વિદ્યાનંદવિજયજી, સં. ૨૦૦૨, પૃ. ૬૩; ૨૫. પ્રાચીન સ્તવન સઝાયાદિ સંગ્રહ, પ્રકા. સરસ્વતી સભા, ઈ. ૧૯૫૮, પૃ. ૬૭; ૨૬. પ્રાચીન સઝાય તથા પદ સંગ્રહ, પ્રકા. આચાર્ય શ્રીમદ્વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાલા તરફથી માસ્તર હીરાલાલ રણછોડભાઈ સં. ૧૯૯૬, પૃ. ૧૬૬; ૨૭. બારવ્રતની પૂજા, સ્નાત્રપૂજા, સ્તવનો, છંદો, પ્રભાતિયાં, લાવણી ને રત્નાકરપચીશી, પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, સં. ૧૯૯૪, પૃ. ૮૪; ૨૮. બૃહદ્ કાવ્ય દોહન ભા. ૨, સંગ્રા. ઇચ્છારામ સૂ. દેસાઈ, ઈ. ૧૯૨૫, ૭મી આ. પૃ. ૮૬૪; ૨૯. માણિભદ્રાદિકોના છંદોનું પુસ્તક ભા. ૧, પ્રકા. નિર્ણયસાગર પ્રેસ, સં. ૧૯૪૦, પૃ. ૩૧; ૩૦. મોટું સઝાયમાળા સંગ્રહ, પૃ. ૬૭; ૩૧. લોંકાગચ્છીય શ્રાવકસ્ય સાર્થ પંચ પ્રતિક્રમણ સૂત્ર તથા સ્તવનો સઝાય વગેરે, પ્રકા. કલ્યાણચંદ્રજી જયચંદજી, સં. ૧૯૩૯, આ. ૨, પૃ. ૧૯; ૩૨. શંખે-શ્વર સ્તવનાવલી, પ્રકા. શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, સં. ૨૦૦૩, પૃ. ૩૫; ૩૩. સજ્જન સન્મિત્ર, પ્રકા. લાલન બ્રધર્સ, ઈ. ૧૯૨૩, પૃ. ૫૦; ૩૪. સજ્જન સન્મિત્ર યાને એકાદશ મહાનિધિ, પ્રકા. ઝવેરી પોપટ-લાલ કેશવલાલ, ઈ. ૧૯૪૧, પૃ. ૧૭૧; ૩૫. સઝાય-માલા, પ્રકા ઝવેરી મોહનલાલ ડાહ્યાભાઈ, ઈ. ૧૯૩૯, પૃ. ૧૮૯; ૩૬. સઝાયમાલા-૧, પ્રકા. શ્રાવક ખીમજી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભીમસિંહ માણેક, ઈ, ૧૮૯૨, પૃ. ૮૧; ૩૭. સઝાયમાલા ભા. ૧–૨, પ્રકા. બાઈ જાસુદ, ઈ. ૧૯૨૭ ત્રીજી આ. પૃ. ૬૮; ૩૮. સઝાયમાલા, પ્રકા. પંડિત મફતલાલ ઝવેરચંદ, ઈ. ૧૯૩૯, પૃ. ૧૪૨; ૩૯. સઝાયમાલા, પ્રકા. વિદ્યાશાલા, સં. ૧૯૨૧, પૃ. ૮૨; ૪૦. સઝાય સંગ્રહ તથા પર્યુષણપર્વ મહાત્મ્ય, પ્રકા. મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ, ઈ. ૧૯૩૪, પૃ. ૭૭; ૪૧. સિદ્ધાચલ સ્તવનાવલી, પ્રકા. જૈન સસ્તી વાંચનમાળા, સં. ૧૯૮૫ પૃ. ૬૬.

**બારવ્રત રાસ**

માહિતી : ૭૭ ઢાળ, ૧૬૭૧ કડી ર. સં. ૧૭૬૫ કા. સુ. ૭, રવિવાર, અમદાવામાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૯૦–૯૧

**બ્રહ્મચર્યની (શિયળની) નવવાડ સઝાય**

માહિતી : ૧૦ ઢાળ ર. સં. ૧૭૬૩ શ્રાવણ વદ ૧૦ (૨) બુધવાર, ખંભાતમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૮૯–૯૦

મુદ્રણ : ૧. સઝાયમાલા પ્રકા, ભીમસિંહ માણેક ૨, બૃહદ્ કાવ્યદોહન ભા. ૨, સંપા. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ.

**ભરત બાહુબળનો સલોકો**

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૩.

મુદ્રણ : ૧. સલોકા સંગ્રહ ભા. ૧, પ્રકા. કેશવલાલ સવાઈભાઈ; ૨. પ્રકા. નરોત્તમદાસ હીરાચંદ; ૩. જૈન સઝાયમાલા ભા. ૨, પ્રકા. બાલાભાઈ છ. શાહ ઈ. ૧૯૨૫ આ. ૯.

**ભાવરત્નસૂરિ પ્રમુખ પાંચ પાટ વર્ણન ગચ્છપરંપરા રાસ**

માહિતી : (ઐ.) ૩૧ ઢાળ ર. સં. ૧૭૭૦, આરંભ બારેજામાં, પૂર્ણ ખેડામાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૩-૪.

**ભુવનભાનુ કેવલીનો રાસ અથવા રસલહરી રાસ**

માહિતી : ૯૭ ઢાળ, ૨૪૨૪ કડી, ર. સં. ૧૭૬૯ પોષ વદ ૧૩, મંગળવાર, પાટણના ઉનાઉમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૦-૨.

મુદ્રણ : ૧. જૈન કથારત્ન કોષ ભા. ૫, પ્રકા. ભીમસિંહ માણેક, ઈ. ૧૮૯૧; ૨. પ્રકા. શેઠ ઉકાભાઈ શિવજી.

**મલયસુંદરી રાસ અથવા વિનોદવિલાસ રાસ**

માહિતી : ૧૩૩ ઢાળ, ૨૯૭૫ કડી ર. સં, ૧૭૬૬ (૬૨) માગશર સુ. ૮ સોમવાર, ખેડા હરિયાલા ગામમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૯૧-૯૪.

**મહિપતિરાજા અને મતિસાગર પ્રધાન રાસ**

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃતિ ભા. ૫, પૃ. ૧૧૨.

મુદ્રણ : ૧. પૂનામાં છપાયેલ, ઈ. ૧૮૮૦.

**મુનિપતિ રાસ**

માહિતી : ૯૩ ઢાળ, ૨૮૨૧ કડી ર. સં. ૧૭૬૧ ફા. વદ ૧૧ શુક્રવાર, પાટણમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૮૫-૮૭.

**યશોધરરાસ**

માહિતી : ૮૧ ઢાળ ૧૫૦૩ કડી ર. સં. ૧૭૬૭ પોષ સુદ ૫ ગુરુવાર, પાટણના ઉર્ણાકપુરમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૯૪-૯૬.

**રસરત્નાકર રાસ જુઓ હરિવંશ રાસ**

**રસલહરી રાસ જુઓ ભુવનભાનુ કેવલીનો રાસ**

**રાજસિંહ રાસ – નવકાર રાસ**

માહિતી : ૩૧ ઢાળ ૮૮૦ કડી ર.સં. ૧૭૬૨ માગશર સુદ ૯ સોમવાર, અમદાવાદમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૮૭-૮૯.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લીલાવતી સુમતિવિલાસ રાસ**

માહિતી : ૨૧ ઢાળ ૩૪૮ કડી ર. સં. ૧૭૬૭ આસો વદ ૬ સોમવાર, પાટણના ઉનાઉમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૯૬–૯૯.

મુદ્રણ : ૧. પ્રકા. કાળીદાસ સાકળચંદ, સં. ૧૯૩૪; ૨. પ્રકા. ભીમસિંહ માણેક; ૩. પ્રકા. સવાઈભાઈ રાયચંદ.

**વરદત્ત ગુણમંજરી રાસ**

માહિતી : ૧૩ ઢાળ ર. સં. ૧૭૮૨ માગશર પૂર્ણિમા બુધવાર, અમદાવાદમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૭–૮.

**વિનોદવિલાસ રાસ** જુઓ **મલયસુંદરી મહાબલ રાસ**

**વિમલ મેતાનો શલોકો**

માહિતી : ૧૧૭ કડી ર. સં. ૧૭૯૫ જેઠ સુદ ૮ ખેડા હરિયાલેમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૯.

મુદ્રણ : ૧. સલોકા સંગ્રહ ભા. ૧, કેશવલાલ સવાઈભાઈ, પૃ. ૫૩–૬૮; ૨. સલોકા સંગ્રહ, પ્રકા. ભીમસિંહ માણેક.

**શત્રુંજય તીર્થમાળા ઉદ્ધાર રાસ**

માહિતી : ર. સં. ૧૭૬૯.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૦.

**શંખેશ્વર પાર્શ્વનાથનો સલોકો**

માહિતી : ર. સં. ૧૭૫૯ વૈશાખ વદ ૬.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૮૫.

મુદ્રણ : સલોકા સંગ્રહ ભા. ૧, પ્રકા. કેશવલાલ સવાઈભાઈ પૃ. ૬૮; ૨. પ્રાચીન છંદ સંગ્રહ, પ્રકા. વિદ્યાનંદવિજયજી.

**શાલિભદ્રનો સલોકો**

માહિતી : ૬૬ કડી ર. સં. ૧૭૭૦ માગશર સુદ ૧૩, આદ્રજમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૨–૩.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુદ્રણ : ૧. સંપા. રમણલાલ ચી શાહ; ૨. સલોકા સંગ્રહ, ભા. ૧ પ્રકા. કેશવલાલ સવાઈભાઈ, પૃ. ૪૪.

**શિયળની નવ વાડ જુઓ બ્રહ્મચર્યની નવ વાડ સઝાય**

**સુદર્શન શ્રેષ્ઠી રાસ**

માહિતી : ૨૩ ઢાળ ૨. સં. ૧૭૮૫ ભાદરવા વદ ૫ ગુરુવાર, ભાલજમાં,

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૦૮–૯.

**સુમતિવિલાસ રાસ જુઓ લીલાવતી સુમતિવિલાસ રાસ**

**સુવિધિનાથનું સ્તવન**

મુદ્રણ : ૧. પ્રકરણાદિ વિચારગર્ભિત સ્તવન સંગ્રહ, પ્રકા. કુંવરજી આણંદજી ઈ. ૧૯૧૪ પૃ. ૧૬૯–૭૬; ૨. સ્તવન સંગ્રહ, પ્રકા. માધવજી ડુંગરશી, પૃ. ૧૮૧–૮૬.

**સૂર્યયશાનો રાસ**

માહિતી : ૨. સં. ૧૭૮૨.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૧૨.

**સ્થૂલિભદ્ર રાસ અથવા સંવાદ અથવા નવરસો**

માહિતી : ૯ ઢાળ, ૨. સં. ૧૭૫૯ માગશર સુદ ૧૧ (૧૫ સોમવાર) ઉના ગામમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૮૩–૮૫.

મુદ્રણ : ૧. પ્રકા. ગુલાબચંદ લખમીચંદ ખેડાવાળા.

**હરિવંશ રાસ – રસરત્નાકર રાસ**

માહિતી : ૨.સં. ૧૭૯૯ ચૈત્ર સુદ ૯ ગુરુવાર ઉમરેઠમાં.

હસ્તપ્રત : જૈન ગૂર્જર કવિઓ, બીજી આવૃત્તિ ભા. ૫, પૃ. ૧૧૦–૧૧.

□

For Private and Personal Use Only



કવિવર ઉદયરત્ન ઉપાધ્યાય

આજથી લગભગ ત્રણસો વર્ષ પહેલાં, ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી મહારાજ તપાગચ્છના વિજયરાજસૂરિની પરંપરામાં થયેલા એક મહત્વના જૈન સાધુકવિ છે. સં. ૧૭૪૯ (ઇ. ૧૬૯૩) થી ૧૭૯૯ (ઇ. ૧૭૪૩) નું અર્ધશતક એમની રચનાઓનો ઉપલબ્ધ કવનકાળ છે. એમની કૃતિઓ પરથી એટલું સ્પ... નિર્દિ... થાય છે કે તેમણે ખેડા અને એની આસપાસના પ્રદેશમાં જીવનનો સારો એવો ... ીડભંજન પાર્શ્વનાથના ચૈત્યનું નિર્માણ ઉદયરત્નજીના ઉપદેશ... શિલાલેખનો આધાર સાંપડે છે. રાસા, સલોકો, છંદ, બારમ... સ્તુતિઓ જેવી બહુસંખ્ય નાની મોટી રચનાઓ દ્વારા એમ... ત્યને કરેલું પ્રદાન બહુમૂલ્ય છે. જેમનાં સ્તવસઝાયાદિ જૈન સમાજમાં લોકકંઠે વહેતાં રહયાં છે તેવા આ કવિની સંપ્રદાયસેવા જેટલી જ મહત્વની સાહિત્યસેવા છે, કેમકે એમાં કવિત્વના નોંધપાત્ર સંદર્ભો પડેલા છે.